
# હૃદયકંપ

આચાર્ય મુક્તિવલ્લભસૂરિ



# હૃદયકંપ

## આચાર્ય મુક્તિવલ્લભસૂરિ



**પ્રકાશક**

**પ્રજ્ઞા પ્રબોધ પરિવાર**

C/O. શ્રી સમકિત યુવક મંડળ,
રવિકુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, દૌલતનગર રોડ નં.૭,
બોરીવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૬.
ફોન - ૩૨૫૨૨૫૦૯

**ચતુર્થ સંસ્કરણ :  વિ.સં.૨૦૭૦ ઈ.સ. ૨૦૧૩**

**મૂલ્ય : ₹ ૬૦/-**

**અંતિમ મુખપૃષ્ઠ કાવ્ય : સુરેશ દલાલ**

**પ્રાપ્તિ સ્થાન :**

**શ્રી સમકિત યુવક મંડળ**

રવિકુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, દોલતનગર રોડ નં.૭,

બોરીવલી(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૬. ફોન : ૩૨૫૨૨૫૦૯

**કેતનભાઈ ડી. સંગોઈ**

૧/૧૨, વૈભવ એપાર્ટમેન્ટ, શ્રેયસ સિનેમા લેન, સાંઘાણી એસ્ટેટ,

એલ.બી.એસ.માર્ગ, ઘાટકોપર (વે), મુંબઈ-૮૬. મો. ૯૨૨૪૬૪૦૦૭૦

**નવભારત સાહિત્ય મંદિર**

૧૪૩, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦૦૦૨. ફોન : ૨૨૦૧૭૨૧૩

ફતાસાની પોળની સામે, ગાંધીરોડ, અમદાવાદ. ફોન : ૨૨૧૩૯૨૫૩

**શશીભાઈ**

અરિહંત કટલરી સ્ટોર, આંબા ચોકની પાછળ,

ભાવનગર - ૩૬૪૦૦૧. મો. : ૯૮૨૫૧૦૫૫૨૮

**મિલનભાઈ**

આનંદ ટ્રેડ લિંક પ્રા.લિ.,

૪૦૧, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમ સામે,

પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૬. મો. : ૯૩૭૫૦૩૫૦૦૦

**સુનિલભાઈ અનંતરાય વોરા**

૮/૧૫૨૮, ગોપીપુરા મેઈન રોડ, પોલીસ ચોકી સામે,

સુભાષ ચોક, સુરત. ફોન : ૨૪૧૭૭૦૬

**મુદ્રક : એકતા ક્રિએશન (હિતેષભાઈ સફરી)**

મો. : ૯૯૨૦૭૯૫૭૯૯-૯૯૩૦૪૦૪૭૨૫

# હૃદયકંપ

ખરાબ સોબતે ચડી ગયેલા દીકરાને સજ્જન પિતા એક ખૂણામાં પ્રેમથી સમજાવે છે : બેટા, એ તારો જીગરજાન દોસ્ત બહારથી તો ખૂબ સારો લાગે છે, ડાહી ડાહી વાતો કરે છે, સારું વર્તન કરે છે. પણ, તું ખૂબ ભોળો છે. તે તારો મિત્ર અંદરથી કેટલો ખરાબ છે તેની તને ખબર નથી. તે જુગારી છે, બીડી, સિગારેટ અને દારુ પીનારો છે, અનેક વ્યસનો અને કુટેવોમાં ફસાયેલો છે. એનો સંગ તને પણ બરબાદ કરી નાંખશે. તને તેના ભયંકર ભીતરી સ્વરૂપની કાંઈ ખબર નથી અને માત્ર તેનો બાહ્ય આડંબર જોઈને તેનાથી આકર્ષાયો છે. પણ, તેની દોસ્તી બિલકુલ કરવા જેવી નથી.

પિતાશ્રીની આ વાત સાંભળીને મિત્રના ભીતરી ગંદા સ્વરુપનો પુત્રને પહેલી વાર ખ્યાલ આવે છે. તે ખાનદાન દીકરો તે ખરાબ મિત્રનો સંગ છોડે છે, દોસ્તી તોડે છે અને બરબાદીના દરવાજાને બંધ કરીને તાળું મારે છે.

આ જ રીતે એક કૃપાળુ પિતાની અદાથી જ્ઞાની ભગવંતો અનિત્ય, અશરણ વગેરે બાર ભાવનાઓ દ્વારા આ જીવડાને સમજાવે છે:‘‘જીવ, તું સમજ. અનાદિકાળથી આ સંસારની જડ પદાર્થોની તે દોસ્તી અને પ્રીતિ બાંધી છે તેનું ભયંકર ભીતરી સ્વરૂપ તું ઓળખી લે. તે જડ પદાર્થોની બાહ્ય ઝાકઝમાળ જોઈને તું તેમની સાથે દોસ્તી કરવા લલચાયો છે પણ તે પદાર્થોની આંતરિક ભયાનકતાને તું પહેચાની લે. તે પદાર્થો વિનાશી છે, વિશ્વાસઘાતી છે, તારી બૂરી વલે કરી નાંખનારા છે.’’

જ્ઞાનીઓની આ સોનેરી શિખામણનો આ નાનકડા પુસ્તકમાં થોડોક અવતાર કર્યો છે. અશરણ નામની બીજી વૈરાગ્યજનક ભાવનાને આ પુસ્તકમાં શબ્દસ્થ કરી છે. પૂર્વે પ્રકાશિત થયેલા અનિત્ય-ભાવના પરનાં ‘નિસર્ગનું મહાસંગીત’ નામનાં પુસ્તકને પણ આ પુસ્તકમાં સાથે જોડી દીધું છે. અશરણ ભાવનાથી હૃદયને ભાવિત કરીને સહુ કોઈ ‘પરમ’નાં શરણે પહોંચે અને અનિત્ય ભાવનાથી હૃદયને ભાવિત કરીને ‘નિત્ય’ ભણી દોટ મૂકે એ જ અંતરની અભ્યર્થના.

**આચાર્ય મુક્તિવલ્લભસૂરિ**

# ઋણસ્મરણ

- સદૈવ સ્મરણીય પરમ તારક પ્રદાદા ગુરુદેવ ન્યાયવિશારદ પૂજ્યપાદ આ.દે. શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા.

- સિદ્ધાન્તદિવાકર ગચ્છાધિપતિ પૂજ્યપાદ આ.દે. શ્રીમદ્ વિજયજયઘોષસૂરીશ્વરજી મહારાજા.

- પૂજ્યપાદ દાદાગુરુદેવ સહજાનંદી આ.દે. શ્રીમદ્ વિજયધર્મજિતસૂરીશ્વરજી મહારાજા.

- શ્રી સૂરિમંત્ર પંચપ્રસ્થાન આરાધક પૂજ્યપાદ આ.દે. શ્રીમદ્ વિજયજયશેખરસૂરીશ્વરજી મહારાજા.

- ભવોદધિતારક પૂજ્યપાદ્ ગુરુદેવ આ.દે. શ્રીમદ્ વિજયજગવલ્લભસૂરીશ્વરજી મહારાજા.

- પુસ્તકના લખાણને તપાસીને શુદ્ધ કરી આપનાર તથા અનેક રીતે સહાયક થનાર કલ્યાણમિત્રો તથા સહવર્તી મુનિવરો.

સહુ ઉપકારીઓના ઋણને કૃતજ્ઞભાવે યાદ કરું છું.



# ❋ પૈસાનું મૂલ્ય: શૂન્ય

આપત્તિઓનાં આક્રમણથી સતત ઘેરાયેલી નગરી એટલે જીવન. ત્રણ સાંધતા તેર તૂટે એવો ઘાટ એટલે જીવન. બકરું કાઢવા જતાં ઊંટ પેસે તેવી કહાની એટલે જીવન. દુ:ખનો ડરપોક માનવી દુ:ખથી છટકવા અને છૂટવા સતત મથી રહ્યો છે પણ ગમે તે ઘડીએ આપત્તિઓનો કાફલો જીવનનાં આંગણે આવીને ઊભો રહી જાય છે.

અચાનક ગળામાં કેન્સરની ગાંઠ ફૂટે છે.

૨૫ વર્ષનો યુવાન દીકરો અકસ્માતમાં અવસાન પામે છે.

યુવાન દીકરી કોઈ લફંગા સાથે ભાગી જાય છે અને સમાજમાં ખૂબ અપકીર્તિ થાય છે.

બજારમાં મંદીનું મોજું ફરી વળતાં લાખો રૂપિયા ડૂબે છે.

પ્યારી પત્નીને એકાએક પેરાલીસીસ થઈ જાય છે.

ધંધાનો ભાગીદાર દગો દઈને લાખોની ઉચાપત કરે છે.

ભાડુઆત મકાન ઉપર માલિકીહક્ક જમાવી દે છે.

સમર્થ અને સુશિક્ષિત દીકરો ડિપ્રેશનનો ભોગ બને છે.

મન ચિંતાઓથી ઘેરાય છે.

શરીર રોગોથી ઘેરાય છે.

જીવન આપત્તિઓથી ઘેરાય છે.

અને, માનવી પીડાય છે, આક્રંદ અને વિલાપ કરે છે, મુંઝાય છે, લાચારીથી કણસે છે, મનથી તૂટે છે, હૃદયમાં ખેદ અનુભવે છે. શરીર

ગ્લાન બને છે, મુખ મ્લાન બને છે, લમણે હાથ દઈને બેસે છે. નિરાશાના વાદળો તેને ઘેરી વળે છે. આખરે તે સહાય શોધે છે, કોકનો આશરો શોધે છે. કોક હાથ પકડે તેવી આશામાં ઝૂરે છે. દિલાસા અને આશ્વાસનોનાં તરણાં પકડીને દુઃખના દરિયાને તરી જવા મથે છે. આર્થિક મુશ્કેલીમાં શ્રીમંત સ્નેહીના પગ ચાટે છે. વ્યાધિથી ઘેરાયેલો તે ડોક્ટર અને દવાઓનાં શરણે દોડે છે. કાયદાનું રક્ષણ લેવા તે વકીલોની વહારે દોડે છે, ચિંતાઓથી ઘેરાય છે ત્યારે સ્નેહી મિત્ર પાસે પહોંચે છે, દુઃખના વાદળોને વિખેરી નાંખવા પાણીની જેમ પૈસા વેરવા તૈયાર થાય છે. પણ, ઘણીવાર આ બધાં ઉપાયો નિષ્ફળ જાય છે. શ્રીમંત સ્નેહી અપમાન કરીને કાઢી મૂકે છે. ડોક્ટરો હાથ ધોઈ નાખે છે. વકીલ પ્રતિવાદી દ્વારા ફૂટી જાય છે. સ્નેહી મિત્ર દુઃખના દિવસોમાં દૂર ખસી જઈને દાઝ્યા પર ડામ દે છે. પૈસા પાણીની જેમ વેરવા છતાં કાંઈ વળતું નથી. દગા અને વિશ્વાસઘાતોથી તે ખૂબ દાઝે છે. ભર્યા ભર્યા નગર વચ્ચે પણ નિર્જન ભયંકર જંગલનું ભયજનક એકલવાયાપણું તેને ડરાવે છે.

હવે તેને લાગે છે–હું નિઃસહાય છું.

હવે તેને લાગે છે–હું નિરાધાર છું.

હવે તેને લાગે છે– હું શરણરહિત છું.

ઘોર ભયાનક જંગલમાંથી પસાર થઈ રહેલાં પથિકની પાછળ વાઘ-સિંહ પડે તેવી સ્થિતિ તે નિઃસહાય સ્થિતિ.

ટાઢ-તાપ-વર્ષાથી રક્ષણ આપતો વડલો તોફાની વાયરાથી ધરાશાયી થતા બેઘર બનતા પક્ષી જેવી દશા તે નિરાધાર દશા.

અંધારી કોટડીના તોતીંગ દરવાજા બંધ થતાં અંદર પૂરાયેલા ગૂંગળામણ અનુભવતા માનવી જેવી હાલત તે શરણરહિત હાલત.

પોતાની અશરણ દશાનું આવું ભાન થવું ઘણું દુર્લભ છે. મારું કોઈ નથી, હું એકલો છું, અનાથ છું. એવી પ્રતીતિ એ સમ્યક્પ્રતીતિ છે પણ ઘણી દુષ્કર છે.

હર્યા-ભર્યા પરિવાર વચ્ચે રહેલા એક શ્રેષ્ઠીપુત્રને વ્યાધિની વિકટ પળોમાં આ સમ્યક્‌ભાન થયું. કાયા વ્યાધિગ્રસ્ત બનતા પીડા અસહ્ય બની. વૈદ્યો અને હકીમોએ હાથ ખંખેરી નાંખ્યા. ઔષધિ અને જડીબુટ્ટીના ઢગલા કાંઈ ન કરી શક્યા. સ્નેહાળ પરિવાર ગ્લાન કુમારની શય્યાને ઘેરી વળીને લાચાર બની ઊભો રહ્યો. સંપત્તિના ઢગલા કુમારની પીડાને જરા પણ ઓગાળી ન શક્યા. તે અવસ્થામાં એક ધન્ય પળે કુમારને ભાન થયું હું અનાથ છું, એકલો છું, નિરાધાર છું. આ વિચારણાથી તેનામાં પ્રચંડ સત્ત્વ પાંગર્યું. એકત્વ ભાવનાના ચિંતનમાંથી વિરાગની જ્યોત પ્રગટી. તે જ્યોતિના દિવ્ય પ્રકાશમાં વૈભવથી છલકાતો પણ સંસાર નિઃસાર લાગ્યો. રૂપાળા દેખાતા સંસારનું ભીતરી બિભત્સ સ્વરૂપ સ્પષ્ટ પ્રતીત થયું. વિરાગ અને શૌર્ય પ્રગટ્યા પછી તે કુમાર ક્ષણ પણ આ નિઃસાર સંસારમાં ક્યાંથી ટકે? વહેલી પ્રભાતે સંસારને તિલાંજલી આપીને તે મુનિ બન્યો. સંયમભાવનાના અચિંત્ય પ્રભાવથી વ્યાધિ ઉપશાંત થયો.

રાજગૃહીના રાજમાર્ગ પર આ 'અનાથ' મુનિને મગધનરેશ શ્રેણીકે ઓફર કરી : "આ રૂપયૌવનમઢી રાજવંશી કાયાને સાધનાની ભઠ્ઠીમાં શા માટે શેકી નાંખો છો ? તમે નિરાધાર છો ? તો હું તમારો આશ્રય બનું. તમે અનાથ છો ? તો હું તમારો નાથ બનું."

શ્રેણીકની આ ઓફર પર મુનિ સહેજ હસ્યા : "કઈ તાકાતના જોર પર તમે મારા નાથ થવા તૈયાર થયા છો, તે તો કહો ?"

"મુનિવર ! તમે મને ઓળખ્યો નથી માટે આ પ્રશ્ન તમને ઉદ્‌ભવે છે. હું મગધદેશનો સમ્રાટ છું, આખા મગધમાં મારી આણ પ્રવર્તે છે. હું ધારું તે થાય."

"રાજન્‌ ! તો પેલા આકાશમાં ઊડતા પંખીને આદેશ કરો કે તે નીચે આવી જાય. મારે તમારી આજ્ઞાનો પ્રભાવ જોવો છે."

"મુનિવર ! આ તો શક્ય ન બને. મારી આજ્ઞા આકાશમાં ન ચાલે, ધરતી ઉપર જ ચાલે."

"તો રાજન્ ! પેલાં વહેતાં ઝરણાંને આદેશ કરીને વહેતું અટકાવવાની તમારી તાકાત ખરી ?"

"ના, મુનિરાજ ! ધરતી ઉપર પણ મારી આજ્ઞા તો માત્ર મનુષ્ય ઉપર જ ચાલે."

"ભલે, રાજન્ ! તો મગધના તમામ પ્રજાજનોને આદેશ ફરમાવો કે કોઈએ મરવાનું નથી. તે આદેશ બધાં મનુષ્યો માનશે?"

"મુનિરાજ ! આવી અશક્ય વાત તમે કેમ કરો છો ? તેવો આદેશ માનવો તો કોઈના હાથની વાત છે ?"

"રાજન્ ! તો એક કામ કરો. તમારી ઉપર તો તમારી આજ્ઞા ચાલશે ને ? ક્યારેય મૃત્યુ નહિ પામવાનો આદેશ તમારી જાતને કરી શકો?"

"મુનિરાજ ' આવી અશક્ય વાત તમે કેમ કરો છો ? મોતના મુખમાંથી કોઈ બચી ન શકે, કોઈ કોઈને બચાવી ન શકે, આટલી સીધી-સાદી વાત તમને ખબર નથી પડતી ?" રાજા સહેજ ચીડાઈને બોલ્યા.

"રાજન્ ! તો પછી આટલો ઘમંડ શા માટે ? તમે પણ મારી જ પંક્તિના એક ઉમેદવાર છો. હું અનાથ છું, તમે પણ અનાથ છો. મારા નાથ તમે શું બનવાના ? તમે જ નિરાશ્રિત છો, તમે મને શું આશરો આપવાના?"

રાજા શ્રેણીકનો નાથપણાનો ઘમંડ ઓગળીને અદશ્ય થયો. મુનિના વચનોએ રાજાને ઢંઢોળ્યો. સંસારી માત્રની અશરણદશાનું રાજાને ભાન થયું.

પણ, નિઃસહાય અવસ્થાનું ભાન થવાનો બધાને ખૂબ ડર છે. તે પ્રતીતિ ન થાય તે માટે કેટલાય ભ્રમના આવરણો વચ્ચે માનવી જીવે છે. 'મારું કોઈ નથી'નું સમ્યગ્ભાન પોતાના મનમાં પેસી ન જાય તે માટે કેટલીય ભ્રાન્તિઓનો કડક ચોકી પહેરો તેણે ગોઠવી રાખ્યો છે. પોતે ધારી રાખેલા કેટલાક આસ્થાકેન્દ્રો તેને અશરણતાનું ભાન થતું અટકાવે છે.

આવું તેનું એક આસ્થાકેન્દ્ર એટલે પૈસો. પૈસા ઉપર માનવીનો અતૂટ વિશ્વાસ છે. પૈસાએ સમાજ અને વિશ્વ ઉપર મોટું વશીકરણ કર્યું છે. તે તમામ ચીજોના મૂલ્યાંકનનું માધ્યમ બન્યો છે. માણસની કેટલી બેન્ક બેલેન્સ છે તેના પરથી આ સમાજ તેની સજ્જનતાનું ધોરણ નક્કી કરે છે, અને તે મુજબ તેને આગેવાનના, ટ્રસ્ટીના, મંત્રીના, પ્રમુખના કે નેતાના હોદ્દા પર ચડાવે છે. કોઈ નિર્ધન વ્યક્તિ નેતા કે આગેવાન હોય તેવી સંસ્થા, જ્ઞાતિ કે સમાજ ભાગ્યે જ જોવા મળે. મરચા અને મોસંબીના ભાવ અંકાય તેમ મુરતીયાના પણ ભાવ અંકાય છે. જુદા જુદા ક્ષેત્રની બાબતના સલાહ અને માર્ગદર્શન તો પૈસેથી વેચાતા અને ખરીદાતા જોવા મળે છે, આવતીકાલે કદાચ કોઈ સ્ટોરના પાટીયા ઉપર પ્રેમ, ઉષ્મા અને લાગણીનો કિલો કે લિટરના ભાવ લખેલા જોવા મળે તો નવાઈ નહિ.

એક યુવાન ગામડામાંથી અમદાવાદ આવેલો. તેને કોઈએ પૂછ્યું 'અમદાવાદથી તારું ગામ કેટલું દૂર છે?'' યુવાને જવાબ આપ્યોઃ ''દસ રૂપિયાની ટિકિટ થાય.'' બે ગામ વચ્ચેનું અંતર કિલોમીટર કે માઈલમાં માપી શકાય તેનો ખ્યાલ બધાંને હશે પણ પૈસાથી અંતર માપવાની શોધ તો અર્થનિયન્ત્રિત વર્તમાન સમાજની જ હોઈ શકે. આવતીકાલે કદાચ સમય, ઉષ્ણતામાન, ઘનતા, લંબાઈ, પહોળાઈ વર્ગો બધું જ પૈસાથી માપવાનો વ્યવહાર માનવી કરે તો નવાઈ નહિ.

માનવીએ પહેલા જાતે પૈસાનું માહાત્મ્ય સ્થાપ્યું પછી પૈસાની પાછળ દોટ મૂકી. પૈસાની પાછળ અંધ બનીને માનવી દોડ્યો જ જાય છે. તેને તો રૂપિયાનો મોટો હિમાલય રચીને તેનસિંગ બનવું છે. જિંદગી કરતાં પૈસાની કિંમત વધારે અંકાય તે કાળમાં પૈસાને ખાતર જિંદગી ખલાસ કરવામાં માનવીને હરકત ક્યાંથી નડે ?

માણસના મનમાં એક ભ્રાન્તિ છે : પૈસાથી આ દુનિયામાં શું

ન બને? પૈસાની તાકાત ઉપર તેની આંધળી શ્રદ્ધા છે. પૈસાનો પ્રભાવ દુનિયામાં જોઈને આ ભ્રાન્તિ મનમાં સ્થિર બની છે. માનવી માને છે કે પૈસા વિના દુનિયામાં કાંઈ ઉપજતું નતી, કાંઈ મળતું નથી. પૈસાથી બધું જ હસ્તગત થતું દેખાય છે. પૈસાથી કોલેજમાં એડમિશન મળે છે, સરકારી ઓફીસમાં નોકરી મળે છે, ચૂંટાણીની ટિકિટ મળે છે, મતપેટીમાં મત મળે છે, પાર્લામેન્ટની સીટ મળે છે, ફેક્ટરીનું લાયસન્સ મળે છે. સંસ્થાનું ટ્રસ્ટી પદ મળે છે. સમાજમાં પ્રતિષ્ઠા મળે છે. શ્રીમંત બાપની કન્યા મળે છે, શું નથી મળતું ? પૈસાથી અખરોટ ખરીદી શકાય છે તેમ અમલદાર પણ ખરીદી શકાય છે. પૈસાથી પાઉં અને બિસ્કીટની જેમ આબરુ પણ ખરીદી શકાય છે. પૈસાથી માણસ આખી દુનિયામાં ફરી શકે છે, મનમાન્યા વિલાસ કરી શકે છે, કોર્ટમાં કેસ જીતી શકે છે; રમતમાં દાવ જીતી શકે છે, ચૂંટાણીમાં સીટ જીતી શકે છે, સ્પર્ધામાં ઈનામ જીતી શકે છે અને પરીક્ષામાં નંબર લાવી શકે છે. પૈસો એ કલિકાલનું જાણે કલ્પવૃક્ષ છે. માટે જ માનવી પૈસાની તાકાત પર મુશ્તાક રહે છે. આ મુશ્તાકપણું તેને તેની વાસ્તવિક અસહાય દશાનું ભાન થવામાં પ્રતિબંધક બને છે.

વાસ્તવિક સમજણના હથોડા મારી-મારીને ભ્રાન્તિના આવરણો તોડવા જ પડશે. જીવન જીવવા માટે કદાચ પૈસો જરૂરી હશે, પણ પૈસાનું મહત્ત્વ એટલી હદ સુધી તો ન જ આંકવું જોઈએ કે જીવન પૈસા કમાવા માટેનું સાધન બની જાય. પૈસાથી સામગ્રી ખરીદી શકાય છે, સુખ કદાપિ નહિ. પૈસાથી ભોજન મળી શકે છે, ભૂખ નહિ. પૈસાથી ડનલોપની સુંવાળી ગાદી મળી શકે પણ ઊંઘ નહિ. પૈસાથી સગવડતા મળી શકે, સ્વસ્થતા નહિ.

ગરીબ ભૂખે મરે છે તો શ્રીમંત ભૂખ માટે મરે છે. એરકંડિશન્ડ કેબિનમાં પણ તેને ઘાણો ઉકળાટ છે. વોટરકુલરના પાણી પણ તેના

કાળજાને ઠારી શકતા નથી. શ્રીમંત માણસ કદાચ આખી દુનિયામાં રોશની પ્રગટાવી શકશે પણ આંખ બંધ કરતાની સાથે અંધારું થઈ જાય તે સદ્‌ભાગ્ય મોટે ભાગે શ્રીમંત પાસે નથી. પૈસાને સર્વસ્વ માનીને પૈસાની પાછળ પાગલ બનેલો માણસ આ દુનિયાનો સૌથી વધુ દુઃખી માણસ છે. પેટની ભૂખ કરતાં પૈસાની ભૂખ વધુ ભયંકર છે. કોઈક વાનગી એવી હોય છે કે તે ખાવાથી પેટની ભૂખ શમવાને બદલે અનેક ગણી વધી જાય છે. પૈસા એ એક એવી વાનગી છે.

હજારો નદીઓથી સાગર ધરાતો નથી.
સેંકડો ટન લાકડાંની અગ્નિ ધરાતો નથી.
લાખો મડદાથી સ્મશાન ધરાતું નથી.
હજારો વાનગીથી પેટ ધરાતું નથી.
અબજો રૂપિયાથી મન ધરાતું નથી.

આ દુનિયામાં તમામ મનુષ્યોનું પેટ ભરાય એટલું ધન જરૂર છે, પણ એક માણસનુંય મન ધરાય એટલી સંપત્તિ નથી. **There is enough for every man's need, but not for anyone's greed.** ભગવાન મહાવીર સ્વામીએ કહ્યું છે–ઈચ્છા તો આકાશ જેટલી અનંત છે. લોભનો ખાડો એ વિચિત્ર ખાડો છે. તેને જેમ પૂરતા જાઓ તેમ તે વધુને વધુ ઊંડો થતો જાય છે. ખુલ્લા મેદાનમાં ક્ષિતિજ એકાદ માઈલ જેટલી જ દૂર જણાય. આકાશ અને ધરતીના સંગમનું રમ્ય સૌંદર્ય ત્યાં પહોંચીને નિહાળવા કોઈ હોન્ડા પર સવાર થઈને થોડી વારમાં એક માઈલ દૂર પહોંચે ત્યારે પણ તે ક્ષિતિજ ફરી એટલી જ દૂર જણાય. ફરી એક માઈલ આગળ પહોંચે ત્યારે પણ અંતર એટલું જ જણાય. એક–એક માઈલ કરતાં એક હજાર માઈલ દૂર પહોંચી જાય તો ત્યાંથી ક્ષિતિજ હજુ એક માઈલ દૂર જ જણાય, ક્યારેય તે ત્યાં પહોંચી ન શકે, તૃષ્ણાભૂખ્યો માનવી પાંચ લાખ રૂપિયા મેળવવાની ઝંખના સેવીને ધન કમાવાની દોડધામ ચાલુ કરે.

તેની અત્યારની કલ્પના મુજબ તૃષ્ણાનું આકાશ તૃપ્તિની ધરતીને પાંચ લાખની પ્રાપ્તિના મથક ઉપર મળે છે. આ છે ક્ષિતિજ. દોડતો દોડતો તે આ સ્થાને પહોંચીને પાંચ લાખનો સ્વામી બને ત્યારે પેલી ક્ષિતિજ તો પાંચ લાખના આ સ્થાનથી ઊઠીને દસ લાખના સ્થાને પહોંચી જાય છે. માણસ ક્ષિતિજને આંબવા દોડતો જાય છે પણ ક્ષિતિજ તો આગળ ને આગળ ભાગતી જાય છે. તે ક્યારેય ક્ષિતિજને આંબી શકતો નથી, છતાં દોડવાનું છોડતો નથી. આ ક્ષિતિજ એવી વિચિત્ર છે કે દોડવાથી નથી આવતી, અટકવાથી આવે છે.

જેની પાસે ઓછું છે તે કદાચ દરિદ્ર હશે પણ જેને ઓછું પડે છે તે તો દુઃખી છે. જરૂર જેટલું પ્રાપ્ત થતા 'ઓછું છે'ની ફરિયાદ દૂર થઈ શકે પણ 'ઓછું પડે છે' ની ફરિયાદ ઘણું મળતું રહેવા છતાં સદા ઊભી રહે છે. દરિદ્રતા દૂર થઈ શકે છે, દીનતા દૂર થવી ઘણી કઠિન છે. પેટને 'ભૂખ' નો રોગ લાગું પડેલો છે, છતાં કામચલાઉ તો તે ધરાય છે. મન 'ભસ્મક' રોગનો ભોગ બનેલું છે તેથી જેમ મળે તેમ ભૂખ વધે છે.

ચાર રોટલીનો ખોરાક છે તે ચાર રોટલી મળતા તૃપ્ત થઈ જાય છે. જેનો ખોરાક ચાલીસ રોટલીનો છે તે પચીસ રોટલી મળ્યા પછી પણ ભૂખ્યો છે, ભૂખના દુઃખથી દુઃખી છે. માત્ર ચાર રોટલી પહેલી વ્યક્તિની થાળીમાં જોઈને તેને દુઃખી કહી દેનારો અને બીજાની થાળીમાં પચીસ રોટલી જોઈને તેને 'સુખી'નું પ્રમાણપત્ર આપી દેનારો ભ્રાન્ત દશામાં જીવી રહ્યો છે.

એક વૃદ્ધ ફકીરે નગરમાં ઢંઢેરો પીટાવ્યો : ''મારી પાસે એક કિંમતી રત્નોની કોથળી છે. આ નગરના સૌથી મોટા ભિખારીને તે આપવાની મારી ઈચ્છા છે.'' બીજા દિવસથી તેની કુટિર પાસે યાચકોની મોટી લાઈન લાગી. કોઈએ ભૂખથી ઊંડું ઉતરી ગયેલું પોતાનું પેટ દેખાડ્યું. કોઈએ

પોતાના ચીંથરેહાલ કપડાં દેખાડ્યા. કોઈ ત્રાણ દિવસનો ભૂખ્યો હતો. કોઈ પાંચ દિવસનો ભૂખ્યો હતો. દરેક યાચકે નગરનો સૌથી મોટો ભિખારી હોવાનું સાબિત કરવા ઘણો પ્રયાસ કર્યો પણ કોઈનો ક્લેઈમ પાસ ન થયો. કોઈની વાતથી ફકીરને સંતોષ ન થયો. આ બધાથી મોટો ભિખારી નગરમાં વસી રહ્યા ની જાણે ફકીરને ખાત્રી હતી. એક દિવસ નગરના રાજમાર્ગ ઉપર એક ઓટલા ઉપર તે બેઠો હતો ત્યારે સમ્રાટની સવારી નીકળી. સવારી જોઈને તે ખૂબ ખુશ થયો. સવારી નજીક આવતા તરત તેણે પોતાની કિંમતી રત્નોની કોથળી હાથીની અંબાડી ઉપર બેઠેલા સમ્રાટ ઉપર ફેંકી.

ચારે બાજુથી લોકો આશ્ચર્ય સહિત તે ફકીરને ઘેરી વળ્યા. બધાનો એક જ પ્રશ્ન હતો : ''નગરના સૌથી મોટા ભિખારીને રત્નની થેલી આપવાને બદલે તમે નગરના સૌથી મોટા શ્રીમંતને કેમ આપી દીધી ?'' ફકીરે તરત જવાબ આપ્યો : ''મેં બરાબર જ કર્યું છે. મારી રત્ન કોથળી નગરના સૌથી મોટા ભિખારીને જ મેં આપી છે, કારણ કે, આ નગરમાં સૌથી વધુ તૃષ્ણા આ સમ્રાટની છે. જેને ઘણું જોઈએ છે તે મોટો ભિખારી છે.''

ફકીરની વાત ઘણી માર્મિક છે. આખી દુનિયા ભિખારીઓની દુનિયા છે. કોક હાથમાં ચપ્પાણીયું લઈને ભીખ માંગવા નીકળે છે, કોઈ બ્રીફકેસ લઈને. કોઈ ઘરે ઘરે ફરીને ભીખ માંગે છે, કોઈ મારુતિમાં ભીખ માંગવા નીકળે છે. નાના ભિખારી જરૂર પૂરતું મળી જતાં અટકે છે, આરામ કરે છે. મોટા ભિખારીઓની ઈચ્છા ક્યારેય પૂરી થતી જ નથી, માટે તે રાત-દિવસ ભીખ માટે ભટકે છે. તેમને ચપ્પાણીયાની જરૂરી નથી, ફોનનાં રિસીવર પકડીને ભીખ માંગે છે.

જેની પાસે વધારે સંપત્તિ છે તેને વધુ ચિંતાઓ છે, વધુ લફરા છે, વધુ તૃષ્ણા છે, વધુ અશાંતિ છે, વધુ દુઃખ છે. આ એક નક્કર

વાસ્તવિકતા છે. નજરે દેખાતું પ્રત્યક્ષ સત્ય છે. છતાં જેટલા પૈસા વધુ તેટલો માણસ વધારે સુખી તેવા એક મોટા ભ્રમમાં માનવી જીવી રહ્યો છે. ગામ કે શહેરના સુખી માણસોનાં નામ કોઈને પણ પૂછવામાં આવે તો તરત જ શ્રીમંત માણસોના નામ ગણાવી દેવા સહુ ટેવાયેલા છે. જે શ્રીમંતને ગોળી લીધા વિના ભૂખ લાગતી નથી, ગોળી લીધા વિના ખાધેલું પચતું નથી અને ગોળી લીધા વિના રાત્રે ઊંઘ આવતી નથી, તેને 'સુખી' નું લેબલ લગાવતા સમાજ પર 'પૈસા' નામની ચીજે કેટલું વશીકરણ કર્યું છે તે સમજી શકાય તેવું છે.

કોઈ માણસ જીવનનિર્વાહ પૂરતું સારી રીતે કમાઈ લેતો હોય તેને સમાજ 'ખાધે-પીધે સુખી' કહે છે અને જે લાખો-કરોડોનો માલિક છે તેને 'પૈસે-ટકે સુખી' કહે છે. વાત સાવ સાચી છે. પૈસે-ટકે સુખી છે તે બિચારો ખાધે-પીધે ઘણો દુઃખી છે. શાંતિથી સમયસર ખાઈ ન શકનારા શ્રીમંતો બિચારા છે, દયાપાત્ર છે.

એક નિર્ધન ભગતની ઝૂંપડીમાં રાત્રે ચોર પેઠો. ભગત ઝૂંપડીમાં જમીન ઉપર ઘસઘસાટ ઊંઘતા હતા. ચોરે ચોરીની વસ્તુઓની ગાંસડી બાંધવા નીચે ચાદર પાથરી અને ચોરી માટે હાથ ફેરવ્યો. અભરાઈ ખાલી હતી, ભંડકીયામાં કાંઈ નહોતું, પેટી-પટારા તો હતા જ નહિ. કાંઈ ન મળતા નિરાશ થઈને પાછા ફરવા માટે પાથરેલી ચાદર લેવા નીચે નજર કરી તો ખબર પડી કે, પેલા ભગત પડખું ફેરવતા આ ચાદર પર સૂઈ ગયા હતા. ચોરીનો તો કાંઈ માલ ન મળ્યો, પોતાની ચાદર પણ ગઈ, ઝૂંપડીમાંથી બહાર નીકળતા જરા અવાજ થયો અને ભગત જાગી ગયા. જાગેલા ભગતે બૂમ બાડી : "અલ્યા, ભાઈ કોણ છે ? બારણું વાસીને જજો." ત્યારે ચોરે જવાબ આપ્યો : "ભગત, બારણું ઉઘાડું ભલે રહ્યું. સૂવાની ચાદર મળી તેમ મારા જેવો બીજો કોક અહીં ભૂલો પડશે તો ઓઢવાનું પણ આપી જશે.

નિષ્પરિગ્રહીને સુખ-શાંતિ છે. તેને કકડીને ભૂખ લાગે છે, ખાધેલું આરામથી પચે છે, નિરાંતે ઊંઘ આવે છે. સમૃદ્ધિમાન તો સાત માળની તળાઈમાં તરફડે છે, છતાંય ધનની તૃષ્ણા કોઈની મટતી નથી, વધતી જ જાય છે.

એક ભિખારીની કંગાળ હાલત જોઈને નારદજીને કરુણા ઉભરાઈ. આ ભિખારીના દળદર ફેડવાનો એક ભલામણ પત્ર લખી આપીને તેને કુબેરજી પાસે મોકલ્યો. કુબેરને ચિઠ્ઠી આપીને ભિખારીને તેની સામે પોતાનું પાત્ર ધર્યું. કુબેરજીએ ભંડારમાંથી સોનામહોરોનો મોટો ખોબો ભરીને તેના પાત્રમાં નાંખ્યો, પાત્ર ન ભરાયું. બીજો ખોબો, ત્રીજો ખોબો....એમ એક પછી એક કરતા સેંકડો-હજારો ખોબા ભરીને સોનામહોરો અને રત્નો તે પાત્રમાં નાંખવા છતાં પાત્ર ખાલી જ રહ્યું. કુબેરજીનો આખો અખૂટ ભંડાર ખાલી થઈ ગયો પણ, પાત્ર તો ખાલી જ રહ્યું. કુબેરજીને ખૂબ આશ્ચર્ય થયું. આટલું બધું નાંખવા છતાં ભરાય નહિ એવું પાત્ર કઈ ધાતુનું બનેલું છે તે જાણવાની તેમને ખૂબ ઉત્સુકતા થઈ. ભિખારી પાસેથી પાત્ર હાથમાં લઈને તેમણે એક લેબોરેટરીમાં ટેસ્ટીંગ માટે મોકલ્યું. થોડા કલાકોમાં ટેસ્ટિંગ થઈને લેબોરેટરીનો રિપોર્ટ આવી ગયો.

ત્રાણેય કાળના બધા જ કુબેરોની તિજોરીઓ તળિયાઝાટક થઈ જાય તો પણ આ પાત્ર નહિ ભરાય, કારણ કે તે માનવીની ખોપરીમાંથી બનેલું છે.

ક્યારેય ન ભરાવાના અને ન ધરાવાના સ્વભાવવાળા મનને ભરવા મથતો માનવી સૌથી વધુ બુદ્ધિશાળી પ્રાણી ગણાય છે !

પૈસાની ચારે બાજુ દુઃખ પથરાયેલું છે.
પૈસાની ચારે બાજુ પાપ પથરાયેલું છે.
પૈસા મેળવવાની ઈચ્છા થતા તૃષ્ણાનું પાપ.
પ્રયત્નો છતાં મળે નહિ તો અતૃપ્તિનું દુઃખ.

મેળવતી વખતે કરાતા અનીતિ અને પ્રપંચોનું પાપ.

મળ્યા પછી તેના પ્રત્યેની ગાઢ આસક્તિનું પાપ.

મળેલી લક્ષ્મીને સંઘરી રાખે તો પરિગ્રહનું પાપ.

ભોગ-સુખોમાં ખર્ચી નાંખે તો વિલાસનું પાપ.

ચોરાઈ કે લૂંટાઈ જાય તો કારમા દુર્ધ્યાનનું પાપ.

પૈસો માનવીને ઢોરની કક્ષામાં મૂકી દે છે. પૈસા ભૂખ્યો માનવી, પૈસા માટે ઢોરની જેમ રઝળે છે, ઢોરની જેમ ડફણાં ખાય છે, ઢોરની જેમ બધાને શીંગડા ઉલાળે છે અને છતાંય માનવીએ અફવા ફેલાવી છે કે-વસુ વિના નર પશુ.

પૈસા ખાતર સગા ભાઈઓ કોર્ટે ચડે છે.

પૈસા ખાતર દીકરો બાપની હત્યા કરે છે.

પૈસા ખાતર પત્ની પતિ સામે દાવો માંડે છે.

પૈસાના લોભથી માનવી ગરીબોનાં લોહી ચૂસે છે.

પૈસા કાજે નીતિ અને ખાનદાનીના આદર્શોને માનવી ગટરમાં ફેંકે છે.

પૈસા માટે માનવી કેટલાય સદ્ગુણોનું-સજ્જનતાઓનું લીલામ કરી નાંખે છે. અને છતાંય "सर्वे गुणाः कांचनमाश्रयन्ते !" ના પાઠ ગોખીને જાતને અને દુનિયાને ઠગે છે. પૈસાને 'વિટામીન-એમ' કહીને કે 'અગિયારમો પ્રાણ' કહીને માનવી તેનું ગૌરવ કરે છે.

પૈસાને પોતાના હૃદયમાં પ્રતિષ્ઠિત કર્યો છે તેનાં પ્રતીક અને સૂચક રૂપે માનવી ખીસું પોતાના હૃદયની પાસે રાખે છે. પૈસાનું મૂલ્ય દુનિયાની મની-માર્કેટમાં ભલે ઘટ્યું હોય પણ માનવીનાં હૈયામાં તો તેનું મૂલ્ય ખૂબ વધતું જ જાય છે.

માણસ પૈસા ખાતર જીવે છે અને પૈસા ખાતર મરે છે. પૈસા માટે રાત-દિન દોડધામ કરીને શરીરનું પાણી કરી નાંખે છે અને પછી

તે શરીર રોગોથી ઘેરાય ત્યારે તેને માટે પૈસાનું પાણી કરે છે. સગવડતાઓ અને સાહ્યબી ખાતર પૈસાની ધૂન તેના મગજ પર સવાર થાય છે અને પૈસા મેળવવા ખાતર કેટલીય સગવડતાઓ અને સાહ્યબીઓનો ત્યાગ કરે છે. શ્રીમંત તરીકેનું અભિમાન પોષવા તે ધનપ્રાપ્તિનો યજ્ઞ માંડે છે અને ધનપ્રાપ્તિ માટે હાલી-મવાલીનાં પણ અપમાન સહન કરે છે. ભૂખે ન મરવું પડે તે માટે તે પૈસાનું મહત્ત્વ સ્થાપે છે અને પૈસા મેળવવા ખૂબ ભૂખ-તરસ સહન કરે છે. પૈસા કાજે માણસ કેટલાય અનીતિ અને અન્યાય કરે છે અને કોર્ટમાં ન્યાય મેળવવા વકીલોની પાછળ ધૂમ પૈસા ખર્ચે છે. સુખી બનવાના આશયથી પૈસા ઘેલો બને છે અને પૈસાની લાયમાં કેટલાય દુઃખોને આમંત્રણપત્રિકાઓ મોકલે છે. પૈસા માટે કેટલાયની સાથે સંબંધો બાંધે છે અને પૈસા ખાતર જ કેટલાયની સાથેના સંબંધો તોડે છે. પૈસા દ્વારા દુનિયામાં પોતાનો ડંકો વગાડે છે અને પૈસાને કારણે જ ઘરમાંથી તેનો કક્કો નીકળી જાય છે. પૈસા કાજે દુશ્મનો સાથે પણ દોસ્તી બાંધે છે અને પૈસાને લીધે જ દોસ્તને પણ દુશ્મન બનાવે છે.

પૈસા જોઈને આગેવાન નીમે છે, પૈસા જોઈને ઘરાક પસંદ કરે છે અને માણસના હાથની વાત હોત તો કદાચ મા-બાપની પસંદગી પણ પૈસા જોઈને જ કરત અને તો બધાં જ ગરીબ પતિ-પત્નીઓને વાંઝિયા જ રહેવું પડત !

અર્થના અનર્થને કારણે જ આ દુનિયા પર કેટલીય કોર્ટો, પોલીસ તંત્ર, વકીલો, અમલદારો વગેરે નભે છે. વીમા કંપનીઓ, ફાયનાન્સ કંપનીઓ, બેંકિંગ કોર્પોરેશનો, આવકવેરા ખાતાઓ, ફાયનાન્સ મિનિસ્ટ્રી, અંદાજ પત્રો, શેરબજારો, યુનિટ ટ્રસ્ટો, લિઝિંગ કંપનીઓ, પ્રોવીડન્ડ ફંડ્સ, રીઝર્વ ફંડ્સ, વગેરે જાત-જાતના નિગમો અને નખરાઓ પૈસાને વળગીને ઊભા થયા છે. માનવીના જીવનકેન્દ્રમાં પૈસો ગોઠવાઈ ગયો છે. સાંજના સમયે હેન્ગીંગ ગાર્ડનના બાંકડા પર બેઠેલા બે મિત્રો સંધ્યાની લાલિમા

કે બગીચાની હરિયાળીની પ્રશસ્તિ કરતા જોવા નહિ મળે પણ કાન માંડીને સાંભળશો તો તેમની વાતનો વિષય 'પૈસો' જ હશે. નરીમાન પોંઈટની ફૂટપાથ ઉપર મોર્નિંગવોક કરવા નીકળેલા પ્રકૃતિપ્રેમીઓ(!) પણ ચાલતા ચાલતા અર્થકથાઓ જ કરતા હોય છે.

દુનિયા પર થતી કેટલીય હત્યાઓનું કારણ સંપત્તિ હોય છે.

દુનિયામાં થતી કેટલીય આત્મહત્યાઓનું કારણ પૈસો જ હોય છે.

કોર્ટમાં થતાં મોટા ભાગના કલહો પૈસા ખાતરના જ હોય છે.

ઠેર ઠેર જોવા મળતા ઝગડાઓનું વિષયવસ્તુ મોટે ભાગે પૈસો જ હોય છે.

હાર્ટ-એટેક, હાઈપરટેન્શન, બ્લડપ્રેશર, ડાયાબિટીસ, ડિપ્રેશન જેવા કંઈક મોટા રોગો પૈસાની કારમી લાયમાંથી પેદા થતા જોવા મળે છે. જે પૈસાને માનવી હૃદયનાં સિંહાસન ઉપર માન અને સન્માનપૂર્વક પ્રતિષ્ઠિત કરે છે તે જ પૈસાના ટેન્શન તાણ ઊભી કરીને હૃદય ઉપર હુમલો કરે અને ક્ષણોના મામલામાં માણસ દુનિયામાંથી વિદાય થઈ જાય તે જોયા પછી લાગે છે કે આ દુનિયામાં પૈસા જેવી કૃતઘ્ન અને નિમકહરામ ચીજ બીજી કોઈ નહિ હોય !

પૈસાની સમાજમાં સ્થપાયેલી પરાકાષ્ટાની પ્રતિષ્ઠા તથા વર્ચસ્વને કારણે ગંદા સ્વાર્થના ચેપી રોગથી આખી દુનિયા ગ્રસ્ત બની છે. શિક્ષણ સંસ્થાઓ પણ પૈસા કમાવાની હાટડીઓ બની ગઈ છે, શિક્ષકો અને પ્રોફેસરો પણ વિદ્યાગુરુ મટીને વિત્તપ્રેમી બન્યા છે, ડોક્ટરો સેવાભાવી મટીને સ્વાર્થી બન્યા છે. દર્દીનું પેટ ચીરતા પહેલાં ડોક્ટરો તેનાં ખીસા ચીરે છે. લાંચ અને ભ્રષ્ટાચારથી નહીં ખરડાયેલો અકલંકિત અમલદાર કોઈ કદાચ જડી જાય તો મંદિર બનાવીને તેની મૂર્તિને દુનિયા પૂજે !

પૈસા પાછળ દોડતા માનવીએ પગ નીચે મૂલ્યોને છૂંદી નાંખ્યા છે.

અર્થવાસનામાં ચકચૂર બનેલા માનવીએ ઊચ્ચ આદર્શોને હડફેટે ચડાવ્યા છે.

સંપત્તિલોલુપ માનવીએ સભ્યતાઓનો ભુક્કો બોલાવ્યો છે.

સંપત્તિનાં ગાંડપણમાં માનવીએ શાંતિનું અને સમાધિનું સ્મશાન રચી દીધું છે. તેવો માણસ શાંતિથી જીવી શકતો નથી અને શાંતિથી મરી પણ શકતો નથી.

જન્મેલા દરેકને મરવાનું છે તે એક નક્કી વાત છે. મરતી વખતે પોતાની બધી સંપત્તિ છોડીને જવાની છે, તે પણ હકીકત છે. ઓછુ છોડવું પડે તેને ઓછુ દુઃખ થાય. વધુ છોડવું પડે તેને વધારે દુઃખ થાય. મરતા પાંચ લાખ છોડવા પડે તેને જે દુઃખ થાય તેના કરતાં પાંચ કરોડ મૂકીને જવું પડે તેને વધારે દુઃખ થાય.

ટ્રેનમાંથી ઉતરતી વખતે ઓછા લગેજ વાળાને વાર ન લાગે, પણ વધારે લગેજવાળો જલદી ઊતરી ન શકે. કરોડોના ગાંસડા જેણે બાંધ્યા છે તેનો જીવ છૂટે ત્યારે તેના છક્કા છૂટી જાય છે. ઓછા પરિગ્રહવાળાને મૃત્યુમાં અસમાધિની શક્યતા છે તેના કરતાં વધુ સંપત્તિવાળાને શક્યતા વધુ છે.

પૈસામાં અમાપ તાકાત છે તેવું માનનારાએ એ પણ સ્વીકારી લેવું જોઈએ કે પૈસાની મર્યાદા પણ બેમર્યાદ છે. ગમે ત્યારે દગો દઈ દેવાની ખાસિયત માટે તે સુપ્રસિદ્ધ છે. કપાળનું કદ અચાનક ઘટી જાય તો મોટા માલેતુજાર શ્રીમંતને પણ વાલકેશ્વરનો દસ કરોડનો ફલેટ વેચીને નાલાસોપારાની ૨૫૦૦ રૂપિયે ભાડાની ખોલીમાં રહેવા જવું પડે છે. પૈસા માણસના મનની ઈચ્છા, તનના પુરુષાર્થ કે બુદ્ધિના ચાતુર્ય સાથે બહુ બંધાયેલો નથી પણ કપાળના કદ સાથે વધું બંધાયેલો છે.

પૈસાની બીજી મોટી મર્યાદા એ છે કે જીવન-આવશ્યક કોઈ પણ કાર્યમાં તે સાક્ષાત્ ઉપયોગમાં નથી આવતો. ભૂખ લાગે ત્યારે રૂપિયા કે

ડોલરની ખીચડી બનાવીને ખાઈ શકાતી નથી. સહારાના રણમાં પાણી વિના તરફડતા શ્રીમંતના પાઉચમાં પાંચ લાખ રૂપિયા હોય તો પણ એક ગ્લાસ પાણીની ગરજ તે સારી શકતા નથી. બંધ ઓરડીમાં હવા વિના ગૂંગળાતો માનવી પૈસા બાળીને તેના ગેસથી જીવન ટકાવી શકતો નથી. પગમાં ગૂમડૂં થાય ત્યારે પૈસા ઘસીને તેનો લેપ કરી શકાતો નથી. ટાઈફોઈડના તાવમાં કલોરોમાઈસેટીનની કેપ્સ્યુલને બદલે પાવલી કે આઠઆનીના સિક્કા ગળી શકાતા નથી. પાંચસો રૂપિયાની નોટોના પેંટ શર્ટ સીવડાવી શકાતા નથી. ઠંડી લાગે ત્યારે સો રૂપિયાની નોટોનાં ધાબળા બનાવીને ઓઢી શકાતા નથી. રૂપિયાની નોટ પર સવાર થઈને અમદાવાદથી મુંબઈ પહોંચી શકાતું નથી. પૈસો ગમે તેટલો સમર્થ હોય પણ તે પરંપરાએ ઉપયોગી છે, માધ્યમ રૂપે ઉપયોગી છે, પરચેસીંગ-પાવર તરીકે કામનો છે. પણ, જે સાધન કે સામગ્રી દ્વારા તે અનુગ્રહ કરી શકે છે તે ઉપલબ્ધ ન હોય કે સમર્થ ન હોય તો કરોડ રૂપિયાની બ્રીફકેસ પણ સહાયક બનવા લાચાર છે, પાંગળી છે.

પૈસા એ આજ સુધી ઘણાનો વિશ્વાસઘાત કર્યો છે. ગમે ત્યારે ગમે તેને તે દગો દઈ શકે છે. બજારમાં આકસ્મિક મોટી મંદી આવી જાય, ઈન્કમટેક્સ ઓફિસર અચાનક દરોડો પાડે, એકાએક ચોર-લૂંટારા ત્રાટકે, અણધારી કોઈ મોટી ઉપાધિ આવી પડે, સરકાર કોઈ આકરો કાયદો ઝીંકી દે, ભાગીદાર દગો દે, નોકર ઉચાપત કરો, દીકરો વ્યસનોના રવાડે ચડીને પૈસા વેડફીને બાવા બનાવી દે.... આવું કાંઈ પણ કોઈ પણ ઘડીએ બની શકે છે જેના દ્વારા પૈસા પર રાખેલા મોટા ભરોસાની ઈમારત કડડભૂસ થઈને તૂટી પડે છે.

અસાધ્ય વ્યાધિથી કાયા ઘેરાઈ જાય ત્યારે લાખો-કરોડોના કૂકાઓ પણ કાયાની અસહ્ય વેદનાને જરાય ઓછી કરી શકતા નથી. જે કરોડોની સંપત્તિ પર માનવી મુસ્તાક હતો તે રૂપિયા તેની આંશિક પીડા પણ ઓછી

ન કરી શકે ત્યારે માનવીની હતાશા આકાશને આંબી જાય છે. છોકરા કે છોકરીએ કરેલા લફરાથી સમાજમાં થયેલી અપકીર્તિનો મેલ રૂપિયાથી ધોવાતો નથી. મન કોઈ કૌટુંબિક કે સામાજિક ચિંતાઓથી ઘેરાયેલું હોય ત્યારે તેને ચિંતામુક્ત કરીને સ્વસ્થ કરવાની તાકાત રિઝર્વ બેંકે છાપેલા કાગળના ટુકડાઓમાં નથી. સ્વજનોનું મૃત્યુ થાય ત્યારે ભરેલા ભંડારો ગયેલા સ્વજનને પાછો લાવી શકતા નથી. યમરાજ પોતાનાં જીવનનાં આંગણે આવીને ઊભો રહે ત્યારે પાંચ કરોડની F.D.R. કે બે કરોડનાં શેર સર્ટીફિકેટ બતાવવાથી તે ગભરાઈને ભાગી જતો નથી. બેન્કની પાસબુકમાં કરોડોના આંકડા બોલતા હોય તેની જરાય શરમ તેને નડતી નથી. ઈન્કમટેક્સ ઓફિસરની જેમ ચિત્રગુપ્તના ટેબલ ઉપર પેપરવેઈટ મુકી શકાતું નથી. યમના દૂતને સરકારના ભ્રષ્ટાચારનો ચેપ લાગ્યો નથી, લાગતો નથી. કાળપુરુષ ક્ષણ બે ક્ષણમાં હતું-ન હતું કરી નાંખે છે. ૬૦, ૭૦, કે ૮૦ વર્ષનાં જીવન દરમ્યાન અનેકવિધ સારા - નરસા ઉપાયોથી એકઠા કરેલા નોટોના ખડકલા, બાંધેલી મહેલાતો, પોષેલો પરિવાર, સ્થાપેલા ધંધા અને ઉદ્યોગો વગેરે બધા સાથેનો સંબંધ મૃત્યુ ક્ષણમાં કાપી નાંખે છે. જે સંપત્તિને માલિકે પેદા કરી છે તે માલિક રવાના થાય ત્યારે તે સંપત્તિ તેને જરા પણ અટકાવી ન શકે તે સંપત્તિની કેટલી મોટી મર્યાદા છે ! માણસની ઠાઠડી ઘરની બહાર નીકળે ત્યારે તે સંપત્તિ તેને વળાવવા તિજોરીની બહાર પણ નીકળતી નથી. મૃત માલિક ખાતર નોટોના બંડલ એક આંસુનું ટીપું પણ પાડતા નથી.

અમેરિકામાં જઈને કોઈ ભારતીય લાખો ડોલર કમાય તો પણ રૂપિયાની કરન્સીમાં ટ્રાન્સફર કરીને તે સંપત્તિને ભારતમાં લાવી શકે છે. પૈસાની મોટી મર્યાદા છે કે તે પરદેશમાં સાથે લઈ જઈ શકાય છે, પરલોકમાં નથી લઈ જઈ શકાતી. પરલોકમાં જ્યાં જવાનું હોય ત્યાં નાણાં ટ્રાન્સફર કરી આપે તેવી એક પણ બેન્ક હજુ આ ધરતી પર સ્થપાઈ નથી, પરલોકની

મુસાફરીમાં કામ લાગે તેવા ટ્રાવેલર્સ ચેક કોઈ બેન્ક આપતી નથી. વીમા પોલિસીની રકમ પરલોકમાં પહોંચતી કરવાની કોઈ જોગવાઈ જીવન વીમા નિગમે કરી નથી, છતાંય માનવી જિંદગીના છેડા સુધી સંપત્તિની પાછળ આંખ મીંચીને દોડધામ શા ખાતર કરે છે તે જ સમજાતું નથી.

એક સંતના દર્શન માટે એક શ્રીમંત પહેલી વાર આવ્યો. તે ખૂબ ઉતાવળમાં હતો. દર્શન કર્યા ન કર્યા ત્યાં તો તે જવા લાગ્યો. સંતે તેને કહ્યું "શ્રીમાન્! પહેલી વાર આશ્રમમાં આવ્યા છો તો ઉપદેશ નથી સાંભળવો ? આટલી ઉતાવળ શાની છે ?" "ના, મને હમણાં સમય નથી. હું ઘણી દોડધામમાં છું. અનેક મુલાકાતો મારી ગોઠવાયેલી છે. મારે ૧૦૦ કરોડના માલિક બનવાની મહત્ત્વકાંક્ષા છે. ૫૬ કરોડ તો થઈ ગયા છે, બાકીના ૪૪ કરોડ જલદી ભેગા કરી લેવા છે, માટે મને હવે જલદી જવા દો. મારે ઘણું કામ છે." સંત જ્ઞાની હતા. તેના ચહેરાની રેખાઓ જોઈને કાંઈક પામી ગયા. તેથી શ્રીમંતને કહ્યું "ભલે, જવું હોય તો જાઓ. પણ, એક કડવું સત્ય સાંભળતા જાઓ. તમારી ચહેરાની રેખાઓ જોઈને મને જ્ઞાન થયું છે આજથી સાતમા દિવસે તમારું મૃત્યુ છે."

મૃત્યુનું નામ સાંભળતા જ તે શ્રીમંતના મોતીયા મરી ગયા. તે અત્યંત અસ્વસ્થ બની ગયો. તેને બોલવાની હામ ન રહી. હતાશ થઈને ઘેર પહોંચ્યો, પહોંચતા જ પથારીમાં પડ્યો. પથારીમાં પડ્યા પડ્યા શેષ દિવસો અત્યંત ચિંતામાં પસાર કર્યા. છટ્ઠા દિવસે પેલા સંત તેના ઘરે આવ્યા. તેની પથારી પાસે જઈને બેઠા. તે શ્રીમંતના હાથમાં એક કાતર આપીને કહ્યું "શ્રીમાન્, મારું એક કામ કરશો ? તમે કાલે સ્વર્ગે જવાના છો ત્યાં મારું આ સંપેતરું પહોંચાડશો ?"

"અરે, મહારાજ, તમારું કાંઈ ઠેકાણે છે નહિ ? મરવો પડ્યો છું ત્યારે મારી મશ્કરી કરો છો ? આ તમારી કાતર સ્વર્ગમાં લઈ જવાની શું શક્ય છે? કેવી રીતે લઈ જવાતી હશે ?"

"કેમ, તેમાં શું વાંધો છે ? તમારી ૫૬ કરોડની ગાંસડી બાંધો તેની સાથે આ કાતર પણ ભેગી બાંધી દેજો ને !"

સંતનો પ્રયોગ સફળ થયો. જીવનના અંતિમ દિવસે તે શ્રીમંતને સમ્યગ્જ્ઞાન થયું. અર્થ પાછળ જિંદગી વેડફી નાંખ્યા બદલ તેનું હૃદય રડી ઊઠ્યું. તેની જિંદગીભરની દોડધામ નિરર્થક હતી તે તત્ત્વ તેને છેલ્લી ઘડીઓમાં લાધ્યું. જીવન નિષ્ફળ ગયું પણ મરણ સફળ રહ્યું.

જીવનની સમી સાંજે પણ આ સમજણની ઉપલબ્ધિ થવી દુઃશક્ય છે. ધનનાં ભૂતનો વળગાડ કોને નથી લાગ્યો ? છેલ્લાં ડચકાં ચાલતા હોય ત્યારે પણ ઘણાનું ચિત્ત બે નંબરના ચોપડામાં રમતું હોય છે. મરણ પથારીએ પડેલા કેટલાક બેભાન અવસ્થામાં લવારા કરતા હોય છે તેમાં પણ ઈન્વેસ્ટમેન્ટ, ઈન્સ્ટોલમેન્ટ અને ઈન્ટરેસ્ટનો જ બકવાસ કરતા હોય છે. મોતને અને માંદગીને બગાડી નાંખવાની બાબતમાં પૈસાની મોટી મોનોપોલી છે.

પૈસાની મોટી દુષ્ટતા એ છે કે તે કોઈ માણસને સજ્જન નથી બનવા દેતા; સજ્જન નથી રહેવા દેતા. પૈસા સ્વાર્થને પુષ્ટ કરે છે, હૃદયને નિષ્ઠુર કરે છે, વિલાસના મનોરથ પેદા કરે છે, દ્વેષ અને દુર્ભાવોથી હૃદયને ખરડે છે, અનીતિ અને માયા-પ્રપંચની બુદ્ધિ કરાવે છે, મનને મેલું કરે છે, તણાવ અને ડિપ્રેશન લાવે છે, દગા અને વિશ્વાસઘાત કરાવે છે, પુણ્ય-પાપ, પરલોક, પરમલોક અને પરમાત્માને ભૂલાવે છે. મિત્રો ઘટાડે છે, દુશ્મનો વધારે છે. સદ્‌ભાવ અને શુભધ્યાન માટે પ્રતિબંધક બને છે.

દુનિયાના કોઈ પણ પાપવિલાસ પૈસા વગર થઈ શકતા નથી. શ્રીમંતોનાં જીવન મોટા ભાગે રંગરાગ અને વિષય વિલાસથી ખૂબ ખરડાયેલાં છે. જેની પાસે લખલૂટ સંપત્તિ નથી તેવા માણસો ઘણાં પાપોથી બચેલાં દેખાય છે. વિલાસની સામગ્રી પૈસા વિના આવતી નથી, મળતી નથી.

સર્વ વાતનો સાર એ જ છે-પૈસા ઉપરનો માનવીનો મોટો ભરોસો

નકામો છે. પૈસાને સર્વસ્વ માનવા, પૈસાને સર્વસમર્થ માનવા, પૈસાને જીવનનો ધ્યેય માનવો, પૈસાને જીવનનું કેન્દ્રબિન્દુ બનાવવું, પૈસાને સદાનું શરણ ગણવું....તે માનવીની હિમાલય જેવડી મોટી ભૂલ છે. પૈસો એ જીવન જીવવાનું સાધન હોઈ શકે, ધ્યેય નહિ. કામે ચલાઉ ઉપયોગી બની શકે, અંતિમ શરણ નહિ. પૈસાવાળો માનવી નિર્ધન નથી, સાથે નિર્ભય નથી તે વાતની નોંધ લેવી જ જોઈએ. સંપત્તિમાન પણ રોગ, ઘડપણ, મોત, ચિંતાઓ, ઉપાધિઓ વગેરે અનેક ભયોથી ઘેરાયેલો હોય છે. શ્રીમંતોને શાંતિ અને સ્વસ્થતાના પરવાના આપી દે તેવી કોઈ સંસ્થા કે નિગમ સ્થપાયા નથી. પૈસા પ્રત્યેનો પ્રેમ કદાચ ન તૂટે પણ તેના પ્રત્યેની જબ્બર શ્રદ્ધા દિલમાં બેઠી છે તે તો તૂટવી જ જોઈએ. ધનનો લોભ જલદી ન ઓગળે તે બની શકે પણ ધનનું મહત્ત્વ તો મનમાંથી ઓગળવું જ જોઈએ. ધન પાછળ જીવન વેડફી નાખવાની ભૂલ કરી નાંખી હોય પણ ધન એ જ સર્વસ્વ છે તે ભ્રાન્તિ તો કાઢી જ નાંખવી જોઈએ. લખલૂટ સાહ્યબીનો માલિક પણ આખરે શરણહીન છે, નિરાશ્રિત છે, નિરાધાર છે. મારી પાસે સંપત્તિ છે માટે હું રાજા છું, મારે કોઈની પરવા નથી, હું ધારું તે કરી શકું. આવી ભ્રમણાના પડદા ચીરાય તો મોટા વૈભવપતિને પણ પોતાની જાત એક અનાથ બાળક જેવી લાગે. આખું વિશ્વ એક અનાથાશ્રમ છે. વિશ્વના સહુ જીવો અનાથ છે. આખું વિશ્વ નિરાશ્રિતોનો એક વિશાળ કેમ્પ છે. આપણે સહુ તેમાં નિરાશ્રિત છીએ.

## ✽ એગોહં નત્થિ કે કોઈ

પૈસા જેવું જ માનવીનું બીજું એક મોટું આસ્થાકેન્દ્ર એટલે પરિવાર. માનવી એકલતાનો ભીરુ છે. તેથી પરિવારમાં રહે છે. જે ૫૦૦ કે ૧૦૦૦ સ્કવેર ફીટના ફલેટમાં રહેતી મહિલાની કુક્ષિએ તેનો જન્મ થયો તે ફલેટમાં રહેનારા બધા મામકા અને બાકીના બધા પારકા ! જન્મ થતાની સાથે આવી એક પોતાના અને પારકા વચ્ચેની ભેદરેખા નક્કી થાય છે. પછી, જે પોતાના છે તેના પ્રત્યે મમતાનાં તાંતણાઓથી તે બંધાતો જાય છે. તેમનાં દુઃખમાં તે દુઃખી બને. તેમના સુખમાં પોતાનું સુખ માને છે. તે પરિવારને ખાતર કષ્ટમય ગદ્ધાવૈતરાં પણ કરે છે. પોતાના બાબલાને માથું દુઃખે ત્યારે બેચેન બને છે. બેબલીને કાંટો વાગે ત્યારે તે ઊંચો નીચો થઈ જાય છે. પત્નીને ટાઢીયો તાવ આવે ત્યારે તે કંપવા લાગે છે. પુત્ર બોર્ડ કે યુનિવર્સિટીમાં નંબર લાવે ત્યારે તેની છાતી ગજ ગજ ફુલે છે. પિતાજી સાથે પડોશીને અણબનાવ થાય ત્યારે તે પણ તે પડોશીને શત્રુ માને છે.

સ્વજનોનું સુખ તે પોતાનું સુખ.
સ્વજનોનું દુઃખ તે પોતાનું દુઃખ.
સ્વજનોના મિત્ર તે પોતાના મિત્ર.
સ્વજનોના શત્રુ તે પોતાના શત્રુ.
સ્વજનોનું સ્મિત તે પોતાનું સ્મિત.
સ્વજનોનાં આંસુ તે પોતાના આંસુ.

દીકરાને ખુશ રાખવા સરસ મજાનાં રમકડાં લાવી આપે. નવો સુંદર ડ્રેસ પહેરાવી દીકરીને ખુશ કરે. સાડી અને ઘરેણાં દ્વારા પત્નીને

ખુશ રાખે. પરિવારના હિત અને ઉત્કર્ષ માટે સતત પ્લાનિંગ કરતો રહે છે. દીકરાને ફેક્ટરીનું લાઈસન્સ અપાવી નવો ઉદ્યોગ ખોલી આપે છે. દીકરીનું જીવન સુખ-સાહ્યબીમય પસાર થાય તેવો મુરતિયો શોધી કાઢે છે. પરિવારના દરેક સભ્યના નામે બેંકમાં ખાતા ખોલાવે છે, શેર અને એસ્ટેટમાં ઈન્વેસ્ટમેન્ટ કરે છે,વીમાની પોલિસીઓ કઢાવે છે. પરિવારના વિકાસ અને ઉત્કર્ષની જાતજાતની યોજનાઓ ઘડે છે.

પરિવાર સાથેના ગાઢ મમત્વને કારણે પોતે એકલો નથી તેવો ભ્રમ સુદૃઢ રહે છે. કોઈ પણ મુશ્કેલી કે મુસીબત આવે તો પણ મારે ગભરાવવાની કોઈ જરૂર નથી કારણકે મારા સ્નેહીઓ અને સ્વજનો મારી પડખે જ ઊભેલાં છે. હું થાકી જઈશ તો મારા પગ દબાવશે. મને તાવ આવશે તો ઠંડા પાણીનાં પોતાં મૂકશે. મને ગરમી ચડશે તો ચંદનનો લેપ કરશે. મારી આંખો આંસુથી ભીની થશે તો તેઓ રૂમાલથી લૂછી નાંખશે. આવા વિશ્વાસ, આશા અને શ્રદ્ધાથી માનવીનું વહાણ ચાલે છે. સ્વજનમોહ તેના દિલમાં ગાઢ બનતો જાય છે.

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા શ્રી જ્ઞાનસાર પ્રકરણમાં મમતાને મોહના કુટિલ મંત્રપ્રયોગ તરીકે ઓળખાવે છે. આ મંત્રના પ્રયોગથી મોહરાજા જગતના જીવોને આંધળા બનાવે છે અને અંધ બનેલા જીવો હિત-અહિત દેખી શકતા નથી, ચિંતાઓમાં મુંઝાય છે અને દુઃખની ગર્તાઓમાં પટકાય છે. મમતા છે ત્યાં અકળામણ છે, મમતા છે ત્યાં રાગદ્વેષનાં તોફાન છે.

શાસ્ત્રોમાં લખ્યું છે કે - संक्लेशजननो रागः મોહ એ ચિત્તમાં સંકલેશ પેદા કરનારી ચીજ છે. ચિત્તને ખળભળાવી મૂકે તેનું નામ મોહ. ચિત્તને શાંત અને સ્થિર ન થવા દે તેનું નામ મોહ. શ્રી દશવૈકાલિકસૂત્રમાં સાધુને માટે શિખામણ લખી છે કે- गामे कुले वा नगरे व देसे, ममत्तभावं न कहिं पि कुज्जा। કોઈ પણ ગામ, પરિવાર, નગર કે મુલક પ્રત્યે મમત્વની બુદ્ધિ ન થઈ જાય તે માટે સાવધાની રાખવાની શ્રમણને શિખામણ છે. માટે જ સાધુ સદા વિચરે છે. સ્થાન પ્રત્યે પણ મમત્વ ન થઈ જાય તે

માટે એક સ્થાનમાં લાંબો સમય રહેતા નથી. કોઈ કારણથી રહેવું પડે તો પણ નિર્લેપ અને સાવધાન બનીને રહે છે. તેથી જ કહેવાય છે કે સાધુ તો સુખીયા ભલા, દુઃખીયા નહિ લવલેશ. સાધુનાં સુખનું રહસ્ય એ જ છે કે તે મમત્વથી મુક્ત રહે છે. ફ્લેટ અને બંગલા નથી છતાં સાધુ સુખી છે. પત્ની અને પરિવાર નથી છતાં સાધુ સુખી છે. વૈભવ અને વિલાસ નથી છતાં સાધુ સુખી છે. ભૂખ અને તરસના કષ્ટ છે છતાં સાધુ દુઃખી નથી. ટાઢ અને તડકાના દુઃખો છે છતાં સાધુ દુઃખી નથી. દુઃખ રહિત અને સુખયુક્ત અવસ્થાનું રહસ્ય છે મમત્વછેદ. મમતા મૂકીને પરિવાર છોડ્યો. ધન અને વૈભવની મમતા ત્યાગી. બાગ અને બંગલા પ્રત્યેની મૂર્છા છોડી, સંયમી બનીને કાયાની પણ મમતા ઓગાળવા સદા પ્રયત્નશીલ છે. માટે જ શરીર રોગોથી ઘેરાય છતાં તે હસે છે. કાળઝાળ ગરમી કે કડકડતી ઠંડીને પણ પ્રસન્નતાથી સહે છે. પ્રતિકૂળતાઓને તે ખૂબ પ્રેમ કરે છે. મમતા એ દુઃખનું કારણ છે, સાધુ મમતામુક્ત બને છે માટે સુખી છે.

ધંધામાં મોટી થાપ ખાઈ જવાથી કોઈની હાલત કફોડી થઈ જાય અને વિલેપાર્લાનો ૨ કરોડ રૂપિયાનો ફ્લેટ વેચીને ડોંબીવલીની ચાલીમાં રહેવા જવું પડે તે વખતે પોતાના આલીશાન ફ્લેટમાંથી નીકળતી વખતે ફ્લેટનો ઊંબરો તેને ડુંગર જેવો લાગે છે, હૈયું ભારે થઈ જાય છે અને આંખમાંથી આંસુ ટપકે છે અને મુનિ કદાચ ૫ કરોડના કોઈના મહેલ, ઉપાશ્રય કે આશ્રમમાં થોડા દિવસો કે મહિનાનું રોકાણ કરીને ત્યાંથી નીકળે અને બીજે દિવસે કોઈ ઝૂંપડીમાં રહેવું પડે તો પણ તેને હરખ-શોક નથી. ગૃહસ્થ ફ્લેટ સાથે મમત્વના તાંતણાઓથી બંધાયેલો છે માટે ફ્લેટ છોડવો પડે ત્યારે જીવ રીબાય છે. મુનિ નિર્મોહી છે માટે સદા ખુમારી છે. પોતાનું માનેલું છૂટે ત્યારે પીડા ઉદ્ભવે છે. છૂટવું-ન છૂટવું માનવીના હાથની વાત નથી. તેથી, પોતાનું કાંઈ ન માનવું તે જ પીડામુક્ત રહેવા માટે નો સાચો ઉપાય છે.

જ્યાં મમત્વ છે ત્યાં પીડા છે. વધુ મમત્વ જેના પ્રત્યે છે તેના

વિયોગમાં વધુ દુઃખ થાય છે. જેના પ્રત્યે ઓછું મમત્વ છે તેના વિયોગમાં ઓછું દુઃખ થાય છે. જાપાનના કોબે શહેરના ભૂકંપમાં ૨૫ હજાર માનવી મૃત્યુ પામ્યાના સમાચાર છાપામાં વાંચતી વખતે હૃદય સંવેદનશીલ હોય તેને આઘાતનો આંચકો જરૂર લાગે છે પણ તે 'આંચકો ક્ષણજીવી હોય છે. પણ લાતુર જિલ્લાના ધરતીકંપમાં ૧૦ હજાર વ્યક્તિના મૃત્યુ થયાના સમાચાર જાણે ત્યારે તે વધુ બેચેન બને છે. જાનહાનિ ઓછી છે છતાં બેચેની વધુ છે. સાંતાક્રુઝમાં રહેનારા તેજ ગૃહસ્થ મુંબઈની પરાની ટ્રેનના અકસ્માતમાં ૮૦ માણસ મરી ગયાના સમાચાર સાંભળે ત્યારે વધારે ઘેરો આઘાત અનુભવે છે. અને, સાંતાક્રુઝનું એક જૂનું મકાન પડી જતા પાંચ માણસ દટાઈ ગયાના સમાચાર સાંભળે ત્યારે તેથી પણ વધુ દુઃખ અનુભવે છે. તેની બાજુમાં જ રહેનારા પડોશીનો ૨૫ વર્ષનો જુવાન જોધ દીકરો ટ્રક અકસ્માતમાં મૃત્યુ પામે તો તેને વધુ આકરો આઘાત લાગે છે. અને પોતાનો પુત્ર દાદરા ઉતરતા લપસી જાય, પગ ભાંગે, ફ્રેકચર થાય અને ૪ મહિનાનો ખાટલો થાય ત્યારે ઘણો આઘાત લાગે છે. બતાવેલી ઘટનાઓમાં ક્રમશઃ નુકશાન ઓછું છે છતાં દુઃખની માત્રા વધતી જાય છે, કારણ કે મમત્વની માત્રા વધતી જાય છે.

એક સજ્જનને બે પુત્રો હતા. તેમાંથી એક ને કેન્સરની ગાંઠ થઈ. બધા ઉપચારો નિષ્ફળ નીવડ્યા. ડોકટરોએ હાથ ધોઈ નાંખ્યાં. હવે તો થોડા દિવસોનો મહેમાન છે. જેટલા દિવસો જીવે તે ખરું. લાંબુ જીવવાની કોઈ આશા નથી. એકવાર તે સજ્જન ઓફિસમાં હતા ત્યારે પુત્ર મૃત્યુ પામ્યાના ફોનથી સમાચાર મળતાં દોડતા ઘરે પહોંચ્યા. ઘરે પહોંચીને જોયું તો કેન્સરવાળો પુત્ર તો તેની પથારીમાં બેઠેલો જ હતો. પણ બીજો સાજો-સારો પુત્ર અચાનક મેટાડોરની હડફેટમાં આવી જવાથી તત્કાળ મૃત્યુ પામ્યો હતો. આ જાણતા જ તે સજ્જન ઢગલો થઈને પડ્યા, મૂર્છિત બન્યા, આઘાત અસહ્ય બની ગયો. બન્ને પુત્ર તેમને મન સમાન છે, કોઈના પ્રત્યે પક્ષપાત નથી. છતાં કેન્સરવાળા પુત્રના મૃત્યુની કલ્પનાથી જે આઘાત લાગ્યો હતો તેના કરતાં બીજા પુત્રના મૃત્યુના સમાચારથી વધુ ભારે આઘાત

લાગ્યો. કારણ ઘણું સ્પષ્ટ છે. કેન્સરવાળો પુત્ર હવે થોડા દિવસનો જ મહેમાન છે, ટૂંક સમયમાં મૃત્યુ પામવાનો જ છે તે વાતથી મનને તૈયાર કરી દીધું હતું, કેળવી લીધું હતું અને તે દ્વારા તે પુત્ર પ્રત્યેના મોહને થોડો મોળો પાડી દીધો હતો. પણ, બીજા સાજા-સારા પુત્ર પ્રત્યેનો મોહ તો પૂરેપૂરો અકબંધ હતો, તેના પરનો મોહ તો જરા સરખો પણ મોળો પડ્યો ન હતો. પુત્રનાં મૃત્યુથી તે મમત્વભાવ પર અણધાર્યું જીવલેણ આક્રમણ થયું તેથી હૃદય ધ્રૂજી ઊઠ્યું.

પુત્ર પ્રત્યે મોહ છે તો પુત્રનો વિયોગ દુઃખી કરશે.

પત્ની પ્રત્યે મોહ છે તો પત્નીનો વિરહ દુઃખી કરશે.

સંપત્તિ પ્રત્યે મોહ છે તો સંપત્તિની વિદાય આકરી લાગશે.

નરસિંહ મહેતા પત્નીનાં મૃત્યુના અવસરે પણ આનંદથી ભજનિયા ગાઈ શકે છે કારણ કે મમતાનાં બંધનો પહેલેથી જ શિથિલ કરી નાંખ્યા છે.

સ્કૂટર અકસ્માતમાં યુવાન પુત્ર અચાનક આ દુનિયામાંથી વિદાય લઈ શકે છે. અચાનક મેનેન્ઝાઈટીસ થઈ જતા ૫ વર્ષની વહાલી દીકરી ભગવાનને પ્યારી થઈ જાય તે બની શકે છે. પેરાલિસિસના સિવિયર એટેકથી પત્ની પરાધીન અવસ્થામાં ૬ મહિના રીબાઈને દુનિયામાંથી વિદાય લઈ શકે છે. બજારમાં અચાનક ભારે મંદી આવી જતા લાખો રૂપિયા ડૂબી શકે છે. આવી શિખામણો અને સમજણોથી મનને માયાના અને મમતાનાં બંધનમાં બંધાતું રોકવું જોઈએ, બાંધેલી મમતાને ઓગાળવી જોઈએ. આવી સમજણ જ વિયોગના અવસરે મનને સ્વસ્થ રાખી શકે.

સુમતિ નામની શ્રાવિકાએ અનિત્ય ભાવના આદિની વિચારણાઓથી મનને ખૂબ ભાવિત કરેલું હતું. પાળેલો ધર્મ પચ્યો છે કે નહિ તેની પરીક્ષા જીવનના કેટલાક અવસરોમાં થઈ જતી હોય છે. બીજા મિત્રોની સાથે તળાવમાં સ્નાન કરવા ગયેલા પોતાના દેવકુમાર જેવા બે પુત્રો પાણીમાં ડૂબી ગયા અને તેમની ફૂલી ગયેલી વિકૃત લાશો ઘરમાં આવી. આંખની કીકી જેવા બે પુત્રોને આકસ્મિક મૃત્યુ પામેલા જોઈને ક્ષણભર તો બેબાકળી

બની ગઈ.... પણ, તરત જ સ્વસ્થ બનીને કુદરતની ઈચ્છાને સહર્ષ સ્વીકારી લીધી. પોતે તો પુત્રોના મૃત્યુની ઘટનાને સ્વસ્થતાથી સ્વીકારી શકી પણ પુત્રના પિતા આવી સ્વસ્થતા કેવી રીતે રાખી શકશે ? બહાર ગયેલા પતિ ઘરમાં આવે ત્યારે બે લાશ જોઈને હેબતાઈ ન જાય તે માટે તેમને કેવી રીતે સાંત્વન આપવું તે તેણે મનમાં વિચારી લીધું. ચાદર ઢાંકીને બે લાશ અંદરના ઓરડામાં મૂકી રાખી.

બહારથી પતિ આવ્યા ત્યારે તેણે કૃત્રિમ રીસ કરી. "આપણી પડોશણના ઘરેણાં ૪ દિવસ પહેલાં હું પહેરવા લાવી હતી, તે આજે પાછી માંગવા આવી. મેં ના પાડી દીધી તો તેણે મારી સાથે ઝગડો કર્યો અને છેવટે મારી પાસેથી તે ઘરેણાં ઝૂંટવીને જ ગઈ." તે કૃત્રિમ રોષ લાવીને બોલી રહી હતી.

તેનો પતિ બોલ્યો : "તું પણ ગાંડી છે. તે પડોશણના ઘરેણાં હતા, તે તો લઈ જ જાયને ? આપણાથી કેવી રીતે રખાય ?"

"તમે પણ એનો જ પક્ષ લો છો ? ઘરેણાં પાછા શાના આપવાના? તે શેની લઈ જાય ? તે તેનાં મનમાં સમજે છે શું ?"

"અરે, ગાંડી, તું સમજતી કેમ નથી ? તેણે આપ્યા હતા અને તે લઈ જાય તેમાં આટલો ઉચાટ શું કરવાનો ?"

હવે સુમતિએ દાવ ખેલ્યો : "સ્વામીનાથ ! તમારી વાત સાવ સાચી છે. જેણે આપ્યું તે પાછું લઈ જાય તેમાં શું શોક કરવાનો ? આંખની કીકી જેવા બે બાલુડા કુદરતે આપણને આપેલા અને આજે તે બન્નેને કુદરતે પાછા લઈ લીધા છે. કુદરતને ગમ્યું તે ખરું. તેમાં શોક નહિ કરોને?"

સુમતિએ પતિને અંદરના ઓરડામાં લઈ જઈને મડદાં ઉપરની ચાદર ખેંચી. ફૂગી ગયેલાં બે મડદાં જોઈને તેના પતિ જરાવાર તો અવાક્ થઈ ગયા. પણ પત્નીની શિખામણથી મનને એકદમ સ્વસ્થ કરી દીધું. કુદરતે થોડા સમય માટે આપેલી ઉછીની ચીજ ગણીને પુત્રોની વિદાયને પ્રસન્નતાપૂર્વક સ્વીકારવા જેટલું મનને મક્કમ કરી દીધું.

બબ્બે પુત્રોના આકસ્મિક મૃત્યુની ઘટનામાં પણ મનને સ્વસ્થ

રાખવાની કળા આવા વિરલ દંપતી જ કેળવી શકે. આ કળા કેળવવાનો ઉપાય છે–મમતા ઓગાળો. સંયોગો અને સામગ્રીની ક્ષણિકતા અને વિનાશિતતાનો વિચાર મમતાને મારવા ઘણો ઉપયોગી છે. ટ્રેનની દસ કલાકની મુસાફરીમાં બાજુમાં બેઠેલા પેસેન્જરો સાથે ઓળખાણ અને વાતચીત થાય છે. પણ, તે મુસાફર દસ કલાકની દોસ્તી બાદ કોઈ સ્ટેશને ઊતરીને છૂટા પડે છે ત્યારે મનમાં કોઈ શોક કે ગ્લાનિ ઉદ્ભવતા નથી. કારણ કે, આ તો માત્ર થોડા કલાકના સહયાત્રી છે તે ખ્યાલ અને ખાત્રીના કારણે તેમનો પરિચય થાય છે પણ ગાઢ મમતા બંધાતી નથી. તે જ વિચારણા પુત્ર, પત્ની અને પરિવારના વિષયમાં પણ મુખ્ય કરાય તો મમતાના કોચલામાં બંધાવવાનું અટકે. ટ્રેનનો મુસાફર દસ કલાકનો સહયાત્રી છે તો પુત્ર, પત્ની આદિ ૨૦, ૫૦ કે ૬૦ વર્ષના સહયાત્રી છે. પ્રત્યેક સ્નેહી અને સ્વજનની જીવનયાત્રાના માત્ર સહયાત્રી મુસાફર તરીકેની ઓળખાણ કેળવવાથી દુઃખફલક મમતાના બંધનથી ઉગરી શકાય છે. ફાઈવસ્ટાર હોટલમાં કે આલીશાન ધર્મશાળામાં બે દિવસ રોકાય કે બાર દિવસ રોકાય, કોઈને ગાઢ મમતા તેના પ્રત્યે નથી. તેથી, જે હોટલમાં પોતે કોઈ વાર ઊતરેલો તે બોમ્બ બ્લાસ્ટમાં ધરાશાયી થયાના સમાચાર સાંભળવા મળે તો પણ કોઈને ભારે આઘાતના સંક્લેશ થતા નથી. પોતાના ૨૫ લાખના ફ્લેટને પણ એક ધર્મશાળા કે હોટલનો રૂમ માનીને તેમાં રહેવામાં આવે તો ફ્લેટ પ્રત્યે મમતા ક્યાંથી થાય ?

સ્વજનને સહયાત્રી માનો.

મકાનને મુસાફરખાનું માનો.

સંપત્તિને પરાઈ થાપણ માનો.

શરીરને ભાડાનું ઘર માનો.

કુટુંબને પંખીડાનો માળો માનો.

મમતામુક્ત બનવા આવું એક સમજણનું મંદિર બનાવી તેમાં મનને વસાવવું પડશે.

કિંપાકના ફળની સુવાસ અત્યંત મનોહર હોય છે, તેનો વર્ણ પણ

નયનરમ્ય હોય છે અને ચીરિયા પાડીને જીભે અડાડો તો સ્વાદ પણ મધુર હોય છે. પણ, તાળવે પહોંચતાની સાથે રામ રમાડી દે તેવું તે કાતિલ વિષમય હોય છે. તેના બાહ્ય સોહામણા અને લલચામણા સ્વરૂપથી અંજાઈ જાય તે ખાવાની લાલચ રોકી ન શકે અને ખાવા જતા પ્રાણ ગુમાવી દે. પણ તેના બિહામણા સ્વરૂપનું જેને જ્ઞાન અને ભાન હોય તે મોટા અનર્થથી બચી જાય. જગતના સ્નેહસંબંધો બહારથી ખૂબ સુંદર લાગતા હોય તો પણ મોટે ભાગે સ્વાર્થના ગુમડાથી ગંધાઈ ઊઠેલા છે. કોઈની સાથે સ્નેહપૂર્ણ મમતા બાંધ્યા પછી જ્યારે તે સ્વાર્થનું ગુમડું વકરે છે અને ફૂટે ત્યારે તેની પીડા અસહ્ય હોય છે.

જે દીકરાની કારકિર્દી ઉજ્જવળ બને તે માટે બાપાએ માથે મોટું દેવું કર્યું કે પોતાનું મકાન વેચીને ભણાવ્યો-ગણાવ્યો તે દીકરો ભણી-ગણીને આત્મનિર્ભર બને ત્યારે મા-બાપને ઘરડાઘરમાં ધકેલી દે તેવું આ સંસારમાં નથી બનતું ? જે પોતાની પત્નીને ખાતર પ્રાણ પાથરી દેવા તૈયાર હતો તે જ પત્ની પરપુરુષમાં આસક્ત બની પતિનું કાસળ કઢાવી નાંખે તે આ દુનિયામાં જોવા નથી મળતું? જે મિત્ર પાસે પોતાના જીવનનો આખો એક્સ-રે ખુલ્લો કર્યો હતો તે મિત્ર બ્લેકમેઈલ કરે તેવી દગાબાજી આ જગતમાં અસંભવ છે? ભાઈ ભાઈની સામે કોર્ટે ચડે તે આ દુનિયાની સંભવિત ઘટના નથી ? સ્વજન-પરિજનો સાથે ગાઢ મમતા બાંધે છે તેને હૃદયમાં ઊંચી અપેક્ષા ઊભી થાય છે. સ્વાર્થવશ કોઈ સ્વજન દગો દે છે, વેગળા થાય છે, સામે પડે છે ત્યારે લોહીનાં આંસુ પડે છે, ખૂણે બેસીને રડવાનો વારો આવે છે. જગતનાં સ્નેહીઓ મોટે ભાગે સ્વાર્થના સગા છે. ઘરડાઘરો, ઘોડીયાઘરો, છૂટાછેડાનાં કિસ્સાઓ, કોર્ટમાં સગાં ભાઈઓ વચ્ચે ચાલતા ખટલાઓ, દહેજની સમસ્યાઓ, દરેકનાં પોત-પોતાના સ્વતંત્ર બેન્કનાં ખાતાંઓ વગેરે શું સૂચવે છે ?

સ્વજનોનાં સગપણ સ્વાર્થકેન્દ્રિત છે તે સમજાયું ત્યારે વાલીયો લૂંટફાટ છોડીને ઋષિ વાલ્મિકી બન્યો. મગધસમ્રાટ શ્રેણિકને પુત્ર કોણીકે કેદમાં પૂરીને હંટરોના માર માર્યા હતા. ચૂલણીરાણીને સ્વાર્થનું ગુમડું વકર્યું

ત્યારે પોતાના પતિ પ્રદેશીરાજાનું કાસળ કાઢી નાંખ્યું હતું. ઈતિહાસના પાને પાને સ્વાર્થની કાળી કથાઓ ગંધાઈ રહી છે. દુનિયાનો ખૂણે ખૂણો સ્વાર્થના ગંદા કાદવથી ખરડાયેલો છે. પ્રસંગે પ્રસંગે તેવા અનુભવો દરેકને થાય છે. આવા સ્વાર્થમિશ્રિત સંબંધોમાં મોહ અને મમતા શું કરવા ?

અત્યંત સ્નેહી પરિવાર પણ લાચાર બનીને વીંટળાયેલો ઊભો હશે અને તે બધાની હાજરીમાં જમડો આપણને ઉઠાવી જશે. કેન્સરની અસહ્ય વેદનામાં સેવા, સાંત્વન કે સારવાર કદાચ પરિજનો કરશે પણ તે વેદનામાં ભાગ પડાવવાનું કોઈથી શક્ય નથી. મૃત્યુ થશે ત્યારી વહાલી પત્ની આંગણેથી વળાવીને પાછી ફરશે અને સગો દીકરો બહુ બહુ તો સ્મશાન સુધી મૂકવા આવશે. એક વૈરાગ્યના પદ્યમાં કવિએ આ વાત બહુ સુંદર શબ્દોમાં મૂકી છે.

***વહાલાં તે વહાલાં શું કરો, વહાલાં વળાવીને વળશે;***
***વહાલાં તે વન કેરાં લાકડાં, એ તો સાથે રે બળશે.***

કોઈ સ્વજન ચિતામાં સાથે બળી મરવાના નથી, મરી ગયા પછી રાખને પણ અડવાના નથી. મોહને ઓગાળવા માટે જ્ઞાનીઓએ આવી જાત-જાતની વિચારણાઓ સુંદર પદ્યોમાં રજૂ કરી છે. શ્રી અધ્યાત્મકલ્પદ્રુમ નામના ગ્રન્થમાં પત્ની પ્રત્યેનું, સંતાનો પ્રત્યેનું, સ્વજનો પ્રત્યેનું અને શરીર કે ધન વગેરે પ્રત્યેનું મમત્વ કેવી રીતે ઓગાળી શકાય તે માટેની સુંદર વિચારણાઓ મૂકેલી છે.

સ્નેહી અને સ્વજનોની, મિત્રો અને પડોશીઓની, વહાલાઓની અને પોતાના માનેલાઓની બીજી એક મોટી મર્યાદા છે, કે આપણને સહાયક અને મદદરૂપ થવાના તેમનાં ગમે તેટલા તીવ્ર પ્રયત્નો હોય પણ આપણી ભાગ્યરેખા ટૂંકી હોય તો તે સહાયક બની શકતા નથી. પુણ્ય પરવારી ગયા પછી કોઈ પડખે ઊભું રહેતું નથી અને ઊભું રહે તો પણ તે ખરેખર સહાયક બની શકતા નથી. કોઈ અનુકૂળ બને તો પણ પ્રતિકૂળ પડે છે. આર્થિક મુશ્કેલીમાં કોઈ પૈસા ધીરે તો તે પણ બજારની મંદીમાં ડૂબતાં દેવું ઉલટું વધે છે. માંદગીમાં ડોકટર દવા કરે પણ ભાગ્ય પ્રતિકૂળ

હોય તો ઘણીવાર દવાથી રાહત થવાને બદલે તીવ્ર રિ-એક્શન આવે છે. શરદીની ગોળી વિપરીત પડતાં શરદી મટવાને બદલે ન્યુમોનિયા થાય તેવું નથી બનતું ? તાવ આવતા લીધેલું ઈન્જેક્શન પાકી જાય, રસી થાય, અત્યંત પીડા થાય. અને આખરે ચેકો મૂકાવવો પડે તેવા અનુભવ નથી થતાં ? ઉપાયો પણ અનુકૂળ પડવા ભાગ્ય જોઈએ. ઉપાય પણ અપાયરૂપ ન બને તે માટે પુણ્ય જોઈએ.

એક રાજા આર્થિક કટોકટીમાં આવી પડ્યો ત્યારે નગરના એક શ્રીમંત શ્રેષ્ઠીએ રાજાનાં ચરણોમાં પોતાની લાખો-કરોડો રૂપિયાની સંપત્તિ ન્યોછાવર કરીને રાજાને આફતમાંથી ઉગારી લીધો. રાજા ઉપર એક અસાધારણ કોટિનો ઉપકાર શેઠે કરી દીધો. તે વાતને વર્ષો વીતી ગયા. શેઠના દિવસો ફર્યા. એક વખતનાં તે વૈભવપતિ શેઠને બધી મિલકત વેચી દેવી પડી અને બે ટંક રોટલાનાં પણ ફાંફા થયા. આ કફોડી પરિસ્થિતિમાં પત્નીના અત્યંત આગ્રહને કારણે તે શેઠ મદદ માટે રાજા પાસે ગયા. રાજાને તેની પરિસ્થિતિનું વર્ણન સાંભળીને ખૂબ દયા આવી. તેમણે મદદ તરીકે શેઠને એક બકરી આપી. એક વખત પોતાની તમામ સંપત્તિ રાજાને સમર્પિત કરી દેનાર શેઠને આ સંયોગોમાં રાજા માત્ર એક બકરી આપીને વિદાય કરે છે તે જોઈને મંત્રીને ઘણું દુઃખ થયું પણ રાજા પાસે શું બોલી શકે? શેઠ બકરી લઈને ઘરે ગયા. બકરીનું દૂધ ઉપર થોડુંક ગુજરાન ચાલવા લાગ્યું. પણ, થોડા દિવસોમાં બકરી મરી ગઈ. લાચારીને કારણે શેઠ ફરી રાજા પાસે ગયા. રાજાએ તેમને એક ભેંસ આપીને વિદાય કર્યા. થોડા દિવસમાં ભેંસ પણ મરી ગઈ. શેઠને ફરી રાજા પાસે ખોળો પાથરવો પડ્યો. રાજાએ તેમને આ વખતે ઘોડી આપી. ઘોડી ઉપર લોકોનાં સામાનનાં ફેરાં કરીને શેઠ પોતાની રોજી રળવા લાગ્યા. થોડા વખત બાદ તે ઘોડીએ એક વછેરાનો જન્મ આપ્યો. હવે તો આજીવિકાનાં એકના બદલે બે સાધન મળ્યા. આવક વધવા લાગી. અને વિચક્ષણ વણિકબુદ્ધિ તો તેની પાસે હતી જ. ભેગી થયેલી મૂડીમાંથી તે વેપાર કરવા લાગ્યો અને કમાણી ખૂબ વધવા લાગી. થોડા મહિનાઓમાં તો મોટો શ્રીમંત વેપારી બની ગયો.

ઘણાં વખતથી શેઠ ફરી ડોકાયા કેમ નહિ ? તે વિચારથી રાજાએ શેઠને બોલાવીને પૂછ્યું. શેઠે જવાબ આપ્યો : "આપે આપેલી ઘોડીએ વછેરાને જન્મ આપવાથી મારે તો આવકનાં બે સાધન થઈ ગયા અને ઘણી કમાણી થઈ. તેમાંથી ધંધો કરતાં મારા દિવસો પાછા ફરી ગયા. હવે મને કોઈ તકલીફ નથી તેથી મદદની કોઈ જરૂર નથી. માટે આપની પાસે ફરી હું ન આવ્યો."

આ વાત સાંભળીને તરત પોતાના ખજાનચીને બોલાવીને કહ્યું "આ શેઠને એક કરોડ સોનામહોરો ગણી આપો." આ સાંભળીને શેઠ અત્યંત આશ્ચર્યથી રાજાની સામે જોઈ રહ્યા. રાજાએ તેમના આશ્ચર્યને દૂર કરતાં કહ્યું "તમે મોટી આફતમાં મને સહાય કરી હતી તે ઋણમાંથી મુક્ત થવાનો મારે અવસર આવ્યો છે. પહેલી વાર તમે આવ્યા ત્યારે જ આ કરોડ સોનામહોર તમને મારે આપવી હતી. પણ, હું તમારા ભાગ્યની કસોટી કરવા માંગતો હતો. મેં તમને બકરી આપી અને તે મરી ગઈ.ભેંસ પણ મરી ગઈ. તે દિવસોમાં જો મેં તમને કરોડ સોનામહોર આપી હોત તો તે પણ તમારી પાસે ટકત નહીં. પણ હવે ઘોડીમાંથી એક વછેરું મળ્યું અને આવક વધવા લાગી છે ત્યારે હું તમને કરોડ સોનામહોર આપું છું, તે અનેક ગણી વૃદ્ધિ પામશે. મને તમારા મહાન ઋણમાંથી કાંઈક મુક્ત થવાનો લાભ મળી રહ્યો છે. તમે સંકોચ ન રાખશો, તમારે આ ધન લેવાનું જ છે."

રાજાના જવાબમાં તેમના ચાતુર્યનું પ્રતિબિંબ છે. જે વખતે ભાગ્ય ફૂટેલું છે ત્યારે કરોડ સોનામહોરની સહાય પણ શેઠના દેદાર ફેરવી ન શકત. કોઈની સહાય પણ અનુકૂળ ભાગ્યમાં જ હિતકારી થાય છે. જેના શરીરની મીઠાઈ–પકવાન્ન પચાવવાની તાકાત નથી તેવા નબળા વ્યક્તિને પહેલવાન બનાવવા ઘીથી લચપચતા ઘેબર ખવડાવવાનો આગ્રહ કોઈ સેવે તો શું કામનો ?

પુણ્ય ઘણી તકલાદી ચીજ છે, ગમે ત્યારે બટકી જઈ શકે છે. પુણ્ય બટકેલું હોય ત્યારે કોઈ સહાયક બનવા સમર્થ નથી. સુભૂમ ચક્રવર્તીની

પાલખી ઉપાડનારા ૧૬ હજાર યક્ષદેવોને એક સાથે વિચાર આવ્યો કે- બધા ઉપાડે છે તેમાં હું નહિ ઉપાડું તો શું ફરક પડવાનો છે ? અને, આ વિચારથી એક સાથે બધાએ પોતાનો ટેકો છોડ્યો ને વિશાળ સૈન્ય સહિત સુભૂમ ચક્રવર્તી દરિયાનાં પેટાળમાં દટાઈ મૂઓ.

આ જગતમાં કદાચ કોઈ આશ્રયદાતા, સહાયક કે ઉપકારક બની શકતા હોય તો તે પણ પુણ્ય પરવાર્યું નથી માટે. પુણ્ય પરવારી ગયા પછી આપણને આશરો આપવાની કોઈની તાકાત નથી.

ડોક્ટર પણ માંદા પડે છે, મૃત્યુ પામે છે. વકીલને પણ કાયદાની ગૂંચો ઊભી થાય છે. શ્રીમંતને પણ આર્થિક કટોકટીઓ આવે છે. હૂંફ આપનાર મિત્રને પણ હૂંફની જરૂર ઊભી થાય છે. દયા કરનાર પોતે જ દયાપાત્ર છે. આશ્રય આપનાર પોતે જ નિરાધાર છે. વિશ્વમાં કોઈ શરણભૂત બની શકે તેમ નથી કારણ કે તે બધા પોતે જ શરણહીન છે. સહુ દુઃખી છે, કોણ દુઃખ મટાડી શકે ? સહુ વ્યથિત છે, કોણ વ્યથામુક્ત કરી શકે ?

એક માનસચિકિત્સક પાસે એક દરદી આવ્યો. દરદી અત્યંત હતાશા અને નીરસતાથી પીડાતો હતો. તેની પૂરી તપાસ કર્યા પછી ડોકટરે તેને ઉપચાર બતાવતા કહ્યું "આપણાં આ શહેરના એક પ્રખ્યાત હાસ્યકલાકારનું હું નામ અને સરનામું તમને આપું છું. તમે તેમની સાથે આઠ દિવસ રહો, તમારો રોગ દૂર થઈ જશે. અત્યાર સુધી મેં ઘણાં દરદીને તેમની પાસે મોકલ્યા છે અને તે બધા સાજા થઈ ગયા છે. તમને પણ ચોક્કસ સારું થઈ જશે, ચિંતા ન કરશો." આટલું કહીને ડોકટરે તે હાસ્યકલાકારનું નામ-સરનામું આપ્યું. તરત જ પેલો દરદી હીબકા ભરી ભરીને રડવા લાગ્યો. ડોકટર તેને એકાએક રડતો જોઈને આભા બની ગયા. "અરે ભાઈ, તમે રડો છો શા માટે ?" "ડોકટર સાહેબ, અનેક દરદીઓને રોગમુક્ત કરનાર જે હાસ્યકલાકારનું તમે નામ આપ્યું તે કમનસીબ હાસ્યકલાકાર હું પોતે છું."

આ કરુણતા કોને નથી વરી ? સહુને છાંયડો આપનાર વડલો

પ્રચંડ વાયરાના એક ઝાપટામાં ધરાશાયી થઈ શકે છે. સહુને પાણી પાનારી નદી ક્યારેક સૂકી ભટ્ઠ પણ બની જાય છે. કોઈ આધાર કાયમી નથી. નિરાધારતાનો અભિશાપ જગતના દરેક વ્યક્તિ અને વસ્તુને વરેલો છે અને આ દગાબાજ સંસારમાં દગાની રમત કોણ ક્યારે રમે તે શું કહેવાય ? પ્રચંડ આશા સાથે ડોક્ટર પાસે જનારા દરદીની કિડની ઓપરેશન થિએટરમાં ચોરાઈ જાય તેવું નથી બનતું ? પોતાનો કેસ લડવા રોકેલા વકીલ વિરોધી પાર્ટી દ્વારા ફૂટી જાય અને કેસ મજબૂત હોવા છતાં હરાવી દે તે આ જગતમાં શક્ય નથી ? અત્યંત વિશ્વાસુ મિત્ર વિશ્વાસથી કરેલી ગુપ્ત વાતોનું બ્લેકમેઈલીંગ કરે તેવા અનુભવ ઘણાંને નથી થતા ? બાંદરાથી દાદર જવા વિશ્વાસથી જે ટેકસીમાં બેઠાં તે દાદર લઈ જવાને બદલે ધારાવીની ઝૂંપડપટ્ટીમાં લઈ જઈને લૂંટી લે તેવી ઘટનાઓ દુનિયામાં નથી બનતી? સ્વર્ગસ્થ પિતાજીના વિશ્વાસુ મિત્ર પાસે મૂકેલી થાપણ ઓળવાઈ જવાના પ્રસંગો દુનિયામાં દુર્લભ છે ? મકાન, ગામ કે નગરમાં આગ ઠારી શકાય, પણ દરિયામાં જ આગ લાગે ત્યારે પાણી કોની પાસે માંગવું ? આ વ્યથાનો અનુભવ દરેક સંસારીને વહેલો કે મોડો થાય છે. વાડ જ ચીભડા ગળે તેવા અનુભવો સંસારની સ્વાર્થમયતાનું અને પોતાની નિરાશ્રિતતાનું ભાન કરવાની સોનેરી તક પૂરી પાડે છે. પણ, તકોને વધાવતા આપણને આવડે છે જ ક્યાં ?

# ❊ સામગ્રીઓના ખડકલા પર અતૃપ્ત માનવી

જડનું વધતું જતું આકર્ષણ અને ચૈતન્યની વધતી જતી અવગણના એ કદાચ વર્તમાનયુગની સૌથી વધુ સાચી ઓળખાણ હોઈ શકે. સામગ્રીઓને દોહી-દોહીને સુખનું દુગ્ધપાન કરવા ઝંખતો માનવી એ વીસમી સદીની વાસ્તવિકતા છે. પોતાના ગામમાંથી અને ગામના સીમાડામાંથી જ પોતાના જીવનની તમામ આવશ્યકતાઓને ગઈ સદીનો માનવી પ્રાપ્ત કરી લેતો. ઔદ્યોગિક ક્રાન્તિનાં ગાણાં ગાતા માનવીએ યાંત્રિકીકરણ અને શહેરીકરણ દ્વારા હકીકતમાં ભારતનાં લાખો ગામડાઓમાં છવાયેલા વિરાટ ઔદ્યોગિક સામ્રાજ્યને તોડી નાંખ્યું છે. ધીરુભાઈ અંબાણી કે જે.આર.ડી. ટાટા જેવી મોટી હસ્તીઓને જ ઉદ્યોગપતિ કહેવા ટેવાયેલા આજના અબુધ માનવીએ બિચારાને ખબર પણ નથી કે, અમારા એક એક ગામડામાં અનેક ઉદ્યોગપતિઓ હતા. બાટા કે રીબોકની જોડાની કંપનીનો માલિક ઉદ્યોગપતિ તો ગામડાના તમામ પ્રજાજનોને જોડા સીવી આપનાર શીવો મોચી ઉદ્યોગપતિ નહિ ? મફતલાલ ગ્રુપ કે કેલીકોની મીલના માલિક જો ઉદ્યોગપતિ તો ગામડાનો મોહન વણકર ઉદ્યોગપતિ નહિ ? માટલા ઘડનારો મફો કુંભાર, ખેડૂતોનાં હળ, ગાડાં અને સાંતેડાં ઘડી આપનાર વિઠ્ઠલ સુથાર, કે પાવડા અને કોદાળીનાં લોખંડના પાનાં તૈયાર કરી આપનાર ત્રિભુવન લુહાર-આ બધા ઉદ્યોગપતિનો દરજ્જો ધરાવતા હતા. લાખો ગામડામાં વસતા લાખો ઉદ્યોગપતિઓના ઉદ્યોગ તોડીને ઉદ્યોગપતિ બનેલાં ગણ્યા ગાંઠ્યા ટાટાઓ અને બિરલાઓ હારતોરા અને બુકેથી સન્માનિત થાય છે ! પહેલા માનવીની બધી આવશ્યકતા ગામના સીમાડાઓમાંથી જ પૂરી થઈ જતી. નમક જેવી કોક ચીજ

બહારગામથી મંગાવવી પડતી. તે સિવાય તમામ સામગ્રી અને તમામ સેવાઓ પરસ્પરના વિનિમયથી ગ્રામ્યજનો મેળવી લેતા. ગામડા સ્વાધીન હતા. તેનું મુખ્ય કારણ લોકોની જરૂરિયાતો મર્યાદિત હતી. જીવન જીવવા માટેની આવશ્યક તમામ સામગ્રી પોતાનાં ગામની અઢાર વર્ણ પાસેથી જ પ્રાપ્ત થઈ જતી.

ઔદ્યોગિક ક્રાન્તિ અને ઉપભોક્તાવાદ વકર્યો છે. જરૂરિયાતોથી આગળ વધીને માનવી સગવડતાનો પ્રેમી બન્યો છે. વૈભવ-વિલાસની અઢળક સામગ્રીને તેણે જીવનની આવશ્યકતા માની લીધી છે. ઘરમાં ડીપફ્રીઝ કે વોશિંગમશીન ન હોય તો તે જાણે ત્રણ દિવસથી ભોજન ન મળ્યું હોય તેવી અકળામણ અનુભવે છે. L.C.D. ટી.વી. અને માર્બલનું ફ્લોરિંગ ન હોય તો તે અત્યંત ઉણપ અનુભવે છે. ભોગસામગ્રીઓમાં તે વિશેષણનો પ્રેમી બન્યો છે. આટો કેપ્ટનકૂકનો જોઈએ, પેન પાર્કરની જોઈએ, નોટ રજતની જોઈએ, નાસ્તો કેલોગનો જોઈએ, સૂટ રેમન્ડનો જોઈએ, ટૂથપેસ્ટ કોલગેટની જ જોઈએ, સાબુ લક્સનો જોઈએ, વોશિંગ પાવડર એરિયલનો જોઈએ, ટી.વી. સોનીનું જોઈએ, બૂટ બાટાના જોઈએ, બ્રીફકેસ વી.આઈ.પીની જ જોઈએ. મોબાઈલ બ્લેકબેરી કે એપલનો જ જોઈએ. આવી વિશેષણોની ઘેલછા તોફાને ચડી છે. પબ્લિસિટી એજન્સીઓએ માનવીની આ વિશેષણોની ઘેલછાને ખૂબ ભડકાવી છે. દેશ-દેશની ચીજો તેણે ઘરમાં ઘાલી છે. ચાઈનાના બામ વગર તેનો માથાનો દુઃખાવો ઉતરતો નથી અને જાપાનની પેન વગર તેને લખવાની મજા આવતી નથી, કાતર જર્મનીની જોઈએ છે, શેમ્પૂ ઈંગ્લેન્ડનું જ ફાવે છે અને બેડ-શીટ અમેરિકાની ગમે છે. પસંદગીનો વ્યાપ ખૂબ વધ્યો છે. પહેલાં ગામડામાં વાણિયાની એક-બે જ દુકાનો જોવા મળતી. તે દુકાનો નહિ પણ ડિપાર્ટમેન્ટલ સ્ટોર હતા. તે દુકાનમાં કેરોસીનથી માંડીને કાપડ સુધીની બધી સામગ્રી પ્રાપ્ત થતી. આજે તમારે જોઈતું બધાં જ પ્રકારનું કાપડ પણ એક દુકાન પરથી ન મળી શકે. સ્પેશ્યલાઈઝેશનનો વળગાડ દરેક ક્ષેત્રને લાગેલો છે. સાડી જે દુકાનમાંથી મળે ત્યાં બ્લાઉઝપીસ ન મળે. શૂટીંગ-શર્ટીંગના સ્ટોર જુદા

હોય અને હોઝીયરીના સ્ટોર અલગ હોય. રેડિમેઈડ કપડાંની દુકાને થી છૂટક એક મીટર કપડું મળી ન શકે. આ સ્પેશ્યલાઈઝેશન માનવીની વધતી જતી પસંદગીની પ્યાસના સૂચક છે.

સામગ્રીઓની આટલી બધી તૃષ્ણા અને જડનું ચેતન પરનું આટલું બધું વર્ચસ્વ પૂર્વે ક્યારેય ન હતું. વધતી જતી ભોગેચ્છા અને ભોગસામગ્રીઓની વધતી જતી તૃષ્ણાએ માણસને ખૂબ પરાધીન બનાવ્યો છે. સમયસર છાપું વાંચવા ન મળે તો તે બેચેન બને છે. પસંદગીની ચા ન મળે તો તે અકળાય છે. અમુક પ્રસંગે પહેરવા માટેની પસંદગીના કપડાની જોડ લોન્ડ્રીમાંથી સમયસર ન આવી હોય તો તેનો મૂડ આઉટ થઈ જાય છે, અનુકૂળ સામગ્રી મળતા હરખાય છે, નાપસંદ ચીજ આવી જતા તે મુંઝાય છે. જડ સામગ્રીઓ ચૈતન્યના સ્વામીને હરખ-શોખના અને રતિ અરતિના હીંચકા ઉપર નચાવ્યા કરે છે.

જેટલી સામગ્રી વધારે તેટલું સુખ વધારે. જેટલી સામગ્રી ઊંચી તેટલું સુખ ઊંચું. આ ભ્રામક ગણિત માનવીનાં મસ્તિષ્કમાં ફિટ થઈ જવાને કારણે તે અઢળક સામગ્રી વધવા છતાં નહિ મળેલી સામગ્રીઓની ઊણપથી પીડાય છે. અભાવની આરાધના એ માનવ-મસ્તિષ્કનું કલંક છે. મળેલાનો આનંદ અનુભવવાને બદલે નહિ મળેલી ચીજના અભાવને કારણે તે ખાલીપો અનુભવે છે. મનનું અભાવાત્મક વલણ અઢળક સુખ-સામગ્રીઓ વચ્ચે પણ નરકની યાતના પીરસે છે. ઘરમાં કલર ટી.વી. આવી ગયા પછી પણ L.C.D. નહિ આવ્યાની પીડા છે, તે પછી ફ્રીઝના અભાવની પીડા, બેડરૂમને એરકંડિશન્ડ નહિ બનાવી શક્યાની વેદના, મારુતિ કે સેન્ટ્રો કાર નહિ લાવ્યાની વ્યથા.....આવી તો હજારો અભાવની પીડા માનવીનાં હૈયાને કોરી ખાય છે.

આવી અભાવાત્મક અને નકારાત્મક વિચારધારાના પાયા ઉપર દુઃખોની મોટી ઈમારતો રચાઈ જાય છે. નકારાત્મક જીવનદષ્ટિ વિકાસયાત્રાને રુંધી નાંખે છે, હૃદયના ક્યારામાં ક્યારેય આનંદને ઊગવા દેતી નથી. દિવસનાં ૨૩ કલાકમાં સુખમય ઘટનાઓ બની પણ એક કલાકમાં કોઈ

દુ:ખદ ઘટના બને તો નકારાત્મક વલણ ધરાવતું મન તરત તેની અસરને તીવ્રતાથી ઝીલી લે છે. ૨૫ કરોડની ઈચ્છા પૂરી નહીં થયાની ગ્લાનિ મળેલા ૫ કરોડનાં સુખને માણવા નથી દેતી. ભાણામાં પીરસાયેલી દસ સારી વાનગીઓના આનંદને બગાડી નાંખવાની તાકાત નહીં પીરસાયેલી અથવા બરાબર નહીં બનેલી ચટાણીમાં છે.

એક મોટા અમલદારે પોતાના લગ્નસંવત્સરની ઉજવણી નિમિત્તે એક પાર્ટીનું આયોજન કર્યું હતું. પાર્ટી આનંદપૂર્વક ચાલી રહી હતી તેમાં એકાએક તે અમલદારની પત્નીનો મૂડ-આઉટ થઈ ગયો. ચાલી રહેલા ગીત-સંગીતના જલસામાં પણ તેને હવે ચેન ન પડવા લાગ્યું. આખી પાર્ટીનો બધો તેનો આનંદ જાણે છિનવાઈ ગયો. કારણ એ બન્યું કે તેની નજર ડાઈનિંગ ટેબલો પર ગોઠવેલા ટેબલક્લોથ, ડીશ અને નેપકિનો પર પડી. બે નેપકિનનું ટેબલક્લોથના રંગ સાથે મેચિંગ નહોતું, તેથી તે અપસેટ થઈ ગઈ હતી. ભોજનખંડની શોભા અદ્‌ભુત હતી, ડાઈનિંગ ટેબલ કલાત્મક હતું. ટેબલક્લોથ સુંદર હતા, વાસણોનો સેટ ચકચકિત હતો. ભોજન મનભાવન હતું, સહુ ખુશમિજાજમાં હતાં. તે બધાની ઉપેક્ષા કરીને મેચિંગ તોડતા બે નેપકિન ઉપર તે મેડમનું મન પરોવાયું અને આખી પાર્ટીની તેમની મજા બગડી ગઈ. આ એક અમલદાર પત્નીના જીવનની ઘટના એ મોટાભાગના લોકોની રોજબરોજ ઘટના છે. એક ચિંતકના શબ્દોમાં કહીએ તો મન એક કેમેરો છે. તેમાં લેન્સનું ફોકસ જો ''નથી''ની બાજુમાં હોય તો તે નરક અને ''છે'' ની બાજુમાં હોય તો સ્વર્ગ છે.

જન્મ-જરા-મરણના ચકરાવામાંથી સદા માટે મુક્ત થયેલા સિદ્ધ ભગવંતોનું સુખ અનંત અને શાશ્વત છે-આ વાત સહુ કોઈ શ્રદ્ધાથી જરૂર સ્વીકારી લે છે, પણ સામગ્રીજન્ય અને પ્રવૃત્તિજન્ય સુખથી ટેવાયેલા માનવીનાં મનમાં પ્રશ્ન સહજ ઊઠે છે કે મોક્ષમાં ખાવાનું નથી, પીવાનું નથી, બાગ અને બગીચા નથી, ઉજાણીઓ અને જલસા નથી, સિનેમા અને મનોરંજન નથી, ફ્લેટ અને બંગલા નથી તથા હરવા-ફરવાની કોઈ પ્રવૃત્તિ નથી છતાં ત્યાં સુખ કેવી રીતે હોઈ શકે ? ઉકરડાના ડુક્કરને

દૂધપાકના સ્વાદની કલ્પના ન આવે તેમ સામગ્રી વગર જ પ્રાપ્ત થતા નિરપેક્ષ સ્વયંભૂ સુખની કલ્પના આવવી મુશ્કેલ છે. અરે, મોક્ષના સુખની વાત તો જવા દો, પણ ''સામગ્રી વધુ તેમ સુખ વધુ''નાં સૂત્રમાં શ્રદ્ધા ધરાવનારો માનવી સંતોષનાં મહાન સુખની કલ્પના પણ કરી શકે તેમ નથી.

ચીજ–વસ્તુઓના ખડકલા ઉપરથી સુખની માત્રા નક્કી કરનારાઓની જમાત 'ઈર્ષ્યા'નાં રોગથી ગ્રસ્ત બને તે બહુ સ્વાભાવિક છે. પાંચ કરોડની સંપત્તિ પણ સુખ ત્યારે આપી શકે જો પડોશી અથવા કોઈ નજીકનો સગો સાત કરોડની સંપત્તિનો માલિક ન હોય તો. મારે ૨૦૦૦ સ્કવેર ફીટનો વિશાળ ફ્લેટ જોઈએ તેટલી જ ઈચ્છા હોત તો કામ પતી જાત પણ સાથે બીજાના ફ્લેટ તેનાથી ઘણા નાના જોઈએ, તે ઈચ્છા પણ સાથે જોડાયેલી છે.

ત્રણ હજારની કિંમતનું સુંદર સેલું પહેરવાની દેરાણીને મજા ત્યારે જ આવે છે, જો જેઠાણીની સાડી તેનાથી ઉતરતી કક્ષાની હોય. કેરી ખાવાની મજા તો ત્યારે જ ઘણા માને છે કે સીઝનની પહેલી કેરી બિલ્ડીંગમાં સૌથી પહેલાં પોતાના ઘરે આવી હોય. સીઝનની પહેલી કેરીના છોતરાં ગોટલા બધાની નજરે ચડે તે રીતે નાંખવામાં ઘણાં અહં પોષાયાનો તુચ્છ આનંદ માણી લેતા હોય છે.

સુખને સામગ્રીનું ઓશિયાળું બનાવીને માનવી સામગ્રીઓની વધુને વધુ પરાધીનતા વહોરી રહ્યો છે. રોટલા અને છાશથી જે ભૂખ દૂર ભાગે તેને માટે ૨૫ વાનગીઓની પ્લેટની અપેક્ષા રાખનાર વ્યક્તિ નાહકની પરાધીનતા સ્વીકારી રહ્યો છે.

રશિયાનો મહાન વિચારક ગોર્કી અમેરિકાની પ્રથમ મુલાકાતે ગયો ત્યારે વિલાસ અને મનોરંજની અઢળક સામગ્રી જોઈએ તેણે પોતાનો અભિપ્રાય જાણાવ્યો હતો કે ''જે દેશને મનોરંજન માટે આટલા બધા સાધનો વસાવવા પડ્યા, એ દેશ કેટલો દુઃખી હશે!'' પથ્થરની શિલા ઉપર પણ નિરાંતે ઘસઘસાટ ઊંઘી શકનારો મજૂર સુખી કે એરકન્ડિશન્ડ

બેડરૂમમાં ડનલોપની જાડી ગાદી ઉપર પણ પડખાં ફેરવનારો શ્રીમંત સુખી? નવરો પડે ત્યારે ભજનિયા ગાઈને મસ્તી માણનારો ખેડૂત સુખી કે ટી.વી. ની સીરિયલો જોઈને મૂડ લાવવાનો નિષ્ફળ પ્રયત્ન કરનાર શહેરી સુખી? રોટલા અને ગોળથી ભરપેટ જમી લેનારો ગામડાંનો ગોવાળ સુખી કે અનેકવિધ વાનગીઓના થાળ સામે પણ ભૂખ માટે ટળવળતો શ્રીમંત સુખી?

સામગ્રીઓ સાથે માનવીનો પ્રેમ એક તરફી છે. આ વન-વે ટ્રાફિકમાં ચૈતન્યનું ઘોર અપમાન છે. ચેતન જડને ખૂબ ઈચ્છે, ખૂબ સાચવે, તેની ખૂબ ચાપલુસી કરે પણ જડને ચેતનની કોઈ પરવા નથી. ઘડિયાળ ખોટવાઈ જાય ત્યારે માલિક ડિસ્ટર્બ થઈ જાય છે પણ માલિક માંદો પડે ત્યારે ઘડિયાલ બેચેન બનતી નથી. અરે, માલિક મરી જાય ત્યારે પણ ઘડિયાળને સેંકડ કાંટો બે મિનિટનું મૌન પણ પાળતો નથી. જમીનના ટુકડા ખાતર માણસ ઝગડે પણ પોતાનો માલિક નક્કી કરવા માટે બે ખેતરો ક્યારેય કોર્ટે જતા નથી. કાચનાં કપ-રકાબી ફૂટે ત્યારે માણસ ગ્લાન બને છે, માણસ મરે ત્યારે શો-કેસમાં કપ-રકાબીઓ કોઈ શોકસભા ભરીને શ્રદ્ધાંજલિ અર્પિત કરતી નથી. જડની સારવારમાંથી માણસ ઊંચો આવતો નથી અને જડને તો માણસની કોઈ જ દરકાર નથી. પ્રખ્યાત અભિનેત્રી સોફિયા લોરેન ઈટલીના ફિલ્મ ડિરેક્ટર વિટોરિયે દસિકા પાસે ધ્રુસકે ધ્રુસકે રડી. કારણ કે તેનું ઝવેરાત ચોરાઈ ગયું હતું. ત્યારે તે ડિરેક્ટરે તેને આશ્વાસન આપતા કહ્યું "જે ચીજ તારા માટે ક્યારેય રડી ન શકે, તે ચીજ માટે તારે ક્યારેય રડવું નહિ."

ચેતન જડ મળતા હસે છે, જડને કાજે દુશ્મનો ઊભા કરે છે. આ જડ પદાર્થો ચેતનની કોઈ જાતની નોંધ પણ લેતા નથી. જીવોના પરસ્પરનાં સંઘર્ષ, ઝગડા, યુદ્ધો, વૈર વગેરેનું કારણ મોટેભાગે જડ પદાર્થો જ હોય છે. જડ પદાર્થો પ્રત્યે માનવીની આંધળી ઘેલછા મટી જાય તો દુનિયાના પટ ઉપરથી ઘણી કોર્ટો, કેદખાનાં અને પોલીસથાણાં ભૂંસાઈ જાય. જડનાં રાગે જીવોની જુદાઈ સર્જી છે. માનવી-માનવી વચ્ચેનાં અંતર

વધાર્યાં છે અને પૃથ્વીપટને સંગ્રામભૂમિ બનાવી દીધી છે. શ્રેણિકના પુત્રનું નામ કોણિક હતું. શ્રેણિકે કોણિકને પોતાનું રાજ્ય આપ્યું અને હલ્લ અને વિહલ્લ નામના બીજા પુત્રોને સેચનક નામનો વિશિષ્ટ હાથી તથા પોતાની પાસેનાં દૈવી વસ્ત્રો અને કુંડલો આપ્યા. આ બે ભાઈઓ પાસેથી તે ચીજો પડાવી લેવાની કોણિકની રાણી પદ્માવતીએ જીદ પકડી અને તેમાંથી બે મોટા યુદ્ધો છેડાયા. શિલાકંટક અને રથમુશલ નામના આ બે મહાયુદ્ધોમાં કરોડો માનવીનો સંહાર થયો.

આવા તો કંઈક કલંકો જડના ખાતે જડાયેલા હોવા છતાં માનવીને જડનું આકર્ષણ કેમ ઘટતું નથી ? તે એક મોટો સવાલ છે. તે જડના જાદુથી ખૂબ અંજાયો છે. કમ્પ્યુટર અને રોબોટ યુગનો માનવી જડના વિરાટ રાજ્યતંત્રની હકૂમત હેઠળ આવી ગયો છે. જડ યંત્રોના જંગલ વચ્ચે લાખો ભયો હેઠળ પોતાનું અસ્તિત્વ ટકાવી રહેલું અળસીયું એટલે આજનો માનવ. અંધ વ્યક્તિઓ પણ વાંચી શકે તે માટે તેણે ઓપ્ટોફેન નામનું યંત્ર બનાવ્યું છે અને બધિર પણ સાંભળી શકે તે માટે ઓડિફોનની શોધ કરી છે. એસિલોગ્રાફ દ્વારા અવાજની બદલાતી સપાટી માની શકાય છે અને એલીસોગ્રાફ દ્વારા વિદ્યુત પ્રવાહની ધ્રૂજારી માપી શકાય છે. કેસકોગ્રાફથી વનસ્પતિનાં સંવેદનો નોંધાય છે. રીચર-સ્કેલથી ધરતીકંપની તીવ્રતા માપી શકાય છે.વોઈસ-સ્પેક્ટોગ્રાફીથી વ્યક્તિનો સ્વર ચકાસી શકાય છે. સ્ટિરિયોસ્પોકથી ચિત્રની ઊંડાઈ જાણી શકાય છે. ફોટો મીટરથી પ્રકાશની તીવ્રતા જાણી શકાય છે, થર્મોગ્રાફથી ઉષ્ણતાની અસર જાણી શકાય છે. કમ્પ્યુટર અને રોબોટના ચમત્કારોથી તો જીવનના તમામ ક્ષેત્રો ચમત્કૃત બનવા લાગ્યા છે. જડની આ ઝાકઝમાળથી અંજાઈ ગયેલો માણસ ચૈતન્યની ઘોર ઉપેક્ષા કરી રહ્યો છે. જડની તાકાતને ચાર ચાસાણી ચડી જાય એવા ચમત્કારો ચેતન ફોરવી શકે છે, તેનો શું કોઈને ખ્યાલ નથી.

ઓરડામાં ઠંડક પ્રસરાવતા એરકન્ડિશનિંગ મશીનને મોટી મોટી સલામો ભરનારા મહાનુભાવોને ખબર નહિ હોય કે પ્રત્યેક વૃક્ષ એ હેવી પાવરવાળું એરકન્ડિશનિંગ મશીન જ છે. જેટલી વાર લીલા પર્ણો શ્વાસ

લે એટલીવાર એ જમીનમાંથી પાણીને પોતા તરફ ખેંચે છે. તેથી પાણીનો એક પ્રવાહ ચાલુ રહે છે. પાણીનું ખેંચાણ મૂળિયા વાટે જમીનમાંથી શરૂ થાય છે. જેટલી જગ્યામાં મૂળ ફેલાયેલાં છે તેનાથી પણ વધુ વિસ્તૃત ભૂમિમાંથી પાણીનું આવું શોષણ થાય છે. તેથી તે વૃક્ષ અને જમીનની આસપાસની હવામાં ઠંડક અને ભેજ વધે છે. અવાજનું જરાપણ પ્રદૂષણ ફેલાવ્યા વિના, આબોહવાની ઉષ્ણતા વધાર્યા વિના અને ઓઝોનનાં આવરણને કોઈ પણ તકલીફ આપ્યા વિના ચોપાસ ઠંડક ફેલાવતા આ કુદરતી એ.સી. મશીનથી માણસ કેમ નહિ અંજાઈ જતા હોય ?

આપણા નાના મગજનું કદ અર્ધી મુઠ્ઠી જેટલું છે. પણ, તેના એક ચોરસ મિલીમીટર જેટલા ટુકડામાં ૩,૬૦,૦૦૦ જ્ઞાનકોષો હોય છે અને તેનાથી ૧૦ ગણાં અન્ય પોષક કોષો હોય છે. ૦.૪૫ ઘન મિલીમીટર લોહીમાં ૫૦,૦૦,૦૦૦ લાલ રક્તકોષો એકબીજાની હડફેટમાં આવ્યા વગર પરિભ્રમણ કરી આપણને જીવંત રાખે છે. માનવશરીરના એક કોષમાં ફક્ત ૦.૦૦૦૦૦૦૦૦૦૦૧ ગ્રામ ડી.એન.એ. હોય છે પણ તેમાં રહેલી વૈવિધ્યની ક્ષમતાનો આંકડો ૨૫૬ x ૨૪,૦૦૦ અબજ શૂન્યનાં આંકડા જેટલો છે. દિવસ-રાત અનવરત ગણના કરવામાં આવે તો પૂરા ૪૫ વર્ષ નીકળી જાય. આપણાં નાનકડાં શરીરમાં પથરાયેલી નસોને લાંબી કરીને એક છેડેથી બીજે છેડે બાંધવામાં આવે તો આખી પૃથ્વીને પાંચ વાર વીંટી શકાય. એક નાનકડા ઈન્સ્ટન્ટ કેમેરામાંથી થોડી જ વારમાં ફોટોપ્રીન્ટ હાથમાં આવી જાય, તે જડની કમાલથી માણસ અંજાય છે પણ આંખ જેવો મલ્ટીકલર ઈન્સ્ટન્ટ મુવી કેમરો બીજો કોઈ હોઈ શકે ખરો ? આ નાનકડા કેમરામાં કોઈ પણ દૃશ્યની ફિલ્મ ઊતરીને તરત ધોવાય છે અને ડેવલપિંગ, પ્રિન્ટીંગ, એન્લાર્જીંગ ઈન્સ્ટન્ટ થઈ જાય છે, આ કુદરતની કમાલ આગળ જડ તો સાવ પાણી ભરે છે. મિલના એક મશીનમાંથી નીકળતી ચીજ વસ્તુઓ બિલકુલ એકસરખી જ હોય છે. પણ કુદરતસર્જીત કોઈપણ બે માનવ આકૃતિમાં, તેના અંગૂઠાની છાપમાં, સ્વરમાં કે ચાલમાં સામ્ય જોવા મળે નહિ, તે કેટલું મોટું આશ્ચર્ય છે !

જડ એ આખરે જડ છે, ચેતન એ આખરે ચેતન છે. જડ ગમે તેટલી હરણફાળ ભરીને ચેતનની બરોબરી કરવા જાય પણ ચેતનની એક લપડાકે તે જમીનદોસ્ત બની જાય. આવા લાચાર અને તુચ્છ જડ પદાર્થો પરનો માનવીનો અંધ વિશ્વાસ આખરે વિશ્વાસઘાતમાં પરિણામ પામવાનો છે. જડની ચુંગાલમાંથી જીવ છૂટે તે માટે મહર્ષિઓ સદા ચિંતિત છે અને ચેતન તો વધુને વધુ જડપરસ્ત બનતો જાય છે !

# ✻ મૃત્યુ આગળ સહુ લાચાર

એક સુંદર પ્રભાતે ઈજીપ્તના એક પિરામિડ પાસે વૈદ્યો અને હકીમોનું એક મોટું ટોળું આવ્યું અને પિરામિડને રડતા રડતા ત્રણ પ્રદક્ષિણા ફરીને ચાલતું થયું. તે પછી બંદૂકધારી સૈનિકોનું જુલુસ અવ્યું અને તે પણ તેને ત્રણ ચક્કર લગાવીને ચાલતું થયું. ત્યારબાદ રાજા અને રાણી ત્યાં આવ્યાં, તે પણ કાંઈક બબડતા ત્યાં ત્રણ ચક્કર લગાવીને પાછા ફર્યા. આ વિચિત્ર ઘટનાનું રહસ્ય એ હતું કે, તે પિરામિડ નીચે મૃત રાજકુમારને દાટવામાં આવ્યો હતો. આજે તેના મૃત્યુદિનને એક સંવત્સર પૂર્ણ થયું હતું. ઔષધિઓ અને જડીબુટ્ટીઓના ઢગલા હોવા છતાં પોતે કુમારને મૃત્યુના મુખમાંથી ન બચાવી શકવાના ખરખરા તરીકે વૈદ્યોએ ત્રણ પ્રદક્ષિણા કરીને પોતાનો પરાજય પ્રદર્શિત કર્યો. બીજા રાઉન્ડમાં ઘાતક શસ્ત્રસરંજામ છતાં કુમારને ઉઠાવી જતા યમરાજને પોતે રોકી ન શક્યા તે બદલ સૈનિકોએ લાચારી પ્રદર્શિત કરી. વૈભવોના ઢગલા અને અઢળક સંપત્તિ હોવા છતાં કુમારને મોતના મુખમાંથી ન બચાવી શક્યાની હાર ત્રીજા રાઉન્ડમાં રાજા અને રાણીએ સ્વીકારી.

વિશ્વની તમામ વ્યક્તિઓ અને અઢળક વસ્તુઓની ઓથ હોય તો પણ મોત આગળ માનવ નિઃસહાય, લાચાર અને અશરણ છે. આપણી અશરણદશાનું ભાન કરાવવા માટે મોત કાફી છે. પોતાની ભૌતિક તાકાત ઉપર કેફ મારતા માનવીને કવિની પંક્તિ ઢીલો ઢબ કરી નાંખે છે :

***ઘણાં વેગવાળી જુઓ કાળઘંટી***
***બધું વિશ્વ તેમાં પડ્યું જેમ બંટી***

***દળી મારશે દેહ સૌના દળીને***
***રખે રીઝતો રિદ્ધિસિદ્ધ રળીને.***

ક્રિકેટની રમત રમતા બેટ્સમેનને ખબર નથી હોતી કે કયો દડો તેના માટે છેલ્લો દડો છે. તેમ જીવનની આ રમતમાં કોઈને ખબર નથી કે ક્યો શ્વાસ એ છેલ્લો શ્વાસ છે. કોઈપણ દિવસ એ જીવનના કેલેન્ડરની આસો વદ અમાસ હોઈ શકે છે. કોઈ પણ શબ્દ આપણા શરીરમાં જડેલા ધ્વનિયંત્રની આખરી નીપજ હોઈ શકે છે. તેથી જ એક સંસ્કૃત સુભાષિતમાં કવિએ લખ્યું છે : नि:श्वासे न हि विश्वासो, कदा रुद्धो भविष्यति. તેથી જ, કોઈએ જિંદગીને ચાર દિવસનું ચાંદરણું કહ્યું છે. મૃત્યુનાં ગમે તે પળે થનારા અનિવાર્ય આગમનનાં કડવા સત્યને આપણાં ગળે ઉતારવા જ્ઞાનીઓએ તો ધૂમ પ્રયત્નો કર્યા છે પણ એક વિજ્ઞાનીએ પણ એક તુક્કો દોડાવ્યો. અમેરિકાના ફેલિક્સ મેપર નામના એક વિજ્ઞાનીએ ઈ.સ. ૧૮૮૦ માં એક વિચિત્ર ઘડિયાલ બનાવી હતી. આ ઘડિયાલ ૨૮ ફૂટ લાંબી અને ૮ ફૂટ પહોળી હતી અને બનાવતા તેને ૧૦ વર્ષ લાગ્યા હતા. આ ઘડિયાળના એક કલાક ઉપર ૧૫ મિનિટ થાય ત્યારે ધાતુનું બનાવેલું એક નાનકડું બાળક બહાર આવે અને ટકોરો વગાડે. ૩૦ મિનિટે એક ધાતુનિર્મિત યુવક ટકોરો વગાડે, ૫૬ મિનિટે એક વૃદ્ધ ટકોરો વગાડે અને કલાક પૂરો થાય ત્યારે ભયાનક અને બિહામણી યમની આકૃતિ આવીને ટકોરો વગાડે. જીવનની ક્ષણભંગુરતા અને મૃત્યુનાં અનિવાર્ય આગમનને સૂચવતો તે વિજ્ઞાનીનો પ્રયોગ નિહાળીને પણ મૃત્યુ માટે કોઈ જાગૃત બન્યું હશે કે નહિ, તે મોટો પ્રશ્ન છે.

મૃત્યુથી બચાવવાની તાકાત દેવો અને દેવેન્દ્રોમાં પણ નથી. મહાભારતના વનપર્વમાં શ્રીકૃષ્ણએ અર્જુન પર પ્રસન્ન થઈને તેને કોઈ પણ વરદાન માંગવા કહે છે પણ સાથે ખુલાસો કરે છે : તું જે માંગે તે હું તને આપીશ પણ અમરપટ્ટો તું નહિ માંગતો. તે સિવાયની તારી કોઈપણ

ઈચ્છા હું પૂરી કરીશ. મૃત્યુ આગળ સહુ દીન, હીન અને લાચાર છે. પી.એમ. અને સી.એમ. આગળ જેની લાગવગો ચાલે તેની પણ લાગવગ યમ પાસે નથી લાગતી. સહુ મોં વકાસીને ઊભા હોય અને યમ ઉપાડી જાય છે. જન્મ આપનાર મા પણ મૃત્યુથી બચાવી ન શકે. ધરતીને ધ્રુજાવનારા મોટા ધુરંધર શહેનશાહો પણ ધરતીમાં દટાઈ ગયા, તે યમને ન ધ્રુજાવી શક્યા. એવો કોઈ ગુપ્તપ્રદેશ માનવીએ હજુ સુધી શોધ્યો નથી કે જ્યાં મૃત્યુ પહોંચી ન શકે.

એક રાજાના મંત્રીને રાત્રે સ્વપ્નમાં યમદૂત દેખાયો, યમદૂતે તેને નોટીસ આપી કે આજથી સાતમા દિવસે હું તને ઉપાડી જવાનો છું. આ સ્વપ્ન દેખીને મંત્રીની ઊંઘ હરામ થઈ ગઈ. સંવારે ચિંતાતુર ચહેરે તે રાજા પાસે પહોંચ્યો.રાજાને વિનંતી કરી : ‘‘રાજન્ મને આપનો મુખ્ય તેજીલો ઘોડો આપો. સાતમા દિવસે યમનો દૂત મને પકડવા આવે તે પહેલા તે ઘોડા પર સવાર થઈને હું સેંકડો માઈલ દૂરના પ્રદેશમાં પહોંચી જાઉં કે જેથી યમદૂત મને શોધી જ ન શકે.’’

રાજાએ ઘોડો આપ્યો ને તેના પર સવાર થઈને મંત્રીએ ઘોડો દોડાવ્યો. છ દિવસમાં તો ઘોડાએ સેંકડો માઈલ દૂરના એક શહેરમાં મંત્રીને પહોંચાડી દીધો. આજે સાતમો દિવસ હતો પણ મંત્રી હવે નિર્ભય અને નિશ્ચિંત હતો. તે ઘોડા પરથી નીચે ઊતર્યો અને ઘોડાની પીઠ થાબડતા બોલ્યો : ‘‘શાબાશ, ઘોડા શાબાશ.’’ તે જ વખતે પાછળથી બીજું કોઈ પણ પીઠ થાબડી રહ્યું હતું. તેણે પાછળ વળીને જોયું તે સ્વપ્નમાં સાત દિવસ પૂર્વે દેખેલો તે જ ચહેરો હતો. આ ચહેરો જોઈને મંત્રી ડઘાઈ ગયો. ગભરાતા ગભરાતા તે અજાણી વ્યક્તિને પૂછ્યું ‘‘તમે આ ઘોડાને શા માટે શાબાશી આપો છો ?’’

‘‘કેમ ન આપું ? સાત દિવસથી હું ઘેરી ચિંતામાં હતો. આ ઘોડાએ મારી ચિંતા ટાળી દીધી. આજના દિવસે તને આ શહેરમાંથી ઉપાડવાની

કામગીરી મને મારા સ્વામી યમરાજાએ સોંપેલી પણ સાત દિવસ પહેલા તો તું અહીંથી સેંકડો માઇલ દૂરના તારા શહેરમાં હતો તેથી મારે મોટી ચિંતાનો વિષય આવી ગયો. પણ, પાડ માનું આ ઘોડાનો કે તેણે છ દિવસમાં તને અહીં લાવી મૂક્યો. નહિતર હું મારી જવાબદારી કેવી રીતે વહન કરી શકત ?''

બચવા માટે જે ઘોડાનું શરણ સ્વીકાર્યું તેણે જ યમદૂતનું કાર્ય વધુ સરળ બનાવી દીધું. મૃત્યુ આગળ ભૌતિક શરણો હાથ ખંખેરી નાંખે છે. મૃત્યુના એક હાકોટાથી શહેનશાહો અને સમ્રાટો પણ ગરીબડી ગાય બની જાય છે. આટલું ગોખી જ રાખો : મોત આવવાનું છે, અવશ્ય આવવાનું છે, ગમે તે પળે આવવાનું છે અને કોઈ ત્યારે બચાવી શકવાનું નથી.

એક વૃદ્ધાના આંગણે મોત આવીને ઊભું રહ્યું, ત્યારે તેને ઠપકો આપ્યોઃ ''અરે, મારે તો હજુ ઘણાં કાર્ય કરવાના બાકી છે, તું અચાનક ક્યાં આવ્યો? પહેલાં નોટિસ તો મોકલવી હતી?''

''મેં એક નહિ ચાર-ચાર નોટિસ મોકલી છતાં તને મારા આગમનની જાણ ન થઈ ? મેં એક નોટિસ બુક-પોસ્ટથી મોકલી, બીજા બંધ કવરમાં મોકલી, ત્રીજી રજીસ્ટર્ડ એ.ડી. થી મોકલી અને ચોથી વી.પી.પી. થી મોકલી. બુક-પોસ્ટની ટપાલ કોઈપણ જોઈ શકે તેથી તારા માથા પરના સફેદ વાળ તે મારી બુક-પોસ્ટથી મોકલેલી નોટિસ છે. તારું બોખું મોઢું એ મારી કવર દ્વારા મોકલેલ નોટિસ છે. મોઢારૂપી કવર ખોલે ત્યારે તે નોટિસ વંચાય. રજી. એ.ડી. માં પોતાની સહી જોઈએ, તારી કાનની બહેરાશ, આંખની ઝાંખપ વગેરે ફરિયાદો તું પોતે જ કરે છે, તેથી તે બધી મારી રજીસ્ટર્ડ નોટિસો હતી. અને વી.પી.પી. માં સાક્ષીની સહી જોઈએ. તારી હાથની લાકડી તે સાક્ષીની સહી જેવી છે.'' યમના આ જવાબ આગળ ડોશી શું બોલે ?

વગર નોટિસે પણ મૃત્યુ ઘણાને ઉઠાવી ગયું છે. જન્મ એ જ મૃત્યુની નોટિસ છે. પ્રત્યેક માનવી મૃત્યુની ક્યુમાં જ ઊભો છે. કોનો નંબર ક્યારે લાગે તે નક્કી નથી. આજે જ અને અત્યારે જ મારે મરવાનું છે તેમ સમજીને જીવતા હતા માટે જ જનક મોટા સામ્રાજ્યના સ્વામી હોવા છતા વિદેહી કહેવાતા હતા. મૃત્યુની સાદડીમાં મૃત્યુ અંગેની સભાનતા આવે તે માટે સાદડીને માટે ગુજરાતીમાં બીજો એક શબ્દ વપરાય છે - ઊઠમણું. "હે મનુષ્ય, આ વ્યક્તિનું મોત જોયા પછી તો તું મોહની નિંદ્રામાંથી ઊઠ." આ સંદેશ ઊઠમણામાં જનારા કોઈને સંભળાતો નહિ હોય ? બજારમાં પાંચમી દુકાને ઈન્કમટેક્સની રેડ પડે તો પણ પોતાની દુકાનના હિસાબના કાગળીયા સગેવગે કરવા મંડી પડનારા, પડોશીના ત્યાં યમની રેડ પડે ત્યારે પોતે સાવધાન કેમ નહિ થઈ જતા હોય? શહેરમાં કમળોના રોગનો ચેપ ફેલાયો હોય અને ૫૦ લાખમાંથી માત્ર ૫૦૦૦ જ તેમાં સપડાયા હોય તો પણ સાવધાનીના ઉપાયો અજમાવી લેનાર અનેકનાં મૃત્યુ જોવા છતાં કેમ ચેતી જતા નહિ હોય ? ચેકિંગ ક્યારેક જ થાય છે છતાં રેશનિંગનો દુકાનદાર રોજ સ્ટોક નોંધે છે. મૃત્યુ એક જ વાર આવવાનું છે પણ ગમે તે પળે આવવાનું છે માટે તેની તૈયારી તો હંમેશા જોઈએ. વરસમાં ગમે ત્યારે પરીક્ષા લેવાનો કાયદો હોય તો વિદ્યાર્થી હંમેશા એલર્ટ રહે તેમ મૃત્યુ માટેની એલર્ટનેસ હંમેશા અપેક્ષિત છે. જન્મ હજુ અકસ્માત કહી શકાય, મૃત્યુ તો નિશ્ચિત છે. છતાં મૃત્યુ માટે માનવી આટલો બધો બેભાન કેમ ?

મૃત્યુ આગળ સૌ કોઈ હારે છે. રાજાઓના રાજ્ય, શહેનશાહોના તખ્ત, સૈન્યોના શસ્ત્રો, વૈદ્યોના ઔષધો, ડોકટરોના ઉપચારો, શ્રીમંતોના વૈભવ, વીરપુરુષોનાં પરાક્રમ, રૂપસુંદરીઓનાં રૂપ, બુદ્ધિમાનોનાં બુદ્ધિબળ, વૈજ્ઞાનિકોનાં અન્વેષણો વગેરે બધાં મૃત્યુ આગળ હાથ ઊંચા કરીને પરાજય સ્વીકારી લે છે. સહુ સ્વીકારે છે કે મૃત્યુનો ભય ઓળંગી શકાય તેવો

નથી. સહુ શરણ ત્યાં પાછા પડે છે. તેથી જ સિકંદરની વ્યથાને કવિએ કાવ્યમાં કંડારી છે :

*મારા મરણ વખતે બધી મિલકત અહીં પધરાવજો,*
*મારી નનામી સાથ કબ્રસ્તાનમાં પણ લાવજો,*
*જે બાહુબળથી મેળવ્યું તે ભોગવી પણ ન શક્યો,*
*અબજોની મિલકત આપતા પણ આ સિકંદર ના બચ્યો.*
*મારું મૃત્યુ થતાં બધા લશ્કર લાવજો,*
*પાછળ રહે મૃતદેહ આગળ સર્વને દોડાવજો.*
*આખા જગતને જીતનારું સૈન્ય પણ રડતું રહ્યું,*
*વિકરાળ દળ ભૂપાળને પણ નહિ કાળથી છોડી શક્યું.*
*મારા બધાં વૈદ્યો હકીમોને અહીં બોલાવજો,*
*મારી નનામી એ જ વૈદ્યોને ખભે ઊંચકાવજો.*
*દર્દીઓનાં દર્દને દફનાવરું કોણ છે,*
*દોરી તૂટી આયુષ્યની તો સાંધનારું કોણ છે.*

સિકંદરની જ આ વાત નથી, આ વ્યથા સૌના હૃદયની છે પણ, આ ભાન મૃત્યુ નિકટ આવે ત્યારે થાય તેના કરતા વહેલું થાય તો સાચા શરણની શોધનો અવકાશ રહે.

## ❋ હે કિરતાર ! મને આધાર તારો

તો શું હું સાવ નિરાધાર છું ? ધન - સંપત્તિ પરનો મારો મોટો ભરોસો પણ સાવ પોકળ નીવડશે ? જીવનમાં સાચા સુખશાન્તિ મને પૈસા થકી નહિ જ મળે ? રોગો, વૃદ્ધત્વ અને મૃત્યુને મારી ભરેલી તિજોરીની કોઈ જ શરમ ખરેખર નહિ જ નડે ? પાસબુકનો જંગી આંકડો મારા મૃત્યુને સુધારી નહિ જ શકે ? ૫-૨૫ લાખ ખર્ચી નાંખવાથી સદ્‌ગતિ ખરીદી નહીં જ શકાય ? પરિવાર અને સ્વજનો પણ સ્વાર્થના જ સગા છે ? વિશ્વાસઘાતની ચમચમતી તમાચ તે બધા શું મને ગમે ત્યારે મારી દેશે ? કેન્સર કે પેરાલિસિસથી હું ઘેરાઈ જાઉં તો તે સ્વજનો મારા દુઃખમાં ભાગ નહિ જ પડાવે ? મૃત્યુ મને ઉપાડી જશે ત્યારે લાચાર વદને તે બધા માત્ર જોયા જ કરશે ? મારી પ્રાણપ્યારી અઢળક ભોગસામગ્રીઓ પણ મને બચાવવા કોઈ પ્રયત્ન નહિ કરે ? વરસોથી દીવાનખાનામાં લટકતું મારું પ્રાણપ્યારું કલાત્મક કાચનું ઝુમ્મર પણ મારા મૃત્યુના આઘાતથી ધબક દઈને તૂટી નહિ પડે ? સગા ભાઈ સામે કોર્ટે ચડીને જે દુકાનનો માલિકી હક પ્રાપ્ત કરેલો તે દુકાન પણ મારા મૃત્યુનો કોઈ પ્રતિભાવ નહિ બતાવે? સ્ટીલનું કબાટ, દીવાલ પરનું ઘડિયાલ, ડ્રોઈંગ રૂમનો ગાલીચો, દીવાલ પરનું પેઈન્ટિંગ વગેરે કોઈ ચીજ મારા મૃત્યુનો શોક વ્યક્ત નહિ કરે ? શું તે બધી ચીજો પ્રત્યેનો મારો પ્રેમ ખરેખર એક પાક્ષિક જ હતો ? તે બધી ચીજો ખાતર તો હું કેટલું રડ્યો છું, કેટલો ઝઘડ્યો છું, કેટલા ક્રોધ અને અભિમાન કર્યા છે, અને તે બધાને મારી

કોઈ જ કિંમત નહિ? મેં કરેલા ક્રોધ અને કષાયો બધાં ફોગટ નીવડ્યા? આ ચીજવસ્તુઓ પરના જાલિમ રાગને કારણે તો મારે કેટલાયની સાથે વેર થયા. છતાં આ ચીજવસ્તુઓને મારા પર કોઈ જ પ્રેમ નહિ ? મારી કોઈ જ કદર નહિ? મૃત્યુ એક દિન મારી બધી મહેનત પર પાણી ફેરવી નાંખશે ? ડોકટરોની પેનલ પણ હાથ ખંખેરી નાંખશે ? મારી કરોડોની એસ્ટેટ પણ મને નહિ બચાવી શકે ? હું હાલતો થઈશ ત્યારે મારી નાણાંની કોથળીઓ કબાટમાંથી મને વળાવવા બહાર પણ નહિ નીકળે? મારી પત્ની પણ ઘરનાં આંગણેથી આગળ નહિ વધે ? વહાલા ગણેલા સ્વજનો પણ સ્મશાનને જ મને છેલ્લી અલવિદા કરીને પાછા વળી જશે? બધા જ સ્વાર્થી? બધું જ નકામું? મારું કોઈ જ નહિ ? ખરેખર હું નિરાધાર? ખરેખર હું નિરાશ્રિત? હું સાવ શરણહીન? મારું કોઈ શરણ નહિ? તો મારે કોનો આધાર? હું કોના ચરણ પકડું? હું કોના શરણે જાઉં ? મારો કોણ આધાર?

આવી એક વેદનાનો હૃદયના ખૂણામાંથી પ્રસવ થાય છે. આ વેદના એક સમ્યક્વેદના છે. આ પીડા કલ્યાણપીડા છે. આવી પીડામાંથી જ અનાથીમુનિનો પ્રાદુર્ભાવ થયો હતો. સનતચક્રવર્તીને છ ખંડનાં સામ્રાજ્યનો ત્યાગ કરવાનું સામર્થ્ય આ વેદનાએ જ આપ્યું હતું ને ? શ્રેષ્ઠીપુત્ર જંબૂ અને પ્રચંડ પુણ્યાધિપતિ શાલિભદ્રને આ વેદના જ સ્પર્શી હતી ને ? અશરણતાનું ભાન થાય તે પછી શરણની શોધ આરંભાય છે. અનાથપણાનો બોધ 'નાથ' ની શોધ કરવા પ્રેરે છે.

શરણ તે આપી શકે જેને કોઈ શરણની જરૂર ન હોય. નિર્ભયતા તે આપી શકે જેને કોઈ ભય ન હોય. મારી દશા જંગલમાં ભૂલા પડેલા પેલા મુસાફર જેવી છે. તે જંગલમાં ભૂલો પડ્યો અને ચોરોએ તેને લૂંટી લીધો. તેની આંખો પર પાટા બાંધીને ચોરોએ તેને જંગલમાં એકલો છોડી દીધો. ચારે બાજુથી જંગલી પ્રાણીઓની ગર્જના કાને પડવાથી તે ભયથી

કંપી રહ્યો છે. તે આંખના પાટાથી અંધારાનો ભયાનક ત્રાસ અનુભવી રહ્યો છે. તેને કોઈ માર્ગ સૂઝતો નથી. તેથી તે ઘણો સંતાપ અનુભવે છે અત્યારે તેને પોતાની જાત સાવ નિરાધાર લાગે છે. તેને કકડીને ભૂખ લાગી છે. માટે ભૂખની પીડા પણ અસહ્ય બની છે. તેની અકળામણ અત્યંત વેધક બની રહી છે. ત્યાં જ તેને એક અવાજ સંભળાયો. ''તું ડર નહિ, હું તારી બધી ચિંતા દૂર કરીશ.'' આ અવાજ સાંભળતાની સાથે તેનો ભય પલાયન થયો. તેને ઘણી ટાઢક વળી. તે અજાણી વ્યક્તિ તેની નજીક આવી અને પ્રેમથી તેની આંખ પરના તોતિંગ પડદાં છોડ્યા. પ્રકાશનાં કિરણોએ તેની ઘણી ચિંતા અને અકળામણનું બાષ્પીભવન કરી નાંખ્યું. પણ આ જંગલમાં અચાનક ભેટી ગયેલા આ નિષ્કારણબંધુ ઉપકારી પુરુષ તેટલાથી જ ન અટક્યા. તેને તેના નગરનો માર્ગ દેખાડ્યો. માર્ગે ચડાવ્યો. પણ, આ જંગલના નિર્જન અને ભયજનક રસ્તેથી તે એકલો પોતાના નગરમાં કેવી રીતે પહોંચે ? કોઈનો સહારો મળે તો જ પહોંચાય. પેલા દિવ્ય પુરુષે કહ્યું ''તું જરાપણ ડરીશ નહિ. હું તારી સાથે છું. હું જ તારો સહારો, તું મારો સાંનિધ્યમાં છે. માટે તું બિલકુલ હેમખેમ છે.'' આ સહારો મળી જતા તે હવે નિશ્ચિંત બન્યો. નિરાધારતાની તેની પીડા હવે નાશ પામી પણ પેટના ખાડાનું શું ? ભૂખ્યા પેટે જંગલ કેવી રીતે ઓળંગી શકાય ? પેલા મહામાનવે તેને ભાથું પીરસ્યું, તેની ભૂખ ભાંગી.

મારી દશા પણ આ મુસાફર જેવી છે. સંસારનાં જંગલમાં ભૂલો પડેલો મુસાફર એટલે હું. આધિ, વ્યાધિ અને ઉપાધિના જનાવરોની સેના સતત મને ભયભીત બનાવી રહી છે. મારી આંખે અજ્ઞાનના પાટા બાંધેલા છે. સાચા સુખનું મારું ધામ ભૂલેલો હું માર્ગભ્રષ્ટ મુસાફર છું. આટલા બધા ભયો છતાં હું એકલો અને નિરાધાર છું. મારો સહારો કોણ ? આ જગતના બધા સંબંધો તો સ્વાર્થના ગુમડાંથી ગંધાયેલાં છે, વિશ્વાસઘાતના કલંકથી ખરડાયેલા છે. મારું કોઈ જ નથી. હું એકલો અને નિઃસહાય

છું અને, ગુણહીન અવસ્થામાં સુખના ધામ ભણી મારી ગતિ ચાલે કેવી રીતે ? ગુણની તીવ્ર ભૂખ હું અનુભવી રહ્યો છું. આ છે મારી નિઃસહાય અને અશરણ દશા.

અશરણ દશાની આ મારી વેદના અત્યંત તીવ્ર બની ત્યારે મને મળ્યા પરમાત્મા. સર્વ ભયોને જીતી ચૂકેલા આ નાથના દર્શન માત્રથી મારા તમામ ભયો પલાયન થયા. હું નિર્ભય બન્યો. એ અભયદાતા દેવાધિદેવને હું ભેટી પડ્યો. સમ્યગ્જ્ઞાનનો દિવ્ય પ્રકાશ પાથરીને તેમણે મારા અજ્ઞાનનાં અંધારાં ઉલેચ્યાં. સારા અને નરસાની, હિત અને અહિતની તથા ખરા અને ખોટાની વિવેકબુદ્ધિ તેમણે મને ભેટ ધરી, મારા અજ્ઞાનના પાટા તેમણે છોડ્યા, તે મારા ચક્ષુદાતા બન્યા. ભવમાં ભૂલા પડેલાં નિરાધારદશામાં આથડતા એવા મને તે અનંત કરુણાના સાગરે સાચો રાહ ચીંધ્યો. પૂર્વના ગલતઅભ્યાસના કારણે મારા પગ આડા-અવળા ફંટાઈ જતા હતા તો પણ તેમણે મને માર્ગ પર સ્થિર કર્યો. પરમસુખનાં ધામ ભણી મારા પગ મંડાયા. તે મારા માર્ગદાતા બન્યા. પણ, મારી નિરાધારતાનું શું ? તે ચિંતામાંથી પણ મને તેમણે મુક્ત કર્યો. તેમનાં ચરણોમાં હું આળોટ્યો. મેં તેમનો જ પાલવ પકડ્યો, તેમણે મને શરણું આપ્યું. હું અનાથ હતો, તે મારા નાથ બન્યા. હું નિરાધાર હતો, તે મારા આધાર બન્યા. તે મારા શરણદાતા બની રહ્યા. હું ભૂખ્યો હતો તેમણે સૌથી પહેલી મને ગુણની રુચિ આપી અને શ્રદ્ધાનો સાલમપાક આપી મારી ભૂખ ભાંગી. આ રુચિ અને શ્રદ્ધારૂપ બોધિ આપીને તે મારા બોધિદાતા બન્યા.

હવે હું ત્રાસરહિત, હવે હું સંતાપરહિત. હવે હું અનાથ નહિ પણ સનાથ. આધિ, વ્યાધિ અને ઉપાધિની હવે મને કોઈ ફિકર નથી. કારણ કે હું પરમેશ્વરનાં ચરણોમાં બેઠો છું. રોગથી હું ઉદ્વિગ્ન નથી, વૃદ્ધત્વથી હું વ્યથિત નથી, મૃત્યુથી હું ચિંતિત નથી. કોઈ તાપ મને તપાવી શકે તેમ નથી, કોઈ સંતાપ મને શેકી શકે તેમ નથી. જગતના સર્વ જીવોની

કરુણામય માતાની ગોદમાં હું પહોંચી ગયો છું. વિષકટોરાને અમૃત પ્યાલી બનાવી દેવાનો ચમત્કાર આ પ્રભુશરણમાં છે, દુઃખના ડુંગરોને સુખના સમુદ્રમાં રૂપાંતરિત કરી દેવાનો જાદુ પ્રભુશરણની ઈલમકી લકડી દ્વારા થઈ શકે છે. ભયોના જંગલોને ઓળંગીને એક નિઃશંક અભયારણ્યમાં આવી ગયાની પ્રતીતિ પ્રભુશરણ કરાવે છે. નિશ્ચિંતતા અને નિર્ભયતાના આનંદ પટમાં હું લપેટાયો. મેં પોકાર કરીને મારા આ નાથને વિનંતી કરી :

अन्यथा शरणं नास्ति, त्वमेव शरणं मम
तस्मात् कारुण्यभावेन, रक्ष रक्ष जिनेश्वर ।



જે સુંદર વેષમાં સજ્જ થઈને મુખ
પર સ્મિત વેરતો સાંજે કોઈના
લગ્નનાં રિસેપ્શનમાં હાજરી આપે છે અને સવારે
મુખ પર શોકનાં વાદળો ચીતરીને કોઈની
સાદડીમાં પહોંચે છે.
સોમવારે લીગલમેરેજના દસ્તેજમાં સાક્ષી
તરીકે સહી કરે છે,
અને મંગળવારે કોઈના ડાઈવોર્સનાં કેસ માટે
કોર્ટમાં જુબાની આપવા જાય છે...
જેના ઘરમાં રસોડાની બાજુમાં સંડાસ છે...
જે રોજ વર્તમાનપત્રમાં બર્થરેકોર્ડ અને
મૃત્યુનોંધની કોલમો વાંચે છે...
જે રોજ સ્વ. પિતાજીની છબી પરથી કરમાયેલો હાર
ઊતારી તાજો હાર આરોપે છે.
તે
અનિત્યની ઘટમાળામાં ઘૂમરાતા
વાચક વર્ગની સમક્ષ
પ્રસ્તુત થાય છે -

## નિસર્ગનું મહાસંગીત

# ❇ નિસર્ગનું મહાસંગીત

વાર્નિસ કરેલા કલાત્મક પાયા સાથે દૂધ જેવી સફેદ પાટીથી ભરેલો નવો ખાટલો ઘરમાં આવ્યો, ત્યારે ઘરની શોભા ઘણી વધી હતી. ઘરનાં દીવાનખાનાની મુખ્ય જગ્યા પર પડેલા જૂના કબાટ અને પટારાને ખસેડીને તે ખાટલા માટે મોભાની જગ્યા ખાલી કરેલી. તેની નજીકની દીવાલો પરથી જૂના ચિત્રો અને કેલેન્ડર ઊતારીને નવા આકર્ષક ચિત્રો ટીંગાવ્યા. અને તે ખાટલા પર ઢાળવા જૂના બે ગાદલાનાં રૂમાંથી એક નવી જાડી શય્યા તૈયાર કરાવી. તેના પર પાથરવા કલાત્મક અને કિંમતી ચાદર ખરીદી લાવ્યા. અને, બે મનોહર તકિયા તેના પર ગોઠવ્યા, ત્યારે ઘરની રોનક ઘણી બદલાયેલી લાગતી હતી. છોકરાઓ રમતા રમતા આ મનોહર શય્યાને બગાડે નહિ તેની ખૂબ તકેદારી રખાતી. બે-ચાર વાર તો ભૂલ થઈ જવાને કારણે છોકરાઓને સારો મેથીપાક પણ ચાખવા મળેલો. અને, આ ખાટલાની શોભાથી અંતરમાંથી સત્કારના પણ સોણલાં જાગેલાં.

વેવાઈ અને જમાઈને ખાસ આમંત્રણ આપ્યું. ખાસ પ્રસંગ ઉપસ્થિત કરીને ગામના આગેવાનોને પણ આમન્ત્ર્યા. અને, તે આમંત્રિત મહેમાનો તે નવા ખાટલા સામે ટીકીને જોયા કરતા ત્યારે મનમાં ખૂબ આનંદની ઊર્મિઓ ઉછળેલી. અને જ્યારે ગામમાં બે-ચાર જણાને આ ખાટલાની કલાત્મક મનોહરતા અને શય્યાની શોભાનાં વખાણ કરતાં દૂરથી સાંભળેલા, ત્યારે દિલમાં કેવા ગલગલિયા થયેલા, તે બીજા ન સમજી શકે.

આજે તો એ વાતને ઘણા વર્ષો વીતી ગયા છે. ઘરની એ મોભાની જગ્યાએથી ઉઠાવીને તે ખાટલાને ચોકના ઢાળીયામાં મૂકી દીધો છે. ઘરની તે મોભાની જગ્યાએ તો સ્ટીલનો સુંદર પલંગ આવી ગયો છે. પેલા ચિત્રો જૂના થવાથી ઊઠાવી લીધા છે. તેની જગ્યાએ લેમીનેટેડ પિક્ચરયુક્ત ઈલેક્ટ્રોનિક વોચ ગોઠવાઈ ગઈ છે. પેલા જૂના ખાટલાને તો હવે બધા અછૂત સમજે છે. ઘરમાં મહેમાનોનાં આગમનને કારણે ક્યારેક નોકરને સૂવા તે ખાટલાને ઉપયોગમાં લેવો પડે છે. પણ તેના પાયા ચિરાઈ ગયેલા છે, પાટી સડી ગયેલી છે, સાંધાઓ ઢીલા પડ્યા છે. સૂતેલો નોકર પડખું ફેરવે ત્યાં તો ચૂં ચૂં અવાજ તેમાંથી નીકળે છે. મહેમાનો અને સભ્યોની ઊંઘમાં થોડી ખલેલ પહોંચવાથી નોકર તથા

ખાટલાને મનોમન ગાળ દઈ તેઓ ફરી પોઢી જાય પણ પેલું ચૂં ચૂં તો રાતભર ચાલ્યા જ કરે છે.

જ્ઞાનીના કાનમાં આ ચૂં ચૂં સંભળાય છે. તેમને તો તેમાં નિસર્ગના મહાસંગીતની દિવ્ય સૂરાવલી ભાસે છે. તે તો તેને બેભાનદશામાંથી આત્માને ઢંઢોળી ભવ્ય પરોઢ ઊગાડતા મધુર પ્રભાતિયા સમજે છે. વિશ્વના તમામ પદાર્થ અને પર્યાયની વિનશ્વરતાનો સાદ સુણાવતા પરમધ્વનિરૂપે તે તેને ઓળખે છે. અને આ સંગીતના જાદુથી જ તે પુષ્પની મુસ્કરાહટ અને ગ્લાનિ વચ્ચે, ઉષાની પ્રભા અને સંધ્યાના અંધકાર વચ્ચે, લગ્ન સમારંભના ઉત્સવ કે મરણની સાદડી વચ્ચે, તથા મિલન કે વિરહની પળો વચ્ચે સ્વસ્થતા જાળવી શકે છે.

અને આ નિસર્ગનું મહાસંગીત કાનમાં પેસીને હૃદયને અડ્યું તો ભરત કેવલી, રાજર્ષિનમિ અને મુનિ અનાથી જેવા કાંઈક ભડવીરો અનિત્યનો સંગ ત્યજી નિત્યની શોધમાં નીકળી પડ્યા.

આ મહાસંગીતે જ ગૌતમબુદ્ધને મહાભિનિષ્ક્રમણનું સત્ત્વ બક્ષ્યું.

આ મહાસંગીતે જ સનતચક્રીને અનંત સૌંદર્યનું પ્રસાધાન ભેટ ધર્યું.


આ મહાસંગીતે જ હનુમાનજીને આત્મસાધનાનું પરાક્રમ ફોરવવા ઉત્તેજિત કર્યા.

ખાટલામાંથી ચૂં ચૂં હજીએ નીકળ્યા જ કરે છે. કો'ક જ તેને મહાસંગીત રૂપે ઓળખે છે, ઓળખીને જાગે છે, જાગીને ઊભો થાય છે, ઊભો થઈને દોડે છે, દોડીને ત્યાં પહોંચે છે, જ્યાં સર્વ અનિત્યનો વિલય છે અને જ્યાં નિત્ય મનોહર સૃષ્ટિ પ્રાદુર્ભાવ પામી છે. પણ બાકી બધાને તો આ અવાજથી ઊંઘમાં ખલેલ પહોંચે છે, પણ તેને અવગણીને પાછા સૂઈ જાય છે.

પણ કોઈ જાગે કે ઊંઘે, સંગીતને તેનાથી શી મતલબ ? તે તો ચાલ્યા જ કરવાનું.

તે મધુર સંગીતના દિવ્ય ધ્વનિને આ નાનકડી કેસેટમાં ટેપ કર્યો છે. કોઈની ઊંઘ ઊડશે તો કોઈની ઊંઘ બગડશે, સાંભળવું હોય તે સાંભળે.

– આચાર્ય મુક્તિવલ્લભસૂરિ



## ❉ ક્ષણો ક્ષણભંગુર

કેલેન્ડરના ડટ્ટા પરથી ફર ફર કરતું એક પાનું ખરે છે અને એક નવું પાનું ચળકે છે. તે ચાર આંગળનાં નાનકડાં પાનાં પર કેટલીય કથાઓ લખાવા માંડે છે. દિવસનું વહેણ ચાલું થાય છે, અને -
કૈંકનાં હાથે મીંઢળ બંધાય છે અને કૈંકના હાથની ચૂડીઓ નંદવાય છે.
કો'ક ના ધાણે પારણું બંધાય છે અને કો'ક ઘરે ઠાઠડી બંધાય છે.

એકને લોટરી લાગે છે આ લાખોની એ અણધારી આવક પ્રાપ્ત કરીને ઈન્વેસ્ટમેન્ટ, કાર, બંગલા અને ફર્નિચરના મધુર દિવા-સ્વપ્નોમાં તે ખોવાઈ જાય છે અને બીજાને બજારમાં અણધારી મંદીથી લાખોનું દેવાળું નીકળે છે, તે દેવાથી મુક્ત થવા બંગલો, ઘરેણાં અને ગાડી વેચી નાંખવાની લાચારીથી પીડાય છે.

એકના હોઠ પર સ્મિતનાં સ્વસ્તિક રચાય છે અને બીજાની આંખ પર આંસુના તોરણ બંધાય છે.
કેટલાય ગાંધીનગરો, ગાંધીધામો અને ચંદીગઢો ધમધમતા થાય છે અને કેટલાય હીરોશીમા અને નાગાસાકી શહેરો કાળનાં ખપ્પરમાં હોમાય છે.
કોઈક સલ્તનત તૂટી પડે છે, અને કોઈ સત્તાનાં સિંહાસને આરુઢ થાય છે.
કેટલીય સૌભાગ્યવતી સ્ત્રીઓ માતા બને છે, કેટલીક માતાઓ વિધવા બને છે.
કો'ક રડમસ ચહેરે હોસ્પિટલમાં દરદી તરીકે દાખલ થાય છે અને, કોઈ ઉત્સાહ, હર્ષ અને આશા સાથે રોગમુક્ત બનીને હોસ્પિટલમાંથી પાછો

ફરે છે.

કોઈનાં મુખ પર વિજયનું સ્મિત છે, તો કોઈ પરાજયનો વિષાદ છુપાવવા મથે છે.

કોઈ નવો ડોક્ટર ઓપરેશન થિયેટરમાંથી પ્રથમ ઓપરેશન સફળતાપૂર્વક કરીને બહાર નીકળે છે. કોઈ વેપારી સીઝનનો પહેલો મોટો સોદો કરીને લાખ રૂપિયા કમાય છે. કોઈ સંયમી મુનિ મહાતપ આદરે છે અને કોઈ વૈરાગી નવયુવક સર્વસંગનો ત્યાગ કરી મહાભિનિષ્ક્રમણ કરે છે.

કોઈ કવિ નૂતન કાવ્યકૃતિ રચીને હરખાય છે.

કોઈ ચૂંટણીમાં જીતે છે, કોઈ વાદમાં પરાજય પામે છે.

વિરહ અને મિલનની,

ઉત્સાહ અને હતાશાની.

આનંદ અને વ્યથાની,

ઉત્પત્તિ અને વિનાશની.

કૈંક મધુર અને કરુણ કથાઓ કેલેન્ડરનાં નાનકડાં પાનાં પર આલેખાય છે.

અને આવા તો કેલેન્ડરનાં કેટલા'ય પત્તાં ખરી ગયા.

ડાયરીનાં થોકબંધ પાનાં ફરી ગયાં.

ઘડિયાળના કાંટાએ પણ અસંખ્ય યોજનોની મુસાફરી કરી દીધી.

સૂરજ અને ચંદાએ પણ ઉદય-અસ્તની સંતાકૂકડી ઘણી રમી લીધી.

કેટલી'ય ઘટનાઓ ક્ષણે ક્ષણે બનતી રહે છે.....તેમાંની કો'ક છાપાનાં પાને કે ડાયરીનાં પાને નોંધાય છે. કેટલીક તો નોંધાયા પહેલા જ કાળના થરોમાં દટાઈ જાય છે.

દુનિયાના ખૂણાઓમાં કેટલા'ય સ્મિત વિખરાય છે અને કૈંક આંસુ વેરાઈને સૂકાય છે.

ક્યાં'ય સહેજ પણ અટક્યા વિના કાળચક્ર અવિરતગતિએ ફર્યા જ

કરે છે.

કો'ક તે પળોમાં મીઠું ભાતું રાંધી લે છે.

કો'ક તે પળોમાં ભવ્ય ઈમારત ચણી લે છે.

કો'ક તે પળોમાં જંગ રૂડો ખેલી લે છે.

પણ.....કાળ કોઈની રાહ જોવા બેસતો નથી. તે કોઈના ખીલે બંધાતો નથી. તો કોઈની તિજોરીમાં પુરાતો નથી. તે કોઈનું આતિથ્ય માણવા રોકાતો નથી.

તે ચાલે છે, અને ચાલ્યા જ કરે છે, કારણ ચાલવું તે જ તેનો સ્વભાવ છે, તે અટક્યા વિના દોડ્યા કરે છે.....એટલે કો'ક મહાવીર ઊઠે છે અને સૂતેલાઓને ઊઠાડે છે. 'समयं मा पमायए'ની ઘોષણાથી ક્ષણોની ક્ષણભંગુરતાનો નાદ પોકારે છે.....પોકરી પોકારીને કહે છે-

કાળ એ તો વહેતી સરિતા છે, વહી જાય તે પહેલા નાહીને નિર્મળ થઈ જાઓ.

અવસરનાં કદી પુનરાગમન નથી હોતા.

આવ્યો ત્યારે જ તેને ઉમળકાથી વધાવી લ્યો.

તકને કોઈ ઠેસ વાગતી નથી, કે તે પડી જાય અને તમે તેને બાંધી લો.'

યુધિષ્ઠિર આ સંદેશને ભૂલી ગયા અને, તે મહાદાનેશ્વરીએ યાચકને આવતીકાલનો વાયદો આપ્યો, ત્યારે ભીમદેવે વિજયડંકો વગાડ્યો.

'જાગો, જાગો પ્રજાજનો, વિજયોત્સવ ઉજવો.....જયેષ્ઠ બંધુ યુધિષ્ઠિરે કાળ પર વિજય પ્રાપ્ત કર્યો છે.'

ભીમના ડંકાથી યુધિષ્ઠિર શરમિંદા નહિ, પણ સજાગ બન્યા.....અવસરને વહી જવા ન દીધો.....દાનનું સુકૃત તે જ પળે સાધી લીધું.

સમય અમૂલ્ય છે, કારણ સમય વહી જાય છે. સમય મહામૂલો છે, કારણ કે અનિત્ય છે. એક એક પળમાંથી સાધનાનું મહાઅમૃત ઘૂંટવાનું

છે. એક એક પળમાંથી પરમ શ્રેયનો મહાલય ચણવાનો છે. એક એક ક્ષણમાંથી આત્મોત્થાનનું મહાસંગીત છેડવાનું છે. જીવનની એક પળ પણ વ્યર્થ પસાર થઈ જાય તો યોગી ઝૂરે છે. કારણકે પ્રત્યેક પળની કિંમત કોહિનૂર હીરા કરતાં કે નિઝામનાં ઝવેરાત કરતાં વધુ છે, તે તે જાણે છે.

લોઢું બરાબર તપેલું હોય ત્યારે ઘા મારવામાં આવે તો તેનો યોગ્ય ઘાટ ઘડાય છે. મોડો પડનાર અવસર ચૂકે છે.

લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોં ધોવા જનારને વ્યવહાર મૂર્ખ ગણે છે. કારણ, આવેલો અવસર ક્ષણિક છે, તે વ્યવહારને માન્ય છે.

ડોક્ટર મોડા પડે તો ક્યારે'ક દરદી મૃત્યુ પણ પામે છે. ડોક્ટરની હોંશિયારી જેટલી કિંમતી છે તેટલી જ તેમની સમયસૂચકતા મહત્ત્વની છે.

ઘોડો ગમે તેટલો ચપળ હોય, રેસમાં જ તેની ચપળતાનું માપ નીકળે છે.

ક્રિકેટરની કારકિર્દી નેટ પ્રેકટીસના નહિ પણ ટેસ્ટમેચના પરફોર્મન્સને આધીન છે. સર્વત્ર અવસરનું જ મૂલ્ય છે. તે મૂલ્ય સમજાવવા જ આનંદઘનજી પણ ગાય છે.

*'બેર બેર નહિ આવે,*
*અવસર બેર બેર નહિ આવે.'*

લગ્નનાં ટાણે જ ખોળો પાથરીને રોવા બેસે અને કોઈના મરસિયા લેવાતા હોય ત્યાં જઈને લગ્ન ગાણાં ગાવા બેસે, તેણે અવસરને ઓળખ્યો નથી.

સૂર્ય ઊગે ત્યારે હજુ જે પથારીમાં આળોટે છે, તે ઊગતા સૂર્યના નમસ્કાર ચૂકે છે. કોઈ ઊંઘે છે કે જાગે છે, તેની સાથે સૂર્યોદયને કોઈ નિસ્બત નથી.

એક વર્ષ લગી દીક્ષાર્થી વર્ધમાન મૂશળધાર વરસી જાય ત્યારે ગાફેલ રહેવું અને પછી મોટી આશાઓ લઈને નિઃસંગી વર્ધમાનની પાછળ ભમ્યા

કરવું તેવી દ્વિજવૃત્તિ સર્વત્ર સફળ ન થાય.

બળતી મીણબત્તીમાંથી મીણ પીગળ્યા કરે તેમ સમય સરકી રહ્યો છે. હાથની અંજલિમાંથી સરી પડતા જળની જેમ કાળ પસાર થઈ રહ્યો છે, તેથી જ વસ્તુપાલ વ્યથિત છે.

लोक: पृच्छति मे वार्तां शरीरे कुशलं तव।

कुत: कुशलमस्माकमायुर्याति दिने दिने।।

પણ જેને વસ્તુપાલની આ વ્યથા અડતી નથી, તે તો સમય પસાર કરવા ચેસ, કેરમ, ગંજીફાની રમતોમાં રચ્યો પચ્યો રહે છે. ગામના ચોરે કે સિનેમાનાં થિયેટરમાં તેની જીંદગીનો ઘણો કાળ પસાર થઈ જાય છે. ટી.વી. મુવી અને મોબાઈલની ગટરમાં મહામૂલા કાળને તે પધરાવી દે છે. પ્રમાદના જંગી કતલખાનામાં ક્ષણોની કેટલીય બકરીઓની કરપીણ હત્યા થઈ જાય છે.

અવસરની અનિત્યતાની જાણ સૌને હોવી ઘટે છે. મેહૂલો વરસે ત્યારે જે ખેડૂત હોકો પીતો બેસી રહે છે તેને લાણણીની સીઝન આવે ત્યારે મૃગજળ પણ કદાચ પીવા ન મળે. સાંભળ્યું છે કે જાપાનીઝ લોકો વર્ષગાંઠના દિવસે હર્ષોલ્લાસ વ્યક્ત કરવાને બદલે શોક વ્યક્ત કરે છે, કારણકે અમૂલ્ય જીવનમાંથી એક વર્ષ ઓછું થયાની વ્યથા તેઓ અનુભવતા હોય છે. અવસરનું મૂલ્ય જાણ્યા પછી આવી વ્યથા ઉપજે છે.

ઉદયાચલ પર્વત પરથી સૂર્યનારાયણ ડોકિયું કરી રહ્યા છે, ત્યારે હનુમાનજી મેરુગિરિ પર યાત્રાર્થે જઈ રહ્યા હતા. યાત્રા કરીને પાછા ફરતા હતા, તેટલામાં તો પશ્ચિમમાં ઢળીને જગતને આખરી અલવિદા આપી રહેલા સૂર્યના રાતા ગોળામાં, વિરાટ આકાશમાં પૂર્વથી પશ્ચિમની લાંબી મજલ કાપ્યાનો થાક વરતાતો હતો. ‘બાલ સૂર્યની સવારે જોયેલી તે લાલિમા ક્યાં અને ઢળતા સૂર્યની આ રાતી ફિક્કાશ ક્યાં ? દર્શન કરીને પાછો ફરું આટલીવારમાં સૂર્યને અસ્ત થવાનો વારો આવ્યો? મારું જીવન પણ આટલું

જ જલદી આથમી જશે, હું હજુ ક્યાં પોઢયા કરું?'' અને આ વિચારના ક્યારામાં વૈરાગ્યબીજ પાંગર્યું, ફૂલ્યું અને ફાલ્યું.

પલટાતી ઋતુઓ, બદલાતા મહિના, ઉષા અને સંધ્યાની સંતાકૂકડી અને અવિરતગતિએ ચાલતો ઘડિયાળનો કાંટો.....આ બધું સાદ પાડીને અવસરની અનિત્યતાનો પોકાર કરે છે. તે પોકાર કો'કના કાનમાં પેસીને હૃદયને ભેદે છે, અને ઘણાના તો કાને અથડાઈને જ પાછો ફરે છે.

મંદિરમાં આરતીના ઘંટારવ ચાલુ થઈ ગયા હતા, ગાય ભેંસના ધણ સીમમાંથી પાછા ફરી ગયા હતા, પક્ષીઓ પણ માળામાં સંતાઈ ગયા હતા, ખેડૂતના સૂકાતા પરસેવામાં દિવસનો થાક ઓસરતો હતો. પણ હજુ ઘરમાં અંધારું જ હતું. તેથી દિકરીએ પિતાજીને પૂછ્યું ''પિતાજી સંધ્યાટાણું થઈ ગયું છે, હજુ દીવો પેટાવ્યો નથી ?'' દિકરીના આ સાદા સરળ પ્રશ્નમાંથી રેલાતું અવસરની અનિત્યતાનું દિવ્ય સંગીત પિતાના કાનમાં થઈને હૃદયને અડ્યું અને પિતાનાં ભક્ત હૃદયની નાજુક દિવાલોમાં તે સંગીતે જાદુઈ કરામતો કરી.

ગૃહાસ્થાશ્રમના બધાય સ્વાંગને ફગાવીને તે જાગૃત આત્મા અવધૂત બનવા ચાલી નીકળ્યો. ''જીવનની સંધ્યા આવી ઊભી અને હજુ વૈરાગ્યનો દિપક મેં પ્રગટાવ્યો નથી !'' તે વ્યથામાંથી આત્મભાનનો મહાપ્રકાશ પથરાયો, જેણે સ્વને અને અનેકને રાહ સૂઝાડ્યો.

અને, પક્ષી જગતની એક નાનકડી વાર્તા ઘણું કહી જાય છે. ચકલીએ સંતાનને જન્મ આપ્યો. બચ્ચાનું નામ પાડવાના ઉત્સવમાં તેણે બધા પક્ષીઓને આમંત્રણ આપ્યું. ગોકળગાયને પણ તેણે નોંતરી અને ખાસ કહ્યું ''હવે તમે તો કાયમ ધીમે જ ચાલો છો. આજે જરા ઝડપથી ચાલજો. નામ પાડવાના અવસરે સમયસર હાજર થઈ જજો.....તમારા સ્વભાવ મુજબ મોડા ન પડતા.' ગોકળગાયને થયું કે, આ મને મ્હેણું મારે છે, પણ આજે તેને બતાવી આપું અને ખૂબ ઝડપથી ચાલવા લાગી.

હાંફ ચડ્યો અને થાક લાગ્યો, પણ ઝડપ ન ઘટી અને ચકલીના માળા પાસે પહોંચી ત્યારે આનંદકિલ્લોલથી પક્ષીઓ નાચગાન કરી રહ્યા હતા. *તેણે રાહતનો દમ ખેંચ્યો "હાશ, સમયસર પહોંચી ગઈ."* અને ઉત્સવમાં હાજર થઈને તેણે વધામણી આપી. 'ચકલીબેન ! તમારા બચ્ચાના નામકરણ ઉત્સવમાં હું સમયસર પહોંચી ગઈ ને ?'' ત્યારે, બધા પક્ષીઓ ખડખડાટ હસી પડ્યા. ચકલીબેને ફોડ પાડ્યો "હા તમે મારા બચ્ચાના લગ્નોત્સવમાં સમયસર આવી ગયા છો."

# પર્યાય પરિવર્તનશીલ

કાળપુરુષનો જાદુ વિશ્વની તમામ વ્યક્તિ અને વસ્તુ પર સમાનપણે અસર કરી રહ્યો છે. પ્રત્યેક પદાર્થને અવસ્થાઓની આંટીઘૂંટીઓમાંથી પસાર થવું પડે છે. પર્યાયની પીંછી હર કોઈ પર પળે પળે ફર્યા કરે છે ને કેલીડોસ્કોપ સહેજ ફરે અને ડિઝાઈન બદલાય તેમ નવી નવી અવસ્થાઓ ચીતરાતી જાય છે. કોઈ અવસ્થા અવસ્થિત રહેતી નથી. કાળપુરુષનો જાદુ અટકતો નથી. નૂતન હતું તે જીર્ણ બની જાય છે. લઘુ હતો તે જ્યેષ્ઠ બને છે. સૂક્ષ્મ હતું તે સ્થૂલ બને છે. મોહક હતું તે મ્લાન બને છે. તંદુરસ્ત હતો તે ગ્લાન બને છે. પણ આ બધી જાદુની જાળમાં મુગ્ધ બનીને જીવો ફસાયા કરે છે.

નવજાત શિશુ ધીમે ધીમે માનો ખોળો છોડી જાતે દૂધ પીતું થાય છે. ઘોડિયાનો ઘૂઘરો છોડી તે રમકડાં પકડે છે. ધીમે ધીમે શૈશવની સુકુમારતા પ્રસરીને વીખરાવા લાગે છે. સ્લેટ, પેન કે બોલ, બેટ તેની કિશોરાવસ્થાનો પરિચય આપે છે. બાલસહજ ચપળતા પછી અદશ્ય થતી જાય છે અને યૌવનનો તરવરાટ રોમ રોમમાં ફૂટી નીકળે છે. આંખોમાં તોફાન અને દિલમાં અરમાનો જન્મ લે છે. તે ઊગેલા અરમાનો પૂર્ણતાને વરે તે પહેલા તો થાક અને સુસ્તી સાથે દેહમાં પ્રૌઢતા પ્રવેશ કરી લે છે.

કુટુંબની કારમી ચિંતાઓ ધોળા વાળમાં ડોકિયું કરવા લાગે છે. નિવૃત્તિની વય પર પહોંચતા જેમ ઓફિસના કારભારીઓ એક પછી એક નિવૃત્ત થતા જાય તેમ મુખમાંથી દાંત ખરતા જાય છે. કાળપુરુષ એક પીંછી ફેરવીને મુખ પર કરચલીઓ ચીતરે છે. કમર હવે નમવાનું શીખે છે અને આખરે પ્રસૂતિગૃહથી પ્રારંભ પામેલી જીવનયાત્રા સ્મશાનગૃહમાં સમાપ્તિ પામે છે, પંચભૂતનો પિંડ રાખની ઢગલીમાં પરિણામ પામે છે. શૈશવ,

યૌવન અને બુઢાપો એ બધી કાળપુરુષે દોરેલી વિવિધ આકૃતિઓ છે.

ખેતરના કાલામાંથી નીકળતાં કપાસનાં પુમડાંને જોઈને કલ્પના પણ ન આવે કે આવા કેટલા'ય કપાસનાં પુમડાઓ પર જીનીંગ, સ્પિનીંગ, વિવીંગ, ડાઈંગ, પ્રિન્ટીંગ, સ્ટિચીંગ, ડ્રાયકલીનીંગ અને આયર્નીંગ જેવી કેટલીય પ્રક્રિયાઓ બાદ તેમાંથી મનોહર સૂટ તૈયાર થાય છે. એક બે મેરેજ પાર્ટીમાં કે એક બે પિકનિક પાર્ટીમાં તે સૂટ મોભાનું સ્થાન પ્રાપ્ત કરે છે. અણમાનીતી રાણીની જેમ ધીમે ધીમે તેનું સ્થાન નીચે ઊતરે છે. પછી તો કબાટમાં લટકવા તેને એક હેંગર પણ મળતું નથી અને પછી તો ૫,૦૦૦ રૂપિયાની કિંમતના એ સૂટનો એક સ્ટીલની નાની તપેલીનાં બદલામાં સોદો થઈ જાય છે. અથવા તો મેરેજ પાર્ટીના ભોજન સમારંભના તપેલા ઊંચકવાના મસોતાની અવસ્થા એ મેરેજસૂટ પામે છે.

મુંબઈની કોઈ પ્લાસ્ટીક કંપનીમાં બનેલું એક પ્લાસ્ટીક બાસ્કેટ કોઈ ઓફિસમાં સ્ટેશનરી કન્ટેઈનર તરીકે મેનેજરના ટેબલ પર સ્થાન પામે છે. દિવસો જતાં તેનો કલર ઝાંખો પડે છે અને તે બાસ્કેટની મેનેજરના ટેબલ પરથી હકાલપટ્ટી થાય છે અને એ જ ઓફિસના એક ખૂણામાં 'ડસ્ટબીન'ની અપમાનિત દશા તે પામે છે, જેમાં ઓફિસના કલાર્ક પિચકારીઓ કરે છે. કોઈ શાળાનો વિદ્યાર્થી પરીક્ષામાં પૂછાયેલાં ''કચરાપેટીની આત્મકથા' નિબંધમાં થોડા માર્કના લોભથી તે કચરાપેટીની વ્યથાને વાચા આપવાનો થોડો પ્રયત્ન કરે છે. બાકી તેમાં કોને રસ હોય ?''

લીઝ, ઓનરશીપડીડ, દસ્તાવેજો, એન.ઓ.સી આદિ અને કાયદાની ગૂંચોમાં ગૂંચવાઈને બિલ્ડર, કોન્ટ્રેકટર, આર્કિટેકટ, એન્જીનીયર અને એજન્ટ આદિ અનેક વ્યક્તિઓની કુશળતાની નીપજ રૂપે એક આલિશાન બંગલો તૈયાર થાય છે. પ્લાસ્ટર ઓફ પેરિસની સોહામણી છત, મનોહર ગાલીચા અને આકર્ષક ફર્નીચર સાથેનો મોહક બંગલો થોડા વર્ષો ખૂબ શોભે છે. ધીમે ધીમે બંગલાનો રંગ ઝાંખો પડે છે. અને ડિઝાઈન આઉટ ઓફ ડેટ બને છે. પછી તો તેમાં તીરાડો પડે છે. રીપેરર અને પ્લમ્બરને વારંવાર બોલાવવા પડે છે. છેવટે તે બંગલો ભાડે અપાય છે. કાળનાં કુઠારઘાત

ચાલુ જ રહે છે અને છેવટે એક વખતનો એ મનોહર બંગલો ઈંટ-મટોડાનું ખંડિયેર બને છે, જેની દિવાલોનાં ઓઠા પાછળ ગામના લોકો સંડાસ જાય છે.

ગાયના પેટમાં ૪-૬ કલાકમાં શું રાસાયણિક પ્રક્રિયાઓ થતી હશે કે જંગલનું ઘાસ લીટરબંધ સફેદ દૂધમાં રૂપાંતર પામે છે, અને તે જ દૂધનું દહીં બને છે, દહીંનું માખણ બને છે, માખણનું ઘી થાય છે, ઘીમાંથી મીઠાઈ બને છે, કોઈના લગ્નના જમણવારની શાન રાખીને થોડા જ કલાકોમાં તે મીઠાઈ દુર્ગંધ મારતી વિષ્ઠામાં પરિણામ પામે છે. આજે લોકોના બંગલામાં રસોડાની બાજુમાં જ સંડાસ હોય છે. તેથી રસોડામાં ઉતરતા ગરમાગરમ ભજીયાના ૨-૪ કલાક પછી શું અંજામ થશે, તે બાજુનું બારણું ખોલીને જ જાણી શકે છે.

ફિલિપ્સની ફેક્ટરીમાં બનેલો બલ્બ કો'ક અંધારી ઓરડીમાં દિવસો, મહિના કે વર્ષો સુધી પ્રકાશ પાથરીને આખરે પતંગની દોરીને માંજવાની લુગદીમાં મિશ્રિત થાય છે.

સિગરેટ ફોર સ્કેવર હોય કે નેવી બ્લ્યૂની, તેના ઠૂંઠા માટે કોઈ કંપનીના મનોહર બોકસ હોતા નથી. એશ-ટ્રે માં જ તેને સ્થાન મળે છે.

જાપાનનાં ગોગલ્સ કે યુ.એસ.નું થર્મોમીટર પણ તૂટ્યા પછી તો ઉકરડાને જ મુબારક થાય છે. તેને ફેંકવા જાપાનનો કે યુ.એસ.એ.નો જ ઉકરડો જોઈએ તેવું જરૂરી નથી.

બ્રિટાનીયાની બ્રેડ પહેલા માણસની ભૂખ ભાંગે છે અને ૪-૬ કલાક બાદ ભૂંડની ભૂખ ભાંગવાને યોગ્ય બને છે.

આ પુદ્ગલના પલટાતા પર્યાયોનાં દર્શનથી આત્મભૂમિમાં વૈરાગ્યના બીજારોપણ માટે 'પ્રભાતે મલદર્શનમ્'નો કિમીયો વિનોબાજી બતાવે છે. સવારે વહેલા ઊઠીને સંડાસમાં પોતાના મળનું દર્શન કરીને વિચારો કે ગઈકાલે તપેલામાં જે મઘમઘાયમાન દૂધપાક હતો, તેની જ આ એક અવસ્થા છે..... સુંગધ દુર્ગંધમાં રૂપાંતર પામી છે. જેને જોઈને મુખમાં

પાણી છૂટતું, તેને જોઈને હવે જુગુપ્સા થાય છે. પુદ્ગલે તેનો સ્વભાવ બજાવ્યો, તેને જોઈને હવે હું મારો સ્વભાવ શું કામ છોડું ? રાગદ્વેષના તોફાનોમાં નાહક હું શું કામ કૂટાઈ મરું ? આ વિચારણા કરવાનું વિનોબાજી સૂચવે છે.

પણ વસ્તુમાત્રની પરિવર્તનશીલ અવસ્થાઓને જાણ્યા પછી પણ જીવ રાગ દ્વેષને રોકી શકતો નથી. પલટાતી અવસ્થાઓને પેખીને તેનાં મુખની રેખાઓ પણ પલટાય છે. બોરીવલીથી ચર્ચગેટની ટ્રેનમાં બેઠેલો મુસાફર પાર્લેની ફેક્ટરી પાસેથી ટ્રેન પસાર થતાં તેની સુગંધથી પ્રફુલ્લિત બને છે અને ટ્રેન વાંદરાની ખાડી પાસે આવે છે ત્યારે તે જ મુસાફર મોં મચકોડે છે. માનવીનું એક વેંતનું મુખમંડલ પુદ્ગલના પલટાતા પર્યાયોના પ્રતિબિંબ ઝીલતો અરીસો બની જાય છે.

રાજા તથા અનેક કારભારીઓ સાથે નગરમાં સુબુદ્ધિમંત્રી ફરવા નીકળ્યા હતા. રસ્તામાં એક ગટરમાંથી નીકળતી દુર્ગંધથી રાજા અને કારભારીઓએ ખૂબ ત્રાસ અનુભવ્યો. તેમનાં મુખમંડલ પર જુગુપ્સાની વિવિધ રેખાઓ પ્રસાર પામી. નાક સહુએ દબાવી દીધું. પણ તે ભયાનક દુર્ગંધની કોઈ અસર સુબુદ્ધિમંત્રીનાં મુખ પર ન થઈ. એથી આશ્ચર્યમુગ્ધ બનેલા સહુએ મંત્રીના સમભાવને ઉપહાસનું કેન્દ્ર બનાવ્યો. ત્યારે મંત્રીશ્વર બોલ્યા, ''મઘમઘતા અત્તર સૂંઘીને ખુશ શું થવાનું અને આ બદબોથી નાખુશ શું થવું ? તે સહુ પુદ્ગલના ખેલ છે.'' મંત્રીનું આ ઊંડું તત્ત્વજ્ઞાન બાહ્ય ભાનની જ ક્ષુદ્ર સપાટી પર રાચતા રાજાને ન સમજાયું. તત્કાલ તો વાત એટલેથી જ અટકી.

ઘણાં દિવસો બાદ ભોજન સમારંભ યોજીને મંત્રીશ્વરે રાજા તથા કારભારીઓને આમંત્રણ આપ્યું. બત્રીસ પકવાન, તેંત્રીશ શાક અને પાંત્રીસ ફરસાણના એ થાળ જોઈને સહુ મુગ્ધ બન્યા. અનેક ઠંડા પીણાઓએ સહુને પ્રસન્ન કર્યા. પણ આજના સમારંભની સર્વ શ્રેષ્ઠ વાનગી કઈ ? તે પ્રશ્નના પ્રત્યુત્તર રૂપે સહુના મનમાં સર્વાનુમતે એક જ વાનગી ખૂબ જચી હતી. તે કોઈ પકવાન નહોતું, તે કોઈ ફરસાણ કે શાક નહોતું,

તે કોઈ ઠંડું પીણું કે મુખવાસ પણ નહોતું, પણ સૌના મનમાં સમારંભની શ્રેષ્ઠ વાનગી હતી ઠંડું, મીઠું, સુગંધપૂર્ણ પાણી. અને રાજાથી પૂછ્યા વગર ન રહેવાયું.'' ''મંત્રીશ્વર, એક એક ચઢિયાતી વાનગી પીરસીને તમે રંગ રાખ્યો. પણ, આ મીઠું, સુગંધી લહેજતદાર પાણી તો ખૂબ ગમ્યું. તે આ નગરના ક્યા કૂવાનું છે ? કે પછી બહારગામથી આણાવ્યું હતું?''
''રાજન્ ! પાણી સાથે કામ છે ને ? કૂવાથી આપને શું મતલબ છે?''
''આ પાણી ચાખ્યા પછી તેનું ઉત્પત્તિસ્થાન જાણ્યા વિના ચેન નહિ પડે.''
''પણ રાજન્ ! તે પાણીનું પ્રાપ્તિસ્થાન કહેતાં પહેલાં આપશ્રી તરફથી હું નિર્ભયતાનું વચન માંગું છું.''
''અરે મંત્રીશ્વર, નિર્ભયતાના વચનની વાત કરો છો ? તે પાણીનું પ્રાપ્તિસ્થાન જાણ્યા પછી હું તમને બક્ષિસો આપીશ, કારણ કે આ પાણીથી હું ખૂબ તુષ્ટ થયો છું.''

''તો ક્ષમા કરજો રાજન્ ! આ કોઈ કૂવા, વાવ કે નદીનું પાણી નથી અથવા કોઈ ગામ કે નગરમાંથી આણેલું નથી. પણ આજથી કેટલાક દિવસો પહેલાં આપણે એક ગટર પાસેથી પસાર થતા હતા.....તે ગટરના પાણીમાંથી ભયાનક દુર્ગંધ પ્રસરતી હતી. તે દુર્ગંધ આપને બેચેન બનાવ્યા અને પુદ્ગલના ખેલનાં તત્ત્વજ્ઞાનથી હું એક જ ચેનમાં રહ્યો. તે જ ગટરના પાણી પર શુદ્ધીકરણની અનેક પ્રક્રિયા કરીને મેં તેને મીઠું, સુગંધપૂર્ણ અને શીતલ બનાવ્યું છે. આ પાણી પણ મને રાગાંધ બનાવી શકતું નથી. કારણ કે તે પણ પુદ્ગલનો જ ખેલ છે તે હું જાણું છું.''

જે પાણી જોઈને થૂંકવાનું મન થતું, નાક બંધ કરવાનું મન થતું અને ખૂબ જુગુપ્સા થતી તે જ પાણી ઘૂંટડા ભરીને આનંદથી પીધા કરવાનું મન થાય છે, તે અજ્ઞાન દશા છે. તે બન્ને પુદ્ગલની બે વિરોધી અવસ્થાઓ છે તેમ જાણનારો જ્ઞાની બન્ને અવસ્થામાં ચિત્તને સમભાવમાં રાખી શકે છે.

ટંકશાળમાંથી તાજી છપાઈને બહાર પડતી સો રૂપિયાની કરન્સી નોટ તિજોરી, ગલ્લો, બેન્ક અને બજારમાં ખૂબ ફરીને આખરે ફાટેલી

નોટોના વેપારી પાસે ૬૦ કે ૬૫ ટકા કિંમતમાં વેચાય છે. તેની આ વિવિધ અવસ્થાઓ જોઈને જ્ઞાનીના મનમાં કોઈ અકળામણ થતી નથી.

રાજા અને રાણી ઝરૂખામાં બેઠા હતા. રાજાના માથા પરથી એક સફેદ વાળ તોડીને રાણીએ રાજાના હાથમાં આપ્યો. તુરંત રાજા સફાળો બેઠો થયો. ''અને આ સફેદવાળ એટલે યમનો દૂત. યમનો દૂત આંગણામાં આવી પહોંચ્યો અને હું મોહનિંદ્રામાં ઘોર્યા કરૂં છું.'' શીઘ્ર જાગૃત થઈને રાજાએ સંન્યાસ સ્વીકાર્યો. પણ મોહદશામાં રાચતો માનવી પુદ્‌ગલની અવસ્થાઓમાં પરિવર્તન જોઈને બેચેન અને વ્યથિત બની જાય છે.

વિદેશની એક અભિનેત્રી નિત્યક્રમ મુજબ આયના સામે ઊભી રહીને શૃંગાર સજી રહી હતી, તેણે પોતાનાં મુખ પર એક કરચલી જોઈ રાગવિલાસના બંદર જેવું યૌવન હવે તેને વિદાયની છેલ્લી અલવિદા આપી રહ્યું હતું, પણ મોહઘેલી તે નારી અલવિદાના આઘાતને જીરવી ન શકી. તત્ક્ષણે આત્મહત્યાના ગોઝારા પાપથી તેણે આત્માને કલંકિત કર્યો. અવસ્થાની અનિત્યતાને ભાળતા રાજા ધોળા વાળથી જાગૃત થઈ ગયો અને કુદરતના ક્રમાનુસાર પડેલી દેહ પરની કરચલીએ અભિનેત્રીને વિહ્વલ બનાવી.

પીપળના પાન પર ફૂટેલી લીલા મનોહર કુંપળ સૂકા-પીળા પાંદડાને ખરી પડતા જોઈને હસે છે ત્યારે તે ખરતા પાન ''ધીરી બાપુડિયા'' કહીને પોતાના દીર્ઘ અનુભવથી એક શાણી શિખામણ તે કૂંપળને આપે છે.

*''પીપળ પાન ખરંતા દેખી હસતી કૂંપળીયા*
*અમ વીતી તુમ વીતશે ધીરી બાપુડિયાં.''*

પણ, સર્વત્ર દેખાય છે કે, ખરતા પાનની આવી માર્મિક અનુભવવાણીને માત્ર ઉપદેશવચનોના શો-કેસમાં જ ગોઠવી રાખવાની બધાને આદત હોય છે. તે પોતાને ખરી પડવાનો કાળ આવે છે. ત્યારે હસતી નવી કૂંપળોને સંભાળાવવા સિવાય આવી શાણી શિખામણોનો કોણ ઉપયોગ કરે છે ?

પરમાત્માના ધ્યાન માટે અરિહંતનું પિંડસ્થ, પદસ્થ, અને રૂપાતીત

એ ત્રણ અવસ્થાનું ચિંતન શાસ્ત્રોમાં દર્શાવ્યું છે. તેમ વૈરાગ્યની દઢતા માટે પોતાની ત્રણ અવસ્થાનું ચિંતન પણ ખૂબ ઉપયોગી જણાય છે. શૈશવની ક્રીડાઓ, યૌવનની મહેચ્છાઓ અને ભાવિ વૃદ્ધત્વની પરાધીનદશાને નિત્ય પ્રત્યેક વ્યક્તિએ નજર સમક્ષ લાવવી જોઈએ. તો કાળના પ્રવાહમાં જીવનની અમૂલ્ય શક્તિઓનો અને કિંમતી પળોનો કેવો મબલખ ફાલ ઘસડાઈ રહ્યો છે, તેનો ખ્યાલ આવે. મુવીનાં મનોહર દશ્ય જેવું શૈશવ કે વીજળીના ઝબૂકા જેવું યૌવન પસાર કરીને જીવનનું નાવડું લાચાર વાર્ધક્યના ઉજ્જડ આંગણામાં આવેલું કલ્પનાની દષ્ટિથી જે રોજ નિહાળે, તેનું યૌવન માત્ર ભૌતિક સુખોની અંજામણોમાં ધરબાઈ ન જાય, તેનું યૌવન અનાચારો, અત્યાચારો અને ભ્રષ્ટાચારોના કાદવ છાંટાણાઓથી ખરડાઈ ન જાય. નાની રાતમાં વેશ ઘણા ભજવવાના હોય ત્યાં ઈન્ટરવલ ઝાઝા ન હોય. યૌવનકાળની ચપળતા વર્તાવ્યા પછી યૌવનને આંખ ઉગે છે, પાંખ તો હતી જ, પણ દષ્ટિના અભાવે પછડાટો અને અકસ્માતો સર્જાતા હતા. હવે એક દિશા સાંપડે છે, રાહ સૂઝે છે. પ્રકાશ પથરાય છે.

અને જે કાંઈ વસ્તુ કે વ્યક્તિ રાગ કે દ્વેષના નિમિત્તો લઈને ઉપસ્થિત થાય, તેનાથી બચવા તેની ભૂત, વર્તમાન અને ભવિષ્ય અવસ્થાને વિચારતા મન સ્વસ્થ રહે છે. રાગની આગમાં ભડથું કરનારી મનોહર વસ્તુની ભાવિ બેહાલ દશા નજરમાં લાવે તેને વસ્તુની આકર્ષકતા શું કરી શકવાની ?

અને, આ અવસ્થા ચિંતનની દષ્ટિ જે ખીલવે છે, તેને મમત્વના કેટલા'ય બંધનોમાંથી મુક્તિ મળે છે.

રોજ સવારમાં દોડધામ કરીને તાજા સમાચારોનાં પોટલા જેવા જે વર્તમાનપત્રોને ફેરિયો ઘરમાં ફેંકી જાય છે, તેને જાગૃત આત્મા આવતીકાલની પસ્તી તરીકે જુએ છે કે જેના ટુકડાઓમાં કંદોઈ ગ્રાહકોને ગાંઠીયા અને પાપડી બાંધી આપવાનો છે.

ધમધમતા મોટા શહેરમાં તેને તો દટાયેલું નગર જ દેખાય છે કે જેના પુરાતન અવશેષોનાં પરીક્ષણથી કરેલાં અનુમાનો પરથી પુરાતત્વવેત્તાઓ થોકબંધ અધકચરી ઐતિહાસિક વિગતોના બુલેટિન પ્રકાશિત કરવાના છે.

સોહામણા સ્ટીલ સેટમાં તેને તો નર્યો ભંગાર દેખાય છે. મનોહર

મખમલના ગાલીચામાં તેને તો ચીંથરાના જ દર્શન થાય છે. શીતલ માટીના ઘડાને તે તો ફક્ત ઠીકરા તરીકે જુએ છે. સુગંધી અત્તરની બાટલીમાં તેને દુર્ગંધ છોડતો પરસેવો વરતાય છે.

વિરાટ ઘટાદાર વૃક્ષને તે ઠૂંઠા તરીકે જાણે છે. અને વસ્તુ માત્રના વાસ્તવિક દર્શનના યોગથી તેના દિલમાં સદાય વૈરાગ્યના રંગોનું મનોહર મેઘધનુષ આલેખાતું રહે છે. ઈન્દ્રિયના ક્ષુદ્ર વિષયો તરફ કાયમ માટે તે પીઠ કરી દે છે.

કુમાર ગૌતમ રથ પર આરુઢ થઈને નગરમાં ફરવા નીકળ્યા. માર્ગમાં વેદનાથી ભયાનક આક્રંદ કરતા એક વ્યાધિગ્રસ્ત માનવીને જોઈને એ આશ્ચર્ય પામ્યા. સારથિને કુમારે પૂછ્યું "આ કોણ આદમી છે ? કારમો વલોપાત શાને કરે છે?"

"કુમાર, માનવીની કાયા એ તો રોગનું ધામ છે. જ્યારે કોઈ વ્યાધિ પોત પ્રકાશીને પ્રગટ થાય છે ત્યારે ભયાનક વેદના કાયામાં ઉત્પન્ન થાય છે. સફરજન કે ટમેટું જેમ સડી જાય, તેમ આ દેહ પણ વ્યાધિગ્રસ્ત બને ત્યારે સડી જાય છે. કુમાર, આ વ્યાધિગ્રસ્ત આદમીને જોઈ નવાઈ પામવા જેવું કાંઈ નથી. શરીરે તેનો સ્વભાવ બજાવ્યો છે. કાયાની આ એક અવસ્થા છે."

વ્યાધિની વેદનાની વેધક વાત સાંભળીને કુમાર ડઘાઈ જ ગયો. રથ આગળ ચાલ્યો. રસ્તામાં એક માણસ લાકડીના ટેકે ધીમે ધીમે કંપતો કંપતો ચાલતો હતો, તેની કમર વળી ગઈ હતી, દાંત પડી ગયા હતા. મુખ પર તો ખેડેલી જમીનની જેમ નરી કરચલીઓ જ દેખાતી હતી, અને ચામડી લચી પડી હતી.

કુમારનાં મુખમાંથી તુરંત જ પ્રશ્નનો ફણગો ફૂટ્યો "આ વ્યક્તિ કોણ છે ? તેની આવી અવસ્થા કેમ થઈ ?" સારથિએ કહ્યું "આને જોઈને આશ્ચર્ય પામવા જેવું કાંઈ નથી. જેમ સવાર પછી બપોર અને સાંજ થાય, જેમ ચોમાસા પછી શિયાળો અને શિયાળા પછી ઉનાળો થાય, જેમ વસંત પછી કાળક્રમે પાનખર આવ્યા જ કરે તેમ શૈશવ પછી યૌવન અને યૌવન પછી વૃદ્ધત્વ આવે છે. આ વ્યક્તિના દેહ પર વૃદ્ધત્વનું

આગમન થઈ ગયું છે. પ્રત્યેક વ્યક્તિનો દેહ આ અવસ્થાનો ભોગ બનવાનો જ છે. તેમાં આશ્ચર્યકારી શું છે.''

પહેલા દશ્યના દર્શનથી અંતરમાં ઊઠેલા તરંગોને આ દશ્ય જોયા બાદ વધુ વેગ મળ્યો. મુખ પર ઘેરી ગંભીરતા છવાઈ ગઈ. મારા દેહ પર પથરાયેલી યૌવનની લીલા એક દિન શું કરમાઈ જશે ? ઉત્સાહ અને મહેચ્છાઓથી છલકાતું આ દિલ વૃદ્ધાવસ્થાની અપાર લાચારીઓથી લચી પડશે ? તરંગો અને તોફાનથી ભરેલી આંખોને એક દિન પળિયા બાઝી પડશે ? આ બે દશ્યોથી અંતરની વીણામાંથી વિરાગનું મધુર ગાન પ્રગટ્યું.

હજુ રથ થોડો આગળ ચાલ્યો ત્યારે એક નવા દશ્યે નવો પ્રશ્ન ઉગાડ્યો ''સારથિ, આ કોઈ માણસને આમ મુશ્કેટાટ બાંધીને ચાર માણસો ઊંચકીને ક્યાં લઈ જઈ રહ્યા છે ? અને પાછળ બધા લોકો કારમો આક્રંદ કેમ કરી રહ્યા છે ?''

''કુમાર, જેમ તેલ ખૂટી જતા દિપક ઓલવાઈ જાય છે, સાંજ પડતા ફૂલ જેમ કરમાઈ જાય છે, તેમ આયુષ્ય પૂર્ણ થતા આ નશ્વર કાયાને છોડીને હંસલો ક્યાંક ચાલ્યો જાય છે. આ સ્થિતિને મૃત્યુ કહેવાય છે. મૃતદેહને આંખ હોવા છતાં દર્શન નથી, કાન હોવા છતાં શ્રવણ નથી, નાક હોવા છતાં ગંધ નથી, જીભ હોવા છતાં સ્વાદ અને વાચા નથી, અને ચામડી હોવા છતાં સ્પર્શ નથી. થોડા કલાકોમાં તો આ મૃતદેહમાંથી ભયાનક દુર્ગંધ નીકળશે એટલે તે પહેલાં જ આ તેના સ્વજનો સ્મશાનમાં જઈને તે મડદાને બાળી નાંખશે. કંચનવર્ણી મનોહર કાયા રાખની ઢગલીમાં રૂપાંતર પામી જશે. આ મૃત્યુ એ તો પ્રત્યેક જીવંત વ્યક્તિનાં આંગણાનો અનિવાર્ય અતિથિ છે.''

પૂર્વના બે દશ્યોથી પ્રગટેલું વિરાગનું ગાન વધુ ઘેરૂં બન્યું. મૃત્યુના વિચાર માત્રથી કુમાર ધ્રુજી ઊઠ્યો. અંતરના ઊંડાણમાં મહાભયાનક ઉથલપાથલ મચી ગઈ. અનિત્યતાના આ કોચલામાંથી છટકવા આતમરામ થનગની રહ્યો. વિનશ્વરદાતાના પીંજરામાંથી છૂટવા આતમપંછી તલસી રહ્યું. અને આ વિરાગની મસ્તીએ આત્માના પ્રદેશોમાં અપાર પરાક્રમ રેડ્યું. રાત્રીના સમયે શયનખંડમાં સૂતેલી પત્ની યશોદા અને પુત્ર રાહુલને સૂતા મુકીને સર્વસંગને શિવનિર્માલ્ય જાણીને કુમાર ગૌતમે મહાભિનિષ્ક્રમણ કર્યું. અવસ્થા

માત્રની અનિત્યતા દેખીને કુમાર ડઘાઈ ગયો. પણ તે વેદનામાંથી'ય વૈરાગ્ય પ્રગટ્યો, જેણે નિત્યની ભાળ કાઢવા આત્માને જગાડ્યો, જેણે શાશ્વતની ભૂખ આત્મામાં ઊભી કરી.

પણ આવા તો કૈંક કુમાર ઊંઘમાંથી જાગીને ચાલી નીકળ્યા, સૂતેલાને ઊંઘ જ પ્યારી લાગી, સૂતેલા તો ઊંઘમાં જ રહ્યા. પણ તેથી જે અનિત્ય છે તે કાયમ ટકવાનું નથી. જે વિનશ્વર છે, તે શાશ્વત બનતું નથી. લોઢું કટાઈ જાય છે, અનાજ સડી જાય છે, કપડું કોહવાઈ જાય છે. એલોપથી ડ્રગ્સ એક્સપાયર થઈ જાય છે, વસાણાં ગંધાઈ જાય છે, ફૂલ ચીમળાઈ જાય છે. વસ્તુમાત્રની દશા પલટાતી જાય છે, માનવી જોયા કરે છે, કોઈક જોઈને વિચારે છે, વિચારીને સમજે છે કે કાચિંડો રંગ બદલ્યા કરે તેમ બધું જ બદલાયા કરવાનું ? જેમાં વેષો બદલાયા કરે તે તો નાટક! આ પુદ્ગલના નાટકો નીરખી હું રીઝ અને ખીજ શાને કરૂં ? નિત્ય ભણીની દોટ શરૂ થાય છે, અવસ્થિત અવસ્થાની તીવ્ર ઝંખના જાગે છે, અવસ્થા માત્રની અનિત્યતાનું સચોટ ભાન દિલમાં અંકિત થાય છે અને તેથી વસ્તુમાત્રનું વાસ્તવિક દર્શન કરવાની એક દૃષ્ટિ ખૂલે છે.

એક ગુજરાતી લોકગીતમાં યૌવનની અસ્થિરતાનું વાસ્તવિક દર્શન જોવા મળે છે.

*"જોબનીયું આજ આવ્યું ને કાલ જાશે*
*જોબનીયું કાલ જાતું રે'શે.*
*એને પાઘડીના આંટામાં રાખો,*
*જોબનીયું કાલ જાતું રે'શે."*

ભલે તેને કોઈ પાઘડીના આંટામાં બાંધી રાખે, ભલે કોઈ એને છાશની દોણીમાં સંતાડી રાખે, ભલે કોઈ એને સેફ ડિપોઝિટ વોલ્ટમાં પૂરી રાખે, યૌવન અસ્થિર છે, તે છટકી જ જવાનું.

❀ ❀ ❀

# ❋ વિશ્વ વિનશ્વર

આજથી સો-બસો વર્ષ પહેલાં કોઈએ વાત કરી હોત કે, આખુંને આખું મકાન આકાશમાં અદ્ધર ઊડી શકે, તો તે માણસ અને તેની વાત ખૂબ હાસ્યાસ્પદ બની જાત. પણ આજે ગમે તે માણસ એરોપ્લેન અને હેલીકોપ્ટર દ્વારા આકાશમાં પ્રવાસ કરી શકે છે. વિજ્ઞાન આજે ભૌતિકવાદની પરાકાષ્ઠા ભણી ધસી રહ્યું છે.

આજે કદાચ વ્યક્તિ મુંબઈમાં બ્રેકફાસ્ટ, લંડનમાં લંચ અને ડિનર પેરીસમાં લઈ શકે છે. કદાચ આવતીકાલે આદમી ચંદ્ર, પૃથ્વી અને ગ્રહો વચ્ચે દોડાદોડ કરતો હશે.

ગંજીફાના કાર્ડ જેટલા પાતળા કેલ્ક્યુલેટરમાં કઈ કરામતો ગોઠવાયેલી હશે કે, દશાંશના નવ પોઈન્ટ સુધીના ગુણાકાર, ભાગાકાર, વર્ગમૂળ, વર્ગ આદિના ગણિત ક્ષણમાં તે કરી દે છે.

દીવાસળીના ટોચકા જેટલા ભાગમાં આખા એન્સાયક્લોપિડિઆ બ્રિટાનિકાને સ્ટોર કરીને જ્યારે જરૂર પડે ત્યારે જોઈતી માહિતી કમ્પ્યુટર આજે આપે છે.

ફક્ત જન્મતારીખ અને જન્મ સમય જણાવી દીધા પછી થોડી જ વારમાં અઢળક માહિતીઓ અને ફલાદેશોથી ભરપૂર કુંડલી તૈયાર કરી આપનાર ક્યો જ્યોતિષી કમ્પ્યુટરમાં કામ કરતો હશે ? આંકડાશાસ્ત્રીઓને, ગણિતશાસ્ત્રીઓને, જ્યોતિષીઓને, શતાવધાનીઓને, સ્મરણશક્તિધારકોને, આ બધાને એક જડ કમ્પ્યુટર સ્પર્ધામાં પરાસ્ત કરી શકે છે.

ભૌતિકવાદનાં શિખર ભણી હરણફાળ ભરતો માનવી આજે નર્યા

યંત્રોના જંગલ વચ્ચે અટવાઈ ગયો છે. ચારે બાજુથી જાણે યંત્રોએ તેને ભરડો લીધો છે. તેણે દિવાનખાનામાં L.E.D. અને D.V.D, Spilt A.C., અને Heater, ટેલીફોન અને ફેક્સ-ટેલેક્સ, ઈલેક્ટ્રોનિક વોચ ગોઠવી દીધા છે. તેનું કિચન પણ ગેસ, પ્રેશરકુકર, મીલ્કકુકર, મીક્ષર, જ્યુસર, ટોસ્ટર, ગ્રાઈન્ડર, ક્રશર, ફ્રીઝ, ડીપફ્રીઝ, વોટરકુલર, ઓવન આદિ થોકબંધ યંત્રોથી સાંકડું બન્યું છે. બાથરૂમમાં પણ ગીઝર, કુલર, વોશર તેણે ગોઠવી દીધા છે. શયનખંડમાં તે All Out ગોઠવીને મચ્છરોથી બચવા મથે છે. તેના રીક્રિએશન રૂમમાં તેણે P.S.P. Computer game, ઈલેક્ટ્રિક ગીટાર અને અઢળક એન્ટરટેઈનમેન્ટ માટે એક મોબાઈલમાં Face book, What's App Line, Twitter, g-talk ગોઠવ્યાં છે. તેની ઓફિસમાં Laptop, I.P.Phone, ટેલિફેક્સ, Scanner, Printer, I-Pad, ઝેરોક્સ મશીન, એરકન્ડીશનર આદિ વસાવી દીધાં છે. મકાનમાંથી કચરો કાઢવા તે ઈલેક્ટ્રિકલ સ્વીપર વાપરે છે. તેની હજામત પણ ઈલેક્ટ્રિક મશીનથી થાય છે, તેના કપડાંની સિલાઈ પણ ઈલક્ટ્રિક યંત્રથી થાય છે. તેના કપડાની ધૂલાઈ અને ઈસ્ત્રી પણ યંત્રો કરી આપે છે. માંદો પડે છે ત્યારે સ્ટેથોસ્કોપ, બી.પી. એપાર્ટસ, એક્સ-રે મશીન, કાર્ડિયોગ્રામ, ડાયાલિસીસનું મશીન આદિ સંખ્યાબંધ યંત્રો ડોકટરના આસિસ્ટન્ટ બનીને તેને તપાસે છે અને ઉપચાર કરે છે. યંત્રોને આટલા હેવાયેલા કરી દીધા છે, તેથી મૃત્યુ પછી પણ યંત્રા તેને છોડતા નથી. ઈલેક્ટ્રિક સિમેટ્રીમાં તેનો અગ્નિસંસ્કાર થાય છે.

સાયકલ, મોપેડ, સ્કુટર, બાઈક, રિક્ષા, ટેક્સી, ટેમ્પો, મેટાડોર, કાર, બસ, ટ્રક, ટ્રેક્ટર, ટ્રેન, ટ્રામ, હેલીકોપ્ટર, એરોપ્લેન, રોકેટ, સ્ટીમલોન્ચર, સ્ટીમર, સબમરીન આદિની દોડાદોડ વચ્ચે તે અટવાયો છે. તે બધાના વ્હીસલ, હોર્ન અને બેલના અવાજો વચ્ચે હજુપણ તેને શાંતિ થોડી પ્રિય છે, તેમ ક્યાંક ક્યાંક દેખાતા સાયલન્સ ઝોનનાં બોર્ડ દેખીને લાગે છે. વધતા જતા વાહન વ્યવહારથી તેણે દુનિયાને પોતાના દિલની

જેમ સાવ સાંકડી બનાવી છે.

શરીરના સૂક્ષ્મમાં સૂક્ષ્મ અવયવની બારીકાઈને તેણે માઈક્રોસ્કોપ નીચે તપાસી જોઈ છે. શરીરના નાજુકમાં નાજુક અવયવની તે આસાનીથી બદલી શકે છે. પ્લાસ્ટીક સર્જરી દ્વારા પુરુષને સ્ત્રી તથા સ્ત્રીને પુરુષ બનાવવામાં પણ તે સફળ થવા લાગ્યો છે.

ટેસ્ટટ્યુબ બેબી પણ ઉત્પન્ન કરવામાં તે સફળ થયો છે. માનવી દ્વારા થતું રોગોનું તથા દવાઓનું ઉત્પાદન સ્પર્ધાએ ચડ્યું છે.

મોટા સખત ટેકરાઓને પણ માણસ મજૂરો રોક્યા વિના હેવી બુલડોઝરની મદદથી આસાનીથી ખોદી શકે છે. ૨૦૦ મજૂરો પણ હાંફી જાય તેવા હેવી મશીન ટુલ્સનું ફક્ત બટન દબાવીને ક્રેનની મદદથી માનવી જરાવારમાં સ્થળાંતર કરી શકે છે.

એગ્રીકલ્ચરનું પણ તેણે ઉદ્યોગીકરણ કરી દીધું છે. ટ્યુબવેલ, ટ્રેક્ટર, ફર્ટિલાઈઝર અને દવાઓથી તે એક એકરના જમીનના ટુકડામાંથી ટન બંધ ઉત્પાદન મેળવવા લાગ્યો છે.

માનવી વરાળશક્તિથી, પેટ્રોલિયમની શક્તિથી, વિદ્યુતશક્તિથી, અણુશક્તિથી, સૂર્યકિરણની શક્તિથી અને આવી તો અનેક શક્તિઓથી સર્વક્ષેત્રોમાં વિકાસની ચરમસીમા સુધી પહોંચવા લાગ્યો છે. ફેકટરીઓ, કારખાનાઓ, રીફાઈનરીઓ, મિલો અને જાયન્ટ ઈન્ડસ્ટ્રીઝથી ધરતીને તેણે મઢી દીધી છે.

અને આ પ્રગતિશીલ માનવે એક પણ ક્ષેત્ર છોડ્યું નહિ. શસ્ત્રવિજ્ઞાનમાં પણ તે ખૂબ આગળ વધ્યો. ટેન્કો અને મશીનગનથી આગળ વધીને મીગવિમાનો અને જેટ વિમાનોથી તેણે યુદ્ધનું ક્ષેત્ર વિરાટ આકાશ સુધી વિસ્તાર્યું. સ્ટીમરો અને સબમરીનોથી તેણે દરિયાને પણ યુદ્ધભૂમિ બનાવી. અને બે દિલોનું સંયોજન કરતા પહેલા માનવીને ફીશન અને ફ્યુજન પ્રક્રિયાઓથી અણુનું વિભાજન કર્યું અને અણુબોમ્બ, હાઈડ્રોજન

બોમ્બ, મિસાઈલ, એન્ટિમિસાઈલ અને રડારોથી તેણે કાતિલ યુદ્ધોની તૈયારી કરી રાખી છે. સમગ્ર વિશ્વનો સેંકડોવાર સંપૂર્ણ ધ્વંસ થઈ શકે તેવો કાતિલ શસ્ત્ર સરંજામ આજે વિશ્વ પર વિદ્યામાન છે. એકવાર વિશ્વનો ધ્વંસ થયા પછી સેંકડોવાર નાશ કરનારા શસ્ત્રોનું પ્રયોજન શું ? તે પ્રશ્ન માનવીય અહંકારની તોતિંગ દિવાલને અથડાઈને દિગંતમાં પડઘાય છે. અને ત્યારે એક ભાવુકની એક મહર્ષિ સાથેની નાનકડી મુલાકાત સ્મૃતિપટ પર ઉપસે છે.

"મહાત્માજી ! આપ તો મહાજ્ઞાની છો, આજે વિશ્વ પરમવેગથી પ્રગતિ સાધી રહ્યું છે. નિત્ય નવા શસ્ત્રો શોધાતા જાય છે. બીજા વિશ્વયુદ્ધમાં વપરાયેલા શસ્ત્રો તો આજે બિલકુલ આઉટ ઓફ ડેટ બન્યા છે. ત્રીજું વિશ્વ યુદ્ધ કેવા પ્રકારના શસ્ત્રોથી ખેલાશે, તે આપ આપનાં જ્ઞાનથી કહી શકશો ?"

"ક્ષમા કરજો, ત્રીજા વિશ્વયુદ્ધના શસ્ત્રો અંગે તો હું કાંઈ નહિ કરી શકું, પણ, ચોથું વિશ્વયુદ્ધ જો થશે તે માત્ર પત્થરના ટુકડાઓથી થશે. કારણ કે ત્રીજા વિશ્વયુદ્ધમાં સમગ્ર સૃષ્ટિનો સંહાર થઈ જશે, અને પછી નવો ઉત્પન્ન થયેલો માનવી પા પા પગલી માંડીને વિકાસયાત્રાનો નવેસરથી પ્રારંભ કરશે, ત્યારે તે પત્થરયુગ કહેવાશે."

આ માર્મિક જવાબમાં વિજ્ઞાનની સંહારકશક્તિ પર એક કડવો કટાક્ષ તો છે જ, પણ અનિત્યવાદનો સાદ પણ આ પ્રત્યુત્તરમાંથી ધ્વનિત થાય છે. માનવી જેને વિકાસયાત્રા માને છે તે પત્થરયુગ સુધીની મરણયાત્રા સિવાય બીજું કાંઈ નથી.

વિજ્ઞાનવાદ શસ્ત્રશક્તિથી વિશ્વનો સંહાર માને છે. કોઈ પ્રલયકાળનાં પવનથી વિશ્વનો નાશ માને છે. કોઈ કાળચક્રના ક્રમથી વર્તમાન વિશ્વનો સંહાર માને છે, પણ દુનિયાનો ધ્વંસ સર્વસંમત છે.

આ આખું જગત કાચની રકાબી જેવું છે. કાચની રકાબીને નીરખી

નીરખીને હરખ્યા કરે, શો-કેસમાં સુંદર ગોઠવે, ખાસ પ્રસંગે જ ઉપયોગમાં લે અને હાથમાં લે ત્યારે તેના સુંવાળા સ્પર્શને ખૂબ માણે. પણ તે જ આનંદની દાતાર રકાબી હાથમાંથી પડે તો તેના ટુકડા થઇ જાય અને તેની સાથે મમત્વના બંધનથી બંધાયેલા દિલનાં પણ. સડન, પડન અને વિધ્વંસનનો મહાશાપ સમગ્ર જગતને અને જગતની હર કોઇ ચીજને વરેલો છે. જેનાં ઉદ્‌ઘાટનમાં પ્રાઇમ-મિનિસ્ટર પધારે તે હોસ્પિટલ પણ એકદા ધરાશાઇ થઇ જવાની. બ્રિટિશ ઈજનેરોએ બાંધેલા વિરાટ ડેમ પણ નદીના વિકરાળ પ્રવાહમાં તણાઇ જવાના, પાર્લામેન્ટ હાઉસ, ધારાસભાગૃહ, રાજભવન, લાલકિલ્લો, કુતુબમિનાર, જુમામસ્જીદ, એમ્પાયર સ્ટેટ બિલ્ડીંગ, તાજ મહલ, ચીનની દિવાલ, ઈજીપ્તનાં પિરામિડ, બીજાપુરનો ગોળગુંબજ, ઓબેરોય શેરેટોન, અજન્ટાની ગુફાઓ-આ બધું જ નામશેષ થઈ જવાનું. જે પ્રસૂતિગૃહમાં સેંકડો હજારોના જન્મ થાય છે, તે પણ નાશવંત ! ભૂલેશ્વરનું બજાર અને અમદાવાદનો માણેકચોક એકવાર વેરાન વગડો બની જશે, જ્યાં આજે ચાલતા ચાલતા માનવીને ટોળામાં ઘસડાઈને ચાલવું પડે છે, ત્યારે ત્યાં જ માનવી ભયાનક નિર્જનતાથી ગભરાતો હશે. આજના ધમધમતા નેશનલ હાઈવે રોડની જગ્યાએ ત્યારે એક કાંટાળી પગદંડી પણ નહીં જડે. ડ્રાઈવ-ઇન સિનેમા કે રિવોલ્વિંગ હોટલ, એક્વેરિયમ કે મ્યુઝિયમ, જિમખાના કે રેસકોર્સ, ઓડીટોરિયમ કે પ્લેનેટોરિયમ, બાથ અને ગાર્ડન, બધું જ નષ્ટ થઇ જશે. જેના ઓપનિંગનાં સમાચાર છાપાની હેડલાઈનમાં ચમકેલા તે કોઈ મોટી ફેક્ટરીના સ્ક્રેપની હરાજીની જાહેરાત પણ છાપામાં છપાશે. ધરતીને ધ્રુજાવનારા સિંહાસનો પણ ભાંગીને તૂટી જશે.

અને તે વિચારે જ ભરત ચક્રવર્તીને અત્યંત વ્યથિત બનાવ્યા હતા. નિર્સગના ક્રમ મુજબ છ ખંડનો વિજેતા ભરત ચક્રવર્તી કાંકિણીરત્નથી ઋષભકૂટ પર પોતાનું નામ લખવા ઇચ્છે છે. પણ ભૂતપૂર્વ ચક્રવર્તીઓના

નામથી આખી શિલા ભરચક છે. પોતાના નામની જગ્યા કરવા કાંકિણીરત્નથી જૂનું એક નામ તેમણે ભૂસ્યું, પણ ત્યાં જ મનમાં એક વિચાર ઊગ્યો અને આંખમાંથી આંસુ ટપક્યાં ઋષભકૂટ ઉપર રત્નથી લખેલું પોતાનું નામ પણ તેને અનિત્ય ભાસ્યું, તેનાં આંસુમાંથી વૈરાગ્યનો જ્વલંત ધોધ પ્રગટ્યો, જેણે અનિત્યની ઘેલછામાં ધમાચકડી મચાવતા પામર જીવોના હૃદય કમરામાં દિવ્ય પ્રકાશ રેડ્યો, ક્ષણિકની સાથે સંતાકૂકડી રમીને ભાંગી પડતાં કંઈક વ્યક્તિના જીવનમાં પ્રેરક ઉષ્મા રેડી. ભરતચક્રીનાં આ આંસુમાં પડેલી વિરાટ શક્તિનું અવલોકન કરાવે તેવું કોઈ માઈક્રોસ્કોપ આજના વિજ્ઞાન પાસે નથી. તે આંસુમાં જિંદગીને જીતવાની જડીબુટ્ટી છે. સર્વવ્યથાઓના વિલયની પરમ કલા છે. જીવનમાં આનંદ રેડતો દિવ્ય ઝરો છે.

તે આંસુમાંથી એક દિવ્ય વાણી ધ્વનિત થાય છે કે, આ વિશ્વમાં સઘળું ક્ષણિક છે કાલીદાસના મહાકાવ્યો અને ચાણક્યના રાજનીતિના શાસ્ત્રો પણ નામશેષ થઈ જશે. નરસિંહ મહેતાના પ્રભાતિયા, તુલસીની ચોપાઈઓ, અખાના છપ્પાં, મીરાંબાઈના ભજનિયા કે મેઘાણીનાં લોકગીતો પણ લોકજીભેથી ભૂંસાઈ જશે. પુસ્તકોમાંથી પણ નામશેષ થશે. આર્યભટ્ટ કે આર્કિમિડિઝના ગણિત, ન્યૂટન કે આઈન્સ્ટાઈનના સિદ્ધાંતો, સ્ટીફન્સન કે રાઈટ ભાઈઓની શોધો, શેક્સપિયરની કવિતાઓ, બર્નાડ શોના નાટકો, બર્નાડ રસેલની જિંદાદિલીઓ, વિશ્વની થોકબંધ ભાષાઓમાં અનુવાદ પામેલું ખલીલ જીબ્રાનનું 'ધ પ્રોફેટ', રવિન્દ્રનાથ ટાગોરની ગીતાંજલી, ભારતના બુલબુલ સરોજિની નાયડુના મધુર કાવ્યો, શ્રીમતી ઈંદિરા ગાંધીના ૨૦ મુદ્દાના કાર્યક્રમો... આ બધું વિસ્મૃતિની ગહન કોતરોમાં દટાઈ જશે. અબ્રાહમ લિંકનના લોકશાહી અંગેના ખ્યાલોની ખાલ પણ ત્યારે નહીં મળે.

કોઈ ધરતીકંપના આચંકામાં બેન્કના મકાન તૂટી પડશે. કોઈ ભારે

પૂરમાં મોટા થિયેટર તણાઈ જશે, કાં તો દ્વૈપાયન કોપિત થશે, કાં તો મચ્છુ ડેમ મેડ બનશે, કાં તો તાપી વીફરશે, કાં તો છપ્પનિઓ દેખા દેશે, કાં તો વિકરાળ દાહની જ્વાળાઓ બધું ભરખી જશે... કાં તો માનવમનમાં શેતાનિયત સળવળી ઊઠશે અને હિરોશિમા ને નાગાસાકીના સંહારનો ઈતિહાસ પુનરાવૃત્તિ પામશે. કદાચ કોમી અથડામણો દૈત્યરૂપ ધારણ કરશે. કદાચ રાજકીય આંદોલનનોમાં મોટો ખુરદો બોલાશે. કદાચ કર્મચારીઓની હડતાળ ઉગ્ર બનશે. કદાચ કોઈ સ્કાયલેબ તૂટી પડશે, કદાચ ક્યાંક અખતરા માટે કરાયેલો બોમ્બ ધડાકો ખતરો બનશે, કદાચ કોઈ ક્રૂર માંધાતા સત્તા પર આરૂઢ થઈને જલિયાનવાલા બાગનો કરુણ હત્યાકાંડ સર્જશે કે ગેસ ચેમ્બરમાં સેંકડોને ગુંગળાવી મારશે. નિમિત્ત કારણ ગમે તે બને, વસ્તુમાત્રમાં અનિત્યતાનો સ્વભાવ તંબૂ તાણીને પડેલો છે, તે જ મુખ્ય જવાબદાર છે.

સરકારના કાયદાઓ, ન્યાયની પદ્ધતિઓ, સમાજના રિવાજો, લોકોની બોલીઓ, ઉત્સવોની ખાસિયતો, ખાણાંની પસંદગીઓ, ઔપચારિક હાવભાવો, આતિથ્ય અને સત્કારની રીતરસમો, વહાલ અને પ્રેમના સંબોધનો, સંતાન પાલનની રીતો, દરદીના સારવારની પદ્ધતિઓ, શિક્ષણની પ્રથાઓ, વેપારની રીતો, વહીવટની પદ્ધતિઓ, સ્ત્રી-પુરુષની કળાઓ આદિ બધું પ્રાચીનકાળ કરતા આજે ખૂબ બદાયેલું જોવા મળે છે, અને તે કાળે કાળે બદલાતું જ રહે છે. કાઠિયાવાડી ચોરણા, મારવાડી કપડાં કે ગુજરાતી પાઘડીઓ આજે અદશ્ય બન્યા છે. રોટલાના શિરામણનું સ્થાન આજે બ્રેડના બ્રેકફાસ્ટે લીધું છે. બા અને બાપુજીના ઉષ્માભર્યા શબ્દોને ઠેસ મારીને, મમ્મી, પપ્પા, મમા કે ડેડ જેવા શબ્દો વ્યાપક બન્યા છે.

પૂર્વે નૈયાયિક, વૈશેષિક, વેદાંતી, બૌદ્ધ, સાંખ્ય આદિ દાર્શનિકો પરસ્પર વાદ કરતા વાળની પણ છાલ ઊતારે તેવી ગહન યુક્તિપ્રયુક્તિઓથી

પરસ્પરને પરાસ્ત કરવા યત્ન કરતા. આજે મૂડીવાદ, લોકશાહીવાદ, ફાસિસ્ટવાદ, સમાજવાદ, ત્રાસવાદ આદિ અનેક વાદોનું જોર છે. સર્વ સંપ્રદાયોની સામે ભૌતિકવાદ અને વિજ્ઞાનવાદ જંગે ચડ્યો છે. વેદાંતના ઈશ્વરકર્તૃત્વવાદને ડાર્વિનના ઉત્ક્રાંતિવાદે ઊડાવ્યો. તે ઉત્ક્રાંતિવાદ પણ નવા વૈજ્ઞાનિકોએ અમાન્ય ઠેરવ્યો.

પહેલા તબેલાઓમાં ઘોડા અને ગમાણમાં ગાય-ભેંસની સંખ્યા પરથી માનવીની સમૃદ્ધિનું માપ નીકળતું. આજે માનવીના ગેરેજમાં રહેલી મોટરોની સંખ્યા પરથી તેની સમૃદ્ધિ અંકાય છે. પહેલા તેની તિજોરીમાં કેટલું ઝવેરાત છે તે જોવાતું. આજે તેના સેફ ડિપોઝીટ વોલ્ટમાં કેટલા ઈક્વિટી કે ડિબેન્ચર છે તે જોવાય છે. સમાજના રિવાજો અને સિદ્ધાંતોએ પણ જબ્બર વળાંક લીધો છે. જ્યાં પુનર્વિવાહ કે વિધવાવિવાહ અક્ષમ્ય અપરાધ ગણાતાં, ત્યાં આજે લવમેરેજ, રિમેરેજ કે ડાઈવોર્સ સમાજને માન્ય છે. ક્યાં'ક કોઈ જ્ઞાતિઓમાં પૂર્વે કન્યા અવતરે તો દૂધ પીતી કરવાનો રિવાજ પ્રચલિત હતો, પણ તેની સામે ઘણા સુધારકોને બળવો કરેલો. આજે એબોર્શન કરાવનારને ઈનામ અપાય છે. પૂર્વે જ્ઞાન, પીઢતા, પ્રામાણિકતા, સજ્જનતા, આદિ ગુણોના આધારે માનવીનો સમાજમાં મોભો નક્કી થતો. આજે માનવીની પાસબુકના આંકડા પરથી તેની પ્રતિષ્ઠા અંકાય છે. પૈસા એ જ પ્રતિષ્ઠા આંકવાની પારાશીશી બન્યા છે. ડીપફ્રીઝ કે D.V.D. વિના માનવી ઊણપ અનુભવે છે. વસુ વિનાનો નર પશુ ગણાય છે. શ્રીમંતાઈની સાથે સમારંભમાં પ્રમુખ બનવાની, ટ્રસ્ટનાં વહીવટદાર બનાવાની, ચૂંટણીમાં ઉમેદવાર બનવાની અને આગેવાન બનવાની પાત્રતા આજે આવી જાય છે.

આમ નીતિના સિદ્ધાંતો ફરે છે, સમાજના મૂલ્યો પલટાય છે, જ્ઞાતિના રિવાજો ફેરવાય છે, મનની પસંદગીઓ બદલાય છે, પહેરવેશની ફેશનો બદલાય છે, કારણ કે તે બધાને પણ ધ્વંસનો શાપ લાગુ પડેલો છે.

નાશનું આ વિજ્ઞાન, વિલયનું આ શાસ્ત્ર અને વિનાશનો આ ક્રમ જેણે સ્વીકાર્યો છે, જેણે મનમાં ઠસાવ્યો છે, હૃદયથી જેણે આવકાર્યો છે, તેને કોઈ દુઃખ નથી. તેવી સાસુ વહુના હાથમાંથી કાચની રકાબી પડી જતા ભભૂકતી નથી. તેવો શેઠ, નોકરના હાથમાંથી ટ્રે પડી જતા બરાડતો નથી. ઈસ્ત્રી કરતાં નવાનકોર પેન્ટને કાણું પડી જાય તો'ય ધોબી પર તે ખીજાતો નથી. છત સાફ કરતાં કાચનું ઝુમ્મર તૂટી જાય તો'ય નોકર પર તે અકળાતો નથી. ગેસ પર દૂધ ઉભરાઈ જાય તો પણ તેનો ગુસ્સો ઉભરાઈ જતો નથી. ગોડાઉનને આગ લાગે તોય તે બળતો નથી. વેપારમાં અણધાર્યો મોટો ફટકો પડતાં દેવાળું નીકળે તો'ય તેનું હાર્ટફેલ થતું નથી. કારણ કે વસ્તુમાત્રની વિનાશિતતાને તેણે હૃદયથી સ્વીકારી છે. વિનશ્વર ચીજ તેનો સ્વભાવ બજાવે, તેમાં તેને કાંઈ આશ્ચર્ય ન ભાસે. તેને તો વિનશ્વર લાંબુ ટકે તો તેમાં કુતૂહલ જાગે છે. ઉત્પન્ન થયેલી ચીજ લાંબો સમય સુધી અકબંધ રહે તો તે આશ્ચર્ય અનુભવે છે. પાંચ રૂપિયાનો ફૂલનો હાર સવારમાં લાવીને ઘરમાં ફોટાને ટીંગાડ્યો અને સાંજ પડે તે કરમાઈ ગયો તેમાં સહેજપણ ખેદ અને આશ્ચર્યની લાગણી કોઈને પણ થતી નથી, કારણ કે હાર લાવ્યા તેની સાથે જ તેની ગ્લાનિને સ્વીકારી લીધી હતી. મીણબત્તી પેટાવીને મૂકી, સવાર પડતા ખલાસ થઈ ગઈ તો'ય કોઈને વ્યથા થતી નથી. કારણ તે પીગળી જવાની છે, તે પણ હૃદયથી માન્ય કરી લીધું હતું. પણ આવી માન્યતા કાચની કોકરીને, પૈસાની કોથળીને, કાચનાં કબાટને, લાકડાનાં ફર્નિચરને કે પ્લાસ્ટિકના રમકડાને નથી આપી. તેથી તેનો જ્યારે વિનાશ થાય છે, ત્યારે દિલ અકળાય છે. જેમ ફૂલની માળા સાંજ પડતાં કરમાઈ જાય છે. તેમ સર્વ ચીજો તેની કાળ પાકતાં નષ્ટ થાય છે. ક્ષણભંગુર પદાર્થો દિવસો, મહિનાઓ અને વર્ષો સુધી ટકે છે તે જ આશ્ચર્ય છે. વિશ્વની અને વસ્તુ માત્રની વિનશ્વરતાનો કાયદો જે જાણે છે, તેને કોઈના પણ નાશમાં ઉકળાટ થતો નથી, કારણ

કે જે નાશવંત છે, તેની સાથે તે નેહ જોડતો નથી. તેનો તો નિર્ણય છે કે, જેને વિનાશિતતાનો શાપ વળગેલો છે, જેને ધ્વંસનું કલંક ચોંટેલું છે, અંત એ જ જેનો ઉપસંહાર છે, સમાપ્તિનું જેને આળ છે, વિલયનો જેને દાગ છે, નશ્વરતા જેનો સ્વભાવ છે, અનિત્યતા જેની પ્રકૃતિ છે તેવી કોઈ ચીજ મારી નથી. અનિત્યની સાથે જે પ્રીતિ બાંધે છે, તેને ફાળે રુદન અને આક્રંદ છે, તેને વ્યથા અને વલોપાત છે. વિનશ્વર સાથે જે વહાલ કરે છે તેને જ વેદના અને ઉકળાટ છે. તેથી જ કદાચ મકાનને આગ લાગે તો'ય તે ફૂલ કરમાયાની વાત જેટલી જ સહજતાથી તેને સ્વીકારે છે. મકાન બળવાની ઘટનાને તે મીણબત્તી ઓલવાયાની સ્વભાવિકતાથી સ્વીકારે છે. તે મમત્વના તાંતણાંથી કોઈ વિનશ્વર પદાર્થ સાથે જાતને બાંધતો નથી. પોસ્ટ, ખિતાબ કે પદવી કોઈ ઝૂંટવી લે તો તે મુંઝાતો નથી, કારણ, તે જાણે છે કે આ બધી ચીજને અનત્યિતાનું ભૂત વળગેલું છે અને આવી કોઈ પણ પ્રેતગ્રસ્ત ચીજની માલિકી કરીને હું શું કામ રિબાઉં ? કોઈ પણ ચીજને વિલય પામતી જોઈને તે તો વિરાગની મસ્તીમાં જ મહાલે છે.

શ્રી ઉમાસ્વાતીજી મહારાજ શ્રી તત્ત્વાર્થ સૂત્રમાં ફરમાવે છે : 'जगत्कायस्वभावो च संवेगवैराग्यार्थम् ।'

આ સમગ્ર જગતને વિનાશનો વ્યાધિ લાગુ પડ્યો છે, તે પણ વિરાગના પ્રાદુર્ભાવ માટે જ છે. સંધ્યાના રંગો વીખરાય છે અને કોઈ ભામંડળના (સીતાજીના ભાઈ) દિલમાં વૈરાગ્યના રંગો જામે છે. સૂર્ય અસ્ત પામે છે અને હનુમાનજી પરમ ઉદયના પ્રાંગણમાં પદાર્પણ કરે છે. હાથની આંગળીમાંથી વીંટી સરતા કુરૂપ આંગળી જોતાં જ ભરતજીની અનંત આત્મસૌંદર્યની અભિલાષા ઉગ્ર બને છે.

કૂતરાના કાન સડે છે............. વિરાગ માટે.
લાકડાની ખુરશી તૂટે છે.......... વિરાગ માટે.


કાચની બરણી ફૂટે છે........... વિરાગ માટે.

મકાન તૂટી પડે છે............... વિરાગ માટે.

સર્વવસ્તુઓ અનિત્યભાવનું દર્શન કરાવીને વિરાગની લહાણી કરે છે. સર્વ પદાર્થોમાં વિનશ્વરના દર્શન કરી લીધા પછી, વિરાગીનું મન તેમાં ઠરતું નથી. પણ, જગતમાં મોહાંધજીવો તો અનિત્યની પાછળ રઘવાયા બનીને દોડ્યા જ કરે છે. અનિત્યની પ્રાપ્તિ અને રક્ષણ માટે માનવીએ દુકાન, માર્કેટ, ફેક્ટરી અને ઓફિસ ખોલ્યા, બેન્ક, સેફ-ડિપોઝિટ વોલ્ટ, કોર્ટ અને પોલીસ સ્ટેશન ખોલ્યા, હોસ્પિટલ અને હેલ્થ સેન્ટર ખોલ્યા, કલબ અને હોટલ ખોલી, બંગલા અને મોટરો વસાવ્યા, D.V.D. અને L.E.D. વસાવ્યા, વીમા કંપનીઓ અને શેરબજાર સ્થાપ્યા, ચૂંટાણીઓનાં આયોજન કર્યાં, ડેરી અને ઉદ્યોગો ખોલ્યા, પેટ્રોલપમ્પ અને રિફાઈનરીઓ ખોલી, લગ્ન અને સમારંભો યોજ્યા, રિસેપ્સનિસ્ટ અને પર્સનલ આસિસ્ટન્ટ નીમ્યા, હોદ્દાઓ અને ખુરશીઓ પકડી.

અનિત્યની પાછળ આવી ધમાચકડી મચાવતા માનવીને જોઈને જ્ઞાની કરુણાથી તેના સામુ જોયા કરે છે. પણ કોઈની કરુણાની માનવીને ક્યાં પડી છે ? તેની દોટ ચાલુ જ છે. પણ તે દોટ ચાલુ જ રાખે તેથી અનિત્ય નિત્ય થોડું બની જવાનું છે.

❀ ❀ ❀



# ❈ જીવન એટલે જલતરંગ

એકવાર મુંબઈમાં મરીનલાઈન્સ પાસેથી પસાર થતા સોનાપુરની સ્મશાનભૂમિની બાજુમાં એક મેટરનિટી હોમનું ઉદ્‌ઘાટન થતું જોયેલું. જન્મ અને મૃત્યુ વચ્ચે આટલું ઓછું છેટું છે તે ત્યારે મિત્રને મેં જણાવેલું. પછી તો એક વર્તમાન પત્રમાં જન્મનોંધ અને મૃત્યુ નોંધની કોલમ પણ મેં તેને બાજુ બાજુમાં બતાવેલી. એક વાર એક ભાઈ કહેતા હતા કે ‘‘ગઈકાલે પોસ્ટમેન બે ટેલિગ્રામ આપી ગયો. એ અમારા બનેવીનો હતો. તેમાં અમારી બેનને દીકરો અવતર્યાના સમાચાર હતા અને બીજો અમારા ભાઈનો હતો, તેમાં ટ્રક અકસ્માતમાં તેમનો દીકરો ગુજરી ગયાના સમાચાર હતા.’’ અને એક વાર એક સજ્જન કહેતા હતા કે ‘‘ગઈકાલે અમારા સંબંધીને ત્યાં બેબીને રમાડવા ગયા હતા. વળતા એક સબંધીના ઘેર તેમના પિતાજીના મૃત્યુની સાદડી હતી, ત્યાં પણ જઈ આવ્યા. બે કામ એક સાથે પતી ગયા.’’ નાનો હતો ત્યારે બહુરૂપીના વેશ ઘણા જોયેલા, તેથી જન્મોત્સવમાંથી તુરંત કોઈની મૃત્યુની સાદડીમાં જવા માટે મુખમંડલ પર રેખાઓમાં કેટલા પરિવર્તન કરવા પડે, તે સવાલ મને ન ઊઠ્યો.

પછી તો એક કવિની પંક્તિ પણ ગોખાઈ ગઈ હતી.

*‘‘અંતે તો કેટલું થાકી જવું પડ્યું બેફામ,*
*નહિ તો જિંદગીનો રસ્તો હતો ઘરની કબર સુધી !’’*

ફક્ત મૃત્યુ જ જેનાં જીવનનો આખરી મુકામ છે, તેવા લોકોની સવારથી સાંજ સુધીની નિરર્થક ધમાચકડી માટે આ પંક્તિમાં કવિએ થોડી કરૂણા વેરી છે.

મૃત્યુ પછીના એક વિરાટ જીવનની અપેક્ષાથી એક કવિએ મૃત્યુને અલ્પવિરામ કહ્યું છે. પણ, લોક વ્યવહારમાં તો મૃત્યુ પૂર્ણવિરામ મનાય છે. જન્મ અને મૃત્યુ વચ્ચેના કાળને લોકો જીવન કહે છે. જ્યાં સિદ્ધાંત, મૂલ્યો અને આદર્શોની કબર પર નર્યો અસ્તિત્વનો જંગ ખેલાઈ રહ્યો છે, તેને 'જીવન' કહેવા દિલ બહુ રાજી થતું નથી, અંગ્રેજીમાં વપરાતો "Mere existence" શબ્દ પ્રયોગ તેના માટે બહુ ઉચિત લાગે છે.

જીવનની વ્યાખ્યાની મથામણમાં પડ્યા વિના જન્મ અને મૃત્યુ વચ્ચેના અંતરને વર્તમાન જીવન કહી દઈએ. આ જિંદગીની ચંચળતાનો ખ્યાલ કરાવવા ઘણી માર્મિક ઉપમાઓ જ્ઞાનીઓએ આપી છે. પાણીમાં પત્થર ફેંકતા, તેમા તરંગ ઉત્પન્ન થાય છે. એક તરંત બીજા તરંગને ઉત્પન્ન કરે છે, બીજું ત્રીજાને, એમ મોટી પરંપરા સર્જાય છે, પણ બધા જ તરંગો ક્ષણમાં જ ભૂંસાઈ જાય છે. જીવન આ જલતરંગ જેવું ક્ષણિક છે.

દર્ભનાં પાતળા પાન પર ઠંડીના દિવસોમાં પ્રભાતે ઝાકળનું ટીપું બાઝ્યું. સોયની અણી જેવા એના અગ્ર ભાગ પર આ ટીપું મોતીની જેમ શોભી ઊઠ્યું. પણ સહેજ પવનના ઝપાટામાં ટીપું ખરી પડ્યું અને જમીને તે પી લીધું. આ ટીપાની આત્મકથાની ઉપમા જ્ઞાનીઓ જીવનને આપે છે.

કોઈક પાણીમાં ઓગળતા પતાસાની જીવને ઉપમા આપે છે.

કોઈક વીજળીના ઝબુકા સાથે જીવનને સરખાવે છે.

કોઈક જીવનને પાણીના પરપોટા જેવું જણાવે છે.

સર્વનો એક જ સાદ છે કે જીવન ક્ષણભંગુર છે. કેટલીયવાર સ્મશાનમાં જઈને ઘણાને બાળી આવવા છતાં તે ચિતાની જ્વાળાઓમાં અદશ્ય રીતે ચીતરાયેલું પોતાનું જ નામ કોણે વાંચ્યું ?

ઘણાની સાદડીમાં જઈને ઘણાને મળ્યા. પણ છતાં મૃત્યુની ઓળખાણ ક્યાં થઈ?

છાપાઓમાં રોજ છપાતી હાર્દિક શ્રદ્ધાંજલિઓ પણ મૃત્યુરૂપી અતિથિના સત્કારની તૈયારીઓ કરવા ક્યાં પ્રેરે છે?
રોજના વર્તમાનપત્રમાં સરેરાશ ૨૦૦ થી ૫૦૦ મૃત્યુના સમાચાર વાંચીને રીઢો થઈ ગયેલો માનવી પોતાના મૃત્યુ અંગે ક્યારેય કાંઈ વિચારી શકતો નથી.

જેણે પોતાના ધાવણ પીવડાવ્યા છે તે માતાને, જેણે ખોળે બેસાડી રમાડ્યા છે તે દાદા-દાદીને, જેણે પ્યાર પણ આપ્યો છે અને ક્યારેક કડવો ઠપકો પણ આપ્યો તે પિતાને સ્મશાનમાં અલવિદા આપી આવ્યા. જેની સાથે ચેસ અને ટેબલટેનિસ રમ્યા હતા, જેની સાથે શાળામાં પરીક્ષામાં નંબર લાવવાની સ્પર્ધાઓ ખેલી હતી, જેની સાથે દિલ ખોલીને નિખાલસતાથી અંતરની બાજી ખુલ્લી મૂકેલી, તેવા કંઈક મિત્રોને પણ વળાવી આવ્યા, જે કાછીઓ રોજ હસીને શાક તોલી આપતો, પાનનું પડીકું બાંધતા તે પાનવાળો રોજ મિલિયન ડોલર સ્માઈલ વેરતો, જે પોસ્ટમેન મીઠાં લહેકા સાથે ઘરમાં રોજ પોસ્ટ નાંખી જતો, જેની કર્ણપ્રિય બૂમથી રોજ સવાર ઊગતી તે દૂધવાળો ભૈયો, જેની પ્રામાણિક અને ખંતપૂર્ણ કામગીરીથી તુષ્ટ થઈને કુટુંબના સભ્યની જેમ જેને રોજ પ્રેમથી પુરૂં પીરસતા તે કામવાળી બાઈ, વર્ષોથી પેઢીમાં વફાદારીપૂર્ણ નોકરી કરનારા વૃદ્ધ મહેતાજી-આ બધા સાથે ચિર સહવાસના કારણે એક રૂડી આત્મીયતા બંધાઈ ગયેલી અને એક પછી એક તે બધાને કાળ કોળીયો કરી ગયો. તે જોઈને દિલ થોડું રડેલું. પડોશીનો છોકરો બસ અકસ્માતમાં ખલાસ થઈ ગયો ત્યારે કેવું કરૂણ વાતાવરણ મહિના સુધી શેરીમાં પથરાઈ ગયેલું?

અને શેરી વાળનારો ભંગી મર્યાના સમાચાર સાંભળ્યા ત્યારે પણ બે દિવસ ક્યાંય ગોઠતું નહોતું. જેની સાથે વર્ષોથી કાયદાની કાર્યવાહીને કારણે સારો સંબંધ બંધાઈ ગયેલો તે ઈન્કમટેક્સ ઓફિસરના અચાનક દેહાંતનો ફોન આવ્યો ત્યારે આંચકો લાગેલો. દીકરાને ટ્યુશન આપવા આવતા માસ્તર ૪ વર્ષમાં પહેલી વાર ઉપરા-ઉપરી ૨ દિવસ ગેરહાજર

રહ્યા ત્યારે ખૂબ આશ્ચર્ય થયેલું. ધીરજ ખૂટતા બીજા દિવસે તપાસ કરાવી ત્યારે જાણવા મળ્યું કે તે હવે ક્યારેય નહિ આવે. તે સમાચારથી દીકરાને ત્રણ દિવસની માંદગી આવી ગયેલી. વર્ષોથી મંદિરમાં પૂજા કરતો પૂજારી બ્રેઈન હેમરેજ થતાં અવસાન પામ્યો ત્યારે પૂજામાં પણ ચિત્ત નહોતું ચોંટ્યું. બેન્કનો પટ્ટાવાળો ઉપડી ગયાના સમાચાર સાંભળ્યા ત્યારે ગ્લાનિએ ચહેરાને ભરડો લીધો હતો. લગ્નાદિ પ્રસંગોમાં આવનાર ગોર, ફેમિલી ડોક્ટરનો જૂનો કમ્પાઉન્ડર, આંગણે રોજ વાળું માંગવા આવતો ભિખારી, દર મંગળ અને શુક્રવારે દાઢી કરવા આવતો હજામ, બાપુજીનાં મિત્ર, દૂરના મામા, પિત્રાઈ ભાઈ, મહોલ્લાનો ચોકીદાર, શેરીનું કૂતરું, બિલાડી, દાતણ વેચનારી બાઈ, આવા તો જાણીતા અને અપરિચિત કેંકના નિધન જોયા અને સાંભળ્યા. ગોડસેના ગોળીબારથી ગાંધીજીની હત્યા, શાસ્ત્રીજીનું તાસ્કંદમાં થયેલું રહસ્યમય મૃત્યુ, ઝુલ્ફીકારઅલી ભુટ્ટોની ફાંસી, ઈન્દુલાલ યાજ્ઞિકનું બ્રેઈનહેમરેજથી નિધન, સંજય ગાંધીનું પ્લેન ક્રેશમાં આકસ્મિક મૃત્યુ, સર્વોદય નેતા જયપ્રકાશ નારાયણનું કિડની ફેલ થવાથી અવસાન, જગજીવનરામ અને ચરણસિંહના પણ મૃત્યુ.....આ બધા સમાચારથી ક્ષણભર ધ્રુજારી અનુભવેલી, પણ ક્ષણજીવી ધ્રુજારીઓ અને આંચકાઓએ 'જીવન ક્ષણજીવી છે', તે મનમાં ઠસવા ન દીધું. સફેદ ખેસ ઓઢીને કોઈની સ્મશાનયાત્રામાં થોડું નકલી રડી આવ્યા કે કોઈની સાદડીમાં પ્લાસ્ટિકના બે આંસુ સારી આવ્યા અને તુરત કપડાં બદલવા જેટલી સહેલાઈથી ચહેરાના ભાવ પલટીને મેરેજની ડિનર પાર્ટીમાં જતા શીખી ગયા. પણ આ બધા પલાયનવાદોથી જીવનની ક્ષણિકતાને કોઈ ભૂંસી શકતું નથી. મૃત્યુના આગમનને કોઈ રોકી શકતું નથી.

મૃત્યુથી ડરીને કોઈ નિર્જન બેટમાં પહોંચી જાય, કોઈ અરવલ્લીની પહાડીઓમાં કે હિમાલયની ગુફાઓમાં સંતાઈ જાય, કોઈ નર્મદાની ખીણમાં કે ડાંગના જંગલમાં છૂપાઈ જાય, કોઈ ઊંડા કૂવામાં ઊતરી જાય, કોઈ અંધારા ભોંયરામાં ભરાઈ જાય, કોઈ સિક્યોરિટી ફોર્સને સંપૂર્ણ સોંપાઈ

જાય, કોઈ બંદુકધારી ચોકીદારોની વચ્ચે ગોઠવાઈ જાય, કોઈ ઔષધિઓના ઢગલા નીચે દટાઈ જાય, ડોકટરોની પેનલથી આવરાઈ જાય, માંત્રિકોના ધાગાદોરાથી ઢંકાઈ જાય, કોઈ હોસ્પિટલના ઈન્ટેન્સિવ કેર યુનિટમાં પડ્યો પાથર્યો રહે, છતાં ગમે ત્યાં, ગમે ત્યારે, ગમે તે સંયોગોમાં મૃત્યુ ઉપાડી જશે. તે સંડાસમાં પણ આવે કે હોટલમાં પણ આવે, તે ચા પીતા પણ આવે કે છાપું વાંચતા પણ આવે, તે ઘરમાં પણ આવે કે ઓફિસમાં પણ આવે, તે સૂતાં હોય ત્યારે પણ આવે કે ચાલતા હોય ત્યારે પણ આવે, તે જમતા જમતા પણ આવે અને રમતા રમતા પણ આવે,તે સ્કુટર પર બેઠા હોઈએ ત્યારે પણ આવે, તે રાત્રે પણ આવે, દિવસે પણ આવે, પ્રભાતે પણ આવે, સાંજે પણ આવે, ગામમાં પણ આવે, કો'કને દુકાનના ગલ્લા પર આવે, કો'કને ક્રિકેટના ગ્રાઉન્ડ પર આવે, કો'કને સ્કૂલની બેંચ પર આવે, કો'કને હાઈવે રોડ પર આવે, કો'કને માના ખોળામાં પણ આવે, તો કો'કને જન્મ પહેલાં જ માતાના પેટમાં પણ આવે.

મૃત્યુથી બચવા માટે કોઈ તલવાર, ભાલા કે બંદૂકોથી દૂર ભાગે તો કદાચ તરબૂચનું બીજ કે શેરડીના છોતરાનું રૂપ ધારણ કરીને પણ આવે. મૃત્યુથી ડરતો કોઈ ટ્રક, ટ્રેક્ટર અને મોટરોથી ચેતતો રહે તો તે ગાયની હડફેટ કે કૂતરાના નહોર રૂપે પણ આવે. તેનાથી બચવા કોઈ ક્ષય કે કેન્સર જેવા રોગો ન થાય તેની તકેદારી રાખે તો'ય તે સામાન્ય માથાના દુખાવામાંથી બ્રેઈન હેમરેજ કે સામાન્ય છાતીના દુખાવામાંથી હાર્ટએટેકનું રૂપ ધારણ કરીને ક્ષણમાં હરી જશે. કોઈ બે માળના મકાન પરથી પડવા છતાં આબાદ બચી જાય અને સામાન્ય ઠેસ વાગતા ઊપડી જાય. કોઈનો કદાચ તલવારનો ઘા રુઝાઈ જાય, પણ શાક સમારતા વાગતી ચપ્પુની ધાર જીવલેણ બની જાય. કોઈ ટ્રક નીચે આવવા છતાં જીવી જાય અને ઘરમાં માચી પરથી એક ગાદલું પડતા દટાઈ જાય. મૃત્યુ જ્યાં ધારે ત્યાં આવી ચડે છે. મૃત્યુ જેવી રીતે ઈચ્છે તેવી રીતે આવી શકે છે. તેને સત્કાર અને સન્માનની કોઈ લાલસા નથી. તેને આવકાર કે સ્વાગતની

કોઈ પડી નથી, તે આવવા માટે આમંત્રણ પત્રિકાની રાહ જોતું નથી. તોરણીયા ન બાંધ્યા હોય તો'ય તે આવી જાય છે. વાજા લગ્નનાં વાગતા હોય તો'ય તે ઉપસ્થિત થઈ જાય છે. હોસ્પિટલમાં બીમાર બાપા હોય છતાં ઘેર આવીને સાજા સારા દીકરાને તે ઉપાડી જાય છે. મુસાફરી માટે ઘરમાં મોટર વસાવશો, કદાચ એ પરલોકની મુસાફરી કરાવનારી નીવડશે. રસોડાની શોભા વધારવા ગેસ, સ્ટવ વસાવશો પણ કદાચ એ ઘરની શોભા ઓછી કરશે. બાબલાને રમવા ચાવીવાળું રમકડું લાવી આપશો, કદાચ રમકડાને બોલતું અને ચાલતું કરનાર ચાવી ગળી જઈને બાબલો બોલતો અને ચાલતો બંધ થઈ જશે. રસોડાના કૂકરમાં કદાચ કોઈનું જીવન પણ રંધાઈ જાય. પોસ્ટમેન આપી જાય તે ટેલિગ્રામના એક વાક્યની પણ તાકાત છે કે, હાર્ટફેલના ગેટથી મૃત્યુને તમારા આંગણામાં પ્રવેશ કરાવી છે.

રાજાને ત્યાં પુત્ર અવતર્યો. જૈન દીક્ષા છોડીને રાજગુરુ બનેલા જૈન ધર્મના દ્વેષી પ્રકાંડ જ્યોતિર્વિદ વરાહમિહિરે કુંડલી દોરીને નવજાત શિશુના શતાયુની આગાહી કરી. નગરના શ્રેષ્ઠીઓ, સામંતો, સૈનિકો અને સર્વ ધર્મગુરુઓ રાજપુત્રને આર્શીવાદ આપવા આવ્યા, પણ જૈનાચાર્ય ભદ્રબાહુસ્વામી ન પધાર્યા ત્યારે વરાહમિહિરે તેમના વિરુદ્ધ રાજાને ભંભેરણી કરી. રાજાના કોપના ભયથી ભદ્રબાહુસ્વામીને વધામણી આપવા જવા મહાજને વિનંતી કરી ત્યારે તેમણે કહ્યું ''જે બાળક સાત દિવસ પછી બિલાડી દ્વારા મૃત્યુનો કોળિયો બની જવાનો છે તેને આર્શીવાદ આપવા હું કેવી રીતે જાઉં?''

મહાજને આ સમાચાર રાજાના કાને પહોંચાડ્યા. ત્યારે રાજગુરુ વરાહમિહિર પાસે ફરી કુંડલીઓ દોરાવી પણ તેની આગાહી તો પૂર્વવત્ જ આવી. જૈનાચાર્યને ખોટા પાડવા વરાહમિહિરની ઈંતેજારી વધી. રાજાએ સમગ્ર નગરમાંથી બધી બિલાડીઓને હાંકી કઢાવી અને બાળકને એક ભોંયરામાં કાળજીપૂર્વક રાખ્યો. સાતમા દિવસે ઘોડિયામાં કિલ્લોલ કરતા આ રાજબાળના મસ્તક પર બારણાનો આગળિયો પડ્યો અને ક્ષણમાં

પ્રાણનો વિલય થયો. આચાર્યનું વચન સત્ય ઠરતા રાજા સ્તબ્ધ બન્યો અને રાજગુરુ ડઘાઈ ગયા. પણ જૈનાચાર્યની બાળક સાતમા દિવસે મૃત્યુ થવાની એક જ આગાહી સાચી ઠરી હતી. બિલાડીથી મૃત્યુ થશે, તે વાત તો ખોટી જ ઠરી હતી. તેથી જૈનાચાર્યને રાજદરબારમાં બોલાવ્યા. જૈનાચાર્ય બાળકનું મૃત્યુ આણનાર એ આગળિયો મંગાવ્યો અને જોયો, તો તેનો આકાર બિલાડીનો હતો. આ મહાજ્ઞાનીનો પ્રચંડ પ્રતિભા અને ઉદાસીન ભાવને સહુ અભિનંદ્યા.

બિલાડીઓને નગરમાંથી હાંકી કઢાય છે, પણ મૃત્યુનો કોઈ દેશનિકાલ કરી શકતું નથી, મૃત્યુને કોઈ કેદમાં પૂરી શકતું નથી, મૃત્યુને કોઈ સજા ફટકારી શકતું નથી, મૃત્યુને કોઈ ક્લોરોફોર્મ સુંઘાડીને બેભાન કરી શકતું નથી. ટિયર ગેસના ટેટા ફોડીને મૃત્યુને કોઈ હડસેલી શકતું નથી. મશીનગન છોડીને મૃત્યુને કોઈ ઠાર કરી શકતું નથી. એની એપોઈન્ટમેન્ટ ડાયરી સાથે કોઈ પણ વ્યક્તિ કોઈપણ જાતની મિશ્રિફ કરી શકતી નથી. કોઈ ચક્રવર્તી રાજા કે મહારાજાની પણ તાકાત નથી કે મૃત્યુને અટકાવી શકે. આજનું મેડિકલ સાયન્સ, દવાઓ, હોસ્પિટલ્સ, નર્સિંગહોમ્સ, એમ્બ્યુલન્સ, સર્જીકલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ, ડોક્ટર, નર્સ, કમ્પાઉન્ડર અને વોર્ડ બોયઝની મોટી ફોજ સાથે મૃત્યુ સામે બાથ ભીડીને તેને ભીંસવા પ્રયત્ન કરી રહ્યું છે. પણ કેટલાય ડોક્ટરના નામની આગળ સ્વર્ગસ્થનાં વિશેષણ લાગી ગયા. કેટલીય હોસ્પિટલના સ્ક્રેપ વેચાઈ ગયા, કેટલીય લેબોરેટરીઓના ખંડેર બની ગયા. ટનબંધ દવાઓ ચવાઈ ગઈ, કેટલીય કસનળીઓ ફૂટી ગઈ, ઓક્સિજનના સિલિંડર તૂટી ગયા, એક્સ-રે મશીન કટાઈ ગયા, થર્મોમીટર ફૂટી ગયા, પણ મૃત્યુને કોઈ ભીંસી શક્યું નથી.

મૃત્યુને હંફાવવા નાકમાં ઓક્સિજનની નળી ખોસી, ખોરાક પણ નળીથી આપવા માંડ્યો, હાથમાં પણ ગ્લુકોઝના બાટલાની નળી ખોસી, પેશાબનો પણ નળીથી નિકાલ કરવા માંડ્યો, ઝાડાની પણ કોથળી ગોઠવી, ઈન્ટેન્સિવ કેર યુનિટમાં મશીન સાથે હાર્ટની લીંક જોડી. એક્સરે રિપોર્ટ,

કાર્ડિયોગ્રામ રિપોર્ટ, બ્લડ ટેસ્ટ અને ટેમ્પરેચરના રેકોર્ડથી ખીચોખીચ ફાઈલ બાજુમાં ગોઠવી દીધી. ફિઝિશીયન અને સર્જનોની પેનલ રોકી. ઓપરેશન થિયેટરમાં કલાકો સુધી જંગ ખેલ્યો પણ, બિચારું સાયન્સ ! મૃત્યુને સહેજ પણ હંફાવી શક્યું નહીં. આ સઘળા નિરર્થક પ્રયત્નોની ક્રૂર હાંસી ઉડાડતું યમરાજાનું ક્રૂર અટ્ટાહાસ્ય શબવાહિનીના અવાજ રૂપે રોડ પર પથરાય છે. માનવી થાકે છે, મૃત્યુને સ્વીકારે છે. માટે તે એલ.આઈ.સી. ની પોલિસી કઢાવે છે, માટે તે વસિયતનામું ઘડે છે, માટે તે પંચાયતની ઓફિસમાં મૃત્યુ નોંધણી માટે ઓફિસરની નિમણુંક કરે છે.

પણ મૃત્યુનો સ્વીકાર તેના વ્યવહારમાં વર્તાતો નથી. તેની બેફિકર જીવનશૈલીમાંથી મૃત્યુના સ્વીકારનો વિરોધ પ્રસરે છે. મૃત્યુના સત્કારની કોઈ તૈયારીઓ તેના વર્તનમાં દેખાતી નથી.

આતિથ્ય સત્કાર એ આર્યમાનવીના સ્વાભાવિક સંસ્કાર છે. કોઈ અતિથિ અજાણતા પણ આવી જાય તો ઉષ્માભર્યા શબ્દોથી આવકારે છે, હૈયાની પ્રેમાળતાથી તે તેમને સત્કારે છે, ચા, પાણી કે ભોજનના સન્માનથી તે તેમને બહુમાને છે, અને અતિથિ આવવાના જ છે, તેનો અગાઉથી ખ્યાલ આવી જાય તો તે બારણે તોરણો બાંધી રાખે છે, આંગણે રંગોળીઓ પૂરી રાખે છે, ભીંત પર ચંદરવા બાંધી રાખે છે, ટોડલા પર ચાકળા ટીંગાડે છે. મૃત્યુ પણ ગમે તે કાળે આવી પહોંચનારો અનિવાર્ય અતિથિ છે, તે ખ્યાલ હોવા છતાં તેના સત્કાર માટે કોઈ જાજમ પાથરેલી ન દેખાય, કોઈ જલ છંટકાવ ન દેખાય અને કોઈ સ્વાગત ગીતોના સૂર કાને ન પડે, તો શું માનવું ?

મૃત્યુને સ્વીકારવાની ફરજ પાડતી પુરાણની એક કથા ખૂબ માર્મિક છે. પિતૃભક્ત નારદ પર્વ દિવસે પિતાજીને નમન કરીને કોઈ વિશિષ્ટ સેવાનો લાભ આપવા વિનવે છે, ત્યારે પિતાજીએ ઈચ્છા વ્યક્ત કરી :

“બેટા નારદ, આ રમ્ય જીવનના અંતનો વિચાર આવતા ધ્રૂજી જવાય છે. તારે તો બધા ભગવાન સાથે સારી લાગવગ છે. જો મારી

સેવા કરવી હોય તો મને અમરપણાનું વચન તું અપાવી દે.''

પિતાજીની આ માંગણી સાંભળીને નારદજી ધ્રૂજી ગયા. ''પિતાજી, ત્રિકાલમાં કોઈને પણ મૃત્યુએ છોડ્યા નથી, હું આપને કેવી રીતે છોડાવી શકું?''

''મારી સેવા તારે કરવી હોય તો તેના દ્વારા જ થઈ શકશે. તારા વચનની તને કિંમત હોય તો ગમે તે રીતે મને અમરપદ અપાવી દે.''

પિતાજીની માંગણીથી મૂંઝાયેલા નારદજી બ્રહ્માજીના દરબારમાં પહોંચ્યા. મુખની ગ્લાનિ મનની મુંઝવણની ચાડી ખાતી હતી. બ્રહ્માજીએ તુરત મૂંઝવણનું કારણ પૂછ્યું અને જવાબમાં જ્યારે નારદજીએ પિતાજીની માંગણીની વાત જણાવી ત્યારે નારદજીની મુંઝવણનો ચેપ બ્રહ્માજીને પણ લાગ્યો. નારદના પિતાનું મૃત્યુ નિવારવાના ઉપાયો બ્રહ્માએ પણ વિચારી જોયા, પણ કોઈ ઉપાય ન સૂઝ્યો. ભક્તની ભીડ ટાળવી નારદજીને લઈને તેઓ ખુદ વિષ્ણુના દરબારમાં આવ્યા. આજે પહેલી જ વાર બ્રહ્માજી પોતાનો દરબાર છોડીને બહાર નીકળ્યા હતા. બ્રહ્માજીના આગમનથી ગાંડાઘેલા બનેલા વિષ્ણુએ આગમનનું કારણ પૂછ્યું. બ્રહ્માજીએ જ્યારે કારણ જણાવ્યું ત્યારે વિષ્ણુજી પણ ઠંડા પડી ગયા. બન્ને ભગવાન આ મુંઝવણ ટાળવા, સાથે નારદજીને લઈને મહેશજીના દરબારમાં પહોંચ્યા. વિષ્ણુજી પણ આજે પહેલી જ વાર પોતાના દરબારની બહાર નીકળ્યા હતા. કેવી ભક્ત વત્સલતા ! બન્ને ભગવાનના આગમનથી આનંદ વિભોર બનેલા મહેશજી પણ આગમનનું કારણ જાણ્યા બાદ બેચેન બન્યા. ભક્તની મુંઝવણ ટાળવાના ઉપાયો આ ત્રણ ભગવાને કલાકો સુધી વિચાર્યા બાદ ત્રણેએ સાથે નારદને લઈને યમરાજ પાસે ભલામણ માટે જવાનો નિર્ણય કર્યો, કારણ કે આ બધું ખાતું તેના હાથમાં છે. નારદજી સાથે આ ત્રણે ભગવંતોને પોતાનાં આગણામાં પ્રવેશ કરતા જોઈને સ્તબ્ધ બનેલાં યમરાજાએ બૂમ પાડી.

''હાશ, મુંઝવણ ટળી, ન બનવાનું તે ન બન્યું અને બનવાનું

તે જ બન્યું.''

તેના આ અસંબદ્ધ વાક્યોથી ચારે'ય આગંતુકોમાં આશ્ચર્ય વ્યાપ્યું, પણ તુરંત જ ચકર-વકર બનીને જોયા કરતા યમરાજાએ ખુલાસો કર્યો.

''અરે ભગવંતો, આપ ત્રાણમાંથી એક પેણ સ્વામી ક્યારે'ય પોતાનો દરબાર છોડીને અન્યત્ર ક્યાંય ગયા નથી. તો મારા આંગણે તો એક સાથે ત્રાણે ક્યાંથી આવો ? મારા મૃત્યુના ચોપડામાં એક માણસના મૃત્યુના ખાનામાં લખેલું આજે મારા જોવામાં આવ્યાં કે, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ નારદજીની સાથે જે દિવસે યમરાજાના આંગણે પધારશે, તે દિવસે જ તે વ્યક્તિનું મૃત્યુ થશે. આપ ત્રાણેય દરબાર છોડીને ક્યારે'ય ક્યાંય ગયા નથી અને મારા આંગણે પધારો, તે તો અશક્ય જ છે, તેવી માન્યતાથી, શું આ વ્યક્તિ ક્યારે'ય નહીં મરે ? તે મુંઝવણમાં હું હતો, પણ અશક્ય એવી આપની પધરામણી થઈ ગઈ, અને તે વ્યક્તિનું મૃત્યુ થવાનું હતું તે થયું જ.''

તુરંત 'ચારે'ય આંગતુકોએ એક સાથે ઉતાવળથી પૂછ્યું ''કોણ તે વ્યક્તિ?''

જવાબ મળ્યો ''નારદજીના પિતાજી.'' નારદજીએ ઉતાવળથી ઘેર પહોંચીને જોયું તો પિતાજીની લાશ પડી હતી.

પુરાણની આ કથા, મૃત્યુના સર્વોપરિત્વનો ઘંટનાદ વગાડે છે. બ્રહ્મા, વિષ્ણુ કે મહેશ પણ તેને નિવારવા અસમર્થ છે. કોઈ પાર્લામેન્ટ સર્વાનુમતિના ઠરાવથી પણ તેને અટકાવી શકતી નથી. કોઈ પ્રેસિડેન્ટ વટહુકમથી તેના પર પ્રતિબંધ મૂકી શકતો નથી. હાઈકોર્ટ, સુપ્રિમકોર્ટ કે પ્રિવીકાઉન્સિલમાં તેની સામે દાવા માંડી શકાતા નથી. સી.બી.આઈ. તેના હલનચલનની માહિતીઓ એકત્ર કરી શકતી નથી. વિટામિન ટેબ્લેટ્સ કે લીવર એકસટ્રેકટનાં ઈન્જેકશનોથી તે ગભરાતું નથી. બોર્નવિટા, ફેરેકસ કે પ્રોટિનેક્સના ડબાઓથી તે શરમાતું નથી.

જેમ વાસણ ખરીદ્યા પછી તેના બિલને સ્વીકારવું પડે, જેમ ઓર્ડર

આપ્યા પછી તેના પેમેન્ટના રિમાઈન્ડરને સ્વીકારવો પડે છે, ધંધામાં કમાણી કર્યા પછી જેમ ઈન્કમટેક્સનું રિટર્ન ભરવું પડે છે, તેટલી જ સહેલાઈથી જન્મેલા વ્યક્તિએ મોતને સ્વીકારવું જ રહ્યું.

સરકારના કાયદાઓ જુદા જુદા ગુના માટે, જુદી જુદી સજાઓ નક્કી કરે છે. કોઈ ગુના માટે કેદ, કોઈ ગુના માટે દંડ, કોઈ ગુના માટે જન્મટીપ તો કોઈ ગુના માટે ફાંસીની સજા થાય છે. પ્રત્યેક વ્યક્તિને માથે મૃત્યુની તલવાર લટકી રહી છે, મોતનો ભય તોળાઈ રહ્યો છે. એટલે કે ફાંસીની સજા દરેકને ફટકારવામાં આવી છે. ત્યારે કાયદાના થોથા લઈને માનવી કુદરતના ન્યાયાલયના બારણે ટકોરા દઈને સાદ પાડે છે.

''ક્યા ગુના બદલ ફાંસીની સજા ?'' તરત કુદરતના ન્યાયાલયમાંથી વળતો જવાબ મળે છે :''જન્મના ગુના માટે.''

કુદરત મહાસત્તાના ન્યાયાલયમાં જન્મ એ ગંભીરતમ ગુનો છે અને જે કોઈએ આ ગુનો કર્યો છે, તેને નિરપવાદપણે મૃત્યુની સજા ફરમાવવામાં આવી છે, આવે છે અને આવશે. પ્રત્યેક જન્મતું બાળક માથે મૃત્યુનો મુગટ પહેરીને આવે છે, હથેળીમાં મૃત્યુના લેખ લખાવીને આવે છે. માટે મૃત્યુને સહર્ષ સ્વીકારવામાં જ સમાધિ છે.

અમદાવાદના એક પીઢ શ્રેષ્ઠીની વાત સાંભળેલી. તે એક મહાત્માનું પ્રવચન સાંભળવા નિયમિત જતા. કોઈ દિવસ નહિ ને એક વાર તે પ્રવચનમાં પંદર મિનિટ મોડા આવ્યા. ત્યારે તે મહાત્માને અને શ્રોતાઓને પણ આશ્ચર્ય થયું. પ્રવચન બાદ મહાત્માએ સહજ વિલંબનું કારણ પૂછ્યું, ત્યારે તે શ્રેષ્ઠીએ સહજ જવાબ વાળ્યો : ''મોડા આવવાનું ખાસ કોઈ કારણ નહોતું. મહેમાનને વળાવવા ગયેલો, તેથી થોડું મોડું થઈ ગયું.'' ત્યારે બાજુમાં બેઠેલી વ્યક્તિએ ફોડ પાડ્યો: ''તેમનો નવયુવાન દીકરો આજે મૃત્યુ પામ્યો, સ્મશાનયાત્રામાં ગયેલ, તેથી તેમને આજે મોડું થયું.''

પોતાના વ્હાલાસોયા દીકરાના મૃત્યુને મહેમાનનાં વળામણા જેટલી સહજતાથી સ્વીકારનાર આ શ્રેષ્ઠીએ મૃત્યુનાં અનિવાર્ય આગમનનાં

તત્ત્વજ્ઞાનનો કેટલી સહજતાથી અંગીકાર કર્યો હશે ?

પત્નીનાં મૃત્યુના સમાચાર મળતા વિહ્વળ બનવાને બદલે નરસિંહ મહેતા ગાઈ ઊઠે છે :

''ભલું થયું ભાગી જંજાળ સુખે ભજશું શ્રી ગોપાળ.''

સંસારના બોજથી નાસી છૂટવાની આ કોઈ પલાયનવૃત્તિ નહોતી, કે વ્યક્તિના અસ્તિત્વથી કંટાળો કે ત્રાસ અનુભવ્યાનો પણ આમાંથી ધ્વનિ નિકળતો નથી. જીવન અને મૃત્યુના ભેદને જાણીને આત્મરસમાં તરબોળ બનેલા જાગૃત આત્માની આ અલગારી ખુમારી હતી.

પણ, બધાય નરસિંહ મહેતા થોડા જ હોય કે મૃત્યુનો આટલી સહજતાથી એકરાર કરી શકે ?

એક નગરની સુધરાઈની બેઠકમાં એક સભાસદે નગરના સ્મશાનને દરવાજા કરાવવાનો પ્રસ્તાવ મૂક્યો. તુરંત જ એક બીજા સભાસદે તેનો વિરોધ કરતાં કારણ આપ્યું, ''સ્મશાનને દરવાજાની કોઈ જરૂર નથી, કારણ કે અંદર ગયેલા કોઈ બહાર નીકળી શકવાના નથી અને બહાર રહેલાં કોઈ અંદર જવા ઈચ્છતા નથી.''

આ વિરોધમાંથી સમાજમાં વરતાતી મૃત્યુના સ્વીકાર અંગેની બેપરવાઈનો પડઘો પડે છે.

મૃત્યુ મોટા માંધાતાઓને પણ બેચેન બનાવે છે. મોટા મહારાજાઓ પણ તેનાથી ફફડે છે. જીવન એ કાચની બંગડી જેવું છે, મૃત્યુના ધક્કાથી તે બટકી જવાનું છે, આ વાસ્તવિકતા જેણે આત્માસાત્ કરી છે, તેને કોઈ સ્વજનનો વિયોગ  વ્યાકુળ બનાવી શકતો નથી. જેણે આ તત્ત્વજ્ઞાનને પચાવ્યું નથી. તેને ભાગે તો રુદન, વિલાપ, પોક, આક્રંદ અને મરસિયા જ લખાયેલાં છે.

રાજા ભર્તૃહરિ અને રાણી પિંગલા ઝરુખામાં બેઠા હતા. રસ્તા પરનું એક દશ્ય જોઈને રાણીએ રાજાને પૂછ્યું ''સ્વામી ! આ એક માણસને આમ મુશ્કેટાટ બાંધીને રડતા રડતા લોકો તેને ક્યાં લઈ જાય છે ? અને

આ પાછળ કારમું આક્રંદ કરતી બાઈ છૂટા વાળ રાખીને ક્યાં જઈ રહી છે ?''

''પ્રિયે, આ માણસ મૃત્યુ પામ્યો છે. બધાં તેને સ્મશાનમાં બાળવા લઈ જાય છે. પેલી સ્ત્રી તેની પત્ની છે. તે સતી સ્ત્રી ચિતામાં પતિની સાથે બળી મરશે, કારણ કે, પતિનો વિરહ તે જીરવી શકે તેમ નથી.''

આ સાંભળી રાણી હસી. ''અરે, પતિના વિરહમાં આટલું પણ કેવી રીતે જીવી શકાય ? તુરંત જ પ્રાણ છોડી દેવા જોઈએ.''

હા, હું તારો પતિપ્રેમ જોઈ લઈશ !'' એમ કહીને રાજાએ ગાંઠ વાળી.

ઘણા મહિનાઓ બાદ એક યુક્તિ રચી. યુદ્ધમાં ગયાનો ડોળ કર્યો અને વિશ્વાસુ દૂત સાથે યુદ્ધમાં પોતે મૃત્યુ પામ્યાનો જૂઠો સંદેશ રાણીને મોકલાવ્યો. તે સંદેશ સાંભળતા જ ઝરુખા પરથી પડતું મૂકીને રાણીએ પ્રાણ ત્યાગ કર્યો. અને પત્નીના આ મૃત્યુના સમાચારથી રાજા ભર્તૃહરિ અત્યંત વિહ્વળ બન્યો. પાગલ જેવો બની ગયેલો તે ''પિંગલા પિંગલા'' ની બૂમ મારતો ચારે કોર ભમવા લાગ્યો. મંત્રીઓ ઉચાટમાં પડ્યા અને મહાજન મૂંઝવણમાં મૂકાયું. નદીના પટ પર પાગલની જેમ ચાલી રહેલા ભર્તૃહરિને સામેથી આવતા એક મહાત્મા મળ્યા.

ભર્તૃહરિના પાલગપનની વાત મહાત્માને કાને મંત્રીઓએ પહોંચાડી દીધી હતી. રાજા પાસે પહોંચતા જ મહાત્માએ પોતાનું લાકડાનું કમંડળ મોટા પથરા સાથે અફાળ્યું અને તે તૂટી ગયું. કમંડળ નષ્ટ થવાથી મહાત્મા વિલાપ અને આક્રંદ કરવા લાગ્યા. રાજાએ રાજ્યમાંથી બીજું કમંડળ આપવા મંત્રીઓને સૂચના કરી, પણ મહાત્માએ તે જ કમંડળની માંગણી જારી રાખી. ત્યારે ભર્તૃહરિએ કહ્યું, ''મહાત્માજી, આપ જ્ઞાની થઈને આવી જીદ કરો છો ? કહો તો સોનાનું કમંડળ અપાવું પણ જે તૂટી ગયું છે તે કમંડળ કદી પાછું મળતું હશે ?''

તુરંત મહાત્માએ દાવ ખેલ્યો.

"જો ભર્તૃહરિની મરી ગયેલી રાણી પિંગલા પાછી આવી શકતી હોય તો, મારું તૂટી ગયેલું કમંડળ પાછું કેમ ન મળે ?"

રાજાની આંખ ઉઘડી. વિલાપ છોડ્યો. પાગલપન મૂક્યું અને ક્ષણિક જીવનમાંથી સાધનાનું અમૃત ઘૂંટી લેવા તત્પર બન્યો. તૂટી ગયેલું લાકડાનું કમંડળ પાછું મળતું નથી, ફૂટી ગયેલું કાચનું ઝુમ્મર પરત મળતું નથી, ઢોળાઈ ગયેલું દૂધ હાથમાં આવતું નથી. બસ, તે જ રીતે આ ક્ષણિક જીવન પણ ક્યારે'ક નંદવાઈ જવાનું, પછી ક્રોડો ઉપાયો છતાં તે સાંધી નહિ શકાય, આંસુના દોરાઓથી તેનું સંધાન નહિ થાય, છાતીફાટ મરસિયા પણ કાંઈ નહિ કરી શકે.

દીકરીનાં લગ્નની કંકોત્રીઓ લખાઈ ગઈ હોય તો'ય લગ્ન દિવસ સુધી તે રાહ નહિ જુવે, નવા મકાનનું વાસ્તુ થવાની પણ પ્રતીક્ષા નહિ કરે. યુરોપ પ્રવાસની ટિકિટ આવી ગઈ હોય, તો'ય તે તો આવી જાય, શત્રુંજયની યાત્રા બાકી હોય, તો'ય તે રાહ નહિ જુવે. પ્રાઈમ મિનિસ્ટરની એપોઈન્ટમેન્ટ લીધેલી હોય પણ તે પહેલાં યમની એપોઈન્ટમેન્ટ પાકી જાય, તો પેલી એપોઈન્ટમેન્ટ પણ કેન્સલ થઈ જાય. નવી ફેક્ટરીના ઉદ્‌ઘાટન સમારોહ સુધી પણ તે ધીરજ નહિ ધરે, દીકરાની વહુને દીકરો અવતરે, ત્યાં સુધી પણ તે નહિ રોકાય. તે તો કોઈ નોટિસ મોકલ્યા વગર, કોઈ ચેતવણી પાઠવ્યા વગર અને કોઈ પૂર્વસંદેશો જણાવ્યા વગર ટપકી પડશે.

કોઈ દીવાદાંડી પર તેના આગમનના અણસાર નહિ દેખાય, કોઈ રડાર પર તેની પધરામણીના સંકેત નહિ પકડાય, કોઈ ઈન્ડિકેટર પર તેના એરાઈવલનો સમય નહિ નોંધાય, કોઈ કાગડો છાપરા પર "કા-કા" દ્વારા તે આવ્યાની બાતમી નહિ આપે. તે આવશે જ, ક્યારે'ય પણ આવશે.

લાકડીનો ટેકો અને દાંતના ચોકઠાવાળું ઘડપણ કદાચ ન પણ આવે, મહેચ્છાઓ અને મહત્ત્વકાંક્ષાઓ સાથેનું યૌવન કદાચ ન પણ ડોકાય, ભયાનક રીબામણો સાથેના કેન્સર જેવી અસાધ્ય વ્યાધિઓ કદાચ ન પણ થાય, દવાઓ અને અનુપાન ઉપર મહિનાઓ સુધી કદાચ ન પણ રહેવું

પડે. ઘીનો દીવો અને મંત્રના શ્રવણ કદાચ ન પણ મળે, તે બધું અનિશ્ચિત, પણ મૃત્યુ નિશ્ચિત છે. છતાં ક્યારે આવવાનું તે અનિશ્ચિત છે.

બાલ અતિમુક્તે સંસારથી વિરકત બનીને પરમ કલ્યાણના પંથે સંચરવાની માતા પાસે અનુમતિ માંગી, ત્યારે માતાએ કહ્યું ''બેટા, તારા મુખ પરથી શૈશવની સુકુમારતા સહેજે'ય ઓસરી નથી. તું ભોગવિલાસની ભયંકરતા કે અધ્યાત્મના અમૃતરસને શું જાણે ?''

''મા, હું જે જાણું, તે નવિ જાણું, નવિ જાણું તે જાણું.'' આ અટપટા કોયડા જેવી નાનકડાં બાલુડાની રહસ્યમય વાત માતાનાં ભેજામાં ન ઊતરી, ત્યારે તે કોયડાનો ઉકેલ તે બાળકને જ પૂછ્યો અને જાણે બ્રહ્માંડના પરમ રહસ્યોને ઉકેલતો હોય તે અદાથી બાળકે કહ્યું ''મા, મૃત્યુ આવવાનું છે તે હું જાણું છું, પણ ક્યારે આવવાનું છે તે નથી જાણતો, મરીને ક્યાં જવાનું છે તે હું જાણતો નથી, પણ પરલોકમાં ક્યાંક જવાનું છે તે જાણું છું.''

મૃત્યુ ક્યારે'ક તો આવવાનું જ છે. ક્યારે આવે તે નક્કી નથી. આટલું જાણ્યા પછી જીવનમાં જાણવાનું પણ શું બાકી રહે ? બધા જ ભૌતિક રમખાણો ત્યાં અટકે છે અને આધ્યાત્મિક આંદોલન ત્યાંથી પ્રારંભ પામે છે.

અને મૃત્યુ એ જ ખરો અતિથિ છે. કારણ તેના આગમનની કોઈ તિથિ નક્કી નથી. માટે જ જીવન એક સ્વપ્ન કહેવાય છે. સ્વપ્નની રમણીય સૃષ્ટિ પણ આંખ ખૂલ્યા બાદ પૂર્ણાહુતિ પામે છે, અને ચારેકોર પથરાયેલી મનોહર સૃષ્ટિ પણ આંખ બંધ થતા સમાપ્તિ પામે છે.

પણ જીવનની આ ક્ષણભંગુરતા જેણે પીછાણી નથી, તે મૃત્યુને જીવંત વ્યક્તિ માત્રના અનિવાર્ય અતિથિ તરીકે મનમાં સ્વીકારતો નથી. મૃત્યુ આવી ગયા પછી પણ તેનો મનોમન સ્વીકાર કરવો ઘણાને મુશ્કેલ હોય છે.

પ્રાણપ્યારા બંધુ કૃષ્ણના અવસાનથી બલભદ્રજી બેબાકળા બન્યા,

બંધુના મોહે તેમને બેચેન બનાવ્યા. બંધુના ચિર વિરહને તે હૃદયથી સ્વીકારી જ ન શક્યા. અને આ મહાન રાજવંશી પુરુષ પણ પાગલની જેમ કૃષ્ણના મૃતદેહને ખભા પર ઊંચકીને ચારેકોર ફરવા લાગ્યા. દિવસો સુધી તે આવી હાસ્યાસ્પદ ચેષ્ટા કરતાં જ રહ્યા, તેમનો ભૂતપૂર્વ સારથિ મરીને દેવ બનેલો છે તેને પોતાના પૂર્વભવના સ્વામીની આ વ્યથિત દશા જોઈને દયા ઉપજી. બંધુના વિરહથી વ્યર્થ દુર્ધ્યાનના પનારે પડીને આત્માનું અહિત કરી રહેલા આ બલભદ્રજીને વિનાશિતાનું વિજ્ઞાન શીખવવા એણે કીમિયા રચ્યા.

માર્ગમાં જતા બલભદ્રજીએ એક દૃશ્ય જોયું. એક આદમી મૃત ગાયને દોહવાનો વ્યર્થ પ્રયત્ન કરી રહ્યો હતો. ઘણા પ્રયત્નો છતાં દૂધનું એક ટીપું'ય ન મળતા તે માથું અફાળતો હતો. તે જોઈ દયાર્દ્ર બનેલા બલભદ્રે સમજાણ આપી. 'અરે ગાંડા, આખી જિંદગી પ્રયત્ન કરે તો'ય મરેલી ગાય દૂધનું એક ટીપું પણ ન આપે, આ વ્યર્થ પ્રયત્નો છોડી દે.''
ત્યારે તુરંત જ સામો જવાબ મળ્યો-
''મૃત કૃષ્ણદેવના મડદાને લઈને ચોમેર ઘુમતા આપને જોઈને મરેલી ગાયનું દૂધ પીવાની મને ચાનક ચડી છે.''
બલભદ્રજીની બેભાન દશાનાં નિવારણ કરવામાં આ કીમિયો સારો સફળ થયો.
વળી, દેવે બીજો કીમિયો કર્યો-
આખા ખેતરમાં બળેલા બીજ વાવ્યા અને એકે છોડ ન ઊગ્યો, ત્યારે વલોપાત કરતા ખેડૂતને બલભદ્રે આશ્વાસન આપ્યું-
''વલોપાત ન કર, બળેલું કદી ઊગતું હશે ?''
''બલભદ્રનો મરેલો ભાઈ જીવતો થઈ શકે તો મારું બળેલું બીજ કેમ ન ઉગે?''

બલભદ્રની શાન ઠેકાણે લાવવા આટલો નુસ્ખો બસ હતો. જીવ માત્ર મૃત બનવાનો છે, તે પરમ સત્ય તેના હૃદયના ખૂણે ખૂણામાં જડબેસલાક ઠસી ગયું. મિલનનું ભાવિ વિરહ જ હોય તે તેણે સ્વીકાર્યું.

પ્રારંભ પછી પૂર્ણાહુતિ, શરૂઆત પછી સમાપ્તિ, સંયોગ પછી વિયોગ, જન્મ પછી મૃત્યુ, પ્રત્યેક વ્યક્તિએ સ્વીકારવું જ રહ્યું. કુદરતના આ ક્રમને જેણે બહાલી આપી નથી તેના નસીબમાં વ્યથા, ઉકળાટ અને વલોપાત છે. પાનખરની ચિંતામાં તે જીવનની વસંતને માણી શકતો નથી. વાક્યને પણ પૂર્ણવિરામ હોય છે, જ્યાં વાક્ય પુરું થાય છે. ટ્રેનના માર્ગને અંતે સ્ટેશન હોય છે, જ્યાં મુસાફરી અટકે છે. ત્રણ કલાકના સિનેમાના શો પછી સ્ક્રીન પર The End ચમકે છે. આવી સીધી સાદી સમજ પણ માનવી મૃત્યુ અંગે કેળવી શકતો નથી.

કો'ક જાગૃત આત્મા મૃત્યુના અનિવાર્ય આગમનને જાણીને ચેતી જાય છે, પરલોકમાં ક્યાં'ક જવાનું છે, તે જાણીને તેની તૈયારી કરે છે, તે કાયરની જેમ મૃત્યુથી ગભરાતો નથી. તે હિંમતપૂર્વક મૃત્યુને ભેટે છે. કારણ મૃત્યુને મહોત્સવ બનાવવાની તૈયારીઓ તે કરી લે છે.

એક નગરમાં વિચિત્ર પ્રથા હતી. નગરનો કોઈપણ વ્યક્તિ નગરનો રાજા બની શકે. રાજા બન્યા પછી પાંચ વર્ષ સુધી તે સર્વસત્તાધીશ. તે ધારે તે રીતે પોતાની સત્તાનો ઉપયોગ કરી શકે. પણ પાંચ વર્ષ પૂરા થતાં નગરજનો તેને દૂરના એક નિર્જન બેટ પર એકલો છોડી દે. ભૂખ, તરસ અને એકલતાના દુઃખથી રીબાઈને તે મરી જાય. પાંચ વર્ષના રાજાઓ રાજ્યકાળ દરમ્યાન તો ખૂબ મજા કરી લે, પણ વિદાય વેળાએ તેમનો વલોપાત હૈયાને ધ્રુજાવી દેતો. પણ છતાં, એ કારમી પ્રથા ત્યાં ચાલુ જ રહી.

એક બુદ્ધિમાન સજ્જને આ નગરનું સત્તાધીશપણું સ્વીકાર્યું. પાંચ વર્ષ તેણે બધી મજા અને મોજ શોખને ગૌણ ગર્યા. સત્તાનાં સામર્થ્ય છતાં કોઈ વૈભવને રાજા માણતો નથી, તેમ જાણીને સહુ તેની મૂર્ખતા, પર કરુણા ચિંતવવા લાગ્યા. સહુને તેની પાંચ વર્ષ પછીની કરુણ દશાનો વિચાર આવ્યો.

પાંચ વર્ષ પછી પેલા બેટ પર જલદી જવા તે ઉત્સુક બન્યો. પૂર્વના

રાજાઓને તો બળજબરીથી બાંધીને મોકલવા પડતા, આ હસતો હસતો સ્વેચ્છાએ જવા તૈયાર થયો. ત્યાં પહોંચવાની તેને ઉતાવળ હતી. તેનું આ વર્તન સહુને વિસ્મયની સૃષ્ટિમાં ખેંચી ગયું. સહુનું વિસ્મય એક મોટો પ્રશ્ન બનીને તેની સામે ઊભું રહ્યું. ''બધા ત્યાં જવા રડતા અને તમે હસો છો તેનું કારણ ?''

''કારણ એ જ છે કે, પાંચ વર્ષ પછી મારે જવાનું છે તે મને ખ્યાલ હોવાથી મેં મોજશોખ ન માણ્યા, પણ પાંચ વર્ષ બાદ જ્યાં જવાનું છે, ત્યાં વૈભવશાળી નગર વસાવી દીધું. મારી સત્તાનાં સામર્થ્યથી ત્યાં વિશાળ જનસંખ્યા, બગીચાઓ, ક્રીડાંગણો, નાટ્યગૃહો, બંગલાઓ આદિથી સુશોભિત અલ્કાપુરી જેવી નગરી મેં ઊભી કરી છે. ત્યાંની પ્રજા મારા સત્કાર માટે ઉત્સુક છે. હું ત્યાંનો રાજા બનીશ. હવે તમે કહો, મને ત્યાં જવાની ઉતાવળ અને આનંદ કેમ ન હોય ?''

મૃત્યુની પળને સતત નજર સમક્ષ રાખીને સાબૂત બનેલા ચાલાક આત્માઓ આવી તૈયારીઓ કરી રાખે છે. પછી તેને મૃત્યુ ધ્રૂજાવી શકતું નથી. કૃતાંત તેને ગભરાવી શકતો નથી. યમ તેને ડરાવી શકતો નથી. પિતૃપતિ તેને અકળાવી શકતો નથી.

ભારતમાં ક્યાં'ક વિદ્યમાન અમર તળાવની વાત સિકંદરે સાંભળેલી. તેથી બાદશાહને પણ તે તળાવનું પાણી પીને અમર થવાના કોડ જાગ્યા. ઘણી શોધ ચલાવીને તે પેલા તળાવ પાસે પહોંચ્યો. તે તળાવનું પાણી પીવે તે પહેલા જ તળાવના મગરમચ્છોએ એને અટકાવ્યો.....

''હે વીર ! રખે આ તળાવનું પાણી પીતો, અમે'ય પીધું. બાલ મટીને યુવાન બન્યા, યુવાન મટીને વૃદ્ધ બન્યા અને વૃદ્ધત્વ પૂર્વકનું શાપ રૂપ અમરત્વ ભોગવી રહ્યા છીએ. ઈચ્છીએ છીએ અને પ્રાર્થીએ છીએ, તો'ય મોત મળતું નથી. તારે અમર થવું હોય તો પહેલાં તારા યૌવનને સ્થિર બનાવી દે. અહીંથી થોડે દૂર યૌવનવન છે. તે વનનું ફળ જે ખાય છે, તેનું યૌવન શાશ્વત બની જાય છે. તેનું ફળ આરોગીને પહેલા તું તારા

યૌવનને શાશ્વત બનાવીને પછી આ પાણી તું પીજે.''

તુરંત તે દોડ્યો યૌવનવનમાં. પણ ત્યાં તો બધા યુવાનો એક બીજાને લૂંટી લેવાના ભયાનક સંગ્રામ ખેલી રહ્યા હતા. તે સંગ્રામનું કારણ કોઈએ રાજાને કહ્યું ''આ લોકોનું યૌવન અવિનાશી છે. તેથી કાયમ ભોગવિલાસની નવી સામગ્રી તો જોઈએ જ. તે ન મળતા આ લોકો ખૂબ રીબાય છે અને પરસ્પર ભયાનક સંગ્રામ ખેલે છે.''

સિકંદરના શાશ્વત યૌવન અને અમર જીવનના અરમાનો ત્યાં જ નંદવાઈ ગયા. યૌવનનો અંત પણ તેને ગમ્યો. મૃત્યુ પણ તેને મીઠું લાગ્યું. દરેક ચીજ ને મર્યાદાનો અલંકાર હોવો જ ઘટે. સરહદની પેલે પાર જવામાં જોખમ હોય છે. જે સીમા ઓળંગે છે તેને સહન કરવાનું છે. વૈદિકો મર્યાદાને માતા કહે છે. લક્ષ્મણ રેખા ઓળંગનાર સીતાજી આફતને વરે છે. તેથી જીવનની પ્રત્યેક પહેલીમાં મર્યાદા જડેલી હોય તો જ મજા અને આનંદ છે અને તેથી જ કુદરતે ખુદ જીવનને પણ મૃત્યુની મર્યાદાથી મઢી દીધું છે. તેથી મૃત્યુ એ જીવનનો અલંકાર છે. જીવનમાં મીઠાશ મૃત્યુને આધીન છે. જીવનનો આનંદ મૃત્યુને અવલંબિત છે.

એક બકરીએ ઈશ્વરને પ્રાર્થના કરી.

''કૃપાળુ ! ઉપકાર તારો કે તેં મને જીવન આપ્યું, પણ મોત આપીને તું મારા પર અપકાર ન કરતો..... મારા જીવનને અમરતાનું વરદાન આપજે, તે મારી પ્રાર્થના છે.''

બકરીની પ્રાર્થના ઈશ્વર સુધી પહોંચી કે ન પહોંચી તે ખબર નથી, પણ બકરી એક વાર મૃત્યુ પામી. બકરી હવે મનુષ્ય બની. કોઈ દિવ્ય જ્ઞાનથી તેને પોતાનો બકરી તરીકેનો પૂર્વજન્મ અને ત્યારે અમરતા માટે પોતે કરેલી પ્રાર્થના યાદ આવી. તુરંત તેણે ઈશ્વરનો આભાર માન્યો. ''નાથ, તેં મારા પર અનહદ કૃપા કરી કે મારી પ્રાર્થના ન સાંભળી. હું બકરીના ભવમાં અમર બન્યો હોત તો મનુષ્ય જીવનનું આ મહાન સુખ કેવી રીતે પામી શકત ? પણ, અહીં પણ મૃત્યુની તલવાર લટકી રહી છે તે જાણીને

મારા હાજા ગગડી જાય છે. હવે અહીં મૃત્યુ ન આવે તેવું અમરપણું તું મને લખી દે. તે મારી પ્રાર્થના છે.''

ઈશ્વરે તેની આ પ્રાર્થના સાંભળી કે નહિ તે ખબર નથી. પણ તે કાળક્રમે મૃત્યુ પામ્યો. હવે તે દેવ બન્યો. દૈવી અપ્સરાઓ સાથે રત્નોનાં વિમાનો, અપાર વૈભવ જોઈને તે અવાક્ થઈ ગયો, તેણે તુરંત ઈશ્વરનો આભાર માન્યો. ''હે કૃપાળુ ખરેખર તું ખૂબ કૃપાળુ છે, તેથી જ મારી ગત મનુષ્ય ભવમાં કરેલી અમરત્વની પ્રાર્થના ન સાંભળી, ત્યાં જો મારી પ્રાર્થના સાંભળીને તેં મને અમર બનાવી દીધો હોત તો આ અકલ્પનીય દૈવી સુખો હું શે પામી શકત ? પણ કૃપાળુ, હવે તું અહિ તો મારી પ્રાર્થના સ્વીકારવાનું ન જ ચૂકતો. આ જીવનનો અંત તો મને ન જ ખપે.''

આવી અધીરાઈ જોઈને હવે ઈશ્વરથી ન રહેવાયું. ''મારી કૃપાળુતાના આટલા પરચા પછી પણ એ જ ગાંડી અધીરતા ? અહીંની અમરતા માટે તું પ્રાર્થના ભલે કરે, પણ તો તારે ફરી મારો આભાર માનવો પડશે, કારણ કે આ તારી પ્રાર્થના પણ હું સ્વીકારવાનો નથી. આનાથી પણ ઉન્નતતમ એક જીવન છે. જ્યાં સુખ સર્વત્ર છવાયું છે. પ્રત્યેક પળે અસીમ આનંદની અનુભૂતિ તે પરમ જીવનમાં રહેલી છે. ત્યાં સર્વ શોક, વિષાદ અને દુ:ખનો અભાવ પ્રર્વતે છે. તે જીવનનો અલૌકિક આનંદ કોઈ રત્નો, રાજ્ય કે ઝવેરાતથી સરખાવી શકાય તેવો નથી. ત્યાંના સુખને કોઈ ઉપમા અને અલંકારોથી નવાજી શકાય તેવું નથી. પરમ અને અલૌકિક સિવાય કોઈ વિશેષણોથી તેને બિરદાવી શકાય તેમ નથી. તે પરમ જીવનની તને પ્રાપ્તિ કરાવ્યા બાદ તારી પ્રાર્થના હું સાંભળીશ. તે અનંત સુખની સાથે અમરતાનું ભેટણું પણ હું તને ધરીશ. પણ તે પહેલા તારી લાખો આજીજીઓને ઠુકરાવીને પણ કડવું છતાં'ય મીઠું મોત તને ચખાડીશ જ.''

આ વાર્તા સાંભળી ત્યારથી મનમાં ઠસી ગયું છે કે કુદરતની કરૂણા છે માટે જ મોત આવે છે. મૃત્યુ પણ પરમ કૃપાળુ પ્રકૃતિનો દિવ્ય ઉપહાર

છે. મૃત્યુથી નાહક ગભરાવું શું ? તે ઉપહારના સ્વીકારમાં તો પરમ ખુશી જ હોય ને ?

તો પછી, મૃત્યુના વિરામને હવે સ્વીકારી જ લઈએ. ત્યારે વર્તમાન જીવનની કથાને એક અંતિમ પૂર્ણવિરામ લાગી જશે. કેલેન્ડરના ડટ્ટા પરથી રોજ સવારે ઊઠીને પાના ખેરવનારા પોતે જ ત્યારે ખરી જશે. તેની Appointment Diary ની બધી જ એપોઈન્ટમેન્ટ કેન્સલ થઈ જશે. સ્મશાનમાં લાકડાના વેપારીને થોડો વકરો થશે. ખાપણ, સુતર, નારિયેળ અને નનામીના ધંધાદારીઓને પણ થોડી'ક કમાણી થશે. ઘરમાં રુદન, વિલાપ અને આક્રંદના રૂપોમાં વિષાદ મૂર્તિમંત બનશે. આશ્વાસનોના ટેલિગ્રામ, ટેલિફોન, ટપાલ અને સંદેશાઓમાં કેન્દ્ર સરકારના પોસ્ટ અને ટેલિગ્રામ ખાતાને કાંઈક કમાવાનું મળશે. સાદડી, બેસણા અને ઉઠમણાની ઔપચારિકતાને વ્યવહારુ લોકો બરાબર સાચવી લેશે. શોકસભામાં ગદ્‌ગદ કંઠના એક બે પ્રવચનો કોઈને સાચું તો કોઈને નકલી રડાવી દેશે. બહારથી આવેલા શોક સંદેશાઓના વાંચન પછી શોક સભા બરખાસ્ત થશે. છાપાની મૃત્યુ નોંધની કોલમમાં નામ ચમકશે. ફોટા સહિત હાર્દિક શ્રદ્ધાંજલિ છાપામાં છપાશે. શોક સફેદ સાડલામાં પ્રદર્શિત થશે. આંસુઓનાં પૂર ધીમે ધીમે ઓસરશે. ડોક્ટરનું અંતિમ બિલ ચૂકવાઈ જશે. પરમ ગુણાનુરાગીની જેમ શોધી શોધીને મૃતાત્માના ગુણો યાદ કરાશે. (મૃત્યુ બાદ કાન કોઈને સોંપીને જઈ શકાતું હોત તો કેવું સારું!) હવે મૃતના નામવાળું રેશનકાર્ડ ભૂતિયાકાર્ડ તરીકે શિક્ષા પાત્ર ઠરે તે પહેલા એકાદ બે વાર વધુ અનાજ લેવાનો લાભ ઉઠાવીને કાર્ડમાંથી નામની બાદબાકી કરાવી દેવાશે. પછી ઈન્શ્યોરન્સનો ક્લેઈમ કરાશે અને થોડા ધક્કા અને થોડી લાંચ પછી ક્લેઈમ પાસ થશે. વસિયતનામાનું સમાધાન થશે. અને છતાં'ય મનમાં ઊભી થતી ચિરસ્થાયી ગાંઠ બાપના મૃત્યુ બાદ દીકરાઓને કાયમ માટે જુદા કરી દેશે. પાર્ટનરશીપ-ડીડ, બેન્કના એકાઉન્ટ, સેલ્સટેક્સ-ઈન્કમટેક્સના કાગળીયા, ટ્રસ્ટ ઓફિસમાંથી ટ્રસ્ટી તરીકેના હક્કોની ફેરબદલી, સ્થાવર જંગમ

મિલકતના દસ્તાવેજો, નોમિનીઓ વચ્ચે થોડી અદાલતી કાર્યવાહીઓ, આ બધા મૃત્યુ પછીના લીસોટા છે. ઘરમાં અને પેઢીમાં એક સુંદર ફ્રેમમાં મોટો ફોટો ગોઠવાશે. ફોટા નીચે નામની આગળ સ્વર્ગસ્થનું વિશેષણ લાગશે. દર સ્વર્ગવાસ તિથિએ તેને નવો હાર ચડશે. નોકર કપડાના ફટકાથી રોજ તેને ઝાપટશે. શાળા, હોસ્પિટલ મંદિર, બાલમંદિર અને લાગતી વળગતી સંસ્થાઓમાં થોડો'ક ધર્માદો થશે અને તકતીઓ ગોઠવાશે. દર સ્વર્ગવાસ તિથિએ અનાથ આશ્રમના બાળકોને ભોજન અને ગરીબ દર્દીઓને ફળ વહેંચાશે. થોડા વર્ષો સુધી સ્વર્ગવાસ દિને છાપામાં હાર્દિક શ્રદ્ધાંજલિ છપાશે. અને, પછી કાળની કિતાબમાંથી મૃતનું નામ કાયમ માટે ભૂંસાઈ જશે.

જમની આ જોહુકમીથી હતાશા નહિ પણ હિંમત કેળવવાની છે. જમ નિરંતર જગતના જીવોનો કોળિયો કરી રહ્યો છે. પ્રત્યેક વ્યક્તિ તેની હથેળીમાં છે. ગમે તે ક્ષણે તે મસળી શકે તેમ છે. આ મહા-ખાઉધરો યમ ક્યારે'ય ધરાતો નથી. લોકમાં પણ કહેવાય છે કે પેટ, સ્મશાન અને અગ્નિ ક્યારે'ય ધરાતા નથી. પેટમાં રોજ ઘણું નાંખ્યા કરવા છતાં તે હંમેશા ઊણું હોય છે. સ્મશાનમાં ઘણા ખપી જવા છતાં હંમેશા તે ભૂખ્યું હોય છે. નવો ખોરાક તેને જોઈએ જ છે. અગ્નિમાં પણ જેમ બળતણ હોમાતું જાય તેમ તે વધુ પ્રજ્વલિત બને છે. તેથી જ જે પોતાની જાતને યમના કોળિયા તરીકે જુએ છે, તે જીવનની ચાદર પર મનોહર રંગો પૂરી શકે છે. તે વિરાટ અનંત જીવનનું અન્વેષણ પ્રારંભી શકે છે. તે પરમસુખની રસમય સૃષ્ટિના સંશોધનમાં ચિત્તને પરોવી શકે છે. તેને પછી અસ્તિત્વની રક્ષા માટેની જ બધી મથામણોમાં કંટાળો ઉપજે છે, ક્ષુદ્રતાના સર્વ કોચલાઓમાંથી બહાર નીકળી છે પરમહિતનું ચિંતન કરી શકે છે.

''મૃત્યુએ આજ સુધીમાં મને અનંતીવાર માર્યો અને જગતના સર્વે જીવોને તે મારી જ રહ્યું છે. શું કાયરની જેમ તેની આ બળજબરીને સાંખી જ લેવાની? તેની આ જોહુકમી સામે કોઈ જેહાદ નહિ પોકારીએ

તો તે તો માર્યા જ કરશે?'' આ જાગ્રત વિચારણામાંથી એક સત્ત્વ પ્રગટે છે. જેમાંથી મૃત્યુને પણ મારવાનું જોમ ઝળહળે છે. જગતવિજેતા મૃત્યુની સામે જંગ ખેલવાનું સત્ત્વ ખીલે છે. મૃત્યુને મહાત કરવાનું પરાક્રમ પ્રગટવા લાગે છે. પરાક્રમપૂર્ણ પુરુષાર્થસાધના પ્રારંભ પામીને સતત પુષ્ટિ પામતી રહે તો આખરે એક દિવસ એવો આવે છે કે, જ્યારે મૃત્યુની સ્મશાનયાત્રા નીકળે છે. યમ ઠાઠડીમાં બંધાય છે, કૃતાંતનો જ અંત થાય છે, મરણની જ ચિતા મંડાય છે, એના જ મરસિયા કૂટાય છે અને મૃત્યુ વિજેતા મહારથી અમરતાનો મુગટ પહેરીને પરમસુખની મહાનગરીમાં મજેથી મોજ માણે છે.

પ્રત્યેક પળે જે પોતાના મૃત્યુને આવકારવા તૈયાર છે તે તો કો'ક ધન્ય પળે જરૂર મૃત્યુનો હત્યારો બની શકશે ! કુદરતના ન્યાયાલયમાં મૃત્યુના ખૂનીને સજા નહિ પણ ઈનામ મળે છે. અનંત ગુણોનો પરમ વૈભવ તેના ચરણે ધરવામાં આવે છે. અનંત સુખના મહાલયમાં તેને બિરાજમાન કરવામાં આવે છે. અનંત સૌંદર્યથી તેને શણગારવામાં આવે છે. અનંત વીર્ય તેને ભેટ ધરવામાં આવે છે. મૃત્યુના ઘાતકને જેલ નહિ, મુક્તિનો મહેલ મળે છે. અપમાન અને તિરસ્કાર નહિ, પણ અલૌકિક સન્માન મળે છે. સમગ્ર બ્રહ્માંડના રાજરાજેશ્વર પદે તેનો અભિષેક થાય છે. અનંત અને અક્ષય લક્ષ્મીના માલિક તરીકે તેને જાહેર કરવામાં આવે છે નિરંતર પરમ તૃપ્તિનો ધન્ય આહ્લાદ તેને બક્ષિસ રૂપે મળે છે. આત્મગુણોનું અનંત ઐશ્વર્ય તેનામાં ખડકાય છે. નિર્ભેળ આનંદનો તે પરમ ભોક્તા બને છે. આ મહાપરાક્રમી મૃત્યુવિજેતાને વિશ્વ વંદે છે. દેવો પણ તેને નમે છે. સમગ્ર પ્રકૃતિ તેની દાસી બને છે.



# * સુખ-દુઃખ જાણે સંધ્યાના રંગ

શાસ્ત્રોમાં અનુત્તરદેવોના અપ્રતીમ સુખનું વર્ણન આલેખાયું છે. નિર્મળ અવધિજ્ઞાનનો સ્વામી આ અનુત્તરદેવ દેવશય્યામાં નિત્ય પોઢીને અપ્રતીમ સુખને માણે છે. તે જે શય્યા પર સુવે છે, તેની ઉપર અતિ રમણીય દિવ્ય ચંદરવો બાંધેલો હોય છે. તે ચંદરવા પર નયનરમ્ય મોતીઓ ટીંગાવેલાં હોય છે. મધ્યના મોતીનું વજન ૬૪ મણ હોય છે. તેના તેજ ઝગારા ચારેકોર ચમકતા હોય છે. તે ચંદરવાના ચાર છેડે ૩૨ મણના ચાર મોતી હોય છે. વળી સોળ મણીયા આઠ મોતી, આઠ મણીયા સોળ મોતી, ચાર મણીયા ૩૨ મોતી, બે મણીયા ૬૪ મોતી અને એક મણીયા ૧૨૮ મોતીથી આ ચંદરવો ખીચોખીચ ભરેલો હોય છે. વાયુનો ઝપાટો આવે અને આ સઘળા મોતીઓ કેન્દ્રના મોટા મોતી સાથે અફળાય ત્યારે અનુપમ રાગ-રાગિણીથી યુક્ત દિવ્યસંગીત ત્યાં પ્રગટે છે. તે ગીત-સંગીતના કર્ણપ્રિય નાદનું અપ્રતીમ સુખ સકલ રોમરાજીમાં અહ્લાદનો ચેપ લગાડે છે.

જે કર્ણમધુર સંગીતથી ભૂખ-તરસના સર્વ દુઃખો વિસારે પડી જાય, દેહના વ્યાધિ પણ શાન્ત થઈ જાય, અને હૃદયના ઉકળાટ પણ શમી જાય તેવા સંગીતના આનંદ કરતા'ય તેમનો તત્ત્વાનુપ્રેક્ષાનો આત્મિક આનંદ ઘણો ચડી જાય છે. આ અનુપમ સુખ પણ અસંખ્યકાળ સુધી તે ભોગવે છે. કારણ અસંખ્યકાળનું તેમનું આયુષ્ય હોય છે. તે આયુષ્ય અસંખ્યકાળનું ભલે હોય તો'ય તેને અંત છે. તે અતિચિર સુખ અને આનંદમય જીવનને પણ એક અવધિ છે. તે દૈવી જીવનનો પણ અંત છે. દીર્ઘ દૈવી જીવનના

અંતની હકીકત સુખની ક્ષણિકતાનો પરિચય આપે છે. સુખ અને આનંદનો સમુદ્ર ભલે હોય તો'ય તેને પણ એક કિનારો છે, જેનું ઉલ્લઘંન કરીને તે બેમર્યાદ બનવાનો નથી. સુખની સોહામણી પળો પણ પૂર્ણાહુતિ પામવાની. ભવ્ય મહોત્સવના મંડપો પણ વિસર્જન પામી જશે. અપાર વૈભવના સ્વામિત્વનું સુખ પણ એકદા કરુણ સમાપ્તિની સરહદે પહોંચી જશે, ત્યારે તિજોરીઓ ખાલી હશે, પાસબુકમાં ઓવરડ્રાફ્ટ બોલતો હશે, ઘેર રોજ લેણદારોના ટેલિફોન આવતા હશે, નાદારી નોંધાવવાનો પણ અવસર આવી જશે અને કદાચ પેટનો ખાડો પૂરવા ખાલી તિજોરીઓ વેચવી પડશે. પુત્રનું આકસ્મિક મરણ પિતૃત્વના સુખને ચૂંટી ખાશે. સત્તાનાં સ્થાનેથી પાણીચું મળશે, ત્યારે સત્તાનાં સુખને પણ પૂર્ણવિરામ લાગી જશે. મગજની બિમારીથી બૌદ્ધિક શક્તિ પર અસર થશે, ત્યારે બુદ્ધિનું સુખ અંત પામશે. અપાર રાજ વૈભવ, અજેય ચક્રવર્તિત્વ, અજોડ બળ કે અદ્‌ભુત વિદ્વત્તાના સુખ પણ નષ્ટ થઈ જાય છે. શ્રીમંતાઈ, રૂપ, બળ કે ઐશ્વર્યનો સુવર્ણકાળ અંત પામે છે, ત્યારે સુખના દિવસો એક સ્વપ્નશા ભાસે છે. ઝાંઝવાના નીરની જેમ તે સુખવૈભવો દૂરને દૂર ભાગતા દેખાય છે. ત્યારે લાખો પ્રયત્નો છતાં સુખ હસ્તગત થતું નથી. પારાની જેમ વારંવાર સરકી જાય છે, પણ હાથમાં આવતું નથી.

અને જેમ સુખ ટકતું નથી તેમ દુઃખ પણ ટકતું નથી. વ્યથા, વેદના અને સંકટને પણ સમાપ્તિ હોય છે. કાળાડિબાંગ વાદળને પણ એક રૂપેરી કિનાર હોય છે. ઘોર અંધારી રાત્રીને અંતે સૃષ્ટિ પણ પ્હો ફાટે છે, સૂર્યની પ્રભા વેરાય છે, સહસ્રરશ્મિ ઊગે છે. લંકાની અશોક વાટિકામાં રાક્ષસીઓની વચ્ચે, સીતાજી સ્વામીવિરહની અકથ્ય વ્યથા અનુભવે છે. પણ તે વિરહ પણ લાંબો ટકતો નથી. વ્યથા'ય લાંબી ટકતી નથી, એ જાલિમ કેદમાંથી મુક્તિ મળે છે. પતિનું મિલન થાય છે, અયોધ્યાની રાજરાણીનું પદ મળે છે, અને એ'ય લાંબુ ટકતું નથી. કારણ

સુખ પણ ક્ષણિક છે. અયોધ્યાની રાજરાણીને નિર્જન જંગલમાં ભટકવું પડે છે. અગ્નિ પરીક્ષામાંથી પસાર થવું પડે છે. દમયંતીને નળનો વિયોગ થાય છે. અંજના સતીને ભરથારનો દીર્ઘ વિયોગ સહેવો પડે છે. તેની મર્યાદા આવે ત્યારે દુઃખના કે સુખના દિવસોં સ્વયં અટકે છે. વિષાદ, શોક અને વ્યથા આપોઆપ પીગળે છે. લાખો હતાશાઓમાંથી આશાનું કિરણ બહાર નીકળે છે. અનેક પડતી પછી ઉત્થાન પ્રાદુર્ભાવ પામે છે. રાજ્યભ્રષ્ટ બનીને જંગલમાં ભટકતા રાણા પ્રતાપને કો'ક ભામાશા ભેટી જાય છે અને પોતાની સર્વ સંપત્તિ ચરણોમાં ન્યોચ્છાવર કરી દે છે, આપત્તિની વિદાયની ઘડી આવી જાય ત્યારે કુદરત કો'ક ભામાશાને આવું કાંઈ'ક સૂઝાડી દે છે. દુષ્કાળ ભયંકર પડે, એક-બે વર્ષ ચાલે, કો'ક થોડા માણસોને ભૂખે મારે, કેટલા'ક પશુઓને તરફડાવીને રીબાવે, પણ આખરે તેને વિદાય લેવી પડે. તેથી જ કો'ક જગડુશાનું અંતર વલોવાઈ જાય, કંઈક ક્રોડોપતિઓને તે દુઃખીઓના આંસુ પીગળાવી જાય, દાનની સરિતાઓ છલકાઈ જાય, પુણ્યની નદીઓ પણ ઉભરાઈ જાય, સંતપ્ત ધરતીનું દુઃખ જોઈને મેઘરાજા પણ ગદગદ્ થઈ જાય. એ'ય ધ્રુસકે ધ્રુસકે રડી પડે. એના આંસુ અહીં દુષ્કાળનો અંત લાવે.

અસંખ્યકાળની નરકની સહનાતીત વેદનાઓ પણ આખરે વિરામ પામે છે. પ્રત્યેક પળની પારાવાર વેદના કે માંગવા છતાં મૃત્યુ ન મળે, કાળઝાળ રુદન પછી શાંતિ ન મળે, અપાર રિબામણો છતાં કોઈ ઔષધ ન મળે, અસહ્ય તરસ છતાં ઉકળતાં સીસા પીવા પડે, પણ આખરે એ દુઃખમય રિબામણો ક્યારે'ક અટકે છે, નરકના આયુષ્યને પૂર્ણ કરીને જીવ તે ભયાનક યાતનાઓમાંથી છૂટે છે.

બૌદ્ધ સંન્યાસી ઉપગુપ્તનું અદ્ભુત રૂપ નિહાળીને નગરની સુવિખ્યાત ગણિકા વાસવદત્તા તેને વિષયભોગના રસ ચાખીને રૂપયૌવનને સાર્થક કરવા વિનવે છે, ''મુનિવર, આ તપ સાધનાના અત્યાચારોથી આ

કોમળ રૂપાળા દેહને દમી કાં નાંખો ? ભોગવિલાસની મનોહર રંગોળીથી યૌવનના ઉંબરાને શણગારી દ્યો. મારી દેહલતા તમારી સેવામાં હાજર છે.'' આ વૈરાગી બૌદ્ધમુનિ ગણિકાની માંગણીને ત્યારે સાવ હડસેલી નથી દેતા. કો'ક દિન તેની કને આવવાનું વચન આપીને મુનિ ત્યાંથી વિદાય લે છે. સમગ્ર નગરના રાજા, સામંતો અને શ્રેષ્ઠીઓની તે માનવંતી ગણિકા હતી. રાજ્ય દરબારમાં તેનું નામ હતું અને માન હતું. સહુ કામી પુરુષો તેની સાથે ઝૂકીને વાત કરતા. ત્યારે તેની કીર્તિનો સૂર્ય મધ્ય આકાશમાં ચમકતો હતો. પણ એ સુવર્ણ કાળનો અંત આવી પહોંચ્યો. તેના દેહને ભયાનક વ્યાધિઓએ ભરડો લીધો. નગરના સહુજનો તેના દેહમાંથી નીકળતા પરુ, લોહી અને દુર્ગંધથી ત્રાસી ગયા, નગરની બહાર તેને કોઈ ફેંકી ગયું, જે એકવાર તેની ખૂબ ખુશામતો કરતા, જેના અપમાન વચનોને પણ આનંદથી સહેતા તે બધા આજે તેનું મુખદર્શન પણ ઈચ્છતા નહોતા. પેલો ચડતીનો સૂર્ય આથમી ગયો હતો. તેની તહેનાતમાં રહેનારા બધા તેનાથી વિમુખ થઈ ગયા હતા. ઉપગુપ્તને તેની દુર્દશાના સમાચાર મળ્યા. તેને પોતે આપેલું વચન યાદ આવ્યું. અભિસારની પળ આવી ચૂકી છે, તેમ તેણે જાણ્યું. નગરની બહાર ગટરના કિનારે ખરાબ હાલતમાં પડેલી વાસવદત્તા પાસે પહોંચી તેણે આશ્વાસન અને દિલાસો આપ્યો, ઔષધ આપ્યું અને ઉપચારો કર્યા. રાગ અને કામોન્માદના બધા'ય વિષ નીચોવીને વૈરાગ્યામૃતનું પાન કરાવ્યું. બેભાન મોહદશામાંથી જગાડીને તેને આત્મસાધનાનો માર્ગ દેખાડ્યો.

ઉપગુપ્તના અભિસારની આ કથા એ જ કહે છે કે, સુખ પણ ક્ષણિક છે. દુઃખ પણ ક્ષણિક છે. રજવાડી માનસન્માન, બાદશાહી વૈભવ, શાહી ઠાઠ અને મૌલી મોભા બધા'ય અસ્ત પામશે. જેમ દિવસનો નાથ દિવસભર ચળકીને સાંજ પડે ક્ષિતિજના પેટાળમાં ભરાઈ જાય છે, તેમ બધી સુખસાહ્યબી આથમી જશે. જેમ નયનરમ્ય સુગંધી પુષ્પ સાંજ પડતા

કરમાઈને ચિમળાઈ જાય છે, તેમ આનંદસુખના ઉદધિમાં પણ ઓટ આવશે. કલ્પના'ય નહિ હોય અને બજાર અચાનક કરવટ બદલશે, અણધારી મંદી આવશે, અને ગોડાઉનમાં લાખો ટન માલ પડ્યો હશે, છતાં મોટી નાદારી નોંધાવવી પડશે. વિશાળ આજ્ઞાંકિત પરિવારના સ્નેહ, વાત્સલ્ય અને હૂંફના સ્વર્ગીય સુખમાં પુત્રના આકસ્મિક મરણના સમાચાર આગ ચાંપશે.

સુખ ક્ષણભંગુર છે માટે તેમાં છકી ન જવું, સુખનાં મદિરા-પાનમાં મત્ત ન બનવું, એ વૈભવની છોળોમાં લીન ન થવું અને દુઃખ ક્ષણભંગુર છે માટે તેમાં ડરી ન જવું, તેને જોઈને બેચેન અને બેભાન ન બનવું, તે આવી જતાં દીન ન થવું. બન્ને પ્રસંગોમાં એ જ વિચારવું કે આ અવસ્થા પણ તકલાદી છે. પ્લાસ્ટિક રમકડું તૂટી જાય તેમ મારા સુખના દિવસો'ય તૂટી જવાના છે, હું શેના પર ગર્વ કરું ?

રાજા સંતનાં દર્શને ગયો, સંતને પ્રણામ કરીને પ્રાર્થના કરી. ''ગમે તેવી આફતમાં પણ મારું સંરક્ષણ કરે તેવો કોઈ ધાગો, દોરો કે જડીબુટ્ટી મને આપો.''

સંતે એક માદળિયું તેને આપ્યું. ''આપત્તિના અવસરે આ માદળિયું ખોલજે.'' અને દિવસો જતા તે રાજાના માથે આફતનાં વાદળ ઘેરાયા. પરદેશી રાજાએ આક્રમણ કરી તેને રાજ્યભ્રષ્ટ કર્યો. રાજ્યવિહોણો તે જંગલમાં આથડવા લાગ્યો. તે અવસરે તેને સંતનું માદળિયું યાદ આવ્યું. ઉતાવળથી તેણે તે ખોલ્યું તો અંદરથી એક ચિઠ્ઠી નીકળી. ચિઠ્ઠીમાં લખ્યું હતું, ''આ પણ કાયમ ટકવાનું નથી.'' આ શબ્દોએ એક જ ઝાટકે તેની બધી હતાશને ખંખેરી નાંખી. તેના લોહીમાં નવું જોમ રેડાયું. તેની આંખોમાં નવું તેજ ચમક્યું, તેના પગમાં નવી હિંમત આવી, તેનાં દિલમાં ખૂબ આશા પૂરાઈ. તેનું પુણ્ય અનુકૂળ બન્યું. જૂના સાથીદારો સહાયમાં આવ્યા, સામુદાયિક બળનું સંગઠન થયું ને હારેલો રાજા ફરી જીત્યો. આફતનું વાદળ વીખરાયું, રાજ્યસત્તાનું સિંહાસન ફરી સાંપડ્યું, હવે પેલી ચિઠ્ઠી તે વારંવાર

વાંચવા લાગ્યો, "આ પણ કાયમ ટકવાનું નથી." તે સૂત્ર તેણે આ સત્તા અને વૈભવના સંબંધમાં પણ લગાડ્યું. આ તેના ઉજળા દિવસોમાં તેથી તે બેભાન ન બન્યો, સત્તાના મદમાં તે ચકચૂર ન બન્યો, વૈભવના વિલાસમાં તે ગળાબૂડ ન બન્યો, કારણ, પ્રત્યેક પળે હવે તેને ખ્યાલ હતો કે, આ પણ ક્ષણિક છે, આ સાહ્યબી પણ વિનશ્વર છે.

સુખ દુઃખની ક્ષણિકતાનું ભાન જ્યારે થાય છે, ત્યારે સુખ અને દુઃખ પ્રત્યે વિરાગ જન્મે છે. પછી દુઃખના દિવસોમાં રોકકળ અને દીનતા થતી નથી. પછી સુખના સંયોગોમાં મોહાંધ રાગદશા અને અત્યંત આસક્તિ જન્મતા નથી. પછી, તો પ્રત્યેક આફત કે પ્રત્યેક આનંદનો અવસર વિરાગનો જ જનક બને છે.

અદ્‌ભુત રૂપના સ્વામી ચક્રવર્તી સનતના રૂપની પ્રશંસા દેવલોકમાં થઈ, અને એક દેવ તેનું રૂપ જોવા આવ્યો. મજ્જનગૃહમાં સ્નાનાર્થે બેઠેલા ચક્રી સનતનું રૂપ જોઈને તે અચંબો પામ્યો. ત્યારે રૂપના ગર્વથી ચક્રીએ તેને કહ્યું, "રૂપ અત્યારે શું જોવાનું ? હુ બની-ઠનીને અને અલંકારો સજીને રાજ્યસિંહાસન પર બેસું ત્યારે મારું રૂપ જો જો."

અને રાજ્યસિંહાસન પર બેઠેલા સનતને જોતાંની સાથે જ દેવે અરુચિ પ્રદર્શિત કરી. તેણે કહ્યું "આ તમારી રૂપાળી કાયામાં સોળ મહારોગો ઉત્પન્ન થઈ ગયા છે. એ રૂપ જોઈને હરખાવાનું શું ?" સનતે પાન ચાવીને થૂંક કાઢ્યું, તો તેમાં કીડાં ખદબદતા હતા. રૂપનો વૈભવ અસ્ત પામ્યો, સૌંદર્યનું સુખ વિલય પામ્યું ને ચક્રવર્તી ત્યાં દીન બન્યો. તેણે તુરંત વિરાગ કેળવી મનને સ્વસ્થ કરી લીધું. ક્ષણિક હતું, તે વિલય પામ્યું તેમાં કોઈ આશ્ચર્ય નથી. હું તેના પર ગર્વ કરતો હતો, તે મારી જ ભૂલ હતી. અને, માત્ર મારું રૂપ જ નહિ, મારી સત્તા, મારો વૈભવ, મારો દેહ, મારો પરિવાર, મારો માનેલો મોભો બધું જ ક્ષણિક છે. આ ક્ષણિકના પાશથી બંધાઈ હું ગુલામ શું કામ બનું ? ક્ષણિકની પ્રાપ્તિમાં ગર્વ પણ શું કરવો ? ક્ષણિકની પ્રાપ્તિ અને રક્ષાના વલખાં પણ વ્યર્થ જ છે. રેતીમાં નાવ હંકારવાની

એ ચેષ્ટાઓને હવે વિરામ પમાડવી જ રહી. અને, ચક્રવર્તી સનતે અનંત સૌંદર્યના ધામ ભણી પગલાં માંડ્યા.....દોટ મૂકી. અને, સુખને જે શમણા જેવું માનતા નથી તે તેમાં ગુલતાન બને છે, તે તેમાં અંધ બને છે, તેની પાછળ ગાંડા બને છે, તેના ઘેનમાં ચકચૂર બને છે અને સુખ તો તેના સ્વભાવ મુજબ ચાલ્યું જાય છે, ત્યારે તે રડાવે છે, ત્યારે તે પટકે છે. જે પટકાય છે, તે પોક મૂકે છે. પણ, તેથી તે પાછું ફરતું નથી.

છ ખંડના સામ્રાજ્યથી પણ ન ધરાયો અને સુભૂમ ચક્રવર્તી ધાતકી ખંડના છ ખંડ જીતવા નીકળ્યો. સુખના ઢગલા પર તે બિરાજમાન હતો, હજુ તેને મહામેરુ ઉપર ચડવું હતું. પણ સુખ દુઃખના સૂક્ષ્મ ગણિત નહિ જાણનારો ક્ષુદ્ર માનવી વિષયગ્રસ્ત બનીને આંધળુંકીયા કરે છે. કર્મરાજા તેની મોહચેષ્ટાઓ જોઈને હસે છે, લપડાક મારે છે, પેલો પછડાય છે, અને કર્મસત્તાનું ક્રૂર અટ્ટાહાસ્ય દિગંતમાં વેરાય છે. વિશાળ ચર્મરત્નનું વિમાન બનાવીને, તેના ઉપર ૯૬ કરોડનું પાયદળ ગોઠવી ધાતકી ખંડ ભણી તે ઉપડ્યો. આજ્ઞાંકિત ૧૬ હજાર યક્ષ દેવોએ ચર્મરત્ન ઉપાડ્યું, પણ પુણ્ય પરવારે છે, ત્યારે વફાદાર સેવકો બેવફા બને છે. આજ્ઞાંકિત નોકર પણ કૃતઘ્ન બને છે. "હું એક નહિ ઊંચકું તો શું બગડી જવાનું છે ?" આ વિચાર ૧૬ હજાર યક્ષના મનમાં એક સાથે ઉદ્ભવ્યો. બધાએ એક સાથે ચર્મરત્ન છોડ્યું ને વિશાળ મહાસમુદ્રના પેટાળમાં પોતાના વિરાટ સૈન્ય સાથે સુભૂમ દટાયો. ક્ષણિક સુખને શાશ્વત કરવા માનવી ધમપછાડા કરે છે પણ ક્ષણિક કદી ક્ષણિક મટતું નથી.

જ્ઞાનીઓ કહે છે કે સુખદુઃખ એ કર્મને આધીન છે. જ્યાં સુધી તિજોરીમાં પૈસા પડ્યા છે ત્યાં સુધી ખર્ચ થઈ શકે છે, જ્યાં સુધી કોડિયામાં તેલ છે ત્યાં સુધી દીપક બળે છે, તેમ જ્યાં સુધી શુભ કર્મો આત્માની તિજોરીમાં પડ્યા છે, ત્યાં સુધી સુખ આપશે, પછી સુખ ચાલ્યું જશે. અને, જ્યાં સુધી પૂર્વોપાર્જિત અશુભ કર્મો ઊભા છે. ત્યાં સુધી દુઃખ રહેવાનું જ, કર્મ ક્ષય થતાં સુખક્ષય કે દુઃખક્ષય થાય છે. કર્મપુરુષ સૂત્રધાર

બનીને જગતના જીવોને કઠપૂતળીની જેમ નચાવે છે. ક્યારે'ક તે જીવને મહાસુખના સામ્રાજ્યનો અધિપતિ બનાવે છે, અપાર વૈભવ તેની ચારેકોર પાથરે છે. સર્વ ઈન્દ્રિયોના વિષયો છૂટે હાથે તેની પાસે વેરે છે. અને પેલો જીવ ત્યાં બેઠો ફૂલાય છે. સૂત્રધાર દોરી ફેરવે છે. સુખના સિંહાસન પરથી જીવને પછાડે છે, દુઃખની ગર્તામાં તેને ગબડાવે છે. મહાવેદનાની વૈતરણીમાં તેને રગદોળે છે. દુનિયાના તખ્તા પર આવા નાટક ભજવનાર નટડો પોતાના વેશ પર મગરુર શે બને ? વેષ રાજાનો હોય કે ભિખારીનો, બે ઘડીના વેષ પર નટ કદી મગરુરી કરતો નથી.

જાગૃત આત્મા શ્વાનવૃત્તિ ત્યજીને સિંહવૃત્તિથી સુખદુઃખના જનક કર્મ સામે લાલ આંખ કરે છે, તેની સામે જ તે તાકે છે, અને તેને જ મહાત કરવા તે મથે છે, પણ કર્મદત્ત સુખદુઃખને તે બહુ ગણકારતો નથી. ક્ષણિક હોવાથી તે તેનાથી રીઝાતો કે ખીજાતો નથી.....

અને દુઃખ ક્ષણિક છે, તે હકીકત એ સર્વ દુઃખનું નાશક કેવું મહાઔષધ છે ! એ દુઃખના સંયોગોમાં સમાધિ પીરસતું મહાઅમૃત છે. લોકમાં પણ કહેવાય છે કે, "દુઃખનું ઓસડ દહાડા." આ કહેવતમાં પણ દુઃખની ક્ષણિકતાનો જ ધ્વનિ પ્રગટે છે, અને 'દુઃખ ક્ષણિક છે, સ્વયં ચાલ્યું જવાનું છે' એ વિચાર ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં સમાધિ આપે છે.

વળી સુખ પણ કોઈના ખીલે બંધાતું નથી, ઓક્સિજનના બાટલાથી તેને જીવાડી શકાતું નથી, લીવર એક્સટ્રેક્ટના ઈન્જેકશનોથી તેને નિત્ય તાજું રાખી શકાતું નથી, બેડીથી બાંધીને તેને કબજામાં રાખી શકાતું નથી, સેફ ડિપોઝિટ વોલ્ટમાં તેને સુરક્ષિત રાખી શકાતું નથી, ફિક્સ્ડ ડિપોઝિટમાં મૂકીને તેને અમુક મુદત સુધી પોતીકું બનાવી શકાતું નથી, તેને ડીપ-ફ્રીઝ કે કોલ્ડસ્ટોરેજમાં મૂકીને ફ્રેશ રાખી શકાતું નથી.

# ❋ સંયોગ જાણે સ્વપ્ન

મહર્ષિઓએ આ સંસારને મેળો કહ્યો છે. મેળામાં હજારો લોકો એકત્ર થાય છે. એક બીજાના ચહેરા જુએ, એક બીજાને મળે, કોઈની સાથે હાથ મીલાવે, કોઈની સાથે ભટકાય, કોઈની સાથે પ્રીતિ બંધાય, કોઈની સાથે વેર બંધાય, કોઈની સાથે રમે, કોઈની સાથે જમે, કોઈની સાથે ભમે અને એ સાંજ સુધી એ મેળાપ ટકે, સાંજ પડતા મેળો વિખરાય, સહુ પોતાના સ્થાને પહોંચી જાય, એકબીજાને ભૂલી જાય, ફરી ક્યારે'ય મળવાનું થાય કે ન'ય થાય. માતા, પિતા, પુત્ર, પત્ની, શેઠ, નોકર, મિત્ર, ભાણો અને ભત્રીજો આ બધો પરિવાર અને વર્તુળ મેળાની જેમ ક્ષણજીવી છે, સાંજ પડતા મેળો વિખરાય તેમ જીવન ઢળતા સહુનો સંયોગ તૂટશે. કોઈ ક્યાં'ય જશે, કોઈ ક્યાં'ય. નવ નવ મહિના પોતાના પેટમાં રાખીને ફરી તે માતાને'ય તે દીકરાનો વિયોગ થશે. જેને ખોળે બેસાડી ખવડાવ્યા, જેને હીંચકે બેસાડી હીંચોળ્યા, જેને નિશાળે મોકલી ભણાવ્યા, જેને પ્રેમ, વાત્સલ્ય અને હૂંફ આપી, જેને સુખદુઃખના સાથી બનાવ્યા, જેને પરણાવ્યા, જેને નોકરીએ લગાડ્યા, જેને પેઢીએ બેસાડ્યા, જેની ખૂબ ચાકરી કરી, જેના જીવનનો આધાર બન્યા, તે સર્વેને એકદા આખરી અલવિદા કરી દેવાની છે, તે સર્વનો વિરહ નિશ્ચિત છે. પ્રત્યેક સંયોગ એ વિયોગનો પુરોગામી છે. મળેલા છૂટા પડવાના છે, જોડાયેલા વિખરાવાના છે, બંધાયેલા મુક્ત થવાના છે, સંયોગમાં આવેલા વિયોગ પામવાના છે. મિલન થયું છે, તે સર્વનો વિરહ છે. મેળામાં પણ આવું જ બને છે. માટે જ્ઞાનીઓ સંસારને અને આ જીવનને એક મેળો કહે છે.

તો વળી, કોઈ સંસારને માળો કહે છે. ત્યાં પણ આવું છે. પક્ષીઓ જન્મે છે, સાથે ઉછરે છે, ભેગા રહે છે, સવાર થતાં ઊડી જાય છે, કોઈ સાંજ પડે પાછા ફરે છે, વળી રાત સાથે રહે છે, સવારે ઊડી જાય છે. પક્ષી ઘાસનાં તણખલાં શોધી લાવે છે અને માળો બનાવે છે, માનવી પૈસાના ફૂકા લઈ આવે છે અને મકાન બાંધે છે. પક્ષી અનાજના કણીયા લાવીને એકબીજાને ખવડાવે છે, માનવી પાસે આ જ પદ્ધતિ છે. સંસારના માળામાં માનવી નામનું પક્ષી જન્મ્યા કરે અને ઊડ્યા કરે.

અનિત્ય સંયોગનો ખ્યાલ આપવા જ્ઞાનીઓ આ સંસારને મુસાફરખાનું પણ કહે છે. એક મુસાફર બીજા પ્રવાસીને મળે, એકાદ રાત્રિ સાથે રહે, સવાર પડતા સૌ સૌના રસ્તે. સંસારનો મેળાપ કદાચ એકાદ રાત્રિથી વધુ ટકે પણ આખરે તો એ મુસાફરખાનું જ.

यथाकाष्ठं च काष्ठं च समेयातां महोदधौ।

समेत्य च व्यपेयातां तद्वत् भूतसमागमः ।।

મહાસમુદ્રમાં તરતા તરતા એક લાકડાને બીજું એક તરતું લાકડું મળી જાય, ક્ષણભર બે ટકરાય, થોડીવાર કદાચ એક-બીજાને વળગી રહે. ફરી એક મોટું મોજું આવે, બન્ને છૂટાં પડે. એક ક્યાં'ય ફંગોળાય બીજું ક્યાં'ય ફેંકાય. ફરી એક-બીજાને મળે કે ન મળે. સમુદ્રના બે લાકડાના મેળાપ જેવો આ સંસારનાં જીવોનો સમાગમ છે. ટ્રેનના ડબ્બામાં અનેક મુસાફરો ભેગા મળે, વાતો કરે, ઓળખાણ કાઢે, પરિચય કરે, પાના રમે, સાથે નાસ્તો કરે અને કોઈ જગ્યા માટે ઝઘડે, કોઈની કોઈ સાથે મૈત્રી થઈ જાય, એકબીજાનાં સરનામાં પણ લઈ લે, જોતજોતામાં મુસાફરી પૂરી થાય. સહુસહુનાં સ્ટેશન આવી જાય, છૂટા પડતા કદાચ આંખો ભીની પણ થાય, પણ તે ભીની આંખોને સુકાવા માટે વધુ સમય નથી જોઈતો, કારણ માણસને વિયોગનો પણ અભ્યાસ છે. વિરહને જીરવતા તેને આવડે છે. કારણ કે જીવનમાં ડગલેને પગલે તેની સામે વ્યક્તિ કે વસ્તુના વિરહની

પળો ઉપસ્થિત થાય છે.

વર્ષો જૂનો અને આબુથી લાવેલો તે ચિનાઈ માટીનો પાણીનો ચંબૂ ફૂટી જાય છે ત્યારે દિલ ઘવાય છે. કારણ કે વર્ષોથી તેની સાથે સ્નેહ થઈ ગયેલો. ઘરનો પાળેલો કૂતરો મરે છે તો'ય મહિનો ઘરમાં ગોઠતું નથી. ખીસું કપાય છે તો નોટોનો વિરહ થાય છે. સ્વજન મરે છે, તો સ્વજનનો વિયોગ થાય છે. કપડું ફાટે છે, તો કપડાંનો વિરહ થાય છે: જીવનમાં ડગલે ને પગલે ઉપસ્થિત થતી વિરહની પળો કહે છે કે જીવનમાં સંયોગ ખૂબ ક્ષણિક છે. ઊંઘમાં આવેલું સ્વપ્ન ઘડીભર બહેલાવીને અદૃશ્ય થાય છે. જીવનમાં બનતા સંયોગો પણ ઘડી બે ઘડીના મહેમાન છે.

મોટી પદવી કે સત્તાનું સિંહાસન એ પણ એક સંયોગ છે, માટે ક્ષણજીવી છે. લખલૂટ સમૃદ્ધિ તે પણ એક સંયોગ છે, માટે ક્ષણિક છે. લોકમાં કીર્તિ તે પણ એક સંયોગ છે, માટે ક્ષણિક છે. દીકરો કોઈ કાળું કરતૂત કરશે અને એ'ય ભૂંસાઈ જશે. અંગત મૈત્રી એ પણ એક સંયોગ છે, એકાદ સ્વાર્થની રમત તેને પણ ખંડિત કરશે.

એક માણસ ખૂબ ધન કમાયો, કમાયા પછી તેની રક્ષાની ચિંતા થઈ. એક ખુલ્લા મેદાનમાં કોઈ સુરક્ષિત સ્થળે તે ધન દાટ્યું. તે સ્થાનની ઓળખાણ માટે તે આજુ બાજુ નિશાની જોવા લાગ્યો. આજુ બાજુ તેને કોઈ નિશાની દેખાઈ નહિ. ઉપર જોયું તો આકાશમાં તે સ્થાનની બરોબર ઉપર ઊંટના આકારનું વાદળું હતું. તે નિશાની યાદ રાખીને તે ગયો. પણ તે વાદળું અને તેનો તે આકાર ક્યાં સુધી ટકે ? પવનના ઝપાટે વાદળાનો આકારે'ય બદલાઈ ગયો અને થોડી ક્ષણોમાં તો વાદળુંય વીખરાઈ ગયું. ફરી તે ધન શોધવા આવ્યો, પણ વાદળું ન દેખાતાં નિરાશ થયો. આ વાદળાંની જેવો જ ક્ષણિક પ્રત્યેક સંયોગ છે, તેને સ્થિર માનીને જે માનવી દોડધામ કરે છે તે પસ્તાય છે અને પટકાય છે.

એક માણસે એક દુકાનેથી ચાલીસ રૂપિયાની ખરીદી કરી. અને વેપારીને

તેનું મૂલ્ય ચૂકવવા સોની નોટ આપી. વેપારી પાસે ૯૦ રૂપિયા છૂટા નહોતા. પેલા ગ્રાહકે કહ્યું "કાંઈ વાંધો નહિ. હમણાં આ સોની નોટ રાખી કલાક પછી હું આવીને ૯૦ રૂપિયા લઈ જઈશ." તે ગયો અને દુકાન યાદ રાખવા તેણે નિશાની શોધી. દુકાનની સામે બહાર ગાય બેઠી હતી. તે નિશાની યાદ રાખીને ગયો. કલાક બાદ તે બજારમાં પાછો આવ્યો. ગાય ઊઠીને બીજા એક વહોરાજીની દુકાન સામે બેસી ગઈ હતી. દુકાનમાં પેસતા જ વહોરાજીની લાંબી દાઢી જોઈને તે આશ્ચર્ય પામ્યો "કલાકમાં વેપારીને આટલી લાંબી દાઢી ઊગી ગઈ ?"

આ મૂર્ખતા પ્રત્યેક માનવીને વરેલી છે, જે વિયોગમાં વિષાદ પામે છે, જે સંયોગને શાશ્વત ગણે છે, જે વિરહથી વ્યથિત થાય છે, જે વિદાયથી વિલખો પડે છે.

ખેડૂત વર્ષાના સંયોગની ક્ષણિકતા જાણે છે. માટે વર્ષાઋતુમાં તે નિરાંતે બેસતો નથી. વેપારી સીઝનના મોકાને ઓળખે છે, ત્યારે તે ધંધાને જ મુખ્યતા આપે છે. પરીક્ષાના અવસરે વિદ્યાર્થી રમતને ગૌણ કરે છે, કારણ કે સંયોગનું મૂલ્ય છે.

જ્ઞાનીઓ કહે છે કે, મનુષ્યદેહ એ પણ એક સંયોગ છે. આત્મસાધનાથી ભવમુક્તિનો ઉપાય આ દેહથી જ આણી શકાય છે, અને ઉત્તમ ધર્મસામગ્રી પણ ક્વચિત્ જ પ્રાપ્ત થાય છે. એ ઉત્તમસંયોગો પ્રાપ્ત થાય પછી પણ જે પુદ્ગલમાં રાચે છે, જે જડમાં જ માચે છે, તે ગુમાવે છે. જડનો અનુરાગ કોઈપણ સંયોગોમાં સંભવી શકે છે. પણ જડના વિરાગ માટેના સંયોગો દુર્લભ છે અને ક્ષણિક છે. આ સંયોગો હાથ લાગ્યા પછી પણ જડના રાગનું જ પોષણ કરવું એ મૂર્ખતા છે.

અને ઉત્તમ સંયોગો પ્રાપ્ત થયા પછી, તેની જે ઉપેક્ષા કરે છે, તે સંયોગોનું અવમૂલ્યન કરે છે અને સ્વયં તે સંયોગો માટે અપાત્ર ઠરે છે.

# ❋ ભાવોની ભંગુરતા

કલિકાલસર્વજ્ઞશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા શ્રી વીતરાગ સ્તોત્રમાં આત્માની વ્યથા ઠાલવે છે.

क्षणं सक्तः क्षणं मुक्तः, क्षणं क्रुद्धः क्षणं क्षमी।
मोहाद्यैः क्रीडयैवाऽहम्, कारितः कपिचापलम्॥

નાથ ! મને કેમે'ય કળાતું નથી કે આ બધું શું થઈ રહ્યું છે ? ઘડીકમાં હું મહારાગી અને ઘડીમાં મહાવિરક્ત બનું છું ! ક્ષણમાં ક્રોધાગ્નિ મને બાળી નાંખે છે અને ક્ષણમાં હું ક્ષમાનું અમૃત ઘૂંટું છું. પળમાં નમ્ર બનું છું, તો પળમાં ફુલાઈ જાઉં છું, ક્યારે'ક મરી પડું છું તો ક્યારે'ક મારી નાંખું છું. ક્યારે'ક લેવાઈ જાઉં છું તો ક્યારે'ક લઈ નાંખું છું. ક્યારે'ક સંસારના શ્રેષ્ઠતમ વિષયો પણ તુચ્છ ભાસે છે અને મહાવિરાગીની અદાથી તે વિષયોથી મ્હોં મચકોડું છું તો ક્યારે'ક મને તુચ્છ હલકા વિષય પણ આસક્ત કરી જાય છે. ક્યારે'ક વિશ્વના સર્વ જીવો પ્રત્યે કરુણાપૂર્ણ હૈયા સાથે મૈત્રીનો હાથ લંબાવું છું, અને ઘડીમાં હું ત્રીજું નેત્ર ખોલું છું. ઘડીમાં ખીલું છું અને ઘડીમાં કરમાઉં છું. ક્યારે'ક મહેકું છું અને ક્યારે'ક ગંધાઉં છું. ક્યારે'ક વરસી પડું છું અને ક્યારે'ક ડંખું છું.

મનના વિચારોની અને હૃદયના ભાવોની આ દુઃખમય દશા છે. મન ચંચળ છે અને ભાવો ક્ષણિક છે. બિજાપુરના ગોળ ગુંબજમાં ઘુમરાતું મન ઘડીમાં એમ્પાયર સ્ટેટ બિલ્ડીંગના છેલ્લા માળેથી ભૂસકો મારે છે. ક્ષણ પહેલા ગંગાસ્નાન કરતું મન ક્ષણમાં તો પેરિસની નાઈટ ક્લબમાં આંટા મારવા લાગે છે. માણેકચોકની ગિરદીમાંથી તે ઘડીમાં સહારાના

નિર્જન રણમાં પહોંચી જાય છે.

લાખ રૂપિયાનાં ડોનેશનનો વિચાર ઘડીમાં અદૃશ્ય થઈ જાય છે, અને તે જ રકમના ઈન્વેસ્ટમેન્ટનો વિચાર આકાર પામે છે. થોડીવાર પહેલા જેને ભેટી પડવાની ઈચ્છા થયેલી તેને જ થોડીવાર બાદ મન ધિક્કારે છે. જેને બક્ષિસ આપવા કોડ થયેલાં, થોડીવારમાં જ તેને સજા કરવાનું મન ઈચ્છે છે.

મનની સ્થિતિ ખૂબ વિચિત્ર છે, તેની ચંચળતા ગજબની છે. માટે જ આનંદઘનજી મહારાજ સ્પષ્ટ કરે છે :

*"મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, તે વાત નહિ ખોટી.*
*એમ કહે સાધ્યું તે નવિ માનું, એહી જ વાત છે મોટી."*

અને આ મન જ મહાયોગીને ઉથલાવે છે, મહાધ્યાનીને પણ ચલિત કરે છે, મહાતપસ્વીને પણ પટકે છે. અને તે જ મન મહાપાપીને પણ પરમ શ્રેયની ચરમ સીમાએ પહોંચાડે છે, કહ્યું છે

मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयो:।

અહીં મનના વિચારોની અસ્થિરતા પ્રસ્તુત છે. કોઈ વિચાર શાશ્વત ટકતો નથી. એક મહાન ચિંતક રોજ ડાયરીમાં પોતાનું ચિંતન ટપકાવતાં. તેમની ડાયરીનાં પાનાં તપાસતાં ઠેર ઠેર વિચારોમાં વિસંવાદ જોવા મળ્યો. એક દિવસના વિચારથી તદ્દન વિપરીત વિચારો બીજા દિવસના પાનામાં નોંધાયેલા હતા.

એક મહાન ચિત્રકારનાં દિલમાં બે અમર કૃતિઓનું સર્જન કરવાના મનોરથ જાગ્યા. પોતાની સર્વ કળા ઠાલવીને એક કૃષ્ણનું તથા બીજુ કંસનું ચિત્ર દોરવાનું તેણે વિચાર્યું. પહેલા કૃષ્ણનું ચિત્ર દોરવા તેણે નિર્ધાર્યું. તે માટે કોઈ સચોટ આલંબનની શોધમાં નીકળ્યો. ઘણા ગામ અને ઘણા નગરો ફરી વળ્યા પછી, તેણે એક બાળક જોયો. તે બાળકના મુખારવિંદ પર નરી પ્રસન્નતા નીતરતી હતી. તેના અંગોની સુકુમારતા મોહ પમાડે તેવી હતી. તેની આંખોમાં પ્યાર હતો, શબ્દોમાં સ્નેહ હતો અને તેનું

વ્યક્તિત્વ કોઈની પણ ચાહના પ્રાપ્ત કરે તેવું હતું. તેને જોઈને જ ચિત્રકારની નજર ઠરી.તેની સમગ્રતા પોકારી ઊઠી. "બસ આ જ આબેહૂબ કૃષ્ણ, આખરે મારી શોધ ફળી." અને તે બાળકને દિવસો સુધી ધ્યાનથી નિહાળવા લાગ્યો. અને તે બાળકના આલંબને તેણે કૃષ્ણનું એક અદ્‌ભુત ચિત્ર ઉપસાવ્યું જે આકાર આપીને કૃતિઓ ઘડે છે. અને આ ચિત્રકારે તો આબેહૂબ કૃતિનું સર્જન કર્યું ! બ્રહ્મા પાસે આવા કોઈ કલાકાર નહિ હોય, માટે જ દુનિયાના કોઈ બે વ્યક્તિના ચહેરામાં સામ્ય નથી હોતું ! આબેહૂબ કલાકૃતિ સર્જી શકે, તેવો કલાકાર હોય તો સમાન કૃતિ સર્જી શકાય ને?

હવે તેને કંસનું ચિત્ર ઉપસાવવું હતું. કંસની કુટિલતા, રૌદ્રતા અને ભયંકરતાની જીવંતમૂર્તિ સમાન કોઈ એક વ્યક્તિની શોધમાં તે નીકળ્યો, તે મયખાનાઓમાં પહોંચ્યો, જુગારખાનાઓ તેણે ફંફોળ્યા, કતલખાનાઓ તેણે ફેંદ્યા, બધે તે ફર્યો પણ તેને સંતોષ ન થયો. કંસને છાજે તેવી ભયંકરતા તેને કોઈના ચહેરા પર ન દેખાઈ. મહિનાઓ અને વર્ષો સુધી તેણે શોધ જારી રાખી. સાધનામાં ધૈર્ય જોઈએ છે, તે તેની પાસે હતું. તે શોધતો જ રહ્યો. ૨૦ વર્ષ વીતી ગયા અને આખરે તેની શોધ ફળી. એક દારુના અડ્ડામાંથી નીકળતો યુવાન તેણે જોયો અને તેનાં મુખ પર પથરાયેલી ભયંકરતા પેખીને હર્ષોલ્લાસ સાથે આ બોલી ઊઠ્યો : "આ જ આબેહૂબ કંસ." તે વ્યક્તિ પાસે તેણે પોતાનો મનોરથ રજૂ કર્યો. કંસના ચિત્ર માટે આલંબન બનવા વિનંતિ કરી અને તુરંત આ ચિત્રકારને તેણે પૂછ્યું "તમે આ પહેલાં આવી બીજી કોઈ અમર કૃતિ રચી છે ?" "હા, મેં કૃષ્ણનું એક અદ્‌ભુત ચિત્ર દોર્યું છે. તે ચિત્રના આલંબન માટે પણ હું ખૂબ ફરેલો, આખરે મેં એક બાળક જોયો, જેને નજર સમક્ષ રાખીને હું આબેહૂબ કૃષ્ણનું ચિત્ર દોરી શક્યો." અને તુરંત આ દારુના અડ્ડામાંથી નીકળેલો બિહામણો માણસ ચિત્રકારના ખોળામાં માથું મૂકીને ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યો. "હા, હું એ જ વ્યક્તિ છું. મારા શૈશવ કાળમાં મારા મુખ પર પથરાયેલા પ્યાર અને તેજથી તમને મારામાં કૃષ્ણની પ્રતિકૃતિ

દેખાઈ હતી. તે જ હું છું.....આજે ૨૦ વર્ષમાં તે પ્યારનું સ્થાન આ ભયંકરતા અને રૌદ્રતાએ લીધું છે. કાળની આ બલિહારી છે.''

અને તે વ્યક્તિના આલંબને કપડાના પટ ઉપર આ ચિત્રકારે સાક્ષાત્ કંસને અવતાર આપ્યો. ચિત્રકારની આર્ટ ગેલેરીમાં આ બે અમર કૃતિઓ શોભી ઊઠી. તેને નિહાળી સાક્ષાત્ કૃષ્ણ અને કંસના દર્શનનો સંતોષ પ્રેક્ષકો માણતા, પણ એ બે કૃતિઓમાંથી પ્રસરતું ભાવોની ભંગુરતાનું કરુણ સંગીત માત્ર બે જ વ્યક્તિઓના કાને પડતું, એક ચિત્રકાર અને એક પેલો માણસ જે બન્ને ચિત્રોનું આલંબન હતો !

આ સંગીતમાંથી એક જ ઉપદેશ ધ્વનિત થતો હતો કે, કોઈની વર્તમાન વિચારધારાને પેખીને તેને માટે ત્રૈકાલિક અભિપ્રાય આપી દેવાની ઉતાવળ ન કરતા. આજનો વાલીયો કાલે વાલ્મિકી પણ બની શકે છે. આજનો અંગુલીમાલ આવતીકાલનો મહાન બૌદ્ધ સંત પણ બની શકે છે. આજનો હત્યારો અર્જુનમાળી આવતીકાલે મહાયોગી પણ બની શકે છે. ચિલાતીપુત્રની રૌદ્ર મનઃસૃષ્ટિમાં ઉપશમ, વિવેક અને સંવર જેવા ત્રાણ શબ્દોનું બોમ્બાર્ડિંગ ભયાનક પ્રલય સર્જીને એક નવલી મનોહર ભાવસૃષ્ટિનું નવસર્જન કરી શકે છે. કાંટો પણ ક્યારેક ફૂલ બનીને ભયાનક ચૌર્યવૃત્તિથી ખદબદતા રોહિણીયાના માનસપટમાં ઉત્તમ ભાવોની સુરભિ પ્રસારી શકે છે અને આ જ ચંચળ મન ઉચ્ચ આત્મસાધક રહનેમિને'ય ક્ષણભર પતનના પથિક બનાવી શકે છે. નંદીષેણનાં મનોહર ભાવઉદ્યાનમાં પણ દર્પ અને કંદર્પના કાંટાળાં બાવળિયા ઉગાડી શકે છે.

જૈન શાસ્ત્રોમાં આલેખાયેલું રાજર્ષિ પ્રસન્નચંદ્રનું ચરિત્ર પલટાતા મનોભાવોનું એક તાદશ ચલચિત્ર છે. આ રાજર્ષિ ધ્યાનમગ્ન હતાં, પણ બે દૂતની વાતચીતે ધ્યાનભ્રષ્ટ કર્યા. દૂતના શબ્દો કાને પડ્યા ''આ ઋષિ પોતાના બાલકુંવરનાં રાજ ગાદી પર અભિષેક કરીને નીકળી પડ્યા છે. પણ કુટિલ મંત્રીએ રાજ્ય પચાવી પાડ્યું છે.''

શુભધ્યાનની શુભસારિતાનો માર્ગ બનેલાં માનસપટ પર રૌદ્ર

વિચારધારાનાં ગંદા પાણી ફરી વળ્યા. મુનિપદનો મોભો ભૂલાવીને આ રાજર્ષિને પેલા દૂતના શબ્દોએ કષાયની કાલિમાથી અંજનવર્ણા કરી દીધા. રોમ-રોમમાંથી દ્વેષની આગ ઊઠી. વેષ સાધુનો રહ્યો, મુદ્રા ધ્યાનની રહી ને મન શેતાનનું બન્યું. ના, તે મન હવે મન ન રહ્યું. પણ સંગ્રામભૂમિ બન્યું. મનની સંગ્રામભૂમિમાં પ્રચંડ સંગ્રામ શરૂ થઈ ગયો. સૈન્ય બધું'ય શહીદ થયું. મંત્રીની બાજી જીતમાં છે. પોતાના બધા આયુધો પણ ભાંગી ગયા. હવે અંતની અણી આવતા રૌદ્રતા પરાકાષ્ઠાએ પહોંચી. માથાનો મુગટ મારીને મંત્રીનો ઘાત કરવા ઉત્સુક બન્યા.

પણ.....એક ક્ષણ.....જુઓ આ શ્રેણિક પ્રભુ મહાવીરને આ રાજર્ષિ વિષે જ કાંઈક પૂછી રહ્યા છે !

''હે પ્રભુ ! મેં રસ્તામાં મહાધ્યાની રાજર્ષિ જોયાં. તે ત્યારે મૃત્યુ પામે તો ક્યાં જાય.''

''સાતમી નરકે.''

શ્રેણિક ચોંકી ઊઠ્યો. સાંભળવામાં કે સમજવામાં કાંઈક ગફલત થઈ લાગે છે.

પણ.....ચાલો, ત્યાં સુધી ફરી આપણે એ રાજર્ષિના મનની સંગ્રામભૂમિમાં પહોંચી જઈએ.

મુગટથી મંત્રીને મારી નાંખવા તેમણે મસ્તકે હાથ મૂક્યો. મુંડિત માથાએ તેમને ચોંકાવી દીધા. અને આ ચમકારો એક ચિનગારી બન્યો. અને એ મનોભૂમિમાં તે ચિનગારીમાંથી ક્ષણમાં જ પ્રાયશ્ચિત્તનો એક વિરાટ પાવક ઉદ્ભવ્યો અને તે પાવકમાં ક્ષણમાં જ પેલા ઊભા કરેલાં સાતમી નરકનાં બધા પાપ સાફ થઈ ગયા.....પછી તો એ અગ્નિમાંથી ઊર્ધ્વલોક ભાણી ખેંચી જતો દિવ્ય પ્રકાશ પ્રગટતો જ રહ્યો.

અને, ત્યાં જુઓ, ગેરસમજ, ટાળવા શ્રેણિક ફરી પૂછે છે ''ભગવન્! હું એ પૂછું છું કે, પેલા મહર્ષિ, હમણાં મરે તો ક્યાં જાય?''

''સર્વાર્થસિદ્ધ વિમાનમાં''

“હં, મને હતું જ કે કાંઈક ગેરસમજ થઈ હશે. “શ્રેણિક મનોમન બોલ્યા.

પણ, ત્યાં જ દેવદુંદુભિ વાગી. ભગવાને ખુલાસો કર્યો. “તે મુનિ કેવળી બન્યા છે.” થોડીક જ ક્ષણોની મનની રમત કેવી હારજીત લાવી દે છે ! મનને જુગારી કહેવાય?

અને, મનને કેવી શીઘ્ર ગતિ છે, તે જાણવા અરીસા સામે એક કલાક ઊભા રહેવા જેવું છે. મનના પલટાતા ભાવોને અનુરૂપ ચહેરાની રેખાઓ ક્ષણે ક્ષણે પલટાય છે. અરીસામાં તેનું બારીકાઈથી નિરીક્ષણ કોઈપણ વ્યક્તિ કરી શકે છે. મેળામાં ફરતો વ્યક્તિ વિવિધ પ્રકારના અનેક ચહેરા મેળામાં જુએ છે તેમ અરીસામાં પોતાના જ વિવિધ ચહેરા જોયા પછી મેળામાં ફરતા હોઈએ તેવું લાગે છે.

મનના ઉદ્ભવેલો પાપવિચાર પણ ક્ષણિક છે, અને મનમાં ઊગેલો શુભ વિચાર પણ ક્ષણભંગુર છે. પાપ વિચાર ઊગ્યા પછી થોડો કાળ પસાર થઈ જતા તે વિલય પામે છે. માટે તે વિચારના અમલીકરણમાં જે ઉતાવળો નથી બનતો તે બચી જાય છે. શુભ વિચાર પણ ઊગ્યો પછી ક્ષણમાં અસ્ત પામે છે. તેને જે તુરંત અમલમાં નથી મૂકતો તે રહી જાય છે.

સુધર્માસ્વામીની વાણીથી વૈરાગ્યની જ્યોત પ્રગટતા જ જંબુકુમાર માતા-પિતાની અનુમતિ લેવા ઘેર દોડ્યા. પણ જીવનની અને શુભ ભાવોની ભંગુરતાના એ જ્ઞાતા હતા. તેથી તત્કાલે જ ચતુર્થ વ્રતના સ્વીકાર કરીને અર્ધા સંસારનો છેદ તો કરી જ નાંખ્યો.

શુભ વિચાર એ મહામૂલું રત્ન છે. મનની ખાણમાં આ રત્ન પ્રગટે કે તુરંત જ તેને આચારની દાબડીમાં પૂરી દેવું જોઈએ. અને અશુભ ભાવોનો બાવળિયો તો પ્રોત્સાહનનું પાણી નહિ મળે તો સ્વયં કાળનાં રણમાં સૂકાઈ જશે.

# ❋ ઈતિહાસ તેનો સાક્ષી

ઈતિહાસનાં પાનાઓ પાસે કાન માંડીએ છીએ, ત્યારે સંભળાતું અનિત્યતાનું કરુણ સંગીત દિલને ધ્રૂજાવી દે છે. બાર યોજનના વિસ્તારવાળી રાજગૃહીનાં જીર્ણ ખંડેરોમાં કાળ પુરુષનું ક્રૂર અટ્ટહાસ્ય પડઘાય છે. બિહારની એ જાજરમાન નગરીઓ આજે લાંબી સોડ તાણીને પોઢી ગઈ છે. આબુની તળેટીમાં વસેલી ચંદ્રાવતીનગરીના ૫૦૦ જિનાલયો અને હજારો મહેલોના ખંડેરો'ય આજે વિદ્યમાન નથી. તે નગરીનાં સેંકડો ક્રોડોપતિઓની રાખનો કણ પણ આજે વિદ્યમાન નથી. મોહન-જો-દડો અને હડપ્પાના પુરાતન અવશેષો વસ્તુ માત્રની વિનશ્વરતાના દસ્તાવેજી પુરાવા નથી?

પૃથ્વીતલને જિનબિંબોથી મઢી દેનાર સંપ્રતિ તો વિલય પામ્યો. તેનો તે વિશાળ ઉપહાર પણ આજે ક્યાં જડે છે.
કુટિલ રાજનીતિઓથી ભલભલાને સકંજામાં લેનાર ચાણક્ય સ્વયં યમના સકંજામાં આવી ગયો.

જેના નામની સંવતો ચાલુ થઈ, તે વિક્રમાદિત્ય કે ઈશુખ્રિસ્તના વિલયની વાત તો તે સંવત અને સન પાસેથી જ જાણવા મળે છે. ઈતિહાસના પાનાઓ પાસેથી પાટણ અને ખંભાતનો વૈભવ જાણીને ત્યાં દોડી જવાનું મન થાય અને તે શહેરોની આજની ભગ્ન દશા આપણા ઉત્સાહને અધમૂઓ કરી નાંખે છે.
ધરતીને ધ્રૂજાવનાર કેટલા'ય ભડવીરો ધરતીમાં જ સમાઈ ગયા.
કેટલા'ય મહાનગરો ધરતીના પેટાળમાં દટાઈ ગયા.

પુરાતત્ત્વખાતાની વહી વાંચતા એ દટાયેલા નગરોનાં ભગ્ન અવશેષોનો

આંસુથી અભિષેક કરવાનું દિલ થઈ આવે છે.

અજમેરથી આગ્રા સુધીના રસ્તાને શિંગડા અને ખોપરીના તોરણથી શણગારનાર અકબરને શિંગડા તો નહોતા. પણ તેની ખોપરી'ય આજે ક્યાં જડે છે.

મુમતાજનો તાજમહેલ બંધાવનાર શાહજહાં પણ કબર નીચે પોઢી ગયો.

વોરન હેસ્ટીંગ્સ, માઉન્ટબેટન, ક્લાઈવ આ બધાં ભારતમાં આવીને ઘણું તોફાન કરી ગયા. પણ કાળનાં ખપ્પરમાં એ'ય હોમાઈ ગયા.

ઝાંસીની રાણી, તાત્યા ટોપે, નાના ફડનવીશ, પ્રતાપ અને શિવાજી બધા'ય માત્ર ઈતિહાસના પાનાઓ પર નામ માત્રથી રહી શક્યા.

કરેંગે યા મરેંગેની ઘોષણા કરનાર ગાંધીજીએ ધારેલું કર્યું, તો'ય મર્યા તો ખરા જ. ભારતનો પ્રજાસત્તાક દિન પણ ન જોઈ શક્યા.

અબ્રાહ્મ લિંકન અમેરિકાના પ્રમુખ બનીને લોકશાહીના આદર્શો માટે ઘણું ઝઝૂમ્યા. પણ આખરે તે'ય મોત સામે ન ઝઝૂમી શક્યા.

ટોલ્સટોય, ટાગોર, કન્ફૂશિયસ, સોક્રેટિસ, ખલિલ જીબ્રાન, ડાયોજિનિસ કે ડેસ્મિથીન તત્ત્વજ્ઞાનનાં પ્રકાશ માટે ખૂબ મથ્યા. તેમની એ મથામણો પર મૃત્યુએ પડદો પાડી દીધો.

Freedom is our Birth right ના ઉદ્‌ઘોષક તિલકે ખરેખર આ દેહથી Freedom મેળવીને Birth right જાળવી રાખ્યો.

રાજઘાટ અને શાંતિઘાટમાં ભારતનો સ્વાતંત્ર્યપ્રેમ સૂઈ ગયો છે.

હિટલર અને નેપોલિયન જેવા શાસકો એક વાર આખી દુનિયાને ધ્રૂજાવતાં, આજે તેમનો કોઈ પત્તો નથી.

ચંલબના ડાકૂઓને બુઝવનારો જય પ્રકાશજી યમડાકૂને ક્યાં બુઝવી શક્યા?

સમગ્ર ભારતની ધુરા હાથમાં લઈને સૌને હંફાવનારા ૨૦ મુદ્દાના આર્થિક કાર્યક્રમોના ઉદ્‌ઘોષક ભારતના વડાપ્રધાન શ્રીમતી ઈંદિરા ગાંધીજીએ પણ આખરે વડાપ્રધાનપદેથી જ નહિં, જગતના ચોકમાંથી જ નિવૃત્ત

થવું પડ્યું.

મોટા ધુરંધરો'ય ધરાશાયી થયા.

મોટી મહેલાતો પણ ભોંયભેગી થઈ.

મોટાનગરો પણ જમીન દોસ્ત થયા.

તે બધાના પ્રાપ્ત અવશેષોને પુરાતત્ત્વખાતું ભેગા કરે છે અને મ્યુઝિયમમાં સંઘરે છે. મહાન ઘટનાઓ, બનાવો અને તવારીખો ઈતિહાસના પાનાંઓ ઉપર પર થોડી સંઘરાય છે.

પણ, કાળની થપાટ પડે છે ત્યારે મ્યુઝિયમો પણ દટાય છે, ઈતિહાસનાં પાનાં પણ ફાટીને ખોવાય છે.

કોઈનો કાંઈ જ વાંક નથી.

ઉત્પત્તિ અને વિલય એ જગતનો સ્વભાવ છે.

# ❋ નિત્યની શોધમાં

તો શું.....જગત એટલે વિનાશ ?

જીવન એટલે વિલય ?

બધું જ નાશ પામશે ? સર્વ પ્રયત્નોનું ફળ આખરે સર્વનાશ ? બધી જ મથામણોનો સાર સર્વ સમાપ્તિ ? તો જીવવાનો'ય શો અર્થ ? ઝઝૂમવાનું'ય શું કામ ? ઝઝૂમીને શું કામ ? ઝઝૂમીને મેળવેલું આચનક આવીને કાળપુરુષ લૂંટી જાય તે મૂંગા મોંએ જોયા કરવાનું ? ફરિયાદ સાંભળનાર પણ કોઈ નહિ?

સર્વ પદાર્થોની વિનાશિતતા જાણ્યા પછી આ એક ઘેરી હતાશા હૈયાને ઘેરી વળે છે, વિચારતંત્ર ખોટવાઈ જાય છે. ઉત્સાહ ઓસરી જાય છે.

સઘળું'ય અનિત્ય, તો તેને પ્રાપ્ત કરવાનો અર્થ પણ શું છે ? તેની પ્રાપ્તિના પ્રયત્નો વ્યર્થ જ છે. પણ, તો શું નિષ્ક્રિય બની જવું ? સક્રિય રહીને શું મેળવવું ? મેળવીએ તે તો લૂંટાઈ જવાનું કાળપુરુષના સકંજામાં ઝડપાઈ જવાનું.

અને આવી એક ઘેરી વ્યથા અને મથામણ દિલમાં ઊગે છે, જબ્બર ઊહાપોહ ચાલુ થાય છે. "શું નિત્ય કાંઈ છે જ નહિ ?" એક અપૂર્વ જાગૃતિની પળ ઉપસ્થિત થાય છે અને ત્યાંથી જ નિત્યની ખોજ આરંભાય છે, નિત્યના આવિષ્કારનો યજ્ઞ મંડાય છે, શાશ્વતનો પ્રેમ દિલમાં ઊગે છે, તેને શોધવાની અને પામવાની આકાંક્ષા અંતરમાં જન્મે છે.

બધું'ય જો વિનાશી છે, તો કાંઈક અવિનાશી પણ હશે જ. કાંઈક

જરૂર એવું હશે જેને કાળ પુરુષની થપાટ લાગતી ન હોય. જે જીર્ણ થતું ન હોય, જે ગ્લાન બનતું ન હોય, જે કરમાતું ન હોય, જે મુરઝાતું ન હોય, નક્કી એ 'કાંઈક' જગતમાં હસ્તી ધરાવતું જ હોય. જેને જીવાડવા પ્રયત્નો કરવા ન પડે, કારણ તે અમર જ હોય. જગતમાં ખોવાયેલાં 'અનંત' અને 'અક્ષય' શબ્દોનો વિશેષ્ય ક્યાં'ક હશે જ. એ 'અક્ષય' ના પ્રત્યેક પગલે કાળપુરુષ થથરતો હશે, એ 'અક્ષય'ના આંગણે ક્યારે'ય સાંજ ઢળતી નહિ હોય, ક્યારે'ય સમાપ્તિ સર્જાતી નહિ હોય.

પણ ક્યાં હશે એ અક્ષય ?

ક્યાં જઈને બેઠો હશે એ અવિનાશી ?

તેને ક્યાં શોધવો ? તેને કોણ બતાવે ? સઘળાય નશ્વર સુખોની છાયાથી ત્રાસીને હવે એ શાશ્વત સુધી પહોંચવું છે, પણ એ અલગારી દુનિયા કોણ બતાવે? વિનશ્વરતાની વિરાટ ક્ષિતિજોને ભેદીને તેની પેલે પાર કેમ પહોંચવું ?

આ વ્યથા દિલમાં ઊગે છે, મંથન શરૂ થાય છે, જબ્બર મથામણો ચાલે છે, કો'ક આવીને માર્ગદર્શન દઈ જાય છે અને દૂરથી એ દિવ્ય પ્રકાશ દેખાય છે. એ શાશ્વતનું સરનામું જડે છે.

નશ્વરની બધી'ય મથામણો મૂકાય છે ત્યારે અનશ્વરનો ભેટો થાય છે.

નાકને તરબતર કરતી અલૌકિક સુગંદ જંગલના મૃગલાને મુગ્ધ કરે છે. એ દિવ્ય સુગંધ પ્રાપ્ત કરવાની ઝંખના જાગે છે, તે દોડે છે, ખૂબ દોડે છે, ચારે'ય દિશામાં દોડે છે, સુગંધ અનુભવાય છે, પણ તે સુગંધી દ્રવ્ય જડતું નથી. દોડી દોડીને થાકે છે, પટકાય છે, મુરઝાય છે, ત્યારે જ્ઞાની હસે છે.

"બિચારો, નાહક થાક્યો, તે સુગંધી કસ્તુરી તેની નાભિમાં જ પડી છે તેને કોણ સમજાવે ?"

સંધ્યા ટાણે અંધારી ઝૂપડીમાં ડોશી સોયમાં દોરો પરોવવા બેઠા. હાથમાંથી સોય નીચે પડી. ઘણી શોધી, પણ અંધારામાં ન જડી. ઝૂંપડીમાંથી બહાર આવ્યા. રોડ પર મ્યુનિસિપાલિટીની લાઈટ ચાલુ થઈ ગઈ હતી. "હાશ ! આ અંધારામાં તો સોય નહિ જડે, લાવ, ત્યાં રસ્તા પર બત્તીનું અજવાળું છે. ત્યાં શોધવા દે, અજવાળામાં જડશે." અને ડોશીમાએ બત્તીના થાંભલા નીચે સોયની શોધ આરંભી ત્યાં પણ કલાક મથવા છતાં ન મળી. ડાહ્યા માણસે આવીને પૂછપરછ કરી, "માજી શું ખોવાયું ?"

"અરે, ભઈલા ! સોય ખોવાઈ, અડધો કલાક ઝૂંપડીમાં શોધી. અંધારામાં ન જડી. તેથી અહીં અજવાળામાં આવી, અહીં પણ કલાક થઈ ગયો, હજુ ય જડતી નથી." "માજી કલાક જ થયો ? અહીં શોધવામાં આખી જિંદગી કાઢી નાંખશો, તો'ય નહિ જડે, ઝૂંપડીમાં ખોવાયેલી હોય તે રસ્તા પર ન જડે."

કસ્તુરીમૃગ અને ડોશીમાં બન્નેની વાત નાનકડી છે પણ હતાશાને ઝાપટી નાંખે તેવી છે. 'નિત્ય' તરફ આંગળી ચીંધે તેવી છે. શાશ્વત ભણી સર્ચલાઈટ ફેંકે તેવી છે.

અવિનાશી સુખનું સરનામું આ કસ્તુરીમૃગના કરુણ રકાસમાંથી જડે છે. નશ્વરની દોટ ડોશીમાના આંધળા પ્રયત્નો જાણ્યા પછી અટકે છે. સુખને શોધવા બંગલામાં વસ્યા, પૈસાના ઢેર પર સૂતા, પરિવારથી પરિવર્યા અને ખાનપાનમાં મહાલ્યા. પણ, સુખનો અંશ પણ ન અનુભવ્યો. તે ઝાકઝમાળોથી અંજાઈ જવાથી 'સુખ' ત્યાં મળશે, તેવી આશા બંધાયેલી હા, ટ્યુબ લાઈટના પ્રકાશમાં સોય જડશે, તેવી આશા ડોશીમાએ બાંધી હતી તેમ. ઘણું થાક્યા તો'ય સુખ ન જ મળ્યું. ન જ મળે. કારણ કે હોય તો મળે ને ? સોય ઝૂંપડામાં જ શોધવી પડે, ત્યાંથી જ જડશે. અંધારૂં હોય તો'ય પ્રકાશ ત્યાં જ કરવો પડે. સુખ જ્યાં નથી ત્યાં તેની

શોધ ચલાવી અને જ્યાં દટાયું છે ત્યાં જોયું પણ નહિ. આટલી સમજ ડોશીમાએ આપી.

અને ત્યાં જ કસ્તુરીમૃગની કથા બોલી : તું જેને શોધે છે, તે નાભિમાં જ પડ્યું છે. અને શાસ્ત્રોક્ત નાભિના આઠ રુચક પ્રદેશોની વાત મને યાદ આવી, ત્યાં આત્માનું અનંત સુખ ઉઘાડું પડ્યું છે. હાશ ! ઘણું દોડ્યો, ઘણું થાક્યો, આખરે નાભિમાંથી જ જડ્યું.

ના, એ શાશ્વત કોઈ મર્સિડિઝ કે મારુતિના ચક્રોમાં અટવાયો નથી. એ અવિનાશી કોઈ ફાઈવસ્ટાર હોટલમાં બેઠો નથી. એ કોઈ એરકંડિશન્ડ કેબિનમાં થીજ્યો નથી. એ વિરાટ કમ્પ્યુટરના જાદુઈ મિજાજમાં સમાયો નથી. એ પરમસુખ લેબોરેટરીની ટેસ્ટટ્યુબમાં પ્રયોગો કરવાથી સાંપડવાનું નથી. હોસ્પિટલના સ્ટેરીલાઈઝ્ડ ઓપરેશન થિયેટરમાં ડિસેક્શન કરવાથી એ પ્રગટવાનું નથી. કોઈ એનસાયક્લોપિડિયા બ્રિટાનિકામાં એ આલેખાયું નથી. કોઈ ડિસ્કો કે કેબ્રેમાં જકડાયું નથી.

હા, એ અક્ષય છે, અનંત છે, નિર્ભેળ છે, તે પરમસુખને ભોગવનારો પોતે ભોગવાઈ જતો નથી. તેનો આસ્વાદ માણનારો કદી થાકતો નથી. ત્યાં થાક નથી, કંટાળો નથી, ત્યાં ભેળસેળ નથી, નકલ પણ નથી. હા, જેવી સર્વ પ્રાણીની આંતરઝંખના છે તેવું જ તે પરમસુખ છે. તેને માટે સૌ કોઈ ખાય છે, સૂએ છે, ભોગવે છે, એને જ માટે ઉત્સવો અને મનોરંજનો કરે છે. તે સુખની શોધમાં માણસ હોટલો અને કલબોમાં ભટકે છે. બગીચાઓ અને હિલ-સ્ટેશનોમાં જઈને તે તેને જ ખોજે છે. પણ બધે'યથી માણસ ખાલી હાથે પાછો ફરે છે. તે નિર્ભેળ અને અનંત સુખ ત્યાં ક્યાં'ય જડતું નથી, માણસ છતાં'ય થાકતો નથી. શોધ જારી જ રાખે છે.

*અને, ત્યારે પેલો ગ્રાહક યાદ આવે છે. અમુક ડિઝાઈનનું, અમુક* ક્વોલિટીનું, અમુક રંગનું અને અમુક મૂલ્યનું કાપડ ખરીદવું છે. તેવી એક

પસંદગી મનમાં નક્કી કરીને તે બજારમાં જવા નીકળ્યો. દુકાને દુકાને ફર્યો. બધા દુકાનદારે દુકાનના બધા તાકા તેની સામે ખોલી નાંખ્યા. તેની પસંદગીને અનુરૂપ કાપડ તેને ન મળ્યું. તે થાક્યો. ખાસ્સો કલાક બગડ્યો. આખરે થાકીને ઘરે પાછા ફરતા એક મોટા સ્ટોર પાસેનું બોર્ડ વાંચ્યું.

"What is in your mind
It is in our store"

આશા સાથે તે દુકાનનાં પગથિયાં ચડ્યો. દુકાનદારે તેની સામે તાકા ખોલ્યા. તુરંત જ તેની પસંદગીનું કાપડ તેને મળી ગયું. તુરંત જ મૂલ્ય આપીને ખરીદી લીધું. મનોમન બોલ્યા. ''હાશ, સીધો અહીં આવ્યો હોત તો તુરંત કામ પતી જાત. ખોટો રખડ્યો અને થાક્યો. કાંઈ નહિં, આખરે જોઈતું હતું એવું મળી તો ગયું.''

ક્યારેય નાશ ન પામે, જરાય ક્ષય ન પામે, નિર્ભેળ હોય, દુઃખની ભેળસેળ વગરનું હોય, દુઃખની લંગારનું પુરોગામી ન હોય.....આવું જ સુખ પ્રત્યેક પ્રાણી ઝંખે છે. અને આ અવિનાશી સુખની કલ્પનાથી જ તે બંગલા પાસે, પૈસા પાસે, દાગીના પાસે, ભોજનના થાળ પાસે, કુટુંબ પાસે, અને સર્વ પરપદાર્થો પાસે પહોંચે છે. ત્યાં ઘણો પ્રયત્ન કરે છે પણ થાકે છે. જોઈએ છે તેવું સુખ કોઈ પાસે નથી. પોતાના આતમના આંગણે જ એક બોર્ડ ટીંગાય છે.

"What is in your mind
It is in our store
step in."

બહાર ફરવાની જરૂર નથી, અંદર પધારો. થોડા'ક ઊંડા ઉતરો. સુખના મહાનિધાન ત્યાં દટાયેલાં છે. આનંદનો મહાસાગર ત્યાં ઉછળી રહ્યો છે. અનંત સુખનો પરમવૈભવ ત્યાં જ છલકાયો છે. અવ્યાબાધ આનંદ ત્યાં જ છૂપાયો છે. બસ, થોડુંક ખોદવાની જરૂર છે, તુરંત તે પરમસુખનું

ઝરણું પ્રગટશે. થોડા જ ઊંડા ઉતરવાની જરૂર છે, એ મહાનિધાન તુરંત સાંપડશે. આતમની પેટીને ફક્ત ઉઘાડવાની જ જરૂર છે, પરમવૈભવ તુરંત હાથમાં આવશે.

હા, પુદ્ગલના સામ્રાજ્યના અધિપતિ બનવા જશો તો તે તમને દેખાશે'ય નહિ. પુદ્ગલ પરિણતિ તો રેતીના ઢેરને ઘાણીમાં પીલવાની ચેષ્ટા છે. વર્ષો સુધી પીલો તો'ય તેલનું બુંદ પણ ન મળે. પાણીમાં રવૈયો નાંખીને દિવસભર વલોવ્યા કરો તો'ય માખણનું ટીંપુ'ય ન મળે. અને પુદ્ગલોની પ્રીતમાં જીવનભર રમ્યા કરો તો'ય તે પરમસુખની આંશિક ઝાંખી પણ ન થાય.

સાધનાની પ્રયોગશાળામાં આત્મદ્રવ્ય પર થતી આધ્યાત્મિક પ્રક્રિયાઓથી તે 'પરમ' નો આવિર્ભાવ થશે. સુષુપ્ત આંતરચેતનાને ઢંઢોળવાથી એ 'પરમ' જાગશે. સર્વ પુદ્ગલોની પ્રીતિ તૂટશે ત્યારે એ 'પરમ' સાથે જોડાણ થશે. અંદરથી ડાયલ ટોન આવશે, સંપર્ક થશે અને સંગમ પણ થશે.

વિનાશી ભણીની દોટ અટકે છે, ત્યાંથી પાછા પગલા પડે છે, ત્યારે તે અવિનાશીની દિશા પકડાય છે. પદ્મવિજય મહારાજ આ દિશા સૂઝાડે છે :

*"એક અચરિજ પ્રતિસ્રોતે તરતા*
*આવે ભવસાગર તટમાં"*

દુનિયા નશ્વર ભણી દોડે છે, તું તેનાથી વિપરીત દિશામાં દોડ. દુનિયા વિનાશીથી અંજાય છે, તું અવિનાશીને પ્રેમ કર. દુનિયા અનિત્ય પાછળ ભમે છે, તું તે ટોળામાંથી છૂટો પડી પાછળ ફરી જા અને એ ઊંધી દિશામાં તું દોડવા જ માંડ. ત્યાં અનંત પ્રકાશ પથરાયેલો છે. તે અક્ષય તને ભેટવા ક્યારનો'ય રાહ જોઈને ઊભો છે. તે 'વિરાટ' ત્યાં આસોપાલવના તોરણ રચીને ક્યારેનો'ય તને સત્કારવા તલસે છે.

તું સચ્ચિદાનંદ છે. આ સર્વ જગત મિથ્યા છે, તું જ સત્ છે. અહીં સર્વત્ર અજ્ઞાનનો અંધકાર છે, તું જ ચિત્ છે, તું જ જ્ઞાનપુંજ છે. જગત દુઃખ અને વિષાદનું ધામ છે, તું જ આનંદમય છે. ત્યાં ધમાચકડી નથી. ધાંધલ નથી, ધમાલ નથી, દોડાદોડી નથી. તારો નિરવધિ આનંદ ત્યાં ઊછળી રહ્યો છે.

બારણાં બંધ કરીને તું અંદર જ ભરાઈ જા. આત્માના અતલ ઊંડાણમાં જ તું પેસી જા. બદામના કવચમાંથી બદામ નીકળે તેમ કર્મના આવરણોમાંથી પરમાનંદનું મહાનિધાન આવિર્ભાવ પામશે. જેમ ખાણમાંથી રત્ન પ્રગટે તેમ ત્યાંથી જ મહાનંદ નીકળશે.

મહાયોગીઓએ તેને ત્યાંથી જ ખોળ્યો છે. શ્રી મહાવીરે પણ તેને ત્યાંથી જ પકડ્યો છે. સર્વ સિદ્ધોએ તે મહાનિધાન આત્માની ખાણમાંથી જ મેળવ્યું છે.

બાકી પરપદાર્થોમાંથી તે 'પરમ'ની શોધ તો નરી મૂર્ખતા છે. ઠંડક માણવી હોય તો હિમગિરિ પર જવું પડે કે બરફની પાટ પર સોડ તાણવી પડે. અગ્નિમાં હાથ નાંખે તેને ઠંડક ક્યાંથી મળે ? જીવન જોઈતું હોય તેણે વિષની દોસ્તી ન જ કરાય. સુગંધનો ચાહક રણમાં રખડે તો તેને સુગંધ ન મળે. ત્યાં તો કાંટા જ મળે. તેણે તો બગીચાના ફૂલ પાસે જ દોડવું પડે અને મહાનંદનો આશક પણ પુદ્ગલો પાસે જઈને બારણું ન ખખડાવે, તેને તો મરજીવા બનીને આત્માના અતલ ઊંડાણમાં જ ડૂબકી મારવી પડે. નશ્વરના મેળામાં અવિનાશી હાથ ન લાગે.

દુનિયામાં બધું 'અનિત્ય છે, સઘળું'ય ક્ષણભંગુર છે, તે જોઈને-જાણીને ભય પામવાનું નથી. હતાશાની'ય જરૂર નથી. માથે હાથ મૂકીને કોઈ ઊંડા નિસાસા નાંખવાની'ય જરૂર નથી.

જગતથી જુદા થયા પછી કાંઈ'ક એવું જડે છે, જેને કાટ લાગતો નથી, જે કરમાતું નથી, જે માંદુ પડતું નથી, જેને ઓક્સિજનના બાટલા

પર જીવાડવાની મથામણો કરવી પડતી નથી, તે 'પરમ' ને કોઈ ઠેસ વાગતી નથી, તે ગબડી પડતું નથી, તેને ક્ષય રોગ લાગું પડતો નથી, તે 'અવિનાશી' દિવસો, વર્ષો અને અનંતકાળ જાય તો'ય સડી જતો નથી. તેને વિષજ્વર લાગુ પડતો નથી, તે ભાંગતો નથી, તૂટતો નથી, પટકાતો નથી. તે છે, રહે છે અને રહેવાનો. તેની રક્ષા માટે કોઈ સિક્યુરિટી ફોર્સની જરૂર નથી, તેને સેફ ડિપોઝિટ વોલ્ટમાં સાચવવો પડતો નથી, તે ચોરાતો નથી, તે લૂંટાતો નથી, તે તો 'અનુપમ' છે, તે તો 'અદ્વિતીય' છે. તે તો 'અનંત' છે, તે તો 'અક્ષય' છે, તે તો 'અમર' છે, તેનું અસ્તિત્વ જ અનોખું છે.

હવે અનિત્ય ભણીની દોટથી થાક્યા પછી તે 'અવિનાશી'ની ભૂખ ઉઘડી છે. તેની ઝંખના જાગી છે. તે ઝંખના જ 'અવિનાશી'નું ઉદ્ભવ સ્થાન છે. હવે બસ મચી પડીએ, હવે ધૂણી ધખાવી દઈએ, આંખે પાટા બાંધીને આંતરચક્ષુને ખોલી નાંખીએ, અંદર જ જોયા કરીએ, અંદર જ ઊતર્યા કરીએ, એ ચોક્કસ દેખાશે, એ ચોક્કસ મળશે. દેખાય એટલે તુરંત એને ભેટી પડો. મળે એટલે તુરંત તેને વળગી પડો. અને તેને મળીને, ભેટીને અને વળગીને આપણે ગાઈ ઊઠશું.

*''જગદીશને જોવા કાજે દશે દિશા આથડ્યા*
*આખરે જોયું તો એ તો ઘરમાં જડ્યા.''*

કોઈ એને 'જગદીશ' કહે છે. કોઈ એને 'ખુદા' કહે છે, કોઈ એને 'પરમેશ્વર' કહે છે, કોઈ એને 'સચ્ચિદાનંદ' કહે છે, કોઈ એને 'નિજાનંદ' કહે છે. કોઈ એને 'શાશ્વત' કહે છે. કોઈ એને 'પરમબ્રહ્મ' કહે છે. કોઈ એને 'અક્ષય' કહે છે. નામ ગમે તે હોય, એ જ અનામી છે 'એ જ નિત્ય છે, 'એ' જ શાશ્વત છે, 'એ' જ અખંડ છે અને 'એ' જ નિર્ભેળ છે.

# ✻ અનિત્યથી નિત્ય ભણી

આનંદો, આ ક્ષણિક વિશ્વની પેલે પાર પણ એક વિશ્વ છે. જ્યાં ક્ષય-વૃદ્ધિની કોઈ કળાઓ નથી, ત્યાં તો સદાય છે પૂર્ણ વિકસિત પૂર્ણિમા. ત્યાં કોઈ ગ્લાનિ અને મ્લાનિ નથી, ત્યાં તો છે નિત્ય સદાબાહર ખુશબો. ત્યાં કોઈ સીમા, સરહદ કે મર્યાદા નથી, ત્યાં તો છે પૂર્ણવિકાસની સોહામણી સૃષ્ટિ.

પણ ક્ષિતિજની પેલે પાર પહોંચવું કેવી રીતે ? એ લોખંડી તોતિંગ દિવાલોને શે ભેદાય ? એ પરમ રમ્ય અસ્તિત્વને પામવું કેમ ? એ 'પરમ' ને ભેટવાનું પરમભાગ્ય કયા ક્યારામાં ઉગાડવું ?

અને એ પરોક્ષ સૃષ્ટિનાં શમણાં સેવીને જ ખુશ થવાનું ? અને તે સ્વપ્નીય આનંદમાં, જે પ્રાપ્ત છે તેની ઉપેક્ષા કરવાની ? ફૂલ કરમાઈ જ જવાનું છે, તો તે કરમાય તે પહેલાં તેની સુગંધને માણી કેમ ન લેવી ? વૈભવ અસ્ત પામે, તે પહેલાં તેને ભોગવી ન લેવો ? બંગલામાં ખંડિયેરના દર્શન કરી કરીને તેના પ્રત્યે ઉદાસીન બનવામાં કયું ડહાપણ છે ?

પ્રાપ્ત સઘળું ય ક્ષણિક છે, તે જાણ્યા પછી ઘેરી વળેલી હતાશાની અંધાર સૃષ્ટિમાં કાંઈક નિત્ય અને શાશ્વત છે તે જાણ્યા પછી એક ઉજાસ પથરાયો. પણ એ નિત્ય તો પરોક્ષ છે, કદાચ લાખો કરોડો માઈલ દૂર છે. કદાચ કાળના કેટલા'ય થરો વટાવ્યા પછી તેની ભાળ મળે તેમ છે. તો હવે આ પ્રાપ્ત ક્ષણિક સાથેનો વ્યવહાર કેવો રાખવો ? અપ્રાપ્તમાં ઝૂરી મરવું અને પ્રાપ્તને ખોઈ બેસવું તે મૂર્ખતા નહિ ?

આ પ્રશ્નો એક વિકરાળ સ્વરૂપ ધારણ કરીને દિલને કોરી ખાય છે. નિત્યના આશકે અનિત્ય સાથેનો વ્યવહાર કેવો રાખવો તે એક વિચારણીય સમસ્યા છે. શાશ્વતના સાધકે ક્ષણિકને વળગી પડવું કે ક્ષણિકથી વેગળા રહેવું ?

આ સમસ્યા જ્ઞાનીઓના જ્ઞાન પ્રકાશમાં વંચાય છે. અને ત્યાંથી જ આ સમસ્યાનો જવાબ જડે છે.

પાણીનું બુંદ પવનના એક ઝપાટામાં સૂકાઈ જવાનું છે. તેથી સૂકાય તે પહેલાં તેને ચાટી લેવું તે ડહાપણ નથી, તેને તો અક્ષય સિંધુમાં ભેળવી અક્ષય બનાવી દેવું, તે જ સમજદારી છે.

ભંગુર ભગ્ન બને તે પહેલાં તેના જ તાણા-વાણાં અને ઠીકરામાંથી શાશ્વતનું શિલ્પ ઘડીએ. અનિત્યના ક્યારામાં ક્ષણિકનાં જ ખાતર અને પાણી સિંચીને શાશ્વતનું વૃક્ષ ઊગાડીએ. 'નિત્ય', એ સાધ્ય છે, 'અનિત્ય' તેનું સાધન છે. 'અક્ષય' એ મંઝીલ છે, 'ક્ષણિક' પ્રત્યેનો વિરાગ તેનો માર્ગ છે.

નશ્વર દેહનાં રક્તબિંદુઓ, પ્રસ્વેદબિંદુઓ અને અશ્રુબિંદુઓ સિંચીને જે સાધનાનું વાવેતર થાય છે, તેમાંથી જ નિત્ય ટકનારી દેહાતીત અવસ્થાનું ફળ ઊગે છે. પ્રાપ્ત લક્ષ્મીનાં સુયોગ્ય વિનિયોગની કળા જેણે હસ્તગત કરી છે તેની ચંચળ લક્ષ્મી પણ શાશ્વત લક્ષ્મીના અક્ષય ભંડારોનો તેને માલિક બનાવે છે. કોઈ'કને કોહવાતા કપડાનાં દર્શન અંતરમાં શાશ્વતનો પ્રેમ જગાડે છે. કોઈકને ગંધાતા મડદાંની દુર્ગંધ 'પરમ' સાથે પ્રેમ કરવા પ્રેરે છે. કોઈકને વૃદ્ધ પૂજારીનાં દેહ પરની કરચલીઓ જોઈને અજર પદની ઝંખના થાય છે. ફાટેલી નોટ, તૂટેલું રમકડું, જીર્ણ ખંડેર, સૂકાયેલું યૌવન, લાચાર વાર્ધક્ય, ચીમળાયેલું કુસુમ, સડેલું ટમેટું, કટાયેલી છરી, ક્ષીણપ્રાયઃ કપડું, નષ્ટપ્રાયઃ કબાટ, વ્યાધિગ્રસ્ત શરીર, કરમાયેલી કેરી, વેરાન બાગ, પાનખરનાં ઠંડા અને ફિક્કા પર્ણો જોઈને અખંડ, અક્ષય, અભેદ્ય અને

અકાટ્ય વૈભવની અભિલાષા ઉપજે છે. તેથી નિત્યની ઈચ્છા, ઝંખના અને અભિલાષા અંતરમાં જગાડવા આ ક્ષણિક સૃષ્ટિનું દર્શન ઘણું કામનું છે. તે દર્શનમાંથી વેદના પ્રગટે છે, વેદનામાંથી સંવેદન પ્રગટે છે, સંવેદનમાંથી શૌર્ય પ્રગટે છે, શૌર્યમાંથી સત્ત્વ પ્રગટે છે. સત્ત્વમાંથી સાધના પ્રગટે છે અને એ સાધના જ 'નિત્ય' ની નિકટ પહોંચાડે છે.

અને, 'અનિત્ય' ની પ્રાપ્તિ એ જ પડલ છે, જે 'નિત્ય' ની પ્રાપ્તિમાં અવરોધ ઊભા કરે છે. ક્ષણિકનું મમત્વ અક્ષય ભાણી દોડવા મથતા આતમરામને પગની બેડીની જેમ જકડી રાખે છે અને પછાડે છે. અનિત્યનો પ્રેમ આંખે અંધારપડલ બઝાડી દે છે જેથી નિત્યને ભાળવા દૃષ્ટિ મથતી જ નથી. અને 'અનિત્ય' ની મૂર્છાથી જ ઉજ્જડ બનેલી આતમભૂમિમાં નિત્યનો પ્રેમ અને ઝંખના ઊગતા'ય નથી.

વ્યવહારનો પણ ન્યાય છે કે હાથમાં સુવર્ણનો રત્નજડિત હાર પકડવો હોય તો માટીનું ઠીકરું હાથમાંથી છોડવું જ પડે. સૂર્યના તેજસ્વી પ્રકાશને પામવો હોય તો ઊંડા અંધારા ઓરડામાંથી બહાર નીકળવું જ પડે. વિરાટ સૃષ્ટિનું અવગાહન કરવા કૂપમંડૂકની અવસ્થા ત્યજવી પડે. અનિત્ય માટેના ધમપછાડા એ એક વામણી સંકુચિતતા અને છીછરી જીવનદૃષ્ટિ છે. ક્ષણિકના મોહપાશની માયાજાળમાં ગૂંથાયેલો માનવી 'નિત્ય' ના સ્વપ્ન પણ ભાળી શકતો નથી.

તો અનિત્યમાં રમનારો અનિત્યનો પ્રેમ છોડી શકવાનો છે ? રાગના વર્તુળમાં પૂરાઈને વિરાગના ગાન કોણ ગાઈ શકે ? વિષપાન કરીને જીવવાની ખુમારી કોણ ટકાવી શકે ? મોહના રણમાં 'નિત્ય' નું ગુલાબ ન ઊગે. પ્રેમ ક્ષણિકનો કરવો અને ઝંખના શાશ્વતની કરવી તે તો હાથીના દાંતની કથા કહેવાય.

નિત્યનો પ્રેમ પ્રગટે છે, ત્યારે અનિત્ય પ્રત્યે જુગુપ્સા ઉપજે છે. જે ટકવાનું નથી તેના પ્રત્યે તિરસ્કાર વધતો જાય છે. નાશવંત પ્રત્યેનો

આગમો વૃદ્ધિ પામે છે, પછી 'અનિત્ય' ના ચાળાને તે ધિક્કારે છે. તેને અનિત્યમાં રાચવાનું. રમવાનું અને ડૂબવાનું મન જ થતું નથી. સઘળીય મનોહર સૃષ્ટિની અનિત્યતાને ચિંતવીને તે મનોહર સૃષ્ટિ વચ્ચે પણ વિરાગી રહી શકે છે. તે ક્ષણિકના રાગથી અંધ બનતો નથી. તે ક્ષણિકની પિપાસાથી તરફડતો નથી. નાશવંતની ક્ષુધાથી તે રિબાતો નથી.

નિત્યના આશક માટે સઘળો'ય નશ્વર વૈભવ ત્યાજ્ય છે, ભોગ્ય નથી અને ત્યાગમાં જે આનંદ, ખુમારી અને બાદશાહી છે, તે ભોગમાં ક્યાં છે ? સમગ્ર વિશ્વના સઘળા'ય વૈભવનો ભોક્તા કોઈ જ ન બની શકે. પણ એક જ ભીષ્મ પ્રતિમાનાં બળથી ત્યાગી મહાત્મા સમગ્ર વિશ્વની સઘળી'ય નશ્વર સંપત્તિનો ત્યાગી બની શકે છે. આ જ ત્યાગીની બાદશાહી છે. ત્યાગીના ચહેરા પર ખમીર ચમકે છે, ભોગીના મુખ પર લાચારી ચીતરાય છે. કબાટના હેંગર ઉપર લટકતા દશ જોડી કપડા એક સાથે પહેરી શકાતા નથી, પણ પ્રતિજ્ઞાના એક ઝાટકે કબાટમાં લટકતા દશે'ય જોડી કપડાનો ત્યાગ કાચી સેકંડમાં થઈ શકે છે. તેથી ભોગ ક્રમિક છે અને ત્યાગ એક જ ઝાટકે થઈ શકે છે. મોંમાં મૂકેલો એક કોળિયો પેટમાં ઉતર્યા પછી જ બીજો કોળિયો મોંમાં નાંખી શકાય છે. આમ ભોગને મર્યાદા છે. અત્યંત ક્ષુધાગ્રસ્ત માનવી પણ ખાતાં ખાતાં ધરાઈ જાય છે. પછીનો પ્રત્યેક કોળિયો અશાતા ઉપજાવે છે. ભોગમાં થાક-કંટાળો છે, પણ તૃપ્તિ ક્યારે'ય નથી. ત્યાગ તૃપ્તિ ભાગી લઈ જાય છે અને તૃપ્તિ હંમેશા રહે છે. ભોગીને લાચારી છે, ખુશામતો કરવી પડે છે, ભીખ માંગવી પડે છે, કોઈની દાઢીમાં હાથ ઘાલવા પડે છે. ભોગીનો હાથ હંમેશા નીચો રહે છે, ત્યાગીનો હાથ હંમેશા ઊંચો રહે છે.

ગ્રીક તત્ત્વજ્ઞ ડાયોજિનિસને રાજાએ રાજ્યનું 'રાજગુરુ' નું પદ સંભાળવા વિનંતિ કરી. પણ નિઃસ્પૃહી ડાયોજિનિસે ખુમારીથી તે પદનો અસ્વીકાર કર્યો. અન્ય કોઈ પંડિતની રાજગુરુના પદ પર વરણી થઈ.

રજવાડી ઠાઠથી ચાર ઘોડાની બગીમાં બેસીને આ રાજગુરુ માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા. રસ્તામાં ડાયોજિનિસની ઝૂંપડી જોઈને બગીમાંથી નીચે ઊતર્યો, ઝૂંપડીમાં પેસીને જોયું તો ડાયોજિનિસ વાસણ માંજતો હતો. નિઃસ્પૃહતાનાં પડખા સેવતી અલગારી ખુમારીને ન ઓળખનારા આ રાજગુરુએ વ્યંગ કર્યો. "ડાયોજિનિસ, જો થોડી ખુશામત કરતા આવડી હોત તો આ વાસણો માંજવા ન પડત."

અને તુરંત જ ખુમારીનો રણકો ત્યાં પડઘાયો. "અરે ભાઈ ! જો આ વાસણો માંજવાની ખુમારી કેળવી હોત તો ખોટી ખુશામતો કરવા તારે જવું જ પડત."

પદના ભોક્તા બનવા માટે પણ ખુશામત અને લાચારી કેળવવા પડે છે. પદ, પદવી અને દરજ્જાને લાત મારવાનું સત્ત્વ જેનામાં પ્રગટે છે, તેના મુખ પર ખમીર ચમકે છે.

ત્યાગમાર્ગની સાધના અને નિત્ય ભણી પહોંચવાનો રાજ માર્ગ છે. ક્ષણિકનો ત્યાગ શાશ્વતની પ્રાપ્તિ કરાવી આપે છે. તેથી જ શાશ્વત સુખના ઈચ્છુકે ક્ષણિકના પ્રેમને ત્યજવો પડે છે અને ક્ષણિકને પણ ત્યજવું પડે છે. તેનાથી નિત્યની અભિલાષા વાસ્તવિક બને છે. ઝંખના જોર પકડે છે અને એ સ્વપ્નની સૃષ્ટિ એક નક્કર વાસ્તવિક બનીને આકાર પામે છે.

## ❃ A WONDERFUL MUSEUM

જુગ જૂના અવશેષોને તારા સંગ્રહાલયમાં તે સંઘર્યા છે. પ્રાચીન શસ્ત્રો, પુરાણાં વસ્ત્રો, રાજવીઓના મુગટ, જૂની મૂર્તિઓ, કોઈ સંતની મોજડી, કોઈ મંત્રીની ધોતી, કોઈ જૂના જોષીની પાઘડી, કોઈ બહારવટિયાની બુકાની, કોઈ મહાન નેતાના ચશ્માની દાંડી, આ બધું તારા મ્યુઝિયમમાં તે સંઘર્યું છે.

દેશવિદેશના નવા અને જૂના ચલણી સિક્કાઓ કે દેશવિદેશના પોસ્ટ સ્ટેમ્પ્સના સંગ્રહનો શોખ તે કેળવ્યો છે.

પણ, આજે એક અદ્ભુત મ્યુઝિયમ મારે તને દેખાડવું છે. પણ તે નિહાળવા તો કલ્પનાની સૃષ્ટિ પર પહોંચવું પડશે.

અને.....જો, આ કલ્પનાની ધરતી પર ઊભેલું આલિશાન મ્યુઝિયમ. તેમાં સેંકડો-હજારો વર્ષોનાં જુગ જૂના કોઈ અવશેષો સંઘરાયા નથી. એમાં મોગલો, મરાઠાઓ કે અંગ્રેજોનાં કોઈ સંભારણાં સચવાયા નથી. પણ.....

અહીં તો તારી જ ૬૦ વર્ષની જિંદગીમાં વપરાયેલી સઘળી'ય સામગ્રીઓનો ઉતાર સચવાયો છે.

જોતો જા.....

તે શૈશવમાં વાપરેલી દૂધની બાટલીઓ, ગ્રાઈપ વોટરની શીશીઓ, એનર્જી ફૂડના ડબ્બા, તૂટેલી નિપલ્સ, બાલસાથીની ફૂટેલી શીશીઓ, મિલ્ક પાવડરના ખાલી ડબ્બાઓ, આ બધું આ કંટેઈનરમાં જોઈ લે.

અને, આ ઢગલો છે, તેં બાળપણમાં બગાડેલાં બાળોતિયાઓ,

ઝભલાઓ અને ગોદડીઓનાં ચિંથરાઓનો.

આ જોઈ લે, તેં રમેલા ઘૂઘરાઓ, રમકડાઓ, ગિલ્લીદંડાઓ, લખોટીઓ, ભમરડાઓ, બોલ-બેટ, સ્ટમ્પ્સ, કેરમ, ચેસ, પ્લેઈંગ કાર્ડસ્, વોલીબોલ આદિના તૂટેલા અવશેષોના થોક.

પંદર વર્ષ સુધી શાળા અને કોલેજમાં ભણીને તે વાપરેલાં પાટી, પેન, બોલપેન, પેન્સિલ, રબર, શાર્પનર, ફૂટપટ્ટી, દફતર, કંપાસ બોક્સ, ડિસેક્શન બોક્સ આદિ ચીજોનો ઉતાર તથા નોટબુક્સ, ટેક્સ્ટબુક્સ, મેપબુક્સ, પ્રયોગપોથીઓ, જર્નલ, ગાઈડ્સ આદિ ચોપડીઓની પસ્તીઓનો આ છે મોટો થોકડો.

તેં વાપરેલા દાંતાણ, ટૂથપેસ્ટ, ટૂથબ્રશ, હેર ઓઈલની બાટલીઓ, કોમ્બ્સ, સોપકેઈસ, ફેઈસ પાવડરના ડબ્બાઓ, બ્યુટી ક્રીમની ડબ્બીઓ, અત્તરની શીશીઓ, નેઈલકટર, નીડલ, કાતર, સૂડી, ચપ્પા, બ્લેડ, રેઝર, ચશ્મા, ગોગલ્સ, અરીસા આદિ થોકબંધ ઈતર ચીજોના ઉતારનો આ છે મોટો ઢગ.

તેં તારી ૬૦ વર્ષની જિંદગીમાં વાપરેલા ચડ્ડી, શર્ટ, ટી-શર્ટ, લેંઘા, પેન્ટ, કોટ, ઝભ્ભા, અંડરવેર, નિકર, ધોતીયાં, નાઈટડ્રેસ, ટુવાલ, નેપકીન, હેંડકરચીફ, મોજા, બુટ, ચંપલ, સ્લીપર, શૂઝ, રેઈનીશૂઝ, અંબ્રેલા, રેઈનકોટ, સ્પોર્ટ્સ શૂઝ, પાકીટ, પોર્ટફોલિયો, સુટકેઈસ, બેગ, થેલીઓ, બાસ્કેટ, હેંગર, સ્વેટર, ચાદર, શાલ, ઓસીકાં, ગાદલાં, ગોદડાં, ટેબલ ક્લોથ આદિ વસ્ત્રાદિનાં ચીંથરાઓનો આ મોટો ડુંગરો જોઈ લે.

તે વાપરેલાં કપ-રકાબી, ક્રોકરી, સ્પૂનસેટ, થાળી, વાટકાં, તપેલાં, બકેટ, ટંબ્લર, ગ્લાસ, થર્મોસ, જગ, ડિશ આદિ વાસણોના ભંગારનો આ ટેકરો પણ જોઈ લે.

દિવાસળીની કાંડીઓ, બીડી સિગારેટનાં ઠૂંઠાઓ, એશ-ટ્રે નાં ખોખાં, ચાવેલાં પાનનાં ડૂચા, ખાધેલી ચોકલેટ-બિસ્કિટના ફાટેલાં પેકિંગ્સ,

ભેળ આદિના ફેંકેલાં કાગળના ડૂચા..... આ બધું'ય આ ઉકરડામાં જોઈ લે.

જીવન દરમ્યાન વાપરેલાં રિસ્ટવોચ, એલાર્મક્લોક, વોલક્લોક, ટી.વી. સેટ, વિડિયોસેટ, ટ્રાન્ઝિસ્ટર, ફ્રીજ, કેસેટ્સ, ટેપરેકોર્ડર, સાયકલ, સ્કૂટર, કેલ્ક્યુલેટર, સોફાસેટ, ફર્નિચર, કપબોર્ડ્સ આદિ એનક મૂલ્યવાન ચીજોનાં આ ભંગારનો સંગ્રહ પણ જોઈ લે.

ખાધેલી ડ્રગ્સ, ટેબલેટ્સ, કેપસ્યુલ્સ, ઈંજેકશન, બામ, આયોડેક્સ, મલમ, તેલ, ચૂર્ણો, પાવડર્સ, ગુટિકાઓ આદિના સ્ટ્રિપ્સ, રેપર્સ અને બોક્સ આ તૂટેલાં ડસ્ટબિનમાં જોઈ લે.

યુરિન-ટેસ્ટ, બ્લડ-ટેસ્ટ, **E.C.F., E.E.G...X-Ray**, આદિનાં રિપોર્ટસ્, પ્રિસ્ક્રિપન્સનાં કાગળીયા, હોસ્પિટલનાં રિપોટર્સની ફાઈલ્સ, તૂટેલા થર્મોમીટર્સ આદિ ચીજોનો આ ગંજ પણ જોવા જેવો છે.

ખાધેલી કેરીના ગોટલાઓ, બોર-જાંબુનાં ઠળીયા, પપૈયા-તડબૂચનાં બીજ, સંતરા-મોસંબીના ફોતરાં, કેળાની છાલ, મીઠાઈનાં ખાલી બોક્સ આદિ ઉતાર પણ જો અહીં ગંધાય છે.

જૂનાં રેશનિંગનાં કાર્ડસ, વીમાની પાકી ગયેલી પોલિસી, બેન્કની જૂની પાસબુક્સ, જૂની બિલબુક્સ, જુની ચલાણબુક્સ, જૂની રિસીપ્ટ બુક્સ, જૂના આઈડેન્ટિટી કાર્ડ્સ, વિઝિટિંગ કાર્ડ્સ, લેટર પેડ્સ, ટેલિફોન ડાયરી, એડ્રેસ ડાયરી, એપોઈન્ટમેન્ટ ડાયરી, જૂનાં લાઈસન્સકાર્ડ્સ, જૂના કેલેન્ડર્સ, વર્તમાન પત્રોના થોકડાં, જૂના મેગેઝિન્સ, શોખનાં પુસ્તકો, આદિ અનેક કિંમતી કોહવાઈ ગયેલા કાગળીયાઓનો ઢગલો પણ જોઈ લે.

અને, હવે જરા આમ નીચે ભૂગર્ભમાં ચાલ, પણ પહેલા જરા નાકે ડૂચો મારી લે. તેં જીવન દરમ્યાન મેવા, મીઠાઈ, પકવાન, ફરસાણ, ફ્રુટ્સ, વસાણા, મસાલા, આઈસ્ક્રીમ, સીંગ-મમરા, ચવાણા, ભેળ, પાઉંભાજી, પાપડ-સારેવડાં, મુખવાસ, પાન, તમાકુ, દાળ, શાક, કઢી,

ભાત, રોટલા, રોટલી, ચટણી, આચાર આદિ થોકબંધ ખાદ્યપદાર્થો આરોગ્યા છે. રોજની સરેરાશ દશ રોટલી લેખે એ ખાદ્યપદાર્થોના આંકડો ગણીએ તો પણ ૬૦ વર્ષની જિંદગીમાં તેં બે લાખથી વધુ રોટલીઓ પ્રમાણ ખોરાક આરોગ્ય છે. તે બધામાંથી પરિણમેલી દુર્ગંધી વિષ્ઠાઓનો આ છે મહાકાય ઉકરડો.

અને, તેં પીધેલાં પાણી, દૂધ, ચા, કોફી, ઉકાળા, ઠંડાં પીણાં, ગરમ પીણાં આદિમાંથી નીપજેલા પેશાબની આ છે દુર્ગંધી ગટરગંગા.

ચીંથરા, ભંગાર, વેસ્ટેજ, પસ્તી, ફોતરા, કચરો, ગંદવાડ કે ઉકરડો એ જ જેનું ભવિષ્ય હતું, તેવી ચીજો અને સામગ્રીઓ પાછળ કેવા મોહ અને મમત્વ, રાગ અને દ્વેષ, મૈત્રી અને દુશ્મનાવટ, કૂડ-કપટ, કાવાદાવા અને કલહ કર્યાં તે બધું જલ્દી યાદ કરી લે.

કારણ કે... આ મ્યુઝિયમમાં હજુ એક વસ્તુનો ઉમેરો થવાનો છે.

એ હશે તારું

**મડદું !!**

## ❇ A RUNNING COMMENTARY

મૃત્યુ એ તારા આંગણાનો આવતીકાલનો અનિવાર્ય આગંતુક છે.

આ એક કઠિન સત્ય છે.

તે તને

છાપામાં મૃત્યુનોંધની કોલમ રોજ વાંચવા છતાં નથી સમજાતું !

ચિતાની જ્વાળાઓમાં અવ્યક્ત રીતે ચીરતાયેલું હોવા છતાં નથી વંચાતું!

કોઈની સાદડીમાં પણ તને તેની ઓળખાણ થતી નથી.....!

હોસ્પિટલનાં શબઘરમાં પણ તેં તે સત્યને ઉકેલવાની મથામણ નથી કરી. તો, લાવ, આ અઘરું સત્ય તારા મગજમાં ઠસાવવાનો એક નવતર પ્રયોગ મને પણ કરવા દે....

હા, તો સાંભળ, તારી જ સ્મશાનયાત્રાની રનિંગ કોમેંટ્રી એડવાન્સમાં મારા જ મુખે.

‘‘અને એક દિવસ પ્રભાતે.....

સૂર્યનાં કિરણ તારા તે ઓરડામાં પ્રસરી ચૂક્યા છે. ઊઠીને સવારનું છાપું વાંચતો તું સોફા પર બેઠો છે.

રામાને ચાનો ઓર્ડર આપી તું સંડાસમાં જાય છે.

ચા લઈને રામો આવી જાય છે.....તારી રાહ જોવાય છે.

પાંચ મિનિટ, દસ મિનિટ, અર્ધો કલાક.....

અધીરાઈ શ્રીમતીજીને બોલાવી લાવે છે.....

સંડાસનાં બારણે બહારથી ટકોરા.....

થોડી બૂમાબૂમ.....

સુથારને તેડું.....

બારણું તોડાય છે.

નિશ્ચેતન અવસ્થામાં તને જોઈને ચિત્રવિચિત્ર અનુમાનો.....

ફેમિલી ડોક્ટરને ફોન.....

ડોક્ટર આવ્યા.....

નાડી તપાસ.....

(તું જીવે છે કે મૃત્યુ પામ્યો છે, તેની તપાસ ચાલે છે, અને તું તો ક્યાંક જન્મી ચૂક્યો છે !)

મૃત્યુની જાહેરાત.....

કારમું આક્રંદ.....

સ્વજનોની થીજી ગયેલી વેદના આંસુ બનીને તારા દેહ પર પીગળે છે.

શું થયું ? કેમ થયું ? ની પ્રશ્નોતરી.

સ્વજનોને ફોનથી સમાચાર અપાય છે.

વાતાવરણમાં ગમગીનીની ઘેરી છાયા.

એક પછી એક સ્વજનો આવતા જાય છે.

દેહ પરથી ઘડિયાળ અને દાગીના ઉતારાય છે. સફેદ કપડું તૈયાર છે.

ચાર લાકડા પર તારા મૃતદેહની પધરામણી.

લાકડા સાથે ચસકાઈને તારો દેહ બંધાય છે.

આક્રંદનું વોલ્યુમ થોડું વધે છે.

આશ્વાસનનો ફોર્સ પણ થોડો વધે છે.

સ્વજનો પણ બધા આવી ગયા છે.

ઠાઠડી ઉપાડવા સૌ એકબીજા સામે જુએ છે.

(કોઈક શરમથી-તો કોઈક આપણે ઉપાડશું તો આપણી કોઈક ઉપાડશે એ અપેક્ષાથી.)

આખરે ચાર જણ તૈયાર થાય છે.

અગ્નિની ખોખરી હાંડલી ને ઘઉંનો પીંડ તૈયાર છે.

મોટો દીકરો અસહ્ય આઘાત લાગ્યાનો ઢોંગ કરે છે.

આખરે સૌ નાના દીકરાને હાંડલી ઉપાડવા આદેશ કરે છે.

નફ્ફટ બનીને બે મોટા દીકરાની મનોદશાને વાચા આપે છે.

''આવી હાંડલી ઉપાડીને ગામ વચ્ચે ફરતા મને શરમ આવે.''

કેટલાક ડાહ્યા માણસો 'ઈલેક્ટ્રિક સિમેટ્રી'માં લઈ જવાનું સોલ્યુશન આપે છે.

કેટલીક ડોશીઓની વિરોધની પીપૂડી.....

સૌના 'No Time' ની બૂમરાણથી પીપૂડી દબાઈ જાય છે.

આખરે ઈલેક્ટ્રિક સિમેટ્રીમાં લઈ જવાનો નિર્ણય.....

હાંડલી ઉપાડવાનો પ્રોબ્લેમ સોલ્વ્ડ.

ઠાઠડી ઉપડે છે.....રડારોડ વધે છે.

આંગણામાંથી છાતી કૂટવાનો જોરદાર અવાજ.

સ્મશાનયાત્રાનો પ્રારંભ.

રસ્તામાં કામ ધંધે જતા કેટલાક માણસો તારા શુકન પામીને હરખાય છે.

સ્મશાનમાં ઈલેક્ટ્રિક ભઠ્ઠીને તારો દેહ સોંપાય છે.

દૂરના સ્વજનો વીખરાય છે.

અંગત સ્વજનોએ રોકાવું પડે છે.

સ્મશાનના માણસને થોડી થોડી વારે પૂછપરછ ''કેટલી વાર ?''

માણસ ભઠ્ઠીની બારી ખોલીને જુએ છે, અને મુદતો આપતો જાય છે.

આખરે 'હાશ છૂટ્યા' ના ઉદ્‌ગાર સાથે સૌ છૂટા પડે છે.

ઘેર આશ્વાસનના ટેલિફોનનો ધસારો....

શોક સફેદ સાડલો ઓઢીને ઉંબરે બેસે છે.

(ઉંબરા પર હાથ દઈને બેઠેલી વિધવાના મુખની રેખાઓમાં એ સ્પષ્ટ નથી થતું કે – શોક વિધવાના લેબલનો છે કે પતિના વિરહનો છે.....!!!)

શોધી શોધીને તારા ગુણોનું સ્મરણ.

(દુશ્મનનાં મુખે પણ પ્રશંસા સાંભળવી હોય તો મૃત્યુ બાદ કાન કોઈને સોંપી જવા !)

બીજે દિવસે મૃત્યુનોંધની કોલમમાં તારું નામ ચમકે છે.

હવે તારા નામની આગળ 'સ્વર્ગસ્થ'નું વિશેષણ લાગે છે.

કેલેન્ડરનો ડટ્ટો તારા માટે પૂરો થઈ ગયો.

ટેલિફોન અને ટપાલ દ્વારા ઘરમાં આશ્વાસનોનો ખડકલો.

સાદડીમાં આશ્વાસનોની અવરજવર.

શોક, સ્વજનોનાં મુખનો કોળીયો બનીને ડચુરાઈ જાય છે.

દિવસો ઔષધ બનીને શોકની હકાલપટ્ટી કરે છે.

બારમા દિવસે લાડવા.

પછી.....બે ચાર ધર્માદા સંસ્થાઓમાં તારા નામનું થોડું દાન.

પછી....રેશનિંગનાં કાર્ડમાંથી તારા નામની બાદબાકી.

બેંકના એકાઉન્ટનું સેટલમેન્ટ.

વસિયતનામાનું વાંચન.

દીકરાઓ વચ્ચે થોડી રકઝક.

ડાહ્યા માણસોની દરમ્યાનગીરી.

તારા નામની થોડી ગાળાગાળી.

આખરે સમાધાન.

ગિફ્ટ ટેક્સના લફરાનો ઉકેલ.
ઈન્શ્યોરન્સનો ક્લેઈમ.
થોડાક ધક્કા..... થોડી લાંચ
આખરે ક્લેઈમ પાસ.
હવે તારા વગર પણ કુટુંબીઓને ઘરમાં ગમવા લાગે છે.
ચાર-પાંચ વર્ષ સુધી દર પુણ્યતિથિએ છાપામાં તારો ફોટો, શ્રદ્ધાંજલિ.
અને પછી.....
કાળની કિતાબમાંથી કાયમ માટે તારૂં નામ ભૂંસાઈ જશે.
તું જેટલા વર્ષ જીવ્યો તેટલા વર્ષ તારું નામ નહીં જીવે.
મધ્યાહ્નકાળનો પડછાયો હંમેશા માણસ કરતા નાનો હોય છે.

# ✽ યમરાજાની કરુણ આપવીતી

તમારા વેવાઈએ તમને આમંત્રણ આપેલું તેથી ગઈકાલે તમે તેમના ઘેર ગયા. પણ, કોઈ જ આવકાર નહિ, કોઈ જ આદર નહિ. જાણે બિલકુલ ઓળખતાં જ ન હોય તેવું વિચિત્ર વર્તન ! તમે તો જાણે ઊભાને ઊભા સળગી ગયા. કેવું ઘોર અપમાન લાગી ગયું તમને ? કેવા ધૂંઆપૂંઆ થઈ ગયા તમે ? ત્યાંથી પગ પછાડતા કેવા ભાગ્યા તમે ? અને તે ઘરમાં ફરી ક્યારેય પગ નહિ મૂકવાનો તમે નિર્ણય પણ કરી લીધો. કારણ કે, આ ઘોર અપમાનથી તમે સમસમી ઊઠયા હતા. તે અપમાનનો ઘા તમને તાજો છે, તેથી તમે મારી વ્યથાને વાંચી શકશો અને મારી વેદનાને સમજી શકશો. કારણ કે દુઃખીના દુઃખની વાતો દુઃખી જ સમજી શકે. મારી કરુણ કથની આજે મારે તમને કહેવી છે. હું પોતે વ્યથાનો જ્વાલામુખી છું. મારી અંદર વ્યથાના લાવા ધગધગી રહ્યા છે. મારી આંખો રડી રડીને સૂજી ગઈ છે, પણ મારા આંસુ લૂછનારા કોઈ નથી. સમદુઃખીયા આજે તમે મને મળ્યા છો, તેથી મારે મારૂં હૈયું તમારી પાસે ખાલી કરવું છે. તમે મારી વ્યથાને કાંઈક સમજી શકશો.

અત્યંત કરૂણ છે કથા મારી.
અત્યંત દયનીય છે દશા મારી.

એકવારના એક વ્યક્તિના એક નાનકડાં અપમાનથી તમે ત્રાસી ગયા. પણ, મારી દશા તો જુઓ. બધા તરફથી તિરસ્કાર, ઠેક–ઠેકાણેથી અપમાન, સહુ કોઈ તરફથી કારમા ધિક્કાર.....

સહુ કોઈ જન્મ ધારણ કરવા વડે જ મને પોતાનાં આંગણે

પધારવાનું આમંત્રણ પાઠવી દે છે. અને મને જરાય મોટાઈ કે અહંકાર નથી. સહુ કોઈનાં આમંત્રણનો હું સહર્ષ સ્વીકાર કરું છું. આજ સુધીમાં કોઈના'ય આમંત્રણનો મેં અસ્વીકાર કર્યો નથી. રોજે રોજ સેંકડો અને હજારોના જન્મ થાય છે એટલે રોજ રોજ સેંકડો અને હજારો આમંત્રણ મને મળે છે ! અને બધાને હું સ્વીકાર કરૂં છું. રાજા કે રંકના કોઈ ભેદભાવ હું રાખતો નથી. ફક્ત પધારવાની ચોક્કસ તિથિ અને તારીખ હું બધાંને આપી શકતો નથી. મારી અનુકૂળતાએ દરેકને ત્યાં પહોંચી જાઉં છું.

પણ, જ્યારે પહોંચી જાઉં છું ત્યારે કેવા ઘોર અપમાન મારા થાય છે! આદર અને સત્કારની તો વાત જ નહિં, તેના બદલે ભારોભાર તિરસ્કાર. હું ન આવી જાઉં તે માટે કેટલો તો ચોકી પહેરો ગોઠવી દેવાય છે. મને મારી હટાવવા તાલિમબદ્ધ સૈન્યની જેવી ડોકટરોની પેનલ ખડી કરી દેવાય છે. ટેબ્લેટ્સ ને કેપ્સ્યુલ્સનો ગોળીબાર, ઈન્જેક્શન્સની રાયફલ્સ, અને આવા તો કંઈક શસ્ત્ર સરંજામ વડે તે સૈન્ય મારી પર ત્રાટકે છે. આમંત્રિત અતિથિ આંગણે આવી પહોંચે ત્યારે તેના પ્રત્યેની આવું બેહદ ગેરવર્તન કેટલું બધું જુગુપ્સનીય અને અસભ્ય કહેવાય ! અતિથિનું આ કેવું ઘોર અને હડહડતું અપમાન કહેવાય !

કોણ જાણે મારૂં કેવું પ્રચંડ દુર્ભાગ્ય છે કે, માત્ર એક ઠેકાણે નહિ, ઠેકઠેકાણે મારી આ જ અવદશા થાય છે ! કોઈ અપમાન કરીને કાઢી મૂકે તો ભિખારીને પણ ખોટું લાગી જાય છે ! તો આવા ઘોર અપમાન મારાથી તો કેવી રીતે સહન થાય ? છતાં, આજ સુધી આ બધાં અપમાન સહન કરતો જ આવ્યો છું.

અને, મારૂં સૌજન્ય અને ક્ષમાભાવ તો જુઓ. આવા અપમાન થવા છતાં હું જરાય મનમાં ખોટું લગાડતો નથી. રીસાઈને ચાલ્યો જતો નથી. "આના ત્યાં પગ પણ નહિં મૂકવો." તેવો રીસયુક્ત સંકલ્પ હું ક્યારેય કરતો નથી. બધા અપમાનને હું ઉદારતાથી ભૂલી જાઉં છું. "તેણે

જન્મ પામવા દ્વારા મને પોતાનાં આંગણે પધારવાનું આમંત્રણ આપેલું છે અને મેં સ્વીકારેલું છે. તે અપમાન કે તિરસ્કાર કરે તો પણ તેના ત્યાં પહોંચી જવાનું સૌજન્ય મારે ન ચૂકવું જોઈએ.'' આ ઉદાત્ત ભાવનાથી હું રીસ રાખ્યા વગર સહુના ત્યાં પહોંચી જાઉં છું.''

અને હું અચાનક ટપકી પડુ, તો સ્વાગતની કોઈ તૈયારીઓ ન હોય તે બરાબર છે. પણ, મોટે ભાગે તો હું મારા આગમનનો સંદેશો અગાઉથી કહેવડાવી દઉં છું. ક્યારેક ધોળા વાળને મોકલું છું, ક્યારેક વૃદ્ધત્વને, ક્યારેક કેન્સરને તો ક્યારેક ટી.બી.ને. કોઈક વાર મારા હાર્ટએટેક નામના દૂત સાથે એકવાર સંદેશો મોકલું, ફરી બીજીવાર પણ તેની સાથે જ મારા આગમનનો સંદેશો મોકલું અને ત્રીજીવાર તે દૂતને સાથે લઈને હું પહોંચું, તો'ય સ્વાગતની કોઈ જ તૈયારી નહિ, ઉલટી નારાજગી ! મોઢું ચડેલું હોય, નકરો તિરસ્કાર દેખાતો હોય ! આ બધા અપમાન કેવી રીતે સહન થાય ?

અને હું કોઈ મવાલી કે મુફલીસ માણસ હોઉં અને અપમાન થાય તો બરાબર છે. હું તો રાજા છું, સહુ કોઈ મને 'યમરાજ ના નામેથી, સુપેરે ઓળખે છે અને સ્વીકાર કરે છે. એક રાજાનું મુફલીસ અને મવાલી જેવાઓ પણ અપમાન કરી નાંખે અને છતાં રાજા જરાય મનમાં ઓછું ન લગાડે, તેમાં તમને કાંઈ અદ્‌ભુત નથી લાગતું ? ચડેલાં મોંઢાં, નારાજગી કે અપમાન છતાંય હું તો પહોંચી જાઉં છું. પછી પણ મારી કેવી બદહાલત! જેના ત્યાં પહોંચ્યો તેને તો ન ગમ્યું, બીજાઓ પણ મારી ઉપર કેવા ઉકળી જાય છે ? મને ગાળો ભાંડવા મરસિયા ગાવા મંડી પડે છે. કોઈ મારા વિરોધમાં ''છાતી કૂટો આંદોલન'' ચલાવે છે. કોઈ રુદન અને કલ્પાંત કરીને મારા આગમનની નારાજગી વ્યક્ત કરે છે. મારા વિરોધમાં કાળા કપડાંના સરઘસ કાઢવામાં આવે છે. અને મારા આગમન પ્રત્યેની નારાજગી અંગેનો ઠરાવ પસાર કરવા આખી સભાનું આયોજન કરવામાં આવે છે.

આ સભાને 'સાદડી' નામ આપવામાં આવે છે.

દુનિયામાં ક્યારેક એવા કોક સજ્જન પુરુષો મળે છે, જે મારા સ્વાગતની ભરપૂર તૈયારીઓ કરી રાખે છે. જે દિવસે આમંત્રણ પત્રિકા પાઠવી (એટલે કે જન્મ થયો) ત્યારથી મારા સત્કારની ભવ્ય તૈયારીઓમાં લાગી જાય છે. જીવનનાં આંગણાંમાં મને સત્કારવા સાધનાની મનોહર રંગોળીઓ પૂરવા મંડે છે, તપ અને ત્યાગનાં, જ્ઞાન અને ધ્યાનનાં, દયા અને દાનનાં નયનમનોહર તોરણીયા લટકાવે છે, સુકૃત્યોનું સ્વાદિષ્ટ ભાથું તૈયાર કરી રાખે છે. દુનિયામાં ક્યારેક તો કોક મારૂં સ્વાગત કરનારું પાકે છે, તે એક મારે મન જબ્બર આશ્વાસન છે.

અને હું પાછો સત્કારનો લાલચુ અને લોલુપી નથી કે જ્યાં ખૂબ સારો સત્કાર મળે છે ત્યાં વારંવાર મુલાકાત લીધાં કરું. ઉલટું, મને તે સત્કાર અને સન્માનથી શરમ ઉપજે છે. અને કોક વિરલ વ્યક્તિ તો મારો અતિ ભવ્ય સત્કાર કરે અને મારા સત્કાર માટે 'નિર્વાણ' મહોત્સવનું આયોજન કરે, તો હું એટલો બધો શરમાઈ જાઉં છું કે તે વ્યક્તિના આંગણે ક્યારે'ય બીજીવાર નહિ આવવાના હું શપથ લઉં છું. મારો આ લજ્જા અને લઘુતાનો ગુણ પણ કેવો મહાન છે!

મારી દર્દભરી દાસ્તાન સાંભળીને તમારા હૈયામાં મારા પ્રત્યે સહાનુભૂતિ ઉપજી હશે. ઠેર ઠેર થતી મારી અપમાનિત દશા પ્રત્યે તમને દયા ઉપજી હશે. તો, જો લોકો તમારું સાંભળે તો મારું અપમાન નહિ કરવા અને યોગ્ય સત્કાર કરવા લોકોને તમે સમજાવજો.

અને, લોકો કદાચ તમારૂં ન સાંભળે તો પણ, મુરબ્બી તમે તો એટલી મને હૈયાધારણ આપો કે, તમે તો મારું અપમાન નહિ જ કરો. કારણકે, તમારૂં આમંત્રણ પણ મારી ડાયરીમાં નોંધાયેલું પડ્યું છે. એટલે ક્યારેક તમારા આંગણે પણ હું ટપકવાનો છું.

# ❋ મૃત્યુક્ષણનું વિડિઓ શૂટિંગ

જ્યોતિષશાસ્ત્રનાં થોથાઓ ભણ્યા વગર, કાગળ ઉપર કુંડલીઓ ચીતર્યા વગર કે ગ્રહોની દશાઓના જાણ્યા વગર પણ, કોઈ પણ વ્યક્તિ માટે ભાખી શકાય અને અવશ્ય સાચી પડે તેવી ઘટના કઈ ?

જન્મેલું બાળક ગ્રેજ્યુએટ કે ડબલ ગ્રેજ્યુએટ ન પણ થાય !

મોટો થઈને ધારાસભ્ય કે સંસદસભ્ય ન પણ બને !

મિલમાલિક કે મોટરમાલિક ન પણ બને !

કોઈનો પતિ કે પિતા ન પણ બને !

ડોક્ટર, વકીલ, વેપારી, વિદૂષક, નેતા, અભિનેતા, નામાંકિત, નામચીન, જમાદાર, ફોજદાર, હવાલદાર, મામલતદાર, સટોડિયો, દેવાળિયો, કરકસરિયો, કૃપણ, ઉદાર, ઉડાઉ, સાધુ, સજ્જન, શેતાન.....આદિ ભાવિ અંગેની હજારો-લાખો સંભાવનાઓમાંથી કોઈ વાસ્તવિકતામાં રૂપાંતર પામે, કોઈ ન પામે. પણ, એક સંભાવના અવશ્યંભાવી છે. ભાવિમાં બનનારી એક ઘટના અચૂક ઘટવાની છે. જીવનની આ અવશ્ય બનનારી ઘટના, અવશ્ય નથી બનવાની તેમ સમજીને જ માણસ જીવે છે, તે એક મોટું આશ્ચર્ય છે. જીવનની સૌથી વધુ નિશ્ચિત અને સૌથી વધુ ઉપેક્ષિત આ ઘટના એટલે 'મૃત્યુ'.

ટી.બી. કે કેન્સર થાય કે ન પણ થાય.

હાર્ટએટેક કે ડાયાબિટીસ ન પણ આવે.

કિડની ફેઈલ થાય કે બ્રેઈન હેમરેજ થાય.

અકસ્માત સર્જાય કે સહજતાથી મૃત્યુ થાય.

આ બધું અનિશ્ચિત પણ મૃત્યુ નિશ્ચિત.

વ્યક્તિને ભૂતકાળ બનાવી દેતો ભવિષ્યકાળ એ મૃત્યુ.

જીવનની કિતાબનું આખરી મુખપૃષ્ઠ એ મૃત્યુ.

વિરાટ પ્રશ્ન સમા જીવનનો સાચો ઉત્તર એ મૃત્યુ.

કોઈએ તેને જીવનની દીક્ષા કહીને ઓળખાવ્યું છે.

કોઈએ તેને જૂનાં વસ્ત્રો ઉતારીને નવીન વસ્ત્રો પહેરાવતી પરિચારિકા કહીને ઓળખાવ્યું છે. જે મૃત્યુની ઉપેક્ષા ટાળે છે, તેનું જીવન ભવ્ય બને છે. મૃત્યુ અંગે જે સતત સભાન રહે છે, તે મૃત્યુ પળની બેભાન અવસ્થામાં પણ સભાન હોય છે.

જીવનને જીવતું રાખવાનો એક સુંદર કિમીયો છે, મૃત્યુની યાદ.

માનવી પાસે એક અનોખી કલ્પનાશક્તિ છે. કલ્પનાથી તે બસો માઈલ દૂરની ઘટનાઓનો પણ ખ્યાલ કરી શકે છે. સ્કુલમાં ભણતો વિદ્યાર્થી ડોક્ટર બનવાના મનોરથોમાં રાચે છે ત્યારે ૧૫-૨૦ કે ૨૫ વર્ષ પછી કોઈ વિશાળ હોસ્પિટલનાં ઓપરેશન થિયેટરમાં સફળતાથી ઓપરેશનો કરીને એક ઉજ્જવળ કારકિર્દીને પામેલા નિષ્ણાંત ડોક્ટર તરીકે પોતાની જાતને કલ્પનાનાં દૂરબીનમાં રોજ જોતો હોય છે. વેપારની હાટડી ખોલવાની યોજના વિચારી રહેલો વેપારી ભવિષ્યના એક ધીકતા શો-રૂમ તરીકે પોતાની દુકાનની કલ્પના કરીને મનમાં આનંદ માણે છે.

નહિ બનેલી ઘટનાને કલ્પનાનાં ચક્ષુથી નિહાળી શકાય છે.

દૂર બનેલી ઘટનાને કલ્પનાનાં ચક્ષુથી જોઈ શકાય છે.

મૃત્યુને જીતવાનો આ સુંદર ઉપાય છે, કલ્પનાદર્શન.

મૃત્યુને માણવાનો આ સચોટ ઉપાય છે, કલ્પનામાં મૃત્યુદર્શન. ૫, ૧૦, કે ૧૫ વર્ષ પહેલાના લગ્ન પ્રસંગની વિડિયો ફિલ્મ મેરેજ એનિવર્સરીના દિવસે લોકો ખાસ જુએ છે. જન્મોત્સવની, વિવાહોત્સવની કે વરઘોડાની કે સન્માન સમારંભની ફિલ્મ નિહાળીને ભૂતકાળને લોકો તાજો કરે છે. તેમ ૫, ૧૦, કે ૧૫ વર્ષ પછી બનનારી મૃત્યુ નામની ઘટનાને પણ કલ્પનાની વિડિયો સ્ક્રીન પર રોજ જોવા જેવી છે.

ચાલો આજે સાથે મલીને એ પળને નિહાળીએ જેથી એ પળ ભવ્ય

પળ બની જાય.

કોઈ હોસ્પિટલના સ્પેશ્યલ રૂમના એક કોટ પર આ ઘટના બની રહી છે. ઉજળી દૂધ જેવી ચાદર ઢંકેલી જાડી ગાદી પર ચરિત્રનાયક સૂતા છે. નાકમાં ઓક્સિજનની નળી છે, ગળામાં ખોસેલી નળીમાં ધીમે ધીમે કોઈ સંતરાનો રસ રેડી રહ્યું છે. બન્ને હાથોની નસોમાં ખોસેલી સોય બે બાજુ ઊભેલા સ્ટેન્ડ પર લટકતા ગ્લુકોઝના બાટલા સાથે નળી દ્વારા જોડાયેલી છે. પેટ પાસે ખોસેલી એક નળીમાંથી ધીમે ધીમે ઝરતો પેશાબ એક કોથળીમાં ખાલી થઈ રહ્યો છે. મોત સામેની લડતમાં આ નાયકવતી યોદ્ધા તરીકે લડીને થાકી ગયેલા ડોક્ટરો છેવટે પરાજયનો સ્વીકાર કરીને કેબિનમાં ભરાઈ ગયા છે. બહાવરા બનેલા સ્વજનો ચારે બાજુ વીંટળાઈને અનિમેષ નયને તેનાં ડાચા સામે જોઈ રહ્યા છે.

શરીરનાં અંગે અંગમાં અપરંપાર વેદના છે. સેંકડો વીંછીઓના ચટકાનો ત્રાસ રૂંવાડાઓમાં અનુભવાઈ રહ્યો છે. શ્વાસ રૂંધાવાની ભયંકર ગુંગળામણ અસહ્ય અને અકથ્ય છે. વેદના પારાવાર છે પણ તેને વ્યક્ત કરવાની વાચા હણાઈ ગઈ છે. હાથ-પગ હલાવીને થઈ રહેલી અમૂંઝણ રજૂ કરવાની હામ પણ વિલય પામી છે. આંખો અર્ધખુલ્લી છે. શ્વાસ ધીમો પડ્યો છે. કોઈ નાડી પકડીને એકાગ્રતાથી ધબકારા ચાલુ છે તેની ખાતરીમાં છે. કેટલાકની નજર ધીમે ધીમે ઊંચી-નીચી થતી છાતીને જોઈને કાંઈક ધરપત અનુભવી રહી છે. આ અપરંપાર કાયા વેદનામાંથી મનન ઊઠાવીને 'પરમ'ના ધ્યાનમાં જોડી દેવાની કુશળતા આ વિરલ ક્ષણે તેમની પાસે બચી હશે ? ભગવાન જાણે.

કદાચ કાયવેદના વિહ્વલ બનાવવામાં નિષ્ફળ જાય તો પણ જીવનમાં આજ સુધી આચરેલા હિંસા, જૂઠ, ચોરી, મૈથુન કે પરિગ્રહના પાપો, દગા અને પ્રપંચો, ભ્રષ્ટાચારો અને દુરાચારો, કરેલા દ્વેષ અને દુર્ભાવો, કજિયા અને ક્લેશો આદિ સમગ્ર જીવનની બધી જ પાપલીલાઓની એક દુષ્પ્રેક્ષ્ય લાંબી ફિલ્મ તેના માનસપટ પર અત્યંત ઝડપથી ફરી રહી છે. બન્યા ત્યારે મનોહર જણાયેલા એ દશ્યો આજે બહુ જ ભયંકર ભાસી રહ્યા છે. તે

પાતકોની પિશાચી આકૃતિ અત્યારે તેને ખૂબ ડરાવી રહી છે. અશ્રદ્ધાની ધૂળ નીચે ઢાંકી દીધેલું પાપ-પુણ્યનું તત્ત્વજ્ઞાન અત્યારે અનાવૃત્ત બનીને અકળાવી રહ્યું છે. સુકૃત્યો અને દુષ્કૃત્યોના સરવૈયાનો ભયંકર ખાદ અને દેવું દર્શાવતો ચાર્ટ દિલને ધ્રૂજાવી રહ્યો છે. જીવનમાં પહેલી વાર હૃદય આસ્તિક બન્યું છે તેથી પાપના ભયથી કંપી રહ્યું છે.

આ ભયંકર કંપારીની વચ્ચે દૃષ્ટિ જરાક ઘેરી વળેલાં સ્વજનો પર પડી. માતાનું વતાસલ્ય, પિતાનું વહાલ, પત્નીના પ્રેમ, સંતાનોનો પૂજ્યભાવ, મિત્રોનો સ્નેહ અને સ્વજનોના સ્નેહાળ સંબંધો દિલને વળી એક જુદો આંચકો આપી ગયા. એ પ્રેમાળ સ્વજનોને કાયમ માટે છોડી દેવા પડશે તે વિચાર કરતા તો હૃદયમાં મોટી તિરાડ જાણે પડી ગઈ. કોઈ અગોચર દુનિયામાં પહોંચી ગયા પછી આ સ્વજનોનો ક્યારેય મેળાપ થશે કે નહિ ? કદાચ થશે તો'ય હું કયા સ્વરૂપે હોઈશ, તે કયા સ્વરૂપે હશે? એક દિવસ પણ જેનાથી જુદા પડવું અસહ્ય હતું, તેનાથી કાયમ માટે કેવી રીતે વિખૂટા પડી શકાશે ?

એ હામ પેદા કરે તે પહેલા, સામે ઊભેલી વ્યક્તિઓમાંથી ધંધાના ભાગીદાર પર નજર ગઈ. બાકી રહેલાં કામોની મોટી રફતારે નબળાં હૃદય પર બીજો એક હુમલો કર્યો. ઉઘરાવવાના બાકી રહેલાં લેણાંઓ, ચૂકવવાના બાકી રહેલાં દેણાંઓ, ભાગીદારીના ભાગના હિસાબો, વીમાની પોલિસીઓ, શેરના સોદાઓ, જમીન-જાગીરના લખાણનામાઓ, વસિયતનામાની કાર્યવાહીઓ, બે નંબરના હિસાબો, ખાનગી લેતી-દેતીઓ, અને આવી તો પાર વગરની વહીવટી બાબતોની અધૂરી કાર્યવાહીઓ યાદ આવી. હવે તેને અંગે સલાહ-સૂચનો પણ આ પળે કોને અને કેવી રીતે કહેવી ? દીકરાના નક્કી થયેલાં લગ્ન, કુંવારી પુત્રીના વિવાહની ચિંતા, નાના પુત્રના ઉદ્યોગ માટે વિચારી રાખેલી યોજના આદિ હવે બધું કોણ સંભાળશે ? આ બધી જવાબદારીઓ કોણ પાર પાડશે ? વિધવા પત્ની જવાબદારીના બોજા નીચે કેવી દબાઈ જશે !

અને, હવે અહીંથી ક્યાંક જવું તો પડશે જ. મારા કર્મો મને ક્યાં

લઈ જશે ? વિરાટ વિશ્વના ક્યા ખૂણામાં હું ખોવાઈ જઈશ ? કઈ માતાના પેટે મારી પ્રસૂતિ થશે ? કયા અને કેવા સ્વજનો મળશે ? કેવું મારૂં શરીર હશે? કેવું મારું કુળ હશે ? કેવું મારું રૂપ હશે ? સ્થાન નક્કી થવામાં મારી પસંદગીને કોઈ જ અવકાશ નહિ ? એ અજાણ્યા વિશ્વમાં, અજાણી વ્યક્તિઓ વચ્ચે, અજાણ્યા સહવાસમાં મને ગોઠશે ખરૂં ? આ નવા વિચારે નવો આંચકો આપ્યો.

આ આંચકા સાથે આંખો મિંચાઈ. નાડી ધબકતી બંધ થઈ. છાતીનું હલનચલન અટકી ગયું. સહુની આંખો ફાટી ગઈ. રોકકળ અને આક્રંદ શરૂ થયા. કારમા વિલાપોએ હોસ્પિટલની રીઢી દિવાલોને'ય જરાક ધ્રૂજાવી દીધી. પણ, હવે જે કાંઈ બની રહ્યું હતું તે નાયકની ગેરહાજરીમાં. તેનાં મડદાંને આંસુઓનો પ્રક્ષાલ થયો....

આ તો માત્ર એક મુવી હતી. કલ્પનાના આ સ્ક્રીન પર આજે આપણે આ ફિલ્મ જોઈ. આજે આ એક કાલ્પનિક ચિત્રપટ છે, પણ આવતીકાલની એ એક નક્કર વાસ્તવિકતા છે. જીવનની એ સૌથી બિહામણી પળ છે, તેને સૌથી સોહામણી બનાવવાનો આ જ ઉપાય છે. રોજ મૃત્યુક્ષણની કલ્પના કરો. એ કલ્પના દિલની દિવાલોને ધ્રૂજાવી નાંખશે. આસ્તિકતાના અમૃતઝરાઓ હૈયાની ધરતીમાં ફૂટી નીકળશે. વ્યર્થ પાછળ ચાલતી દોડધામોને "આખરે શું ?" નાં એક વિરાટ પ્રશ્નની કારમી ઠોકર લાગશે. મૃતપ્રાયઃ માણસ હૈયામાંથી બેઠો થશે. જીવન ધ્યેયના શિલાલેખો કોતરાશે. ઉમદા આદર્શો અને પવિત્ર ભાવનાઓથી જીવનનો માર્ગ અલંકૃત બનશે. ઉપેક્ષિત મૃત્યુ હવે આદરણીય બનશે.

રોજનો આ કાર્યક્રમ બનાવીએ.
શાંતિની પળોમાં કલ્પનાના થિયેટરમાં પહોંચી જઈએ.
દશ મિનિટની આ મુવી નિત્ય નિહાળીએ.
ચમત્કાર તેનો એ થશે કે
મરેલાં જીવનમાં ચેતના પૂરાશે.
અને પછી, મૃત્યુ પણ જીવંત હશે.

વિરમતા પહેલા :

રોજ સવારે જે અનુચિંતન કરે કે-
આજે હું મરી જવાનો છું.
અને, રાત્રે ન મરવા બદલ પ્રભુનો આભાર માને
તે માણસને પાપ શી રીતે સ્પર્શી શકે ?

## ❊ મૃત્યુ-મનન

अनित्यानि शरीराणि, वैभवो नैव शाश्वत:।
नित्यं सन्निहितो मृत्यु:, कर्तव्यो धर्मसंचय.....॥

એ દ્વીપ ઉપર પર્વત જેવા બે મોટા ઢગ હતા. એકનું નામ રત્નરાશિ, બીજો હતો પાષાણરાશિ. આ દ્વીપ પર જનાર કોઈ પણ વ્યક્તિ બેમાંથી મન ફાવે તે ઢગમાંથી જેટલા કોથળા ભરવા હોય તેટલા ભરી શકે તેવી સ્વતંત્રતા હતી, પણ તે કોથળા ભરીને કોઈ માણસ દ્વીપમાંથી બહાર નીકળવાના દરવાજા પાસે આવે ત્યારે ત્યાં ઊભેલો એક વિકરાળ અને બિહામણો ચોકીદાર તેના કોથળા તપાસે. કોથળામાં જો પથરા ભરેલાં હોય તો ત્યાં જ ફેંકાવી દે. એક પણ પથરાનો ટુકડો લઈ જવા ન દે. પણ, કોથલામાં જો રત્ન ભરેલાં હોય તો ખુશીથી બહાર લઈ જવા દે. ભેગા કરેલા બધા રત્નો લઈ જવા દે.

આ વિચિત્ર દ્વીપ એટલે મનુષ્યલોક. અહીં ધનનો પણ સંચય થઈ શકે છે અને ધર્મનો પણ. દ્વીપના દરવાજે ઊભેલો મૃત્યુ નામનો ચોકીદાર ધનના (એટલે કે પાષાણના) કોથળા બહાર લઈ જવા દેતો નથી પણ ધર્મનો ( એટલે કે રત્નનો) સંચય કરેલો હોય તેને તે લઈ જતા અટકાવી શકતો નથી.

પણ, આશ્ચર્ય અને આઘાત ઉપજાવે તેવી બાબત એ છે કે આ દ્વીપમાં આવનારા મોટા ભાગના મનુષ્યો આખી જિંદગી પથરાં ભેગા કરી કરીને થાકી જાય છે અને છેલ્લે બધા'ય પથરા અહીં જ છોડીને રડતા રડતા અહીંથી રવાના થાય છે.

# ❈ બિચારું નિષ્ફળ વિજ્ઞાન!

શાળામાં ભણતા ત્યારે એક શ્રીમંત કુટુંબનો ઠોઠ વિદ્યાર્થી સાથે હતો. વર્ષનો પ્રારંભ થાય તે પહેલાં વેકેશનથી જ તે ટ્યુશન અને કોચિંગ કલાસ ભરવાનું શરૂ કરી દે. તમામ વિષયની માર્ગદર્શિકાઓ, કોચિંગ મેગેઝિન્સ, અપેક્ષિત પ્રશ્નપત્રો આદિ ભરપૂર સાહિત્ય તેની પાસે આવી જાય. નોટબુકો પણ આખો દિવસ ભરડ્યા જ કરે. રજતની એક્સરસાઈઝ બુક તેની પાસે હોય, હીરોની ઈંકપેન, પાયલોટની સ્કેચપેન, પાર્કરની બોલપેન, જેલ પેન, રંગબેરંગી માર્કિંગપેન, વૈભવશાલી કંપાસબોક્સ અને એવા તો કંઈક નખરા હોય. પરીક્ષા આવે ત્યારે ઠઠારો ઓર વધે. પરીક્ષા પૂરી થાય અને તેને પૂછો : ''કેમ કેવા ગયા પેપર?'' જવાબ મળે : ''બેકાર.....નાપાસ થવાના.'' અને ખરેખર તે ફેઈલ થાય. એકે એક ધોરણમાં બબ્બે ત્રણ ત્રણ વર્ષ ગુજારી દે. તેની આટલી બધી કડાકૂટને અંતે રિઝલ્ટ આવે ત્યારે નાપાસ હોય. તે જોઈને અમે હસતા હસતા કહેતા ''વાહ રે વાહ, નાપાસ થવા માટે પણ તમારે આટલી બધી મહેનત કરવી પડે!''

આજનાં અત્યંત વિકસિત અત્યાધુનિક મેડિકલ સાયન્સનો વિચાર કરતા આ પ્રસંગ સહજ યાદ આવી ગયો. કેટલો મોટો ઠઠારો અને છેલ્લે રિઝલ્ટમાં તો વહેલું કે મોડું મૃત્યુ જ. મરવાનું જ છે તો આટલી બધી ઉધમાત ! ડોક્ટર્સ, ફિઝિશિયન્સ, સર્જન્સ, કન્સલ્ટન્ટ્સ, આસિસ્ટન્ટ્સ, નર્સીસ, કમ્પાઉન્ડર્સ, વોર્ડબોયૂઝ અને આખી કેટલી મોટી ફોજ મોતની સામે ઝઝૂમવા તૈયાર થઈ છે ! હોસ્પિટલ્સ, દવાખાનાઓ, નર્સિંગ હોમ્સ,

ઓપરેશન થિયેટર્સ, ઈન્ટેન્સિવ કેર યુનિટ્સ.....આ બધી તેની છાવણી. યુરિન ટેસ્ટ, સ્ટૂલ ટેસ્ટ, બ્લડ ટેસ્ટ, એક્સ-રે, ઈલેક્ટ્રોકાર્ડિયોગ્રામ, ઈ.ઈ.જી., સ્ટ્રેસ ટેસ્ટ અને આવા તો કંઈક ઈન્વેસ્ટિગેશન્સના રિપોર્ટ્સની ભારેખમ ફાઈલમાં દરદીનું દરદ અને ડોક્ટરનું નિદાન સંતાકૂકડી રમે છે. યંત્રવાદ માત્ર ફેક્ટરીના પ્રિમાઈસીસ પૂરતો જ મર્યાદિત નથી રહ્યો, તે હોસ્પિટલની કેબિન સુધી પહોંચ્યો છે. કમ્પ્યુટર સાયન્સ છેક નર્સિંગ હોમના ઓરડાઓ સુધી પહોંચ્યો છે. થર્મોમીટર કે સ્ટેથોસ્કોપથી પ્રારંભ પામેલી મેડિકલ સાયન્સની ઉપકરણયાત્રા આજે છેક ક્યાં સુધી પહોંચી ! કમ્પ્યુટર આધારિત ઈલેક્ટ્રોનિક સરંજામથી નિદાનકેન્દ્રો અત્યંત આધુનિક બન્યા છે. ઓટોએનેલાઈઝર મશીન એક જ લોહીના નમૂનાની પરીક્ષા કરી લોહી વિષયક સંપૂર્ણ માહિતી આપી દે છે. સી.ટી.સ્કેન, એક્સ-રેના ચક્ષુથી શરીરના વિવિધ વિભાગની આંતરરચના નાનકડા સ્ક્રીન પર સ્પષ્ટ રજૂ થાય છે. ન્યુક્લિઅર મેગ્નેટિક રેઝોન્સ (મેગ્નેટિક રેઝોન્સ ઈમેજિંગ સ્કાન) નામનું મશીન લોહચુંબકના ચક્ષુથી શરીરનો વિભાજીત સ્વરૂપમાં અભ્યાસ કરી આપે છે. પેટ સ્કાન (પોઝટ્રોન એમિશન ટોમોગ્રાફી) શરીરના કોઈ પણ ભાગનું અને ખાસ કરીને મગજનું કાર્યશીલતા અને રક્તભ્રમણની દૃષ્ટિએ સ્વરૂપ રજૂ કરી આપે છે. અલ્ટ્રા સોનોગ્રાફી અવાજની ગતિથી પણ વધુ ઝડપથી મુસાફરી કરતા તરંગોની મદદથી શરીરની આંતરરચનાનો અભ્યાસ કરી આપે છે. એન્જીઓગ્રાફી શરીરના અત્યંત નાજુક અને નજાકત અવયવ એવા હૃદયની ક્ષમતાનું માપ કાઢી આપે છે. ડાયાલિસીસ દ્વારા રક્તનું શુદ્ધીકરણ કરાય છે. પ્રીમેચ્યોર્ડ બેબી ઈન્ક્યુબેટરમાં મેચ્યોર્ડ થાય છે. લોહીનો સુગર-ટેસ્ટ બે જ મિનિટમાં કરી આપે તેવા સાધનો ઉપલબ્ધ છે. ગેસ્ટ્રોસ્કોપી દ્વારા પેટમાં થયેલી ગાંઠને શોધી તેમાંથી એક ટુકડો કાપી લઈને બાયોપ્સી ટેસ્ટ દ્વારા ગાંઠની ઓળખ કરી શકાય છે. બાયપાસ સર્જરી દ્વારા હૃદય જેવા નાજુક અવયવ પર પણ અત્યંત સહજતાથી શસ્ત્રક્રિયાઓ

થાય છે. બાળક માતાના ઉદરમાં હોય તો પણ તેની જાતિ જાણી શકાય છે. અદ્યતન તબીબી વિજ્ઞાન કમ્પ્યુટરયુગથી પણ આગળ વધીને રોબોટ યુગમાં પ્રવેશ કરી રહ્યું છે. અત્યારે વિશ્વમાં માઈક્રો મોટર્સ, માઈક્રો મશીનીંગ અને માઈક્રો રોબોટ ટેકનોલોજીમાં ઘણી નવી નવી શોધખોળો થઈ રહી છે. માઈક્રો રોબોટ દ્વારા હૃદયરોગ જેવા અનેક જોખમી રોગોની ચિકિત્સા થવાના દિવસો હવે દૂર નથી.

ઉટાહ યુનિવર્સિટી તથા અન્ય વૈજ્ઞાનિક કેન્દ્રોમાં વાળની કોશિકા જેટલી સૂક્ષ્મ આકારની માઈક્રો મોટર્સનું પરીક્ષણ ચાલુ છે. સૂક્ષ્મ રોબોટમાં આવી મોટર ફીટ કરીને ઈન્જેક્શન દ્વારા તેને શરીરમાં મોકલી શકાશે. માનવ દેહની રક્ત નળીઓમાં પ્રવેશીને આ માઈક્રો રોબોટ રક્તનાં પરિભ્રમણની સાથે આખા શરીરમાં ફરી વળી ક્ષતિગ્રસ્ત ભાગોને સરખા કરી દેશે. આ ટેક્નિકના ઉપયોગથી હૃદયની બિમારીઓ અટકાવી શકાશે. વારંવાર સારવાર જરૂરી હોય તો રોબોટને શરીરની અંદર જ રાખી શકાશે. આનાથી પણ આગળ વધીને અદ્યતન તબીબી વિજ્ઞાન ટેલિસર્જરી અને ટેલિ પ્રેઝન્સની ક્ષિતિજો સર કરવાના સ્વપ્નો સેવી રહ્યું છે. આ ટેક્નિક દ્વારા ન્યૂયોર્કનો સર્જન ત્યાં બેઠા બેઠા મુંબઈના દર્દીની શસ્ત્રક્રિયા કરી શકશે. આવતીકાલની હોસ્પિટલમાં કદાચ એક પણ ડોક્ટર કે નર્સ નહિ હોય અને ત્યાં કુદરત સર્જિત બગડેલાં યંત્રોને (દરદીઓને) માનવસર્જિત યંત્રો (રોબોટ) રીપેર કરતાં હશે ! તબીબી વિજ્ઞાન હજુ'ય કેટલી પ્રગતિ કરી શકે તે બાબતમાં કંઈ જ કહી શકાય નહિ. પણ, એટલું તો ચોક્કસ કહી શકાય કે તે ગમે તેટલી પ્રગતિ સાધે, તો'ય હોસ્પિટલના કમ્પાઉન્ડમાંથી શબવાહિનીને તો ક્યારેય રજા નહિ મળે. હોસ્પિટલો ગમે તેટલી વધે પણ તેની સામે એકે'ય ગામ કે નગરનું સ્મશાન તો નહિ જ ઘટે !

અલબત્ત, રોગોને થોડાં સમય માટે ડામવા કે કદાચ મોતને થોડું પાછુ હડસેલવામાં એ સફળ થયું હશે. પણ મોતને મારવાનું તેનું, કોઈનું

જ ગજું નથી તે સ્પષ્ટ હકીકત છે. પાણીના ધોધમાર પૂર વહી આવતાં હોય ત્યારે સામે નાનકડી સાંઠીકડી પકડીને તે પૂરને રોકવા મથનાર આદમીની મૂર્ખતા આજના વિજ્ઞાનને વરી હોય તેવું નથી લાગતું ? મોતના પૂરની સામે વિજ્ઞાનના તમામ પ્રયત્નો એક સાંઠીકડાથી વધીને બીજું શું છે ?

વિજ્ઞાન વિજ્ઞાનનું કામ કરે, આપણે તેને ધિક્કારવું નથી. જે અનિવાર્ય અનિષ્ટ છે તેના નિવારણ માટે નિષ્ફળ ફાંફાં મારવા તેના કરતાં તે અનિવાર્ય મૃત્યુને પ્રસન્નતાથી સ્વીકારવાની કળા શીખવી તે વધુ બુદ્ધિમત્તા નથી ? જેને આવતું રોકવા તમે ખૂબ મથો અને આખરે આવી જ પડે તો તેનું આગમન અવશ્ય દુઃખકારક જ હોય. જેના આગમનની નિશ્ચિતતા જાણી લીધા પછી તેને આવકારવાની કળા શીખી લીધી હોય તો તે આગમન અવશ્ય સુખકારક જ હોય.

મોતને દૂર હડસેલવાની કળામાં સંશોધન કરનારા વૈજ્ઞાનિકો તો આજે પાક્યા હશે પણ મોતને જીતવાની કળાને હસ્તગત કરનાર અને તે કળા જગતને શીખવનારા મહાવૈજ્ઞાનિકો તો યુગોના યુગો પૂર્વે થઈ ચૂક્યા છે. પેલા પામર વૈજ્ઞાનિકો કદાચ પશ્ચિમની પેદાશ હશે, પણ આ પુનિત મહાવૈજ્ઞાનિકો આ પવિત્ર આર્યાવર્તની પેદાશ છે. મોતથી હાંફી જઈને હાર સ્વીકારનારા કમ્પ્યુટર યુગના કે રોબોટ યુગના વૈજ્ઞાનિકો પર આપણે ઓવારી જઈએ છીએ અને મોતને મારવાનું વિજ્ઞાન શોધનારા એ મહાન અધ્યાત્મ વિજ્ઞાનીઓની આપણે મન બદામના ફોતરા જેટલી'ય કિંમત નથી ! માર્ક્સ આપવાનાં આપણાં માપ-ધોરણ આંધળા પક્ષપાતનાં કાળા કલંકથી અભડાયેલાં તો નથી ને ?

# એક પછી એક

એક પછી એક દિવસ સરતા રે જાય,
જાણે ઝાડ પરથી ફૂલ-પાન ખરતાં રે જાય.

આંખોમાં મઢી લેવી કેટલીયે રાતને?
સ્મૃતિમાં સાચવવી કેટલીયે વાતને?
જળ જેવું ઝીણું ઝીણું ઝરતા રે જાય,
એક પછી એક દિવસ સરતા રે જાય.

પીંછા પકડવાથી પંખી પકડાય નહીં,
પળનું આ હરણું તો કેમે ઝડપાય નહીં.
ખરતાં આ પાન કશું કરગરતાં જાય,
એક પછી એક દિવસ સરતા રે જાય.



9930404725
9920795799
Ekta Creation